# પ્રીત કરે પોકાર

બાસીલ મેકવાન ‘‘શૈલ’’

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ

# અર્પણ



ખૂબ જ આદર અને સ્નેહથી
સ્વ. દિનેશ ગરમાળી ના
વહાલસોયા
પુત્ર મેહુલ, પુત્રી ભાર્ગવી, ધર્મપત્ની મનીષા
ને સ્વ. દિનેશ ગરમાળીની યાદમાં...

- બાસીલ મેકવાન ''શૈલ''

# ઉઘડતા પાને...

"લીલો સાપ" વાર્તા "સરનામાં શમણાંનાં" અને "મૌનના પડઘા" કાવ્ય સંગ્રહ ત્યાર પછી મારું આ ચોથું પુસ્તક અને પ્રથમ નવલકથા "પ્રીત કરે પોકાર" આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

"પ્રિત કરે પોકાર" નવલકથાના કથાબીજમાં પડ્યા વગર હું એટલું જ કહીશ કે જ્યાં સાચો પ્રેમ છે. ત્યાં એ બંન્ને દિલોને એક થતાં દુનિયાની કોઈજ તાકાત રોકી શકતી નથી. પરંતુ જ્યાં માત્ર ને માત્ર દેહાકર્ષણ અને વાસના વસેલાં હોય છે. ત્યાં એ કહેવાતા પ્રેમનો બૂરો અંજામ આવે છે.

કથામાં ગામડુ અને શહેર બંનેના તફાવત વચ્ચે તવંગર અને ગરીબ બંનેના ફરક વચ્ચે, પણ હાઈસ્કૂલ કાળમાં પાંગરેલો સ્નેહ, કોલેજકાળમાં પરિપક્વ બને છે. ત્યાંજ દુન્યવી કારણો વચ્ચે પ્રેમમાં જુદાઈની ઘડી આવી પહોંચે છે.

સમયતો નિરંતર વહે જ જાય છે. છતાં વીરો અને સોન એકમેકને ભૂલી શકતાં નથી. છેવટે વાર્તાનો સુખદ અંત આવે છે.

ઘણા વખતથી મનમાં ઘૂમરાયા કરતી કથાને અક્ષર દેહે આપી મારા ભાવકો, વાચકો અને સાહિત્યરસિકોના હાથમાં મારી આ રચના મૂકું છું. આશા છે કે વાચકોને એ જરૂર ગમશે જ.

લખવાનો મારો ઉત્સાહ વધારનાર મારા સાથી શિક્ષક મિત્રો, શ્રી રામસિંહ રાઠોડ, શ્રી વિજયભાઈ પટેલ તથા શ્રી વિક્રમસિંહ ઝાલા અને શ્રીમતિ ધૃતિબેન મકવાણા ને મારે યાદ કરવા ઘટે. મારાં ધર્મપત્ની શ્રીમતી સુશીલા મેકવાનના સહકાર વગર આ શક્ય જ ન હતું.

મારા પ્રકાશક મિત્ર એમ.એમ.પ્રકાશન આણંદના શ્રી યાકુબભાઈ મલેક અને સાથી મિત્રોનું ઋણ અદા કરું છું.

- બાસીલ મેકવાન "શૈલ"
૯/"સુશીલ" અક્ષર નગર, બોરસદ - જિ. આણંદ.

# પ્રકરણ : ૧

એક ઘોડાગાડીમાં બેઠેલો યુવાન થાકેલો જણાતો હતો. આખા દિવસની રઝળપાટને અંતે પણ તેને કોઇ આશાનું કિરણ લાધ્યું નહીં હોય. તેવું તેની શાંતિથી થાક ઉતારવાના ચિહ્નોથી લાગતું હતું, ઘોડાગાડી ગામમાંના મુખ્ય રસ્તાપર પસાર થઇ રહી હતી. ઘોડો પણ ઠંડીથી ધ્રુજતો હતો. તેના માલિકે ગરમ ધાબળો ઓઢેલો હતો - તેને ઘોડાની ચિંતા નહોતી.

છેક ગામને છેવાડે આવેલા એક મકાનની આગળ ઘોડો થંભ્યો. થંભે જ ને? આગળ કોઇ રસ્તોજ નહોતો. જ્યારે ઘોડો ઊભો રહ્યો ત્યારે જ યુવાનને ભાન થયું કે તે ઘર આંગણે આવી ઊભો છે. તેણ. પાછળથી ઉતરીને ભાડું ચૂકવ્યું. ઘોડાગાડી વાળો પાછો વળી ગયો.

યુવાને આગળ વધી ઘરનાં બારણાંની સાંકળ ખખડાવી.

શિયાળાની ઠંડી રાત્રિમાં નીરવ શાંતિનો ભંગ થયો અને એક કૂતરું ભસી ઊઠ્યું, યુવાને તેને બુચકારીને પંપાળીને શાંત કર્યું

થોડી ક્ષણો બાદ બારણું ઉઘડ્યું.

'કોણ -?'- અને તરત યુવાનને ઓળખી જતાં :

'અરે ! ભાઇ, તું? કેમ આટલું મોડું થયું બેટા?'

'શું કરૂં મા -?' કહીને વીરો ઘરમાં દાખલ થયો. વીરાને ચૂપચાપ ઘરમાં દાખલ થતો જોઇ ગંગાબાને ચિંતા થવા લાગી... પોતાના વ્હાલસોયા દીકરાનો નિરાશ ચહેરો જોઇને ગંગાબાના દિલમાં ધ્રાસકો પડ્યો.

'બેટા! તારી તબિયત તો ઠીક છે ને?'

'તુંયે ખરી છે મા...! નકામી ચિંતા કરે છે..... મને કશું જ થવાનું નથી ... આખા દિવસની રઝળપાટને કારણે થાકી ગયો છું....' વીરાએ ઉડાઉ જવાબ આપ્યો, ગંગાબાએ પાણી આપ્યું, કડકડતી ઠંડીમાં પણ વીરો આખો ગ્લાસ ગટગટાવી ગયો ... ગરમ પાણીથી સ્નાન કર્યું એટલે શરીરમાં સ્ફૂર્તિ આવી.

'મા..! જમવાનું શું છે? જલદી પીરસ, મને ખૂબ ભૂખ લાગી છે...' અને વીરાની અધિરાઇ જોઇને ગંગાબાને દીકરાના સ્વભાવ પર હસવું આવ્યું. તેમણે થાળી તૈયાર કરી; 'ચાલ બેટા...'

અને આટલા શબ્દો પૂરા થાય તે પહેલાં તો વીરાએ પાટલો ગોઠવી ઉપર આસન જમાવ્યું. થાળી આવતાં જ ભૂખ્યા વરુની જેમ તૂટી પડ્યો. ઉપરા ઉપરી કોળિયા પેટમાં પધરાવવા લાગ્યો.

દીકરાને આટલી ઝડપથી મોંમાં કોળિયા મૂકતો જોઇ ગંગાબાએ ટકોર કરી; 'ધીરે ધીરે બેટા! .... આટલો ભૂખ્યો થયો હતો તો પછી ઘેર વહેલા આવવું જોઇએ ને...!'

'પણ મા! ગાડી જ મોડી પડી હતી. પછી એમાં હું શું કરૂં?'

આ ઘરમાં ફક્ત બે જ વ્યક્તિઓ-એક વીરો અને તેની વહાલી મા 'ગંગાબા'. વીરાના મોટાભાઇ -પ્રભુદાસ' તેમનાથી જુદા રહેતા હતા. તેમની પત્ની અને નાનો બાબો કીશન સુખેથી જીવન ગુજારતા. પ્રભુદાસ તો ભગવાનનું માણસ. કીશન દશેક વર્ષનો ખરો.

ભગવાન પણ આ મહેનતું કુટુંબ પર ખુશ હતા. ખેતીમાંથી સારી એવી કમાણી મેળવતા.

વીરાના પિતાજી જે કંઇ થોડી ઘણી જમીન મૂકી ગયા હતા, તે પ્રભુદાસે અને તેમનાં ધર્મપત્ની જમનાએ ઘણી મહેનતથી વધારી હતી. બંને કુટુંબનું બારેમાસ ભરણ-પોષણ થાય તેટલું અનાજ ખેતરમાંથી મળી રહેતું.

પ્રભુદાસ ખેતીનો બોજ પોતાના ખભા પર ઉપાડતા હતા.... યુવાનીમાં જ પિતાજીએ ખેતી પ્રભુદાસના ભરોસે છોડી એટલે તેઓ વધુ ભણી શક્યા નહોતા. પરંતુ નાનાભાઇ વીરાને તેમણે ભણાવ્યો, અને વીરાએ બારમું ધોરણ પાસ કરી ભણતર છોડયું, કારણ કે કોલેજનો ખર્ચો તેમને પોષાય તેમ નહોતો તેમ છતાં પણ પ્રભુદાસે તો તેને પ્રોત્સાહન આપ્યું હતુંઃ...'ગમે તેટલું ખર્ચ થશે તો હું ભોગવીશ પણ તું તારો અભ્યાસ ચાલુ રાખ... તારે જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી હું ભણાવવા તૈયાર છું...'

પરંતુ વીરાને પગભર થવું હતું... ક્યાં સુધી મોટા ભાઇ ઉપર બોજ બની રહે...!

વીરાને પોતાનો લંગોટિયો મિત્ર સુભાન જે મુંબઇમાં રહેતો હતો તેની પાસે જવું હતું... અને ત્યાં કોઇ સારી નોકરી મળી જાય તો ત્યાં રહેવાનું વિચારતો હતો.

તેણે સુભાનને કાગળ લખ્યો હતો પણ સુભાન તરફથી કોઇ જવાબ આવ્યો નહોતો - છતાં વીરાને પોતાના બાળ ગોઠિયા ઉપર વિશ્વાસ હતો.

એક બાજુ વિધવા માનો પ્રેમ અને બીજી બાજુ રોટી કમાવવાની તીવ્ર ઉત્કંઠા... વીરા માટે ઘણું વિકટ કામ હતું... તેને રોજીરોટી કરતાં માતાનો પ્રેમ વધુ ખેંચતો હતો... પરંતુ તેની મા ગંગાબાએ તો ક્યારનીયે રજા આપી દીધી હતી... તેમ છતાં વીરાનું મન માનતું નહોતું.

ગંગાબા વીરાને ખેતીનું કામ કરવા દેતા નહોતા. તેના મોટાભાઇ પણ ના પાડતા, ઘણી વખત તેનો કહેતા પણ ખરાઃ 'ભાઇ વીરા! હું તો તારો મોટોભાઇ છું - બાપુ નથી, પરંતુ તેમની ખોટ લાગવા તહીં દઉં. તું તારે સુખેથી રહે... તારી ઉંમર હજુ ખેતરમાં કામ કરવાની નથી ... તું તારું શરીર સંભાળ. ભાઇ, અમારું કહ્યું માન ... ખેતીનું કામ તારાથી નહીં થાય ભાઇ... તારે લીધે મા પણ દુઃખી થાય...'

આમ પિતાજીની ખોટ નાનાભાઇને સાલ નહીં તેથી પ્રભુદાસે વીરાને ખેતરમાં કામ કરવાની મનાઇ ફરમાવી હતી. પરંતુ વીરાને બે હાથ જોડીને બેસી રહેવાનું ગમતું નહોતું... તે અત્યારે વીસ વર્ષનો ફૂટડો જુવાન હતો... તે વિચારતો : ક્યાં સુધી મોટા ભાઇ ઉપર બોજારૂપ બનવું?

વીરો જ્યારે એકલો પડતો ત્યારે વિચારો કર્યા કરતો. તેની એકલતાનો લાભ લઇ તેના દિલના ઊંડા ખૂણામાંથી કોઇ બહાર આવવા મથામણ કરતું... તેને ભૂલાવા માટે વીરો ઘણી કોશિશ કરતો... પરંતુ દિલમાં ઉદ્‌ભવતી એ કોઇકની યાદ આવતી ત્યારે વીરો ઉદાસ બની જતો... તેના ચહેરા પર નિરાશાનાં ચિહ્‌નો દેખાતાં... જાણે કે તેના સાતેય વહાણ ડૂબી ના ગયા હોય...!

વીરો મનોમન કંપી ઉઠતો, તેનું આખું શરીર ધ્રુજી ઊઠતું તે અંદર ને અંદર મુંઝાયા કરતો... તેની આ મુંઝવણને કારણે તે કંટાળતો અને એકલતા તેને ખાઇ જવા આગળ વધતી હોય તેવો અનુભવ થતો... ત્યારે તે એકાંત છોડી ઘર તરફ વળતો.

આમ, કોઇકની યાદ તેને સતાવતી હતી. વીરો એકલો એકલો મુંઝવણ અનુભવતો પોતાનામાં ખોવાઇ જતો... મનોમન વિચારતો અને 'કોઇક'ને શોધવા હૃદયના ઊંડા ગર્ભમાં ઉતરી જતો... ત્યારે તેની સામે સ્મૃતિપટ પર કોઈ નિર્દોષ, માસુમ છોકરીનો નજાકતભર્યો ચહેરો દેખાતો... એ ચહેરો ધીરે ધીરે મોટો થતાં - કોઇ યુવતીની ઝાંખી મુખાકૃતિ નજરે ચઢતી... અને અદૃશ્ય થઇ જતી.

કોણ હશે એ છોકરી? કોણ હશે એ યુવતી?

'સુંદર અને સોહામણી મુખાકૃતિવાળી એ યુવતી માર વિચારોમાં કેમ આવે છે? - મને કેમ સતાવે. છે? મારી સાથે તેનો શો સંબંધ છે?'... વીરો તેની યાદદાસ્ત ખોઇ બેઠો હતો... બાળપણનાં બનાવો તે કેમેય કરીને યાદ કરી શકતો નહોતો. ફક્ત તેને આ યુવતિનાં જ દર્શન થતાં.... વીરો વિચારતો જ રહેતો, અને એ યુવતી કઇ બલા છે તે શોધવા મથામણ કરતો.

વિચારોનાં વમળોમાં ખોવાયેલો વીરો ઘરઆંગણે આવતો ત્યારે તેની પાગલ જેવી હાલત જોઇ ગંગાબા ભારે ચિંતામાં પડી જતા... જ્યારે વીરાને વાસ્તવિકતાનું ભાન થાય ત્યારે સતેજ થઇ જતો... બધા જ વિચારો ખંખેરી સ્ફૂર્તિ લાવતો.

● ● ●

આજે પણ વીરો અતીતની યાદના તોફાનમાં સપડાયો હતો. આખો દિવસ તેના દિમાગમાં વિચારો અને યાદનું ઘમસાણ ચાલતું રહ્યું... આ તોફાનમાંથી બચવા તે બાજુના શહેરમાં ગયો, તો ત્યાંયે તેના સાથી - સહપાઠીઓએ પીછો ના છોડ્યો... તેથી આખા દિવસથી કંટાળીને તે રાત્રિની છેલ્લી ગાડીમાં પાછો ફર્યો હતો.

માનવી ધારે છે શું અને ઇશ્વર કરે છે કંઇક જુદું જ.... માનવી અને ઇશ્વર વચ્ચે આ રીતે કદાપી મેળ બેસતો જ નથી... પરંતુ માનવીના નસીબ સાથે ઇશ્વરને સારો એવો સંબંધ છે તેથી જ નસીબમાં જે લખ્યું હશે તે થશે એવી આશાના મિનારા ચણતા માનવીઓ પોતાની ઇચ્છા પૂરી કરવાનો આધાર ઇશ્વર પર રાખે છે...

મા-દીકરો આવતી કાલ કેવી હશે તે વિચાર કરતાં કરતાં ઊંઘી ગયા.

વીરોતો અડધી રાત સુધી ઊંઘી શક્યો નહોતો. તેની મુંબઇ જવાની ઇચ્છા તીવ્ર બનતી જતી હતી... તેથી ચિંતામાં અને વિચારમાં અડધી રાત સુધી તે ઊંઘી નહોતો શક્યો ... ઇશ્વરના આદેશની જેમ સુભાનના પત્રની તે રાહ જોતો હતો.

અર્ધજાગૃત અવસ્થામાં જ તે ઘોર નિદ્રામાં પોઢ્યો.

પણ...! આ શું...!

કોઇ દિવસ નહીં ને આજે સ્વપ્નામાં એ જ છોકરીનાં દર્શન થયા જે તેને દિવસે યાદમાં અને વિચારોમાં ઘૂમતી સતાવતી હતી...

- અહા! કેટલી ખુબસુરત...! મંદ મંદ સ્મિત વેરતી... ચંદ્રમુખી... કાજળઘેરી અણિયાળી આંખો... ગુલાબી હોઠ... ગોરા ગોરા ગુલાબી ગાલ...! તેના મુખ પર રહેલી અદ્‌ભુત તેજસ્વીતા તેને

શરમાવી જતી હતી બંને ગુલાબી ગાલ પર પથરાયેલી બે કાળી લટ...!

જ્યારે એ સુંદર ચહેરાએ બોલવા મોં ખોલ્યું.... તો વીરો આભો જ બની ગયો.

જાણે કોયલ ટહુકી!

મીઠો રણકાર હતો તેના અવાજમાં.

હસી હસીને બોલી રહી હતી એઃ

'વીરૂ! તું કેવો ચબરાક છે? ... તું તો જબરો છે, એક વખત તને બોલવાની છુટ આપી એમાં તો પાછો માથે ચઢી વાગ્યો; બોલ ... વીરૂ... બોલ ... મને તારી મજાક મશ્કરી ગમે છે....!

અને તરતજ એ હસતો ચહેરો રૂદનમાં ફરી ગયો; -વીરૂ! તું મને છોડીશ તો નહીં ને? જો તું મને છોડી દઈશ તો ... તો ... હું તારા સિવાય નહીં જીવી શકું...! ...તું મોટો થઈ મને ભૂલી તો નહીં જાય ને? ....મારા બાપુ કહે છે કે અમે બધાં જ હવે અહીંથી જતા રહેવાના છીએ... એટલે હવે... હવે હું તને નહીં મળું, વીરૂ ... પણ હું તને ક્યારેય નહીં ભૂલું... ગમે ત્યાં હોઈ - બસ તારી જ પૂજા કરતી રહીશ...' અને ધમકી આપતી હોય તેમ કહેતી ગઈ, તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં...

'જો વીરૂ, તું મને દગો ના દેતો... તું મને છોડી દઈશ તો ... તો ... હું આપઘાત કરીશ... આપઘાત...

'નહીં...!' વીરો ઊંઘમાંજ ચીસ પાડી ઊઠ્યો ... તેની ચીસથી ગંગાબા જાગી ગયા... વીરો હજુ ઊંઘતો હતો, ગંગાબાને પોતાના દીકરાની હાલત જોઈ દુઃખ થતું હતું... આખો દિવસ તેની એવી જ હાલત રહેતી... દિવસે ખોવાયેલો ફરતો અને રાત્રે પણ એ જ હાલત...?

ગંગાબાની આંખમાંથી આંસુ નીકળી પડ્યા... દીકરાનું દુઃખ તેમનાથી સહન થતું નહોતું, વીરાને ગોદડું ઓઢાડ્યું અને આંસુ લુછીને પાછા ફર્યા.

વીરાએ ઘસઘસાટ ઊંઘવા માંડ્યું.

એક અમી-નજર નાંખી ગંગાબા પોતાના ખાટલામાં આવી બેઠા - દીકરાને મુંબઈ મોકલવો કે નહીં-તેના વિચારમાં તેઓ અડધા અડધા થઈ ગયા હતા... કારણ કે તેની આ હાલતમાં શહેરમાં ન જાણે શું યે થાય...!

અને બીજા દિવસની સોનેરી સવાર શુભ સંદેશો લઈને આવી.

● ● ●

સવાર પડી.

પૂર્વ દિશામાં સૂરજદાદાની સવારી ધીમે ધીમે ઊંચે ડગલાં માંડતી હતી. માનવસૃષ્ટિ પોતાના કાર્યમાં પરોવાઈ પક્ષીઓ તો ક્યારનાયે માળો ત્યજી ચારો ચણવા ઊડી ગયા હતા, ખેડૂતો પોતાના સાંતી જોડીને ખેતર તરફ રવાના થઈ ગયા હતા. કાતિલ ઠંડીથી બચવા અબાલવૃદ્ધ અને બીજા નવરા લોકો સૂર્યસ્નાન કરી ઉષ્મા મેળવતા હતા.

ત્યારે વીરો...!

હજુ સુખની નિંદરમાં મ્હાલતો હતો. રોજના સમય કરતાં આજે તે ઊઠવામાં મોડો હતો, કારણકે રાત્રે મોડે સુધી નિદ્રા આવી નહોતી અને વળી આખા દિવસનો થાક-પછી ઊંઘી જ રહે ને! આંગણામાં ચણતાં ચકલી, કબૂતર અને અન્ય પક્ષીઓના અવાજની તેના પર કોઈ અસર થઈ નહોતી.

ગંગાબાએ તેને બે-ત્રણ વખત ઢંઢોળ્યો ત્યારે ભાઈ સાહેબે આંખો ખોલી. આજની રાત ભૂતકાળની અનેક વીતેલી રાતોથી અનોખી અને રંગીન હતી.

વીરો પથારીમાં બેઠો થયો. આજુબાજુ નજર કરી તો ... તે થોડો મોળો પડી ગયો. આજે ઘણો મોડો ઉઠ્યો છે તેનો રંજ તેના મનમાં ખટકતો હતો.

તેમ છતાં આજે વીરો સ્વસ્થ હતો. તેને આજે આનંદ થતો હતો. તેનું કારણ એ હતું કે જેની યાદ તેને સતાવતી હતી તે નાદાન છોકરી ક્યારેય નહીં ને આજે રાત્રે તેના સ્વપ્નામાં આવી. હા...! કદાચ સ્વપ્નું ખોટું પડે પણ વીરાને વીતેલા દિવસોની યાદ તાજી થવા માટે એ સ્વપ્ન પૂરતું હતું.

શિયાળાનો દિવસ આમ તો ઘણો ટૂંકો હોય છે. છતાં વીરો પથારીમાં જ હતો અને ગામના ટાવરમાં નવના ડંકા પડ્યા. ટપાલી ગામમાં ટપાલ વહેંચવા નીકળી પડ્યો. વીરાનું ઘર ગામને છેવાડે આવલું હોવાથી ટપાલ આવે તો પણ સૌથી છેલ્લે જ : - વીરો હજુ પથારીમાં જ હતો અને તેના કાને ટપાલીનો અવાજ અથડાયો.

'ગંગાબા...! વીરો ઘેર છે કે ...?' વીરો ટપાલીનો અવાજ સારી રીતે ઓળખતો, ગંગાબા હજુ રસોડામાં હતા એટલે વીરો ઊઠ્યો. બહાર જઈને જોયું તો, ટપાલીએ હસતાં હસતાં જ વીરાના હાથમાં એક પરબીડિયું પકડાવી દીધુ. ટપાલીને હસતો જોઈ વીરો પણ હસ્યો. પરબીડિયા પર રવાના કરનારનું નામ વાંચતા તો વીરો અતિઆનંદમાં આવી ગયો... કેટલાંય દિવસથી જેની વાટ જોતો હતો એ પત્ર હાથમાં આવતાં વીરો આનંદિત થઈ ગયો. તેના આનંદમાં ઓટ ના આવે એટલે મૂછમાં હસતો હસતો ટપાલી વિદાય થઈ ગયો.

ટપાલ વીરાના નામની અને તે પણ મુંબઈથી સુભાનની - અને વીરો આનંદમાં નાચી ઊઠ્યો. સમાચાર ખુશીના જ હશે, આવા સુખદ સમાચાર સ્નાનાદિથી પરવારીને વાંચીશ એમ માની વાંચવાનું મુલતવી રાખ્યું.

ઘણુંય મન થતું હતું કે ખોલીને વાંચી લઉં પણ હજુ હમણાં જ ઊઠ્યો છે એટલે સ્ફૂર્તિ લાવવા નાહવાનું જ યોગ્ય માન્યું.

ગંગાબા વીરાનો આ બધો તમાશો ક્યારનાં જોઈ રહ્યાં હતાં, વીરાના ચહેરા પરના બદલાતા ચિહ્નો તે જોઈ રહ્યા હતાં, વીરાનો આનંદ જોઈને પૂછયું પણ ખરૂં : 'કોનો કાગળ છે બેટા?'

'ઘણી ખુશીના સમાચાર છે મા...!' વીરો નાટકીયા અદાથી એવી રીતે કહી રહ્યો હતો કે ગંગાબા પણ પ્રસન્નતા અનુભવવા લાગ્યા. બંધ પરબીડિયા તરફ જોઈ તે બોલ્યાઃ

'જરા ધીરો પડ બેટા... શાંતિથી વાત તો કર...! હજુ તો કાગળ પણ ખોલ્યો નથી તે પહેલાં તને ક્યાંથી ખબર પડી ગઈ કે ખુશીના જ સમાચાર છે...?'

'કેવી વાત કરે છે મા...! આટલા દિવસ સુધી હું જેની વાટ જોઈ રહ્યો હતો અને જેના પર ભગવાન કરતાં પણ વધુ વિશ્વાસ છે તે સુભાન મારો દોસ્ત મને નિરાશ નહીં જ કરે...'

અને આટલી વાત પરથી ગંગાબા સમજી ગયા હતા કે કાગળ મુંબઈથી સુભાનનો આવેલો છે. વીરાના વિશ્વાસ ઉપર તેમને આશા બંધાઈ કે હવે વીરો મુંબઈ જશે... ત્યાં કમાશે અને દિકરાને સુખી જોઈ પોતે પણ ખુશ થશે.

વીરો દાતણ કરી સ્નાન કરવા ઘરની પછીત પાછળ ગયો. કાતિલ ઠંડીથી બચવા તેણે ગરમ શાલ ઓઢી હતી.

વીરાએ આકાશ ભણી નજર કરી.

-પૂર્વ દિશામા ભૂરા આકાશમાં સૂરજ ઠંડીમાં ઠરી ગયેલો હોય તેમ પ્રકાશી રહ્યો હતો. દૂર દૂર પક્ષીઓ ઊડી રહ્યાં હતાં. ઠંડો પવન વાતો હતો.

વીરાને કાગળ યાદ આવ્યો... આકાશ તરફથી નજર ફેરવી નાહવાની ઝડપ વધારી.

'હર...હર...મહાદેવ...!'

વીરાએ ઝટપટ સ્નાન પતાવી દીધું.

તેટલી જ ઝડપે શરીર લૂછીને ઘરમાં જતો રહ્યો. ગરમ પાણીથી નાહ્યો હોવા છતાં વીરો ધ્રુજતો હતો. તેણે ઘરની પાછળનું બારણું બંધ કરી દીધું. કપડાં પહેરી તે રસોડામાં ઘૂસી ગયો.

ગંગાબા તેની વાટ જોઈને જ બેઠા હતો. તેમણે વીરાને ચ્હા સાથે રોટલો અને ગોળ આપ્યા. વીરાએ બંનેને ન્યાય આપ્યો.

અચાનક તેના દિમાગમાં ઝબકારો થયો.

વીરો ઠંડીમાં કાગળની વાત વીસરી ગયો હતો. તેણે પરબિડિયું ફોડી અંદરથી કાગળ કાઢ્યો અને વાંચવા લાગ્યો.

''પ્રિય દોસ્ત વીરા,

પૂ. ગંગાકાકી તથા સ્નેહીજનોને મારી યાદ. સૌની કુશળતા ઈચ્છનાર સુભાનના પ્રણામ.

તારી મુંબઈ આવવાની તમન્ના છે તે જાણી ઘણો આનંદ થયો પણ દોસ્ત! હું જરૂરી કામે બહાર ગયો હતો તેથી તારો કાગળ મારા હાથમાં મોડો મળ્યો તે માટે હું ઘણો દિલગીર છું.

પણ હા,તું ચિંતા ના કરીશ. અહીં તારી બધી જ વ્યવસ્થા થઈ જશે માટે તું મુંબઈ આવી જા.

સ્નેહીજનોને સુભાનના વંદન.

**'સુભાન'**

કાગળ વાંચી વીરાના અંગેઅંગમાં અવર્ણનીય ચેતના ચમકી. તે ખુશીનો માર્યો ઉછળી પડ્યો, અને નાચવા જ લાગ્યો.

'જોયું ને મા-! ગમે તેમ તો ય દોસ્ત મારો છે. અમારી જોડી એટલે કૃષ્ણ-સુદામા...'

'હશે બેટા! તારા નસીબમાં જે લખ્યું હશે તે થશે. ભગવાન તારી ઈચ્છા પૂરી કરે.'

ગંગાબાએ આશીર્વાદ આપ્યા.

- વીરાના પ્રારબ્ધના પડદા પાછળ શું હતું તે તો ઈશ્વર જ જાણતો હતો.

●●●

સૂરજ માથે તપી રહ્યો હતો. ભૂરા આકાશમાં સૂરજનું શાસન ચાલતું હતું. પક્ષીઓ વૃક્ષની છાયામાં લપાઇ રહ્યાં હતાં દૂરથી રેલ્વે ગાડીની વ્હીસલ સંભાળાતી હતી. ખેતરોમાં કોશ ચાલી રહ્યા હતો, તેનો કિચૂડ કિચૂડ અવાજ મધુરો લાગતો હતો. ખેડૂતો પોતાના ખેતરમાં કાળી મજૂરી કરી રહ્યા હતા.

રેલગાડીની વ્હીસલ બપોરના બાર વાગ્યાના સમાચાર આપતી હતી.

વીરો આજે ખેતરમાં આવ્યો હતો.

મોટાભાઇ પ્રભુદાસ ખેતરમાં હળ ચલાવી રહ્યા હતા. વીરો ખેતરના એક શેઢે ઊભો ઊભો ક્યારનોય એકીટશે મોટાભાઈને જોઈ રહ્યો હતો. - કોઈ પણ કારણ વિના- શૂન્ય દૃષ્ટિથી.

ક્ષણવાર માટે વીરાને પિતાજીની યાદ આવી ગઈ. મનોમન વિચાર પણ આવ્યો.-'મોટાભાઈ તન તોડીને મહેનત કરે છે. મારા ભણતરમાં બાધ ન આવે, પિતાજીની ખોટ ના સાલે; અને એટલેજ તો તેઓ મને કામ પણ કરવા દેતા નથી.'

વીરાની આંખો ભીંજાઇ. મોટાભાઈ ઉપર વ્હાલ ઉભરાઇ આવ્યું.

આજે વીરો પોતાના ખેતરને છેલ્લી વખત જોવા આવ્યો હતો. આવતીકાલે તેણે મુંબઇ જવાનો નિર્ણય કર્યો હતો. એટલે તે પોતાના સ્વજન જેવા ખેતરોને છેલ્લી સલામ કરવા આવ્યો હતો- જેની ગોદમાં બાળપણ વિતાવ્યું હતું, જે ખેતરની પવિત્ર માટીમાં તે આળોટ્યો હતો.- જે ઘટાદાર વૃક્ષોની છાંયામાં બેસીને ભવિષ્યનાં સ્વપ્ન સેવ્યાં હતાં...

એટલે છેલ્લી નજરે એ વ્હાલાં ખેતરો-ઘટાદાર વૃક્ષોને જોઈ લેવા માંગતો હતો.

આવતી કાલે તો આ ગામ-આ ખેતરો-ઘટાદાર વૃક્ષો-બધાંને છોડીને ચાલ્યો જવાનો.

વ્હાલી મા, મોટાભાઇ, લાડલી ભાભી, લાડલો ભત્રીજો કીશન- બધા... જ .... બધાને છોડીને એકલો જ ચાલ્યો જવાનો.

મોટાભાઈને કામ કરતા જોઈને વીરાના દિલમાં કંઈક સળવળ્યું. વીરાના દિમાગમાં વિચારો ઘુમરીઓ ખાવા લાગ્યા. કોઈક તેને ખેંચી રહ્યું હતું... કોના તરફ આટલું બધું ખેંચાણ હતું? કોની યાદ તેને સતાવી રહી હતી?

પણ...! વીરો આગળ કંઈ વિચારે તે પહેલાં તો તેના કાને બળદને બુચકારવાનો અવાજ આવ્યો અને વીરો સ્વપ્નોની દુનિયામાં પ્રવેશે તે પહેલાં જ વાસ્તવિક દુનિયામાં પછડાયો... તેણે આંખમાં આવેલા આંસુ લૂછી નાંખ્યા અને સ્વસ્થ થયો... તેણે દૂર નજર કરી.

શિયાળાની બપોરનો સમય હતો. વીરો તડકામાં ઊભો હતો. અને દૂર દૂરથી સારસ-સારસીના ટહુકા સંભળાઈ રહ્યા હતો. વીરાની નજર તે તરફ ગઈ-આ બધા સ્નેહીઓને છોડીને કાલે તો જવાનું... તેના હૃદયના ધબકારા વધતા જતા હતા.

વીરાએ મોટાભાઈ તરફ નજર કરી તો તે શરમનો માર્યો નીચું જોઈ ગયો. મોટાભાઈ ક્યારનાયે તેની સામું જોઈ રહ્યા હતો. તેમણે બળદને છોડ્યા. કોશ આગળ જઈ બળદોને પાણી પાઈને ઝાડને છાંયે બાંધીને પૂળા નીર્યા.

'અહીં ઊભા ઊભા શું કરો છો?'

તીણો અને મીઠો અવાજ સાંભળી વીરો ચમક્યો. પાછળ ફરી જોયું તો જમનાભાભી-માથે ભાત મૂકીને આવ્યાં હતા વીરાને જોઈને હસ્યાં.

'લો હેંડો જમવા'- કહી જમનાભાભી આગળ ચાલ્યાં.

'નહીં ભાભી , હું ઘરેથી જમીને જ આવ્યો છું.'- કહેતો વીરો તેમની પાછળ ચાલ્યો.

'હા! ભાઈ, હવે તો મુંબઈવાસી થઈ જવાના એટલે અમારા હાથના રોટલા શાના ભાવે? જમનાભાભી મર્મભર્યું હસ્યા. વીરો કંઈ પણ બોલ્યા વગર છાંયડે આવ્યો.

પ્રભુદાસ તો હાથપગ ધોઈને તૈયાર જ હતા, તેમણે વિવેક કર્યો : 'ચાલ વીરા! થોડું જમી લે.'

'ના. મોટાભાઈ! હું ઘરેથી પરવારીને જ આવ્યો છું.'

વચમાં જ જમનાએ સુર પૂર્યો : 'એ હવે નહીં જમે..., ભાઈ સાહેબ મુંબઈ જવાના છે ને?'

'તું બેસને છાનીમાની ... એને શરમાવ નહીં' કહી પ્રભુદાસે જમવાનું શરૂ કરી દીધું તેમની પાસે જમના બેઠી, વીરો એક તરફ બેઠો બેઠો વિચારે ચઢ્યો.

તેણે પણ આવું જ એક સ્વપ્નું સેવ્યું હતું ને? વીરો ખેતરમાં કામ કરતો હોય અને ભાભીની જેમ તેના માટે પણ 'કોઈક' જેને પોતાની ગણી શકાય-તેવી યુવતી માથે ભાત મૂકી લટકતી-મટકતી ચાલે આવતી હોય અને પોતે તેની સામે દોડીને..... - બસ વીરો બધું જ વિચારી શકતો હતો પણ એ યુવતીને ઓળખી શક્તો ન હતો.

અને ત્યાંજ તેને રાત્રે આવેલા સ્વપ્નનું સ્મરણ તાજું થયું : 'શું કહી રહી હતી એ અજ્ઞાત યુવતી!'

ક્ષણવાર માટે વીરાનો ચહેરો નિસ્તેજ બની ગયો. તેની હાલત સ્થિર મૂર્તિ સમી હતી.

પણ જમનાભાભીના ખડખડાટ હાસ્યથી તેને પરિસ્થિતિનો ખ્યાલ આવતાં તરત જ સ્વસ્થ થઈ ગયો.

'ભાઈ, સાહેબ, પાગલ થઈ ગયા છો કે શું?'

કહેતા જમના ભાભી ફરી હસી પડ્યાં.

વીરો ઝંખવાણો પડી ગયો. તે વધુ સમય ત્યાં બેસી ન શક્યો. મોટાભાઈની રજા લઈ ઘર તરફ ઉપડ્યો. તેના પગ યંત્રવત્ ઉપડતા હતા પણ વિચારો વિરૂદ્ધ દિશામાં ગતિ કરતા હતા.

તેણે કેવું સ્વપ્ન જોયું હતું?

કેવું જીવન વિચાર્યું હતું?

-બધુજ વીરો યાદ કરવા લાગ્યો.

અને તેનાથી એક ઊંડો નિઃસાસો નંખાઇ ગયો. જીવનભર આ ગામ અને આ હરિયાળી ધરતી પર સાથે જીવન જીવવાના કોડ અધૂરા તો નહીં રહી જાય ને? કદાચ મારી જીંદગીનો રાહ તો બદલાઇ નહીં જાય ને? ક્યાં ગઇ એ જીવનસંગિની જેણે સાથે જીવન જીવવાનો કોલ દીધો હતો?

વીરાના નસીબમાં શું હતું?

તેણે ભગવાનપર ભરોસો રાખી મુંબઇ જવાનો મક્કમ નિર્ણય કરી જ નાંખ્યો હતો.

અને ક્ષણવાર માટે વીરાના દિલમાં એક આનંદની લકીર પસાર થઇ ગઇ. એના મગજમાં એક ઉત્તમ વિચાર આવ્યો હતો.

'કદાચ! જેણે મારા વિચારોમાં આવી સતાવ્યો છે જે મારા સ્વપ્નમાં આવી વીતેલો ભૂતકાળ તાજો કરાવે છે એ યુવતી જો મુંબઇમાં જ હોય તો? સ્વપ્નમાં તો તેણે કહ્યું હતું કે - અમે આ ગામ છોડીને જઇએ છીએ. પણ તેઓ ક્યાંક બીજે....?

વીરાના આનંદપૂરમાં ફરી પાછી ઓટ આવી. તેણે નસીબ ઉપર છોડ્યું....' ઉપર વાળાએ જે ધાર્યું હશે તે થશે....' તેણે આકાશમાં મીઠી નજર ફેંકી.

ભૂરા આકાશમાં સોનેરી સૂર્ય ઝાંખો પડી ગયો હતો. દૂર દૂર ડુંગરોની કિનારી-કોઇ સ્ત્રીની ઉડતી સાડીના પાલવની કોર જેવી રમ્ય લાગતી હતી.... ઊંચા ઊંચા વૃક્ષો આભને આંબવાના વ્યર્થ પ્રયત્ન કરતાં હતાં. થોડી થોડી વારે પવનના સપાટાથી ડોલતી વૃક્ષની ડાળીઓ આબેહૂબ દશ્ય ઉપજાવતી હતી.

અને વીરો કુદરતની લીલા જોઇ મનમાં મલક્યો. ઘડીભર માટે વ્યથામાં સપડાયેલો વીરો કુદરતી દશ્ય જોવામાં તલ્લીન થઇ ગયો. આશા-નિરાશાના વિચારો કોરાણે જઇ પડ્યા.

બળપણથી જ મુંબઇ નગરી તરફ ગજબનું આકર્ષણ હતું. તેને ઊંચી ઇમારતો જોવાની ઘણી ઇચ્છા હતી.... લોકો વાતો કરતા હતા કે મુંબઇમાં તો એટલી ગગનચુંબી ઊંચી ઇમારતો છે કે ઊંચે નજર કરીએ તો માથા પરથી ટોપી પડી જાય.... વીરાને એ બધું પ્રત્યક્ષ જોવું હતું. ત્યાંના રંગબેરંગી લોકો જોવા હતા. આકર્ષક દરિયાની ચોપાટી જોવી હતી.

અને આવતી કાલે બાળપણમાં જેના વિચારો કર્યા હતા તે પ્રત્યક્ષ જોવાશે-ના વિચારે વીરો ખુશ થઇ ઊઠ્યો.

પણ તેની ખુશીમાં ભંગ પાડતી એક જ વાતનું દુઃખ હતું,- કદાચ હોય તો પણ દરિયા જેવા શહેરમાં કયાં શોધવી....? તેનું નામ તો મને ખબર નથી. સ્વપ્નમાં તો તે માંડ પંદર વર્ષની દેખાય છે..... અત્યારે તો કેટલી મોટી થઇ ગઇ હશે? તેનામાં કેટલાયે ફેરફારો આવી ગયા હશે ... તેને કેવી રીતે ઓળખી શકાશે?

અને છતાંય તેને ઓળખી લીધી પણ જો તે છોકરી જ તેને ઓળખવાનો ઇન્કાર કરશે તો?

-અને એવા વિચારોમાં વીરો ઘેર આવ્યો.

'કેવા ખરાબ વિચારો કરે છે?'- મિથ્યા વિચારને ત્યજી શાંતિ શોધવા લાગ્યો... પણ, - વિચારો તો કદી કોઇને છોડી શક્યા છે કે વીરાને છોડે? એ તો હઠીલી માખીને આપણે ઉડાડીએ તો પણ તે માખી એની એજ જગ્યાએ આવીને બેસવાની જ. એમ માનવીનું મન પણ માખી અને માંકડા જેવું- ક્યારેય સ્થિર ના રહે.

એટલે જે વિચારો દૂર કરવા મથીએ તે વધુને વધુ કબજો જમાવે.

વીરાની પણ એ જ દશા થઈ.

● ● ●

સવારનો કુમળો તડકો પૃથ્વીને સાંત્વન આપતો હતો. સૂરજ આકાશમાં ચમકી રહ્યો હતો. જાણે કે પૃથ્વીના કાળા માથાના માનવીની ગાંડપણ ભરી દોડાદોડી જોઈને હસી રહ્યો ન હોય!

ખેડૂતો ખેતરમાં જવા ક્યારનાયે રવાના જઇ ગયા હતા. ગાયોનું ધણ પણ ગોચરમાં ચારો ચરી રહ્યું હતું.

અને આવા સમયે ગામમાંથી એક ઘોડાગાડી નીકળી. જામપૂરા ગામના ધૂળિયા મારગેથી રેલ્વેસ્ટેશન તરફ ઘોડાગાડી જઇ રહી હતી.

તેમાં વીરો મુંબઇ જવા માટે નીકળ્યો હતો. સાથે મોટાભાઇ પ્રભુદાસ તથા ભત્રીજો-કીશન પણ હતા.

એક તરફ મુંબઇ જવાનો આનંદ હતો. તો બીજી બાજુ વહાલી માને રેઢી મૂકી જવાનું દુઃખ પણ હતું. વીરાને કયાં ખબર હતી કે હવે આ ગામમાં ક્યારે અને કેવા સ્વરૂપે આવવાનો છે?

કુદરતના ખોળે ઉછરેલો વીરો આ ગામના પ્યારભરી હૂંફ આપનારા વૃક્ષો, પક્ષીઓ, પશુઓ- આ બધાં સ્નેહીજનો સિવાય રહી શકશે કે કેમ તેની વીરાને પણ શંકા હતી.

મહામુસીબતે જનેતાથી જુદો પડ્યો હતો.

વીરાની આંખો શિયાળામાં પણ ગરમ આંસુથી ભરાઇ ગઇ હતી. તેમ છતાં હસતા મોંએ માતાની વિદાય લીધી હતી. અને પોતાની મંજીલ પર મીટ માંડી હતી.

ઘોડાગાડી એકધારી ચાલ્યે જતી હતી. થોડી થોડી વારે હાંકનારો લાકડી પછાડી ઘોડાને ચેતવતો હતો. જામપૂરા ગામથી રેલ્વે સ્ટેશન સુધીનો માર્ગ ધૂળિયો હતો. ઘોડાની તેજ ચાલથી પાછળ ધૂળની ડમરીઓ ઊઠતી હતી.

વીરો પણ એ ડમરીઓમાં ગરકાવ થતો જતો હતો. તેના સ્મૃતિપટ પર પણ આવી જ ડમરીઓ ઊઠતી હતી.- પરંતુ બંનેમાં ફર્ક હતો. વીરાના સ્મૃતિપટ પર ઊઠતી ડમરીઓ કોઇની યાદની હતી-કોઇ તરુણીની યાદ... અને એ ડમરી ધૂળની ડમરીઓ કરતાં ગાઢ નહોતી... પણ ઊંડી ઘણી હતી જેથી ઊંડાણમાંથી ઊઠતી એ ડમરીઓમાં તરુણીને ઓળખી શકાતી નહોતી.

આપોઆપ જ વીરાથી એક નિઃસાસો નંખાઇ ગયો.

ત્યારે ઘોડાગાડી ઊભીરહી ગઇ. રેલ્વે સ્ટેશન આવી ગયું હતું. મોટાભાઇ પ્રભુદાસે ભાડું ચૂકવ્યું. ત્રણેય જણાં પ્લેટફોર્મ પર આવ્યા. ગાડી આવવાને હજુ વાર હતી.- ત્રણેય જણાં એક ખાલી બાંકડા પર જઇને બેઠા.

પ્રભુદાસે વીરાને શિખામણો આપવાની શરૂઆત કરી દીધી : - 'શહેરમાં વ્યવસ્થિત રહેવું ; કોઇ પણ પ્રકારના વ્યસનથી દૂર રહેવું; વડીલજનોની મર્યાદા રાખવી; વડીલોને તથા મોટાઓને માન આપવું.....'- જેવી અન્ય શિખામણ ઉપરાંત ત્યાં પહોંચ્યા બાદ કાગળ-પત્ર લખી જણાવવા સુધીની સૂચનાઓ આપ્યા કરી.

વીરો સૂનમૂન સાંભળી રહ્યો હતો.

ગાડી નજીક આવી ગઇ હતી. વાતોમાં સમય જલદી પસાર થઇ ગયો હતો.... એક આંચકા સાથે ગાડી ઊભી રહી ગઇ.

વીરાના સામાનમાં ફક્ત એક બૅગ હતી. તે લઇ રીઝર્વેશન ડબ્બા તરફ આગળ વધ્યો. પાછળ પ્રભુદાસ પણ કીશન સાથે આવી રહ્યા હતા.

ગાડીને ઉપડવાનો સમય થયો અને એક લાંબી વ્હીસલ મારી... ત્યારે વીરાની આંખો ભીની હતી પ્રભુદાસે કઠણ કાળજે વીરાને વિદાય આપી.

વીરો પોતાની સીટ પર ગોઠવાયો.

ગાડી ઉપડી.

'વીરૂકાકા... આવજો....!' - અને એ અવાજથી વીરાનું અંતર એક ડુસકું ખાઇ ગયું. વ્હાલસોયા ભત્રીજા કીશનના નિર્દોષ અવાજથી વીરો ઢીલો થઇ ગયો..... તેણે બારી બહાર હાથ રાખી 'આવજો'-ની ભાષા વ્યક્ત કરતો હાથ હલાવ્યો.

અને ગાડી ગતિમાં આવી.

મુંબઇના માર્ગ પર પૂરપાટ દોડ્યે જતી ગાડીમાં વીરો શાંતિથી બેઠો હતો... પણ તેના વિચારો તો ગાડીથીયે ડબલ સ્પીડે દોડતા હતા.

હમણાં તો એક જૂના પુરાણા ગામડામાં પડ્યો હતો. અને અત્યારે ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં ગાદીવાળી સીટ પર ગોઠવાયો હતો.

ઈલેકટ્રિક લાઇટ, પંખા વગેરે તો હતા જ, તે ઉપરાંત કોઇ અમીરના દીવાનખંડ જેવું રાચરચિલું જોઇ વીરો આભો જ બની ગયો.

આમ તો વીરો થર્ડક્લાસમાં જ મુસાફરી કરતો પરંતુ લાંબી મુસાફરી હોવાથી ફર્સ્ટ ક્લાસની ટિકિટ લીધી હતી.

એટલે આવું બધું જોઇને વીરો જાણે સ્વપ્ન જોતો હોય તેવું લાગતું હતું.

ડબ્બાની બારીઓ બંધ હતી. શિયાળાની ઠંડી હજુ યથાવત્ હતી તેથી બારી ખોલવાથી ઠંડો પવન અંદર ધસી આવશે એ ડરથી બારીઓ બંધ કરી દીધી હતી. વાતાવરણ હૂંફાળું હતું. તેથી

વિચારોના ચગડોળમાં ઘૂમતો વીરો થોડી ક્ષણોમાં તો નિદ્રાધીન થયો.

અને તે કોઈ જૂદી જ દુનિયામાં - સ્વપ્નની સહેલગાહે ઉપડી ગયો.

● ● ●

''નવજીવન છાત્રાલય'' ના દરવાજામાં, વીરાને મૂકવા આવેલા પ્રભુદાસને છોડવાનું મન નહોતું થતું. તેમની સાથે છાત્રાલયના દરવાજામાં ઊભા રહી વીરો ગમગીનીમાં ડૂબી ગયો હતો. આખરે પ્રભુદાસ ચાલતા થયા.... મોટાભાઈને જતા જોઈ રહ્યો વીરો.

વીરાને માધ્યમિક શિક્ષણ માટે પ્રભુદાસે તેને આ છાત્રાલયમાં મૂક્યો હતો.

વીરાની હોશિયારીથી તેના એક સાહેબે પ્રભુદાસને વીરાને નવજીવન છાત્રાલયમાં મૂકવાની વાત કરી હતી. અને વળી ગામડામાંથી બીજા શહેરમાં જવા આવવાની આંટી હતી- તથા બીજા દોસ્તદારો સાથે વીરો રખડતો થઈ જાય અને તેનું ભણતર બગડે, એ વાતને ધ્યાનમાં લઈ પ્રભુદાસે પિતાજીને વાત કરી, તેમણે સંમતિ આપી.

વીરાએ પહેલાં તો હઠ પકડી કે માને મૂકીને હું ત્યાં નહીં જાઉં; પણ પછી ગંગાબાએ તેને ખૂબ સમજાવ્યો એટલે તે તૈયાર થયો હતો.

મોટાભાઈના ગયા પછી વીરો રૂમમાં આવ્યો.

આમતો છાત્રાલય ઘણું મોટું હતું. બે માળના આ છાત્રાલયની કુલ ચોવીસ રૂમ હતી. જેમાં બે ડાઈનિંગરૂમો હતી. એક ડાઈનિંગરૂમમાં રસોડાની ચીજ-વસ્તુઓ રહેતી અને બીજા કોમનરૂમમાં સવાર-સાંજ પ્રાર્થના કરવામાં આવતી હતી. ટેલિવિઝનના કાર્યક્રમો પણ અહીં જ દેખાડવામાં આવતા હતા. અને છાત્રોને સમૂહમાં વાંચવાની વ્યવસ્થા પણ અહીં જ થતી. બીજી રૂમોમાં બે રૂમ છાત્રાલયના ગૃહપતિના ફાળે જતા, અને બાકીની રૂમોમાં છાત્રો રહેતા હતા. એક રૂમમાં લગભગ ચાર પાટો રહેતી હતી.

દરેક છાત્રને સૂવાની એક પાટ, એક મેજ અને એક કબાટ ફાળવેલ હતું.

આજુ-બાજુના વાતાવરણમાં આ છાત્રાલયની છાપ સારી હતી. તેથી તેના સંચાલકો પણ તેના તરફ સારૂં ધ્યાન આપતા હતા.

વીરો તેના રૂમમાં આવ્યો અને તેની પાટ ઉપર સૂનમૂન બેસીને ઘરના વિચારો કરવા લાગ્યો.

બીજા દિવસની સવારે તૈયાર થઈ વીરો બીજા છાત્રોની સાથે શાળામાં જવા નીકળ્યો.

શાળા દૂર નહોતી પણ છાત્રાલાયના દરવાજામાંથી નીકળીને ડામરની સડક પર આવવું પડે અને તે સડક પર થઈને થોડે દૂર ચાલતાં સ્કૂલનો દરવાજો આવે. સ્કૂલનું મેદાન પણ છાત્રાલયની પાછળની દીવાલ સુધી હતું. પરંતુ બંનેના દરવાજા વિરૂધ્ધ દિશામાં હોવાથી ડામરની સડક પર થઈને જતાં સહેજે દશ મિનિટ થાય.

સડક પર આવતાં વીરાએ શહેરના રસ્તા તરફ નજર દોડાવી-તો ઘણાં છોકરા-છોકરીઓને સ્કૂલમાં આવતા જોઈને વીરાને થોડો આનંદ પણ થયો.

સ્કૂલમાં આવતાં તે થોડો મુંઝાયો પણ પછી તેની નજર વર્ગના ઓરડાનાં બારણાંની ઉપર પડી. ધોરણનાં નામ લખેલા હતા તેથી તે- 'દશમું ધોરણ' શોધવા લાગ્યો. નીચે ક્યાંય ન મળતાં પહેલાં

માળે જવા પગથિયાં ચઢવા લાગ્યો.

બાઘાચકવા જેવો એક તરફ પગથિયાં ચઢતા વીરાને તેના તરફ જોઇ હસતી છોકરીઓ પર રીસ ચઢીઃ 'ચીબાવલી' કહેવાનું મન થયું પણ પછી ગમ ખાઇ ગયો.

છેલ્લું પગથિયું ચઢતાં જ વીરાની નજર ડાબી બાજુના પહેલા ક્લાસરૂમના મથાળા પર પડી, તેને હાશ થઇ! 'ધોરણ દશ'- અને વીરો અંદર ઘૂસ્યો આખો ક્લાસ ભરાયેલો હતો એટલે છેલ્લી પાટલી પર ખાલી જગ્યા જોઇ ત્યાં ચોપડીઓ મૂકી બહાર આવ્યો તો સામે જ 'પ્રાર્થના ખંડ' હતો. લૉબી આગળ ઊભા રહી સ્કૂલનું નિરીક્ષણ કરતો રહ્યો-ત્યાં,

લાંબો ઘંટ વાગતાં બધા જ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પ્રાર્થનાખંડમાં પ્રવેશ્યા. સામે મોટું સ્ટેજ હતું. તેના પર સ્કૂલના શિક્ષકો તથા પ્રિન્સીપાલ સાહેબ ગોઠવાયા.

એક બાજુ છોકરીઓ અને એક બાજુ છોકરા વ્યવસ્થિત રીતે ખંડમાં ગોઠવાઇ બેસી ગયા.

પ્રાર્થના-સમૂહમાં શરૂ થઇ.

વીરાને આ પ્રાર્થના વિચિત્ર લાગી. પ્રાથમિક શાળામાં અને તેના ગામ નજીકના શહેરની સ્કૂલમાં દરરોજ જુદી જુદી ટુકડીઓ પ્રાર્થના બોલાવે અને બાકીના લોકો સમૂહમાં તેને ઝીલે.

પણ અહીં તો! શરૂઆત જ કંઇક જુદી થઇ. વીરો શોભાના પૂતળા જેવો ચૂપચાપ બેસી રહ્યો.

પ્રાર્થના પૂરી થઇ એટલે છેલ્લે સમાપ્તિનો શ્લોક બોલાઇ ગયો. પછી કોઇકની શોધ ચાલતી હોય તેમ પ્રિન્સિપાલની નજર છોકરીઓ પર ફરી વળી. અને તેમની નજર નિરાશ થઇ પાછી વળી. તેમણે છોકરીઓને ઊંચે અવાજે પૂછી જોયુંઃ

'સોન નથી આવી આજે?'

અને છોકરીઓના માથા નકારમાં ઝૂકતા જોઇ પ્રિન્સિપાલ નિરાશ થઇ ગયા... ઊભા થઇ નવા આવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને પછી જવાની રજા આપી.

બધા જ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ પોતપોતાના ક્લાસમાં ગયા. વીરો પણ પોતાની પાટલી પર જઇને બેસી ગયો. તેની બાજુમાં જ એક છોકરો બેઠો જે તેના જેટલો જ લાગતો હતો. વીરાને તેણે કહ્યું; આજે તો આખો ક્લાસ ભરાઇ ગયો એટલે છેલ્લી પાટલી પર નંબર લાગ્યો. આવતી કાલે વહેલા આવવું પડશે....'

વીરાનો પણ છેલ્લા બેસવાનો વિચાર નહોતો. તે હંમેશાં આગળ જ બેસતો... વીરાએ આખા ક્લાસમાં નજર દોડાવી... એક તરફ છોકરીઓ- એક તરફ છોકરા.

છેલ્લી પાટલી પર બેઠો બેઠો વીરો વિચારે ચઢ્યો.

'પ્રિન્સિપાલ સાહેબ 'સોન'ને જ કેમ શોધતા હશે? પણ તેનો જવાબ આપનાર કોઇ નહોતું... 'હશે આપણે શું? કંઇ કામ હશે!' - એમ મન મનાવીને 'સોન' શબ્દ ભુલાતો નહોતો. 'સોન' શબ્દમાં કેટલી બધી મીઠાસ છે! એ શબ્દ બોલતાં જ ખુશ થઇ જવાય.

આજે પહેલો દિવસ હોવાથી બે પિરિયડ બાદ છોડી મૂક્યાં. વીરો ઊઠ્યો-તો તેની સાથે બેઠેલા

છોકરાએ વીરાનો હાથ પકડી ઊભો રાખ્યોઃ 'તારું નામ વીરો છે ને?'

'હા, મારૂં નામ વીરો,... પણ તને કેમ ખબર પડ?'

'તારી નોટ ઉપર વાંચી લીધું'- કહીને એ છોકરો હસી પડ્યો અને ઉમેર્યુંઃ 'દોસ્ત, મેં તો તારૂં નામ જાણી લીધું પણ તું મને પૂછે કે ના પૂછે, મારે કહેવું જ રહ્યું, મારૂં નામ તળશી સિંગલ છે પણ બધા મને સિંગલ જ કહે છે..... હું પણ છાત્રાલયમાં રહું છું.'

વીરાને સિંગલ પર વહાલ ઊભરાયું.

'હા...! કેટલા સમયથી?'

'એક વર્ષ જૂનો છું.'- કહીને તે હસી પડ્યો.... વીરાને એકલો ફરતો જોઇ તેને સાથ આપવા માટે જ સિંગલે પહેલ કરીઃ 'શું યાર! તને ઘર યાદ આવે છે ને? ખરેખર, મને પણ પહેલાં એવું જ થતું હતું પણ પછી બધુ ભુલાઇ ગયું.... તને પણ એવું જ થશે. પણ બોલ, એક વાત કબૂલ કરીશ?

તેણે વીરાની રજા લીધા વગરજ હાંકે રાખ્યુંઃ 'મને તારો દોસ્ત બનાવીશ? તને જોઇ મને દોસ્તી કરવાનું મન થયું...'

વીરાએ જરા વિચાર કરી તેને સહર્ષ સ્વીકારી લીધો : 'જીગરજાન દોસ્ત'.

સડક પર ચાલતા હતા ત્યાં વીરાને પ્રિન્સિપાલ સાહેબના મુખેથી બોલાયેલો 'સોન' શબ્દ યાદ આવ્યો. સિંગલને પૂછવા માટે તેનું ધ્યાન દોર્યું, કારણકે સિંગલ તો બાજુ પર ચાલતી છોકરીઓ તરફ એકધારી નજરે જોઇ રહ્યો હતો... તેને એક તરફ ખેંચી જઇ વીરાએ કહ્યુંઃ

'દોસ્ત સિંગલ! મારે તને એક વાત પૂછવી છે, જો તું કોઇને ના કહે તો પૂછું...'- વીરાને દહેશત હતી કે કદાચ સિંગલ તેના પેટની વાત બીજા આગળ રજૂ કરી દે, તેથી તેણે પાણી પહેલાં પાળ બાંધી.

'દોસ્ત વીરા! આ સિંગલની દોસ્તી છે.... કોઇ એલ્યાફેલ્યાની નહીં. સમજ્યો? ... તું નહીં કહે તો પણ મારી વાત હું કોઇને કહેતો નથી... એટલે મારા પર વિશ્વાસ રાખજે. આપણી વચ્ચેની વાત ત્રીજો નહીં જાણે, બોલ! શું પૂછવું છે?'

વીરો તેને એક તરફ લઇ ગયો અને ખૂબ જ ધીમા અવાજે કહ્યુંઃ 'યાર, આજે પ્રિન્સિપાલ સાહેબ પ્રાર્થના પૂરી થય પછી કોઇક 'સોન' નામની છોકરીને શોધતા હતા- કેમ?'

સિંગલ વિચારમાં પડી ગયો... એક જ દિવસમાં આને વળી 'સોન'ની લપ ક્યાં લાગી? સિંગલે વીરાના મનભાવ વાંચવા તેની સામું એક દૃષ્ટિ ફેંકી, પછી પોતાના વિચારો છુપાવતો બોલ્યોઃ

'ઓહોહોહો....! એમાં આટલો બધો ગભરાય છે કેમ? જો સાંભળ, સોન એ પ્રિન્સિપાલની વહાલી વિદ્યાર્થિની છે.... કારણકે તેનો અવાજ કોયલ જેવો મીઠો છે, એક વખત તું સાંભળીશ તો તુંયે ભાન ભૂલી જઇશ... અને એ સોન રોજ પ્રાર્થનામાં એકાદ ગીત સંભળાવે જ. અને પાછી હોશિયાર પણ છે ... અને તેનું રૂપ જોયું હોય તો તું બે ઘડી જોઇ જ રહે...! - ફટકો છે ફટકો....!'

છેલ્લા શબ્દો બોલતાં સિંગલે એવી એક્ટીંગ કરી કે વીરો હસી પડ્યો.

'એ કયા ધોરણમાં-?' વીરો આગળ પૂછે તે પહેલાં સિંગલે પૂરું કર્યુંઃ

'દશમા ધોરણમાં, પણ યાર! તે પહેલાંથી જ હોંશિયાર છે એટલે ધોરણ દશ 'અ'માં છે....!

વીરાને વિચારતો કરી મૂક્યો સિંગલે.

એક છોકરીમાં એક સામટા કેટલા બધા ગુણો હતો?- મીઠું મધ જેવું નામ- 'સોન'; કોયલ જેવો મીઠો અવાજ; સ્વરૂપવાન અને પાછી હોંશિયાર! પછી પ્રિન્સિપાલ સાહેબની માનીતી હોય જ ને?

વિચારમાં તે વિચારમાં છાત્રાલય ક્યારે આવ્યું તેની વીરાને ખબર ન પડી... તળશી સિંગલ પણ વીરાના ચહેરા પર પલટાતા ભાવો જોઇ વિચાર કરતો હતો...: 'બહુ ઊંડા ભેદ ભરમવાળો લાગ છે... મનના ભાવ ચહેરા પર ઘૂંટી ઘૂંટીને આવવા દે છે... જબરો દોસ્ત મળ્યો છે મને....!'

છાત્રાલય આવતાં સિંગલે તેને ચેતવ્યો, ત્યારે વીરાની વિચારમાળા તૂટી ગઇ.

નોટિસબૉર્ડ પર રૂમનંબર અને તેમાં રહેનાર છાત્રોનાં નામ લખ્યાં હતાં. વીરો પોતાનું નામ વાંચી વીસ નંબરના રૂમ પર બિસ્તરો લઇ પહોંચ્યો.

એ રૂમ પહેલા માળે હતો અને હાઇસ્કૂલ તરફ તેની બે બારીઓ પડતી હતી. વીરાએ સામાન ગોઠવી દીધો.... પાટ પર બેસી બારી બહાર જોતો બેસી રહ્યો વિચારતો રહ્યો.

થોડી જ વારમાં સિંગલ પણ એજ રૂમમાં બિસ્તરો ઊઠાવીને આવ્યો અને વીરાને જોતાં જ તે આનંદમાં ઝૂમી ઊઠ્યોઃ

'અરે! વીરા...! તું પણ આ રૂમમાં છે....? - મારૂં નસીબ સારૂં કહેવાય કે દોસ્તની સાથે જ રહેવાનું થયું.'

અને બંને દોસ્તો આનંદથી નાચી ઊઠ્યા.

● ● ●

બીજા દિવસની સવાર.

છાત્રાલયના નિયમ અનુસાર સવારમાં પાંચ વાગ્યે બેલ વાગતાં દરેક જણ ઊઠીને નાહી-ધોઇ પરવારી જતા.

એટલે વીરો પણ ઊઠ્યો.

રાત્રે મોડે સુધી વીરો ઊંઘી શક્યો નહોતો. તેના વિચારોની મધ્યમાં 'સોન' નામનો શબ્દ ઘુમરીઓ ખાતો હતો. પણ આખરે. તેણે વિચારો ફગાવી દેવા પ્રયત્નો કર્યા હતા.... તે અહીં ભણવા આવ્યો છે. કોઇ છોકરીના વિચારો કરવા નહિ. અને પ્રિન્સિપાલ સાહેબ તો કોઇ પણ છોકરા કે છોકરીને વ્હાલ કરે તેમાં તેના બાપનું શું જાય છે?

એમ વિચારતા વીરાને રાત્રે મોડે સુધી ઊંઘ આવી નહી.

તેની બાજુની પાટ પર સૂતેલો સિંગલ ઘસઘસાટ ઊંઘતો હતો... વીરાને તેની અદેખાઇ આવી ... કેવો બેફિકરો થઇ ઊંઘે છે?

અને આખરે વીરો ઊંઘી ગયો હતો.

સવારમાં નાહી-ધોઇ તૈયાર થઇ સ્કૂલમાં જવા નીકળ્યો તો સિંગલ પણ સાથે થયો.

પ્રાર્થના પૂરી થઇ એટલે બધાએ આંખો ખોલી. પ્રિન્સિપાલ સાહેબની નજર છોકરીઓની આગલી હરોળમાં બેઠેલી સોન પર પડી અને તેઓ આનંદી ઊઠ્યા.

'સોન... ચાલ જો, બેન... આજે એક સરસ ગીત સંભળાવી દે...'

સોન ઊભી થઇ.

તેના ચહેરા પર શરમની રેખાઓ ઉપસી આવી. તેની આંખોની પાંપણો લજ્જાના ભારથી નીચી ઢળી ગઇ..... પાતળી કાઠી ધરાવતી સોન સ્કૂલના ગણવેશમાં સુંદર લાગતી હતી.

વીરાની નજર તો સોન પર જ સ્થિર થઇ ગઇ..... 'આટલી સુંદર છોકરી....!!!' તે મનમાં જ ગણગણ્યો : 'પછી કોઇને પણ વહાલ થાય જ ને?'

વીરાની બાજુમાં બેઠેલો સિંગલ તેને જોઇ રહ્યો હતો. તેણે વીરાના પગે ચૂંટી ખણી... વીરાએ સિસકારી કરી અને ગુસ્સાભરી નજરે સિંગલ તરફ જોયું.... સિંગલે આંખના ઇશારે સોન તરફ જોવા જણાવ્યું.

સોન સ્ટેજ પર એક તરફ પલાંઠી વાળીને બેસી ગઇ... શરમના ભારથી તેની આંખો નીચી ઢળી પડી હતી... તેના મનમાં દ્વિધા હતી- કયું ગીત ગાવું?- આમ તો તે ઊભી થવાની જ નહોતી પણ પ્રિન્સિપાલ સાહેબના આગ્રહને તે નકારી ન શકી.

સોનને ઊભું થવું જ પડ્યું.

પ્રિન્સિપાલ સાહેબે તેના તરફ મીઠી નજર ફેંકી. સોને મોં ખોલ્યું અને-!

જાણે કોયલ ટહુકી-!!!

''સબસે ઊંચી પ્રેમ સગાઇ

જ્યોત સે જ્યોત જલાતે ચલો....

પ્રેમકી ગંગા બહાતે ચલો....''

વીરાની નજર તો સોનના ચહેરા પર, તેના મુખમાંથી નીકળતા શબ્દ તરફ, તેના ઊંચા-નીચા થતા હોઠ તરફ હતી... તેણે આગળની કડીઓ સાંભળી જ નહીં.

મીઠા લયથી ગાતી સોનના મુખમાંથી જાણે ફૂલ ઝરતાં હતાં... સોનના ચહેરા પરનું સૌંદર્ય નિહાળતાં વીરો દિગ્મૂઢ બની ગયો. તેના મુખમાંથી નીકળતા અવાજનો અનુભવ કરતો રહ્યો.

વીરો તંદ્રામાંથી ત્યારે જ ચમક્યો જ્યારે સિંગલે તેને ફરી ચૂંટી ભરી.

ગીત પૂરું કરી સોન ઊભી થઇ.

તાળીઓના ગડગડાટ વચ્ચે સોન નીચી નજર ઢાળી સ્ટેજના પગથિયાં ઉતરીને તેની જગ્યાએ ગઇ ત્યાં સુધી તેની નજર નીચી જ ખોડાઇ રહી હતી... તેને ન તો અહ્‌મ હતો કે ન ઘમંડ.

પ્રિન્સિપાલ સાહેબે તેને બિરદાવી અને પછી રોજના કાર્યક્રમમાં પણ ગીત ગાવાનું આમંત્રણ આપી દીધું.

વીરો તો હજુયે જાણે સોનને સાંભળી રહ્યો હોય તેમ સ્થિતપ્રજ્ઞની જેમ બેસી રહ્યો હતો.

જ્યારે સિંગલે તેને હાથ ઝાલી ઊભો કર્યો ત્યારે તેને ખબર પડી કે હવે ઊઠવું જોઈએ.

ક્લાસમાં આવ્યા.

સિંગલે બંને માટે પાટલી રોકી લીધી હતી. પહેલી પાટલી પર બંનેએ સાથે જ બેસવાનો નિર્ણય લીધો હતો.

સિંગલે સૂનમૂન બેઠેલા વીરાના કાનમાં કહ્યું; 'કેમ દોસ્ત ! શા વિચારે ચઢ્યો... એ તો હવે આપણા નસીબમાં ના હોય... આપણી ઉપર એક નજર પણ ના નાંખે-સમજ્યો...? ... હા, આપણા ક્લાસમાં આવે તો તો આપણા - નહીં, તારા નસીબ!

'છાનો માનો બેસ ને હવે-' અને વીરાએ સિંગલને ડાર્યો. સિંગલ શાંત થઈ ગયો.

જ્યોતિબેન તેમના વર્ગશિક્ષક હતા. તેથી રોજ પહેલો પિરિયડ તેમનો જ રહેતો. આમ તો ભણાવવામાં હોંશિયાર એવા જ્યોતિબેન હાજરી પૂરવાથી કંટાળતા.

હાજરી પૂરતા હતા અને બળાપો કાઢતા હતા.

માંડ અડધે સુધી પહોંચ્યા હશે ત્યાં જ પ્રિન્સિપાલ સાહેબ આવ્યાઃ 'એક્સ્યુઝ મી, સીસ્ટર!' કહી તેમણે જ્યોતિબેનને બહાર બોલાવ્યાં.

ભારે શરીરવાળા જ્યોતિબેને કદાચ પ્રિન્સિપાલ સાહેબને મનોમન ચોપડાવી પણ હોય.

'જુઓ! તમારામાં છોકરીઓ કેટલી છે?'

'દશ છોકરીઓ અને ચાલીસ છોકરાઓ છે.'

'તો જુઓ દશમા ધોરણની કુલ એકસોને પાંત્રીસ સંખ્યા થઈ છે; ત્રણ ક્લાસ બનાવતાં તમારા ક્લાસમાં પિસ્તાલીસ થવા જોઈએ- ત્રીસ છોકરાઓ અને પંદર છોકરીઓ - એમ વહેંચણી કરી છે એટલે તમારા ક્લાસમાં પાંચ છોકરીઓ 'અ' વિભાગમાંથી આવે છે. તમો 'બ' વિભાગમાં દશ છોકરાઓ મોકલી આપો' - કહીને ઉમેર્યુંઃ 'મેં પંડ્યા સાહેબને વાત કરી છે એટલે પાંચ છોકરીઓને હમણાં મોકલે છે.'

પ્રિન્સિપાલ સાહેબ તેમનું ભાષણ પૂરું કરી જતા રહ્યા અને જ્યોતિબેનના માથે ભાર મૂકતાંગયા.

'આ વળી ક્યાંથી લપ વધારી...?' - એમ બબડતાં હાજરી ચાલુ કરી. અડધા પિરિયડ સુધી તેઓ ભણાવતા રહ્યા કે જો કોઈ છોકરાએ કોઈ છોકરીની છેડતી કરી છે કે આંખ ઊંચી કરી જોયું છે તો એની ખેર નથી હાં....' અને આગળ ભાષણ આપવા જાય તે પહેલાં - ,

'મે આઈ કમ ઈન?' - તીણા અવાજથી ચમકેલા છોકરીઓની સાથે જ્યોતિબેનની નજર પણ બારણા માં ખોડાઈ રહેલ સોન ઉપર પડી... તેઓ ચમક્યા!

વીરો અને સિંગલ પણ ચમક્યા!

'યસ...,' કહીને જ્યોતિબેને પ્રશ્નાર્થ નજરે સોન સામું જોયું તો તેની પાછળ બીજી ચાર છોકરીઓ હતી. સોને હાથમાં રહેલી ચિટ્ટી જ્યોતિબેનને આપી. અને તેઓ આનંદી ઊઠ્યાઃ

'અરે વાહ! સોન...! તું પણ મારા ક્લાસમાં? ઘણી ખુશીની વાત.... સરસ....સરસ' કહેતાં તેમણે પાંચેયને બેસવા ઈશારો કર્યો, અને હાજરી પત્રકમાં નામ ટપકાવવા ખુરશી પર ગોઠવાયાં.

છોકરીઓની બે લાઈનો અને છોકરાઓની ત્રણ લાઈનો હતી, - બે લાઈનોમાં ભીંત બાજુની આખી લાઈન ભરેલી હતી એટલે વીરો અને સિંગલ જે હરોળમાં બેઠા હતા તેની બાજુની હરોળમાં આવી સોન અને તેની સહેલી કીર્તિ ગોઠવાયાં.

તે જોઈ સિંગલે વીરાને ચૂંટી ભરી.

વીરાએ તેના તરફ કરડી નજર કરી તેને યાદ દેવડાવ્યું કે 'જ્યોતિબેન હમણાં ખેર નહીં રહેવા દે...' સિંગલ ચાળા પાડતો બેસી રહ્યો.

વીરાથી માંડ બે ફૂટ છેટે સોન બેઠી હતી.

જ્યારે દૂરથી તે સોનને એકધારી નજરે ભાવુક દષ્ટિથી જોઈ રહેતો, તે વીરો લગોલગ બેઠેલી સોન તરફ દેષ્ટિ પણ નાંખવાની હિંમત ન કરી શક્યો. ક્યાંક હોબાળો થઈ જાય - ની બીકે તેણે સિંગલને પણ હરકત કરતાં રોક્યો હતો.

ત્યાં જ્યોતિબેનનો તીખા મરચાં જેવો અવાજ સંભળાયોઃ 'જુઓ, હવે કોઈ છોકરો કોઈ છોકરીને હરકત કરશે તે મને પસંદ નથી -'

'પણ અમને પસંદ છે ને-' સિંગલ ધીમેથી બોલ્યો. જે જ્યોતિબેને નહીં પણ વીરાએ અને તેની બાજુમાં બેઠેલી સોને સાંભળ્યું. સોને વીરા તરફ ત્રાંસી નજરે જોયું.

પણ વીરો તો સિંગલને ડારી રહ્યો હતો. તેના મનમાં એમ કે જો બેન સાંભળી જશે તો સિંગલની સાથે મને પણ સંડોવશે.... તેમ ઈશારાથી સમજાવતો હતો - પછી તે બાજુ પર જોવા ફર્યો કે કોઈ બીજું તો સાંભળી નથી ગયું ને?

પણ વીરાને ક્ષોભ અનુભવવાનો વારો આવ્યો જ.

સોન તેના તરફ જોઈ રહી હતી જાણે કે વીરો ગુન્હેગાર ન હોય? પણ પછી વીરાનું દિલગીરી ભર્યું મુખ જોઈ સોને કંઇ પણ બોલ્યા વિના જ્યોતિબેનના ભાષણ તરફ ધ્યાન આપ્યું.

અને બેલ પડ્યો.

જ્યોતિબેન ચેતવણીભરી નજર આખા ક્લાસમાં નાંખી બહાર નીકળી ગયા.

બીજા પિરિયડમાં પંડ્યા સાહેબ પધાર્યા.

તેમના ક્લાસમાંથી પાંચ છોકરીઓ આ ક્લાસમાં આવી હતી. તેમણે સોનને જોઈ પૂછયું;

'કેમ સોન! અહીં ફાવશે ને?'

'યસ સર!' મીઠો રણકો કરતી સોને જવાબ આપ્યો, ત્યાં સિંગલ ધીમે અવાજે બોલ્યોઃ 'ના કેમ ફાવે, જ્યાં અમે હોઈએ?'

વીરાએ ક્રોધભરી નજરે સિંગલને તાક્યો. સિંગલ શિયાળ બની ચૂપ થઈ ગયો.

પંડ્યા સાહેબને દુઃખ તો હતું જ કે સોન જેવી હોંશિયાર અને મીઠા કંઠવાળી - સ્કૂલનું એક માત્ર ગૌરવ પોતાના ક્લાસમાંથી બીજા ક્લાસમાં જાય..... તે કોને ગમે? પણ પ્રિન્સિપાલ સાહેબના

નિર્ણય આગળ તેઓ કશું જ ન કરી શકે.

● ● ●

આજે વીરો હજુ ઊંઘી રહ્યો હતો અને બાજુ પર સૂતેલો સિંગલ જાગી ગયો. તેણે વીરાને ઢંઢોળ્યોઃ

'ઓ આળસુના પીર! હવે ઊઠ, નહીંતર હમણાં તારો બાપ આવીને ફટકારશે....'

છાત્રાલયમાં નિયમ હતો કે સવારમાં બેલ પડે ત્યારે બધા છાત્રોએ ફરજિયાત ઊઠી જ જવું પડે.... એટલે દોસ્તદારો એકબીજાને ઊઠાડતા, જેથી શિક્ષાથી બચી શકે.

વીરો સફાળો બેઠો થઇ આંખો ચોળવા લાગ્યો. એટલે સિંગલ બોલ્યો : 'કેમ ભાઇ સાહેબ ! કોનાં સ્વપ્નાં જોતા હતા....?'

'ચૂપ. બહુ ચિબાવલો ના થઇશ સિંગલ... હા'. કહી તેણે મૂક્કો ઉગામ્યો.... સિંગલ તો ત્યાંથી ભાગી છૂટ્યો....

વીરાએ ઝટપટ પથારી વાળી અભરાઇ પર ચઢાવી દીધી. અને નાહવા માટે નીચે બાથરૂમમાં ગયો.

ખરેખર રાત્રે વીરો સ્વપ્નાં જ જોતો રહ્યો હતો. અને એ પણ સ્કૂલની એક સુંદર, સોહામણી, કોયલના કંઠવાળી સોનનો. એટલે ભાઇને સ્વપ્નાં છોડી ઊઠવાનું મન નહોતું થતું.

વીરો સ્કૂલમાં જવા તૈયાર થયો. આજે તે ખુશ હતો. તેની ખુશાલીમાં તે સીટી વગાડી રહ્યો હતો. વીરાને ખુશ જોઇ સિંગલને મશ્કરી કરવાની સૂઝી પણ પછી ગમ ખાઇ ગયો.

વીરાની નજર વારેઘડીએ સ્કૂલના મેદાન પર જઇને ઠરી જતી હતી... વીરાને આમ વારંવાર જોતો જોઇ સિંગલે પણ બારી બહાર જોયું.... ત્યાં તો કોઇ નહોતું, તેમ છતાં વીરો તે તરફ જોઇ રહ્યો હતો.... સિંગલ સમજી શક્તો નહોતો,... વીરાના દિલમાં થનગનાટ હતો.

તૈયાર થઇ દફતર હાથમાં પકડી બહાર નીકળ્યો. તો સિંગલ પણ તેનું પગેરું દાબતો નીકળ્યો.

ડામરની સડક આવતાં સુધી કોઇ કાંઇ બોલ્યું નહીં. પણ સિંગલ ચૂપ રહે તો સિંગલ શાનો?

'કેમ છો વીરાભાઇ? આજે ઘણા ખુશમાં લાગો છો....'

'હા. સારું છે તળશીભાઇ! પણ હું ખુશમાં નથી.'

'છો-'

'નથી, અને કદાચ હોઉં તો પણ શું?'

'કેમ?'

'જો તળશીડા...! તું હમણાં  હમણાંનો ટાયલાવેડા બહુ કરે છે.... સ્કૂલમાં, ચૂપ મરજે નહીંતર...'

'નહીંતર શું?'

'જો મારા ભાઈ, તને સમજાવું. હજુ અહીં આવ્યે મારે એક મહિનો થયો છે અને અહીં ભણવા જ આવ્યો છું, એવા ટાયલાવેડા કે લફરાં કરવા માટે નહીં; માટે હવે વધારે પડતું ના બોલીશ....' કહેતાં વીરો બોલતો અટકી ગયો. તેની નજર સાયકલ પર આવતી સોન પર હતી. ધીમી ગતિએ સાયકલ ચલાવતી સોન અમારી વાતો સાંભળી ગઈ નહીં હોય ને?- વિચારતા વીરાને સિંગલે ચૂંટો ભર્યો અને જવાબ વાળ્યો.

'જેવી આપની આજ્ઞા...'સિંગલ નાટકીય ઢબે એવી રીતે બોલ્યો કે વીરાથી હસ્યા વિના ન રહેવાયું.

'જો પાછો તું અસલ સ્વરૂપમાં આવી ગયો ને?' કહી તેણે સિંગલની પીઠ પાછળ ધબ્બો માર્યો.

'ઓ... બાપરે...' એવો અવાજ સિંગલે થોડા જોરથી કાઢ્યો. એટલે થોડી આગળ નીકળી ગયેલી સોને મારકણી નજર વીરા ઉપર નાંખી... અને વીરો સમસમી ગયો.

પાછળ ફરી નજર નાંખવાની અદા પર વીરો વારી ગયો. અને સ્કૂલના ઝાંપામાં વળતી સોનને જોઈ રહ્યો.

સિંગલ વીરાની સ્થિતિ પામી ગયો હતો.

● ● ●

એક વખત પંડ્યા સાહેબને સારા અક્ષરોવાળા વિદ્યાર્થીની જરૂર પડી. તેમણે સ્કૂલના દરેક ક્લાસમાં તપાસ કરી પણ કોઈ મળ્યું નહીં. અંતે હતાશ થતાં છેલ્લો બાકી રહેલો ક્લાસ ધોરણ દશ 'ક'માં પણ તેમણે વાત કરી, જેમાં વીરો, તળશી અને સોન - પણ હતા.

'આ ક્લાસમાં સારા અક્ષરોવાળું કોઈ છે?'

થોડી મિનિટો સુધી કોઈ બોલ્યું નહીં.

પણ જતી તક ઝડપવા માટે, પંડ્યા સાહેબ નિરાશ થાય તે પહેલાં સિંગલ ઊભો થયો.

તળશીને જોઈ વીરો આશ્ચર્ય પામ્યો. તેને સિંગલ તળશી પાગલ જેવો લાગ્યો, 'આના અક્ષર તો સાવ ભૂંડા છે... શું ધારીને ઊભો થયો હશે આ....?'- આવો વિચાર વીરો કરતો રહ્યો. - બીજાઓ પણ જેમણે સિંગલના અક્ષરો જોયા હતા. તેઓ પણ હસવા લાગ્યા.

'હા સાહેબ! સારા અક્ષરોવાળા હજુ મરી પરવાર્યા નથી કે તમારે નિરાશ થવું પડે... સારા અક્ષરોવાળો આ ક્લાસમાં છે.' - છટાથી બોલ્યો સિંગલ.

પંડ્યા સાહેબને થોડી શાંતિ થઈ; તેમણે કહ્યું: 'શાબાશ, લાવ જો તારી એકાદ નોટ...'

'ખલાસ...! આવી બન્યું.... તળશીડાની નોટ જોઈ સાહેબ તેને બે લાફામાંથી બાકાત નહીં રહેવા દે.' - વીરો મનોમન વિચાર કરતો તળશીના પાગલપણા પર રીસ ચઢાવતો રહ્યો.

પરંતુ -

બધાના આશ્ચર્ય વચ્ચે તળશીએ કહ્યું;

'સાહેબ ! મારી નોટ જોવાથી તો તમને ગાંધીજી યાદ આવી જશે... પણ મારો દોસ્ત જે

મારી પાસે બેઠો છે તે વીરાની નોટ તમે જોઇ લો.'

વીરો કંઇ સમજે તે પહેલાં સિંગલે તેની નોટ લઈ સાહેબને પકડાવી દીધી.

વીરો મનોમન સિંગલને ગાળો દેતો રહ્યો. તેને ડર હતો કે કદાચ અક્ષરો સારા ના હોય- મતલબ કે સાહેબને પસંદ ના પડે તો આખા ક્લાસમાં નોટ ફેરવે અને પ્રદર્શન કરાવે કે ભાઇ સાહેબે તેમના અક્ષરો શ્રેષ્ઠ ગણાવ્યા. અને આખો ક્લાસ તેની મશ્કરી કરશે, છોકરીઓ મારી ઠેકડી ઊડાવશે - એવી બીકથી વીરો સિંગલ તરફ ઠપકા ભરી નજરે તાકી રહ્યો : 'હમણાં બહાર નીકળ તારી વલે કરું છે.'

પણ સિંગલ હસતો જ રહ્યો.

સોન તો આ બંનેના મૂંગા ઝઘડાથી વિમાસણમાં પડી ગઇ.... શું સમજવું? ત્યાં જ પંડ્યા સાહેબે વીરાને ઊભો કરતાં કહ્યું : 'શું ભાઇ તારું નામ?'

'અંદર નોટમાં લખેલું છે જ અને મેં પણ કહ્યું છે.' વીરાને બદલે સિંગલે જ જવાબ આપ્યો. તેને એમ હતું કે વીરો ગેંગેંફેંફેં કરશે તો સાહેબને વિશ્વાસ નહીં આવે કે એ અક્ષર વીરાના છે.

'હં ... તો વીરા! તું અત્યાર સુધી ચૂપ કેમ હતો? આટલા સુંદર અક્ષર તો મેં સ્કૂલમાં કોઇના જોયા નથી! ખરેખર! તારા મરોડદાર અક્ષરોની કદર કરવા જેવી છે..... મારે આવા જ અક્ષરોની જરૂર છે. તું મને આ પિરિયડ પછી સ્ટાફરૂમમાં મળજે.'

સાહેબે નોટ આખા ક્લાસમાં ફેરવવા પહેલી બેન્ચવાળા છોકરાને આપી... નોટ ક્લાસમાં ફરતી રહી.

વીરાને ચિંતા હતી કે સાહેબ તેની મશ્કરી કરી રહ્યા છે અને વધુ બેઇજ્જત કરવા સ્ટાફરૂમમાં બોલાવ્યો છે.... તેને સિંગલ પર વધુ દાઝ ચઢી.

નોટ ફરતી ફરતી સોન પાસે આવી. સિંગલ ચમક્યો! તેણે વીરાને ઇશારાથી સોન તરફ જોવા પ્રેર્યો.

સોનના ચહેરા પરની રેખાઓમાં થતો ફેરફાર વીરાએ જોયો. તેના ચહેરા પર ખુશાલીની રેખા હતી. તે બસ! જોતી જ રહી .... આમેય તેનો નંબર છેલ્લો હતો... સાહેબનું ધ્યાન ટેબલ પરના પુસ્તકમાં હતું... સોને ત્રાંસી નજરે આજુબાજુ જોયું..... વીરો નજર ચુકાવી ફરી ગયો. સોને પેન કાઢી એટલે સિંગલે વીરાને ચેતવ્યો. સાહેબ જોઇ ના જાય એની તકેદારી રાખી નોટના પહેલા પાનાની જમણી બાજુ નીચેના ખૂણામાં સોને કંઇક લખ્યું.....'

'શું લખ્યું હશે?' તેવો ભાવ સિંગલ અને વીરાના મનમાં પેદા થયો... કંઇક ગોટાળો થયો લાગે છે એવું લાગતાં વીરો વળી પાછો સિંગલ પર ગુસ્સે થયો.

'અલ્યા, આમ આંખો કાઢીને ઘુરકે છે શાનો?' વીરાને સામે તાકેલો જોઇ ખૂબ જ ધીમેથી બોલાયેલ સિંગલના મુખનું વાક્ય સોને સાંભળ્યું અને તે હોઠમાં હસી પડી. તેણે વીરા સામું જોયું તો એ તો હજુયે સિંગલને તાકી રહ્યો હતો.

સાહેબની નજર સોનના હાથમાં રહેલી નોટ પર પડી : 'બધાએ નોટ જોઇ લીધી?'

હકારમાં ડોકું ધુણાવતા વિદ્યાર્થીઓને હુંકારો ભર્યો : 'હા'

'સોન! વીરાને નોટ આપી દે.'

જ્યાં સુધી સાહેબે આજ્ઞા ન કરી ત્યાં સુધી સોન નોટમાં વીરાના હાથે લખાયેલા સુંદર અક્ષરોમાં અને તેના મરોડમાં ખોવાયેલી હતી. તેણે નોટ વીરાને આપવા હાથ લંબાવ્યો... વીરાએ પણ હાથ લંબાવ્યો.... વીરાના હાથનાં આંગળાં સોનની નાજુક આંગળીઓને સ્પર્શી ગયા. સોને તરત જ હાથ પાછો ખેંચી લીધો.

અનાયાસે થયેલ એ સ્પર્શથી સોનના શરીરમાં એક ઝણઝણાટી વ્યાપી ગઇ. વીરો થોડો ખેંચાયો.

બંનેની સ્થિતિ માપતો સિંગલ 'સાહેબ જોઇ જશે' એવું ચેતવવા વીરાને ચૂંટો ભર્યો... વીરાને સિસકારો ગળામાં જ ભરાવી દીધો.

'અને હા સોન! તું પણ સ્ટાફરૂમમાં વીરાની સાથે આવજે ... તારું પણ કામ પડશે.'

વીરાના હાંજા ગગડી ગયા.

-ચોક્કસ સાહેબે અમારી સ્થિતિ પકડી પાડી હશે. તેણે સાહેબની નજર ઓળખવા ધારી ધારીને જોયું.

'ના. એવું તો કંઇ લાગતું નથી,' જાણી તેને હાશ! થઇ.

વાત પણ સાચી હતી. પંડ્યા સાહેબનું ધ્યાન તો ચોપડી તરફ હતું... થોડું વાંચી રહ્યા બાદ તેમણે ભણાવવાનું શરૂ કર્યું. બાકી રહ્યું હોય તેમ અધવચ્ચે ઉમેર્યુઃ

'આખી સ્કૂલમાં મીઠો મધુરો કંઠ હોય તો આ ક્લાસની સોનમાં-'

સોન શરમાઇ ગઇ. સાહેબ અધવચ્ચે જ આવા વખાણ કરશે તેવું તેની કલ્પનામાં પણ ન હતું.

'અને આખી સ્કૂલમાં સુંદર, મરોડદાર હસ્તાક્ષરો જો કોઇના હોય તો તે પણ આ ક્લાસના જ વિદ્યાર્થી   વીરાના-'

વીરાએ સિંગલ તરફ જોયું.

સિંગલે વિજયની લાગણી અનુભવતાં આંખ ઉલાળી.

સોન આ બંનેની ચેષ્ટા ત્રાંસી આંખ કરી જોઇ રહી હતી. તેને આ બંને દોસ્તો રંગીલા લાગ્યા. ઘણી વખત સોન બંનેની હરકતો જોઇ મનોમન ખડખડાટ હસી પડતી. કીર્તિ પૂછે તો કોઇ બીજું બહાનું બતાવી દેતી.

● ● ●

પિરિયડ બદલાયો અને રીસેસ પડી.

વીરો પંડ્યા સાહેબના જવાની રાહ જોતો હતો.તેને સોને નોટમાં લખેલું વાંચવું હતું.... એટલે

ચાલુ પિરિયડમાં એ વાંચવાનું મુનાસીબ ના માન્યું, કારણ કે તેમ કરતાં પકડાઇ જવાય.... આખો પિરિયડ વીરો વિચારતો રહ્યો - શું લખ્યું હશે?

વીરાની અધીરાઈ સિંગલ જાણી ગયો હતો.

પંડ્યા સાહેબે જતાં જતાં વીરા અને સોન પર નજર નાંખી શિક્ષકગણમાં આવવાનું યાદ દેવડાવ્યું.

એક ક્ષણ માટે સોન અને વીરાની નજરો ટકરાઇ અને પાછી ફરી ગઇ.

વર્ગમાંથી છોકરા-છોકરીઓ ધીમે ધીમે બહાર નીકળી ગયા. સોન પણ વીરાને દ્વિધામાં નાંખી સહેલી કીર્તિ સાથે બહાર નીકળી ગઇ.

વર્ગમાં ફક્ત વીરો અને સિંગલ જ બેસી રહ્યા... આજુબાજુ નજર કરી વીરાએ ધીમે રહીને નોટનું પૂંઠું ઉલટાવ્યું અને જમણી તરફ નીચેના ખૂણામાં મરોડદાર અક્ષરોમાં બે શબ્દો લખેલા હતા.

‘‘અભિનંદન - સોન.’’

વીરાના આશ્ચર્યનો પાર ના રહ્યો. તેના ચહેરા પર આનંદની રેખા ફરી વળી.

સિંગલે પણ એ શબ્દો વાંચ્યા અને તેની  વાચા ફૂટી;

‘વાહ ભાઈ, અભિનંદન તો મને આપવાના હોય... મેં જો સાહેબને વાત કરી ના હોત તો આપ સાહેબના અક્ષરો કોણ..... પેથાભાઇ પૂછવાના હતા?’

‘ચૂપ મર! ધીમે બોલ કોઇ સાંભળી જશે.’

‘બસ! પતી ગયુ, ચૂપ મર! અલ્યા મૂરખા, જરા સમજ, આટલા બે શબ્દોમાં એ છોકરી તને શું કહી ગઇ ખબર છે?’

‘શું કહી ગઇ?’ વીરો પ્રશ્નાર્થ નજરે સિંગલને તાકી રહ્યો.

‘સાવ ગમાર જ રહ્યો તું તો..... અરે! તારે આનો જવાબ આપવો પડશે...’

‘શાનો? તું કંઇ સમજ પડે એવું બોલ.’

વીરો હવે ઢીલો થતો જતો હતો... સિંગલ અનુભવી ખેલાડી હોય એમ લાગે છે અને હવે કડક કે નફફટ બનવાથી સિંગલ આગળ કંઇ ચાલશે નહિ... તેની સલાહ લેવી જ પડશે.

‘જો સાંભળ, સોને તને અભિનંદન આપ્યા, બરાબર ને?’

‘હા.’

‘એટલે તારે પણ તેનો આભાર માનવો પડશે.’

‘અંહ... હવે સમજ્યો! ક્યારનોય ત્યારે શું ગોળગોળ હાંકે રાખે છે.... સીધે સીધું કહી દે ને! હમણાં ક્લાસમાં આવે એટલે મોઢામોઢ કહી દઉં.’

વીરાનો જવાબ સાંભળી સિંગલ ઉછળ્યો. અને ચાળા પાડતાં બોલ્યાઃ

‘હમણાં આવે એટલે મોઢામોઢ કહી દઉં, બોલી ગયા લ્યો... અરે જરા સમજ! તારે મોઢામોઢ કહેવાની કંઇ જરૂર નથી.... તું તો સાવ બાધો જ રહ્યો ..... તું કાંઇ જ કરી શકવાનો

નથી.... તને છોકરીઓની ભાષાની કંઇ સમજ ના પડે.....'

સિંગલ બોલતો રહ્યો અને વીરો સાંભળતો રહ્યો.

'તારા કરતાં એ છોકરી હોંશિયાર નીકળી,..... જો તને એણે મોઢામોઢ કહ્યું?'

'ના.'

'તો આટલેથી જ તારે સમજવું જોઇએ કે તારે પણ મોઢામોઢ કહેવાની જરૂર નથી.' સિંગલ મહાન સલાહકારની માફક વીરાને સલાહ આપી રહ્યો હતો.

સિંગલના છેલ્લા વાક્યથી વીરો ચમક્યો.....! બાધાચકવા જેવો સિંગલની સામે તાકી રહ્યો.

'અરે- આમ મોં ફાડીને શું જોઇ રહ્યો છું? તારે, પણ તેની નોટમાં જવાબ આપવો પડશે.... સમજ્યો?'

વીરો કંઇ સમજે તે પહેલાં સિંગલ સોનના દફતર તરફ સરક્યો.... જે હાથમાં આવી એ નોટ લઇ વીરા સામે ધરી.

ક્ષણવાર વીરો ધ્રુજી ઉઠ્યો.

પણ સાથમાં સિંગલ હતો તેથી તેણે નોટનું પૂંઠું ઉલટાવ્યું.... તેણે જોયું તો એક મસ્ત મજાનું ગુલાબનું ફૂલ દોરેલું હતું.... વીરો લખવાનું ભૂલી જઇ ફૂલને જોતો રહ્યો. ત્યાં સિંગલે તેને ટોક્યો.

લખતી વેળાએ ફરીથી વીરાનો હાથ ધ્રુજી ઉઠ્યો. પછી હિંમત એકઠી કરી લખી જ નાખ્યું;

" 'અભિનંદન બદલ આભાર'-વીરો"

ભૂલમાં સિંગલે એ નોટ જ્યોતિબેનના વિષયની જ લીધી હતી... પણ હવે પડશે એવા દેવાશે.

એમ વિચારી નોટ પાછી ગોઠવી દીધી.

વીરાએ નોટમાં ગુલાબનું ફૂલ દોરેલું જોયું હતું તેના પરથી તેને એટલો તો ખ્યાલ આવી ગયો હતો કે સોનને ગુલાબનું ફૂલ ઘણું જ પસંદ છે. તેણે ગુલાબના ફૂલ મધ્યે સોનનું હસતું મુખ જોયું.... વીરો ગુલાબના ફૂલની સુગંધ માણી રહ્યો હતો ત્યાં,

સિંગલે યાદ દેવડાવ્યું કે પંડ્યા સાહેબે સ્ટાફરૂમમાં બોલાવ્યો છે. વીરાએ સિંગલને પણ સાથે લીધો.

બંને દોસ્તો નીચે આવ્યા.

પ્રિન્સિપાલ સાહેબની ઓફિસની બાજુમાં જ સ્ટાફરૂમ હતો. દરવાજામાં ઘૂસતાં જ વીરાની નજર પંડ્યા સાહેબની ખાલી ખુરશી પર પડી અને ખુરશીની પાછળ સોન તેની સહેલી કીર્તિ સાથે ઊભી હતી.

વીરો તો તરત પાછો ફરવા જતો હતો.... તેને બીક એ હતી કે એક તો સોનની નોટમાં ચિતરામણ કરીને આવ્યો છે અને અહીં બધા સાહેબો વચ્ચે તેની પાસે જવું હિતાવહ નથી. અધૂરામાં પૂરું પંડ્યા સાહેબની ખુરશી સામે જ્યોતિબેન બેઠા બેઠા સમાચાર પત્ર વાંચતા હતા એટલે ત્યાં જવાથી તેમની નજરે ચઢી જવાશે - વિચારતો વીરો પાછો ફર્યો.

પણ....!

કીર્તિને જોઇ રહેલો સિંગલ ત્યાંથી ખસવાનું નામ નહોતો દેતો... તેણે પાછા ફરતા વીરાનો હાથ પકડી રોક્યો. તેને લઇ રૂમમાં ગયો અને જ્યોતિબેનને પંડ્યા સાહેબ વિશે પૂછયું. જ્યોતિબેન કોઇ જવાબ આપે તે પહેલાં જ કીર્તિ બોલી ઉઠી;

'સાહેબ ઓફિસમાં ગયા છે, અને તમને ઉપર પ્રાર્થનાખંડમાં એમની રાહ જોવાનું કહ્યું છે.'

'તમને એટલે વીરો અને હું કે વીરો એકલો'-એવું બોલવા જતા સિંગલને વીરાએ તેના પગના અંગૂઠા પર પગની એડી મૂકી દબાવ્યો..... સિંગલે વીરા સામું જોયું અને બહાર નીકળી ગયા.

-બન્ને પગથિયાં ચઢવા લાગ્યા.

આટલી વાતચીતમાં સિંગલે એટલું તો જોયું હતું કે સોન વીરાના ચહેરા તરફ ભાવુક દૃષ્ટિથી જોઇ રહી હતી, જ્યારે આ પાગલ નીચી મુંડીએ ઉભો હતો.

પગથિયાં ચઢતી વેળાએ ધીમા અવાજે સિંગલે વીરાને ઠપકો આપતાં કહ્યું;

'સાલા! તું તો સાવ ગમાર જ રહ્યો.'

'કેમ?'સિંગલના અચાનક ધડાકાથી ચમકીને વીરો પૂછી બેઠો.

'કેમ શું? પેલી તારી સામું જોઇ રહી હતી અને તું છોકરીની માફક ભોંય ખોતરતો ઊભો હતો.... સાલા.... નામર્દ....!'

'સામે જો, સાહેબ આવે છે.' કહી વીરાએ સિંગલને વાત બંધ કરવા ચેતવ્યો.

પ્રાર્થનાખંડમાં આવી બંને પાછળની પાટલી પર સામસામે બેઠા.

વીરો ચૂપ હતો. પણ સિંગલ ચૂપ નહોતો.

'અરે, વીરા! તેં પેલી જોઇ? કીર્તિ! સા...લી મારી ઉપર લાઇન મારતી લાગે છે!'

'તું યાર બેસને છોનોમાનો! હમણાં સાહેબ કે કોઇક સાંભળી જશે તો તારો ને મારો બરડો સરખો કરી દેશે... ના જોયા હોય તો મોટા લાઇન મારવાવાળા....!' કહી સિંગલને ચૂપ કરવા વીરાએ આગળ ચલાવ્યુંઃ 'તું યાર બધું બાફી નાંખે છે?'

'કેમ? મેં વળી શું બાફ્યું?' સિંગલે પૂંછડું પકડ્યું પણ વીરો ચૂપ થઇ ગયો. પ્રાર્થનાખંડના દરવાજામાં સોન અને કીર્તિ ફ્રેમ થઇને ઊભા હતા.

વીરાને ચૂપ થતો જોઇ સિંગલે ફરી પાછો એ જ પ્રશ્ન દોહરાવ્યોઃ 'બોલ ને! મેં વળી શું બા...?'

સિંગલ 'બાફ્યું?' એમ બોલવા જતો હતો એ પહેલાં વીરાને બારણાં તરફ સ્થિર નજરે જોઇ રહેલો જાણી તેણે પણ એ તરફ નજર કરી અને સામે સોન અને કીર્તિને જોતાં તેનો શબ્દ અધૂરો રહ્યો અને 'બાફ્યુ'માંથી 'બા....' બોલાઇ ગયું.

એટલે સોન અને કીર્તિ ખડખડાટ હસી પડ્યા. પણ પછી તરત તેમના હાથરૂમાલ મોં આગળ ધરી હસવું ખાળવાનો પ્રયાસ કરવા લાગી... તે દરમ્યાન વીરો પણ સમજી ગયો કે આ વખતે પણ સિંગલે બાફ્યું... તેણે વાત ફેરવી;

'અરે! તું બા... બા.... શું કર્યા કરે છે? તને તારી બા યાદ આવે એમાં હું શું કરૂં? કાગળ

લખી નાંખને? એટલે પત્યું.'- મૂળ વાત કરતાં આ તો મોં-માથા વિનાની વાત સાંભળી સિંગલને વીરા પર દાઝ ચઢી... કંઈક બોલી નાંખવાનું મન થયું પણ! સામે બે તરૂણીઓ ઊભી હતી. એટલે તે તો ચૂપ જ થઇ ગયો.

બાજુ પર પડેલી બીજી બે પાટલીઓ પર વીરાની હરોળમાં કીર્તિ અને સિંગલની હરોળમાં સોન આવી ગોઠવાઇ ગઇ. બંને એ રીતે બેઠા હતા કે કીર્તિ સિંગલને અને સોન વીરાને જોઇ શકે.

પાટલીઓ અલગ હતી પણ એકબીજાને જોવા માટે ફક્ત ત્રાંસી આંખ કરવી પડે. બંને છોકરીઓ બિલકુલ નજીક આવીને બેસી ગઇ એટલે સિંગલની વાગ્ધારા બંધ થઇ ગઇ... અને વીરો નીચી મૂંડીએ પાટલી પર આંગળી ફેરવવા લાગ્યો.

ન જાણે કેવાયે ઊંડા સ્વપ્નમાં ગરકાવ થઇ ગયો હતો... સોન તો વીરાને જોઇ જ રહી... તેણે આટલી નજીકથી કોઇ છોકરાનું નિરીક્ષણ કર્યું હોય તો તે પ્રથમ જ વીરો હતો .... સોન જોઇ જ રહી...!

હજુ સુધી કોઇને ખબર નહોતી કે પંડ્યા સાહેબે કયા કામ માટે તેમને બોલાવ્યા હતા?

વીરાની નજર સ્ટેજ પર ખોડાઇ ગઇ, જ્યાં સોન રોજ ત્યાં બેસીને મીઠું ગીત ગાતી હતી... તેને અત્યારે પણ ત્યાં સોન ગીત ગાતી હોય તેમ લાગ્યું. તે ખોવાઇ ગયો.

વીરાના ચહેરા પર મરક મરક સ્મિતરેખા ફરી વળી.... તેના ચહેરા પરની રેખાઓ બદલાતી જતી હતી... તેની આંખો નાની મોટી થતી જતી હતી.

સોન તો વીરાના ચહેરા પરના બદલાતા હાવભાવ જોતી રહી, વીરો જ્યાં જોઇ રહ્યો હતો તે તરફ તેણે નજર કરી.... ત્યાં તો કશું નહોતું... પણ પછી તેને ખ્યાલ આવ્યો કે ત્યાં બેસીને તે રોજ ગીત ગાય છે..... પણ વીરો ત્યાં કેમ તાકી રહ્યો હશે.....? સોન વીરાની નજર પારખવા માટે તેને ધારીધારીને જોવા લાગી.... સોનને વીરા તરફ જુદી દૃષ્ટિથી તાકી રહેલી જોઇ કીર્તિ તેની નજર પારખી ગઇ. તેણે પરોક્ષ રીતે સોનને ચેતવવા વીરાને કહ્યું;

'અરે! વીરા, એ બાજુ શું તાકી રહ્યા છો?'

વીરો ઝબકીને જાગી ગયો. સોનને કંઇ અસર ન થઇ. બંને છોકરીઓ - કીર્તિ અને સોનને - તેના તરફ તાકી રહેલી જોઇ વીરો ઝંખવાણો પડી ગયો.

ક્યારનોયે ચૂપ બેઠેલો સિંગલ વાત વધારવાની તક જતી રહેશે એમ જાણી સોનને ટોકવા કીર્તિ સાથે વાતની સાંકળ સાંધી.

'અરે સોન! અરે કીર્તિ, તમે સોનને જ કહોને કે તે શું જોઇ રહ્યા છે?'

પણ ત્યાં તો કીર્તિએ સોનની સાથળમાં ચૂંટણી ભરી.

'ઊઇ....મા....' કહેતી સોન ઝબકી.

અને બધાની નજર તેના તરફ હતી તેથી સોન શરમાઇને નીચું જોઇ ગઇ.

ફરી પાછું મૌન છવાયું.

ત્યાં, પંડ્યા સાહેબે પ્રવેશ કર્યો.

સાહેબને આવતા જોઇ ચારેય જણાંએ ઊભા થઇ માન આપ્યું. પંડ્યા સાહેબે તેમને બેસવા ઇશારો કરી ખુરશી ખેંચી તેમાં જમાવ્યું.

તેઓ મુખ્ય વાતના મુદ્દા પર આવ્યાઃ

'વીરા!.... તારા અક્ષરો સારા છે બરાબર! અને સોન બોલવામાં અને વાંચવામાં હોંશિયાર છે. કેમ, બરાબરને સોન?'

સોન શરમાઇને નીચું જોઇ ગઇ.

'તમારે મારું એક અગત્યનું કામ કરવાનું છે. મારે અભ્યાસ માટેનો એક લેખ તૈયાર કરી યુનિવર્સિટીમાં મોકલવાનો છે..... અને તમે જુઓ છો કે મારા અક્ષરો ગાંધીજીને પણ શરમાવે તેવા છે એટલે એવા અક્ષરોવાળો લેખ મોકલી શકાય નહીં.... એટલે જો તમો બંને મળીને મારું કામ કરો તો આભાર. વધુ સમય નહીં લાગે.... બે દિવસ એકએક કલાક બેસશો તો પણ પૂરું થઇ શકે તેમ છે.'

થોડું અટકીને ફરી જાણે અગત્યની વાત કહેતા હોય તેમ આગળ ચલાવ્યું:

'પણ હા! તમારે મારા ઘરે આવવું પડશે.... સોન તો મારા અક્ષરોની અનુભવી છે એટલે તેને મારું લખેલું વાંચવામાં તકલીફ નહીં પડે, અને હું આજ અને કાલ એમ બે દિવસ શહેરમાં જવાનું હોવાથી ઘેર હાજર રહી શકું તેમ નથી,.... પણ તમો જો આ જવાબદારી માથે લેતા હો તો મહેરબાની..... બીજું કે મારે એ લેખ પરમ દિવસે પ્રિન્સિપાલ સાહેબને આપી દેવો પડશે એટલે જેમ બને તેમ જલદી કામ પતાવવું છે, તમને આજ અને કાલ એમ બે દિવસ મળશે.'

લાંબુ ભાષણ કરી પંડ્યા સાહેબ થોભ્યા,

સોન અને વીરો નીચી મૂંડીએ સાંભળી રહ્યા હતા તે જોઇ તેમણે ટોક્યા;

'અરે! તમે બન્ને કમ સે કમ મારી સામું તો જુઓ? આમ નીચી મૂંડીએ બેસી રહેશો તો મારૂં કામ કેવી રીતે કરશો? તમને કશો વાંધો છે?'

-વચ્ચે વીરો ટબુક્યો.

'સાહેબ! મને કશો વાંધો નથી પણ....!'

વીરો અટક્યો, તેણે સિંગલ સામું જોયું. સિંગલ વીરાની મુંઝવણ જાણી ગયો, તેણે સાહેબને કહ્યું;

'હા સાહેબ! એને કંઇ વાંધો નથી...... પણ એ આ ગામનો અજાણ્યો છે એટલે તે એકલો કેવી રીતે આવે? અને વળી અમારા ગૃહપતિની પણ રજા લેવી પડશે-'

'હાં.... સમજી ગયો.... તારી મુશ્કેલી દૂર થઇ જશે. તું અને સિંગલ બંને સાથે આવજો. સિંગલ! તેં તો મારૂં ઘર જોયું છે ને?'

સિંગલે ડોકુ ધુણાવી 'હા'કહી.

'તો પછી તમને બંનેને રજા મળશે. હું ગૃહપતિને ચિઠ્ઠી લખી આપીશ... તમો છૂટતી વેળાએ

લેતા જજો.'

પછી સાહેબ સોન તરફ ફર્યા.

'સોન! તું પણ આવીશને? કે પછી….'

સાહેબે વીરાની સાથે સિંગલને પણ આવવાની રજા આપી એટલે કીર્તિએ સોનનો પગ દાબી ઈશારો કરી દીધો હતો.

'જરૂર સાહેબ! આવીશ તો ખરી… પણ…!'

સોને સિંગલ અને વીરા તરફ ગભરૂ નજર નાંખી એટલે કે 'બે જુવાન છોકરા સાથે હું એકલી કેમની રહી શકીશ?'- એવો ભાવ વાંચતા સાહેબ સોન પણ આ 'પણ' આગળ રોકાઈ એટલે કહ્યું.

'સારું. તો તું પણ કીર્તિ સાથે આવજે એટલે તને કંપની રહેશે.'

અને કીર્તિનું નામ આવતાં સિંગલનું મન ઉછળવા લાગ્યું.

'બસ ત્યારે! હવે જાવ, અને ભૂલી ના જતા હોં….! તમારે અત્યારે કોનો પિરિયડ છે?'

'જ્યોતિબેનનો'- સોને કહ્યું.

અને વીરાના મોતિયા મરી ગયા.

પંડ્યા સાહેબ તો જતા રહ્યા. પણ વીરાનું દિલ ધડકવા લાગ્યુંઃ જ્યોતિબેનનો પિરિયડ છે એવું જાણતાં જ તે હબકી ગયો…. તેણે સોનની નોટમાં લખેલું યાદ આવ્યું…. તેણે સોન તરફ નજર કરી.

તો ક્યારનીયે તેના તરફ જોઈ રહેલી સોન વીરાની નજર પડતાં પોતાની નજર છુપાવવા નીચું જોઈ કીર્તિ સાથે બહાર નીકળી ગઈ.

વીરાની સ્થિતિ જોઈ સિંગલ હસી પડ્યો-'અલ્યા એટલામાં તું ગભરાઈ ગયો?'

રીસેસ પૂરી થઈ.

લાંબો બેલ પડ્યો અને વીરાના દિલમાં ફડક પેઠી. ક્યાંક સોન અવળો અર્થ કરી બેસશે તો?

બીજો બેલ વાગતાં સિંગલ અને વીરો પણ ક્લાસમાં ઘૂસ્યા. સોન અને કીર્તિ ગોઠવાઈ ગયા હતા. વીરાને હવે સોનની નજીક બેસતાં ડર લાગતો હતો. તેથી ભૂલમાં જ તે સિંગલની જગ્યાએ બેસી ગયો.

વીરાને પોતાની જગ્યા પર બેસતો જોઈ સિંગલ છંછેડાયોઃ 'એય બબુચક! મારી જગ્યા ક્યાં બથાવી પાડે છે… તું તારું જ સંભાળ … જા…. ખસ આઘો.' સિંગલના દ્વિઅર્થી વાક્યનો મર્મ વીરો ન સમજી શક્યો પણ સોન અને કીર્તી તો સમજી જ ગયા હતા.

વીરો સોન તરફ નજર માંડી શકતો નહોતો. રખેને કંઈક અવળી નજર પડી જાય અને સોનની આંખો અંગારા વરસાવે! એટલે વીરો ખસ્યો તો ખરો પણ તેની જગ્યાએ ન બેસતાં અધવચ્ચેજ બેઠો. સિંગલ ગુસ્સે થતાં તેની બાજુમાં એક પગ બહાર રાખી બેઠો.

સિંગલ અને વીરાની હરકતો દરમ્યાન સોને જ્યોતિબેનના પિરિયડની નોટ કાઢી. પૂંઠું ખોલતાં જ તેની નજર પહેલા પાને પડી અને તે મનોમન ખુશ થઇ ગઇ. તેના દોરેલા ગુલાબના ફૂલની નીચે. મરોડદાર અક્ષરોમાં લખાયું હતું-;

" 'અભિનંદન બદલ આભાર'- વીરો"

ચાર શબ્દો સોનને પોકારતા હતા... વીરાના હાથે લખાયેલા એ મરોડદાર અક્ષરોમાં સોનને મનનું મિત મળી ગયું.સોન મરોડદાર અક્ષરોમાં ક્યાંક ખોવાઇ ગઇ... તેણે એક તોફાની નજરે વીરા તરફ જોયું તો વીરો નીચું મોં રાખી નોટો ફંફોસતો હતો.

સિંગલનું ધ્યાન કીર્તિ તરફ હતું.... કીર્તિ સોનના હાથમાં રહેલી નોટમાં કંઇક વાંચતી હતી... એ જોઇ સિંગલ સમજી ગયો.

જ્યોતિબેને ક્લાસમાં પ્રવેશ કર્યો.

એટલે સિંગલે વીરાને તેનાથી વાકેફ કર્યો. અને સોનના હાથમાં રહેલી નોટ તરફ ઈશારો કર્યો.

જ્યોતિબેન આવી ગયા હતા અને સોન હજુ પણ નોટ ઉઘાડી રાખી એ અક્ષરો વાંચી રહી જે વીરાના હાથે લખાયા હતા.

વીરાના ચહેરા પર પરસેવો વળી ગયો. સોન કદાચ જ્યોતિબેનનું ધ્યાન દોરવા એમ કરતી હશે કે શું?

પણ ત્યાંજ તેની વ્હારે સિંગલ આવ્યો. તેણે કીર્તિને ઈશારો કર્યો. કીર્તિએ સોનના હાથમાં રહેલી નોટ બંધ કરી દીધી- ત્યારે જ સોનના ખ્યાલમાં આવ્યું કે બેન આવી ગયા છે, તે માફી માગતી હોય તેવી દૃષ્ટિથી વીરા તરફ જોઇ રહી.... પછી કીર્તિના કાનમાં 'થેંક યુ' કહ્યું જે વીરાએ સાંભળ્યું. સિંગલ પણ તેમાંથી બાકાત ન રહી શક્યો... તેણે વીરાને કાનમાં કહ્યું: 'સાલા! છે તને કશી કદર? તારે પણ મને 'થેંક યુ' કહેવું જોઇએ.'

વીરો સિંગલને કંઇ કહે તે પહેલાં જ્યોતિબેનના મુખમાંથી નીકળેલા વાક્યથી વીરો ગભરાઇ ગયો.

'સોન! લાવ જો તારી નોટ.... થિયરી ક્યાં સુધી લખાવી છે?'

ફક્ત વીરો જ નહીં પણ સોન, કીર્તિ અને સિંગલ પણ ગભરાઇ ગયા. હવે નક્કી જ આવી બન્યું.... સોનને ચિંતા થઇ.

પણ અહિં સોનની હોંશિયારી કામ આવી ગઇ. જ્યોતિબેનને શંકા ના આવે એ રીતે તેના ચોપડા ફંફોસતાં અને નોટ શોધવાનો ખોટો ડોળ કરતાં ગુનેગારની નજરે જોતાં કહ્યું; 'બેન! નોટ તો હું ઘેર ભૂલી ગઇ છું....'

સોનની હોંશિયારી પર વીરો વારી ગયો.

'તું યે ખરી છે ને મારી બેન?' કહી બીજાઓ ઉપર નજર દોડાવી. તેઓ વીરાના અક્ષરોથી હજુ અજાણ હતા. સોનને પણ ટક્કર મારે તેવો વીરો તેમની સામે જ બેઠો હતો. ક્લાસમાં નજર ફેરવતાં પૂછ્યું. 'છે કોઇ બીજું સારા અક્ષરોવાળું?'

સોને વીરા તરફ દૃષ્ટિ ફેંકી- તે કહી રહી હતી કે 'વીરા! એક વખત તો મેં બચાવ કર્યો પણ, હવે તારી વારી છે, તારી નોટ આપ.'

વીરો સોનની આંખની ભાષા સમજી ગયો. તેણે ઊભા થઇ જ્યોતિબેનના ટેબલ પર નોટ મૂકી દીધી.

અક્ષરો જોઇ પહેલાં તો જ્યોતિબેન પણ અચંબામાં પડી ગયા. તેમને પહેલાં તો વિશ્વાસ જ ના બેઠો.... ઘડીમાં નોટ તરફ.... તો ઘડીમાં વીરા તરફ જોતા જ્યોતિબેન વિચારમાં પડી ગયા.... થિયરી ક્યાં સુધી આવી છે તે જોઇ રહ્યા છતાં તેઓ વીરાની નોટમાં તાકી રહ્યા. પછી નોટ પાછી આપતાં બોલ્યાઃ

'ઘણા જ સુંદર અક્ષર છે! મેં પહેલાં ક્યારેય આવા અક્ષરો જોયા નથી...!!!'

તેમણે થિયરી લખાવવાની શરૂ કરી. હવે સોનને સંકોચાવાનો વારો આવ્યો હતો. તે થિયરી લખે શામાં? નોટ તો હવે કઢાય નહીં કારણકે એ તો પહેલાં જ ના પાડી ચૂકી છે કે નોટ ઘેર ભૂલી ગઇ છે .... સોન બેસી રહી.

સોનને બેસી રહેલી જોઇ જ્યોતિબેને કહ્યું; 'સોન' તું નોટ નથી લાવી... પણ વાંધો નહીં, થિયરી લખવી હોય તો  આ 'વીરા'ની નોટ લઇ જજે'- કહેતાં તેમણે વીરા તરફ આંગળી ચીંધી.

સોને હકારમાં ડોકું નમાવી વીરા તરફ જોયું.

નોટમાં લખતો વીરો જ્યોતિબેનના મોઢે પોતાનું નામ ઉચ્ચારાતું સાંભળી, પ્રશ્નાર્થ નજરે ઊંચું જોઇ મનોમન ખુશ થઇ ઊઠ્યો.

તેનો આજે દિવસ સારો ઊગ્યો હતો. નહિંતર આમ વારંવાર સુખદ પ્રસંગો ના બન્યા હોત....-

થિયરી પૂરી થઇ એટલે જ્યોતિબેને નોટ માંગી. ફરી ફરીને અક્ષરો જોઇ વળ્યા, જાણી તેઓ જોતાં ધરાતાં જ ન હોય, અને પછી સોનને તેનો ઊતારો કરવા આપતાં કહ્યું; 'સંભાળીને આપી દે જે બેન!'

સોન જાણે કે તેનું મનગમતું ફૂલ હાથમાં લેતી હોય તેમ હાથ લંબાવી નોટ લઇ લીધી... તેના આનંદનો પાર નહોતો... જ્યોતિબેનની ચેતવણીનો જવાબ તેનું મન આપતું હતું;

'કહેવું નહિ પડે બેન! આ તો મારા કાળજાનો કટકો છે, તેને હું નહીં સંભાળું તો બીજું કોણ સંભાળશે....?'

સોનનો બદલાતો જતો સ્વભાવ જોતાં કીર્તિ પણ ચમકી! - ક્યાંક સોન પાગલ ના બની જાય તો સારું- તે વિચારો કરતી રહી.

પંડ્યા સાહેબે ઓળખી લીધેલા અક્ષરોથી વીરા અને સોનને નજીક લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.... અને તેનો જશ સિંગલના ફાળે જતો હતો.

અને તેમના ઘેર આમંત્રણ આપી તેમના અદૃશ્ય હાથે સોન અને વીરો તથા કીર્તિ અને સિંગલના દિલમાં એકબીજા પ્રત્યે પ્રેમની કુંણી કુંપળ ફૂટવામાં મહત્ત્વનો ભાગ ભજવવાનો છે તેની

પંડ્યા સાહેબને ક્યાં ખબર હતી?

● ● ●

બપોર થઇ હતી.

કેટલાંક છાત્રો પોતાની રૂમમાં બેઠા બેઠા વાંચતા હતા. તો કેટલાક ટોળે વળી ગપ્પાં મારતા હતા. કોઇ કોઇ કપડાં ધોવા બાથરૂમમાં ભરાયા હતા.

વીરો અને સિંગલ પંડ્યા સાહેબે કરી આપેલી ભલામણચિઠ્ઠી લઇ ગૃહપતિની ઑફિસમાં ઘૂસ્યા. તેમણે સાહેબને ચિઠ્ઠી આપી અને રજા લઇ મનોમન ખુશ થતા છાત્રાલયનો દરવાજો વટાવી ગયા.

બંને પોતાના પ્રિયજનને મળવા જતા હતા. તેથી તેઓ ખુશ હતા.... પંડ્યા સાહેબે સોંપેલું કામ તો માત્ર ગૌણ જ હતું.

વીરો આજે પહેલી વખત જ ગામની શેરીઓમાં પગ મૂકવાનો હતો... સોનના વિચારે તેના મનમાં રોમાંચ ઉદ્‌ભવતો હતો.

અને સિંગલ તો વીરાથીયે વધુ ખુશ હતો. એને તો બસ! નજર આગળ કીર્તિ જ દેખાતી હતી.

બંને દોસ્તો પોતાના વિચારમાં ખોવાઇ ગયેલા હતા એટલે એક વખત તો આગળ વધતાં એકબીજા સાથે ભટકાઇ પણ પડ્યા હતા.

તે પછી વીરો સ્વસ્થ થઇ ચાલવા માંડ્યો. તેને ખબર હતી જ કે આ સિંગલિયો ત્યાંયે સીધો રહેવાનો નથી... પણ કરે શું? તેના સાથ વિના સોનને મળાશે પણ કેમ? એટલે તેના સ્વાર્થ ખાતર પણ સિંગલને સાથે લેવો પડ્યો હતો.

તેમ છતાં તેણે સિંગલને ચેતવ્યો :

‘જો તળશી! ત્યાં તું સખણો રહેજે... બહુ લપ્પન-છપ્પન કરીશ નહીં.... નહીંતર આવતી કાલે સાથે નહીં લાવું.... સમજ્યો?’

‘વાહ ભાઈ! આજે ભાઇસા’બ પંડ્યા સાહેબનું ઘર જોઇ લેશે પછી આ તળશીડાની જરૂર ક્યાંથી પડવાની?.... પણ ભાઈ! જરા યાદ તો કરો કે તમારી આ સિદ્ધિ કોને આભારી છે?’

ભેંસ આગળ ભાગવત....! વીરાએ તળશીને સમજાવવાનો પ્રયાસ છોડી દીધો.... તેના પ્રશ્નનો હાજર જવાબ આપતા સિંગલ સાથે માથાકૂટ કરવી એના કરતાં ચૂપ રહેવામાં જ સાર છે... એમ માની વીરો ચૂપચાપ તળશીની પાછળ ચાલતો રહ્યો.

પણ સિંગલને ચૂપ રહેવાનું ગમતું નહોતું.

‘ચાલ છોડ એ બધી વાતો... હું પૂછું તેનો મને જવાબ આપો... આપશોને સાહેબ?’ કહી તેણે વીરા સામું જોયું. વીરાએ દશશેરી નમાવી હા કહી.

‘દોસ્ત! તને કીર્તિ કેવી લાગે છે?’

‘કેવી એટલે?’ વીરાએ નકલી આશ્ચર્યથી પૂછ્યું.’

'ના... ના... મારો મતલબ કે કીર્તિ મારા માટે કેવી છે?... એટલે કે તેનું રૂપ....!'

'બસ.... બસ.... સમજ્યો. હું મારો જવાબ આપું એ પહેલાં તારે મને જવાબ આપવો પડશે...'

'કેવો જવાબ?'

'તને કીર્તિએ કંઇ કહ્યું છે?.... મતલબ કે પ્રેમપત્ર આપીને કેમ મોઢામોઢ તને કંઇ જાણ કરી છે કે પછી....'

'ના, એવું નથી કહ્યું.'

'ત્યારે તું શું જોઇને બધું અધ્ધરતાલ પૂછી રહ્યો છે... હેં...?' - વીરાએ બનાવટી રોષ કર્યો.

'સૉરી સાહેબ! મારી ભૂલ થઇ ગઇ... મને માફ કરી દો... મેં તો ફક્ત કીર્તિના રૂપ વિશે પૂછ્યું અને તમે તો...' સિંગલે ઢોંગ કરતાં કહ્યું.

'હાં... હાં... બહુ નહીં, ચાલ કહી દઉં કીર્તિ કેવી છે?'

સિંગલે ડોકું નમાવી હકારમાં જવાબ આપ્યો.

'ફટકો છે... ફટકો...' વીરો એવી રીતે બોલ્યો કે -,

'થેંક્યું, મારા દોસ્ત....' કહેતો સિંગલ તેને બાઝી પડવા આગળ વધ્યો પણ વીરાએ તેને રોકતાં કહ્યું; 'ઓ ગમાર! આ બજાર છે... તારા બાપનો બગીચો નથી...'

સિંગલ પાછો પડ્યો. ઉત્સાહમાં તે બજારનું પણ ભાન ભૂલી બેઠો હતો. પછી તો સિંગલ ચૂપચાપ જ પંડ્યા સાહેબના ઘર આગળ આવી ઊભો. દરવાજા પરની બેલની ચાંપ દબાવી. પણ કોઇ ના આવ્યું, ફરી ચાંપ દબાવી.

થોડી વાર પછી દરવાજો ઉઘડ્યો, અને જોયું તો....?!'

'કીર્તિ.... તું?' અચાનક બોલાયેલા એ શબ્દોથી આજુબાજુના ઘરનું નિરીક્ષણ કરતો વીરો ચમક્યો! તેણે પાછળ ફરી જોયું તો કીર્તિ અને સિંગલ સામસામે એક નજરે જોઇ રહ્યા હતા.

વીરો ગભરાઇ ગયો.

'સાલો તળશીડો.... આખરે જાત પર ગયો.' મનમાંજ ચોપડાવી. પણ હવે? જો આમ જ એ બંને ઊભા રહેશે તો ભવાડો થશે- એમ જાણી તે કંઇ કહેવા જાય તે પહેલાં તેના કાને સોનનો અવાજ સંભળાયો... જાણે કોયલે ટહુકો દીધો...!

'કેમ અલી કીર્તિ...? ક્યાં ગઇ?... કોણ છે?' કહેતી સોન પણ દરવાજામાં ડોકાઇ. સોનના અવાજથી કીર્તિ ચમકી...! તે શરમની મારી નીચું જોઇ ગઇ.

સોનની પણ એવી જ દશા થઇ. પરંતુ વીરાએ સ્વસ્થ રહેવા પ્રયત્ન કર્યો. આમ એકાએક દોડી આવી દરવાજામાં ખોડાઇ રહેલી સોનને ઉદ્દેશી બોલ્યો :

'અમને અંદર આવવા નહીં કહો? કે પછી આમ જ દરવાજો રોકી ઊભા રહેશો...?'

સોને તેનો સસ્મિત જવાબ આપ્યો;

'આવો ને? તમારા માટે તો ઘરના દરવાજા ખૂલ્લા છે-' અને પછી મનમાં જ ગણગણી; 'તમારા માટે તો મારા હ્રદયના દરવાજા પણ હંમેશાં ખૂલ્લા છે. મારું મનડું તમારી રાહ જુએ છે' - કહી દેવાનું મન થયું પણ શરમની મારી અંદર ચાલી ગઇ.

સિંગલ તો ક્યારનોયે અંદર ચાલ્યો ગયો હતો. તેથી વીરાને એકલા જ અંદર જવું પડ્યું.

ઘર જુનવાણી હતું... પણ બધું વ્યવસ્થિત. જૂનું રાચરચિલું. અંદર લગભગ ત્રણ રૂમ હતા, અને ત્રણેયના દરવાજા વચ્ચે પડતા હતા.

વચ્ચે બેઠકરૂમ હતો.

વીરાએ સિંગલને બેઠકરૂમમાં સોફાસેટ પર બેઠેલો જોયો. પંડ્યા સાહેબ તો ઘેર હતા જ નહીં... તેથી તેમની પત્નીએ વિવેક કર્યો.

'આવો ભાઇ! અરે! ઊભા કેમ રહ્યા છો? બેસો ને?.... અરે સોન! કયાં ગઇ?''એ.... હું અહીંયાં છું કાકી!' સોન પંડ્યા સાહેબની પત્નીને 'કાકી' જ કહેતી. એ તો અહીં ઘણી વખત આવતી હતી. પંડ્યા સાહેબ અને તેના પપ્પાની દોસ્તી હતી... તેથી મોટા ભાગે સોન પંડ્યા સાહેબને ઘેર જ રહેતી... અને પંડ્યા સાહેબને કોઇ બાળક નહોતું તેથી જ્યારે સોન આવે ત્યારે તો તેઓ ખુશ થઇ જતા.

વીરો સિંગલની પાસે જ બેસી ગયો.

'સોન...! ચ્હા લાવજે.'

વીરાને અત્યારે ખ્યાલ આવ્યો કે સોન રસોડામાં જ છે. પણ 'ચ્હા'નું નામ સાંભળતાં તે ચમક્યો. તેને સિંગલ પર દાઝ ચઢી.- 'બધા કારસ્તાન આ સિંગલિયાના જ લાગે છે.' મનોમન ગુસ્સો કરતો વીરો સિંગલને તાકી રહ્યો કારણકે વીરો ચ્હા પીતો જ નહોતો.

પંડ્યા સાહેબની પત્ની જે તરફ બેઠા હતાં તે તરફ જોતાં સહેજે રસોડા તરફ નજર સરકી જાય વીરાએ કાકીને કહ્યું;

'નહીં કાકી! હું ચ્હા પીતો નથી!' અને અનાયાસે જ તેની નજર રસોડાના દરવાજા પર પડી.

સોન ટ્રેમાં બે કપ મૂકીને બારણું ઓળંગતી આવતી હતી... તેની નજર વીરા પર પડી.

એક તો વીરાના મુખેથી એકાએક જ નીકળેલો 'કાકી શબ્દ સાંભળી સોન આનંદમાં ઝૂમી ઊઠી, પરંતુ વીરો ચ્હા પીવાનો નથી- જાણી સોનનો ચહેરો ઉદાસીનતાથી ઢળી પડ્યો. કેટલા ઉત્સાહથી આજે પોતાના હાથની ચ્હા વીરાને પીવડાવવા થનગનતી હતી. અને આમ એકાએક વીરાના ઈન્કારે તેને ઉદાસીન બનાવી દીધી.

વીરાએ સોનનો ચહેરો પડી જતો જોયો... તેની હિંમત ના ચાલી... એક વખત ઈન્કાર તો કરી દીધો પણ તેને એ આગ્રહ ચાલુ રાખતાં,પસ્તાવાનો વારો આવ્યો... ત્યાં જ મિસીસ પંડ્યા ઉર્ફે સોનની 'કાકી'એ આગ્રહ ચાલુ રાખતાં કહ્યું,

'કેમ ભાઇ? અમારા ઘરની ચ્હા નહીં પીઓ? અરે! તમારા સાહેબ જાણશે કે તમને અમે ચ્હા પણ પીવડાવી ન શક્યા તો અમારી ધૂળ જ કાઢી નાંખે... સમજ્યા....! અને એક વખત સોનના

હાથની ચ્હા પીશો ને? પછી તમે ટેવાઇ જશો.... રોજ તમો ચ્હા પીવા બહાના બતાવી ચાલ્યા આવશો... સોન...! લાવ બેન! એ તો ના પાડે....' કહી તેમણે પાછળ ફરી જોયું તો સોન વીરા તરફ પ્રશ્નાર્થ નજરે જોઇ રહી હતી.

'ઠીક છે કાકી! તમે કહો છો તો એક વખત સ્વાદ ચાખી લઇએ'- વીરાએ સોન તરફ જોયું તો તેનું મ્લાન મુખ પ્રફુલ્લિત થઇ ગયું, તેનું ઉદાસીન મુખ સ્મિત કરવા લાગ્યું.

ત્યારે વીરાને લાગ્યું કે આટલા થોડા સંપર્કમાં જ આવું કેમ થતું હશે?

ચા પીવાઇ ગઇ એટલેી વીરાએ સોનની ચાને વખાણતાં કહ્યું; 'વાહ....! અત્યાર સુધીતો હું અજાણ્યો જ રહ્યો કે સોન રસોઈકામ પણ કરી જાણે છે....' સોન શરમાઇ ગઇ. નીચું જોઇ ટ્રે લઇ રસોડામાં જતી રહી.

થોડી વાર પછી કાકીએ વીરાને સુચના આપી દીધી. જે પ્રમાણે પંડેયા સાહેબે કહ્યું હતું તે પ્રમાણે લખવાનું કહીને પંડ્યા સાહેબની રૂમમાં જવા રજા આપી.

વીરો ઊભો થયો એટલે સિંગલ પણ ઊભો થયો. પંડ્યા સાહેબની રૂમમાં આવતાં જોયું તો એક ટેબલની બાજુમાં સામસામે ખુરશી હતી, અને ભીંતને અઢેલીને એક સોફો ગોઠવેલો હતો. વીરો ખુરશી પર સંકોચાઇ બેઠો અને સૂચના પ્રમાણે ટેબલનું ખાનું ખોલી 'લેખ'નું સાહિત્ય કાઢી ટેબલ પર મૂક્યું.... અને પછી થોડા કોરા કાગળો કાઢી તેને વ્યવસ્થિત કરવા લાગ્યો.

થોડી વાર પછી-

'હું અંદર આવું સાહેબ?' વીરો ચમક્યો! તેણે દરવાજા તરફ નજર કરી, સોન દરવાજામાં જ ફ્રેમ થઇ ઊભી હતી.... વીરાને સાહેબની માફક ટેબલ પર કામ કરતો નિહાળી તેણે મશ્કરી કરવા ઢોંગી અદાથી પૂછયું, એટલે વીરો પણ મશ્કરીનો જવાબ આપતાં બોલ્યો;

'યસ... યસ... કમ ઓન....' સોન હસી. વીરા અને સોનની વાતો સાંભળતો સિંગલ સોફા પર બેઠો બેઠો હસી રહ્યો હતો.

સોન પણ ખુરશી ખેંચી વીરાની સામે બેઠી. વીરાએ સોનના હાથમાં 'લેખ' પકડાવી દીધો. સોને તેના પર એક નજર નાંખી લેખ વાંચી લીધો. ત્યાં સુધી વીરો લખવા માટે તૈયાર થઇ રહ્યો.

સોન બોલતી ગઇ અને વીરો લખતો ગયો.

વીરાના મરોડદાર હસ્તાક્ષર તરફ આકર્ષાઇને સોન ઘણીવાર સ્થિર આંખે વીરાને લખતો જોઇ રહેતી.... જ્યારે વીરો આગળ વાંચવા 'હું'કારો ભરે ત્યારે પાછી વાંચવા લાગતી.

તો-,

ઘણી વખત વીરો પણ સોનના મુખમાંથી નીકળતા શબ્દો જાણે ફૂલ ઝરતા હોય તેમ તેના મુખ તરફ જોઇ તેના મીઠા મધુરા કંઠનો આસ્વાદ માણતો રહેતો... ત્યારે સોન વાંચી રહે એટલે અટકતી અને વીરો ઝંખવાણો પડી શરમ-સંકોચ અનુભવતાં આગળ લખવા માંડતો.

'લેખ'માં આવતો શબ્દ 'ગુલાબનું ફૂલ'જ્યારે સોને તેના કંઠથી બહાર કાઢ્યો ત્યારે તો વીરો

ઘડીભર ભાન ભૂલી બેઠો. સોને તેની નોટમાં ચીતરેલું ગુલાબનું ફૂલ યાદ આવ્યું.... વીરો લખવાને બદલે સોનના મુખ સામે તાકી રહ્યો.... વીરાને આમ તાકી રહેલો જોઇ સોને તેને ટકોર્યો;

''શું જુઓ છો? લખોને? સોને શરમાતાં કહ્યું.

'શું લખું?'

'ગુલાબનું ફૂલ....'

'એ લખવા જેવું નહીં, લાવવા જેવું છે એમ કહો.'

'મતલબ...?' સોનને સમજ ન પડતાં પૂછી બેઠી.

'મતલબ કે.... તમને ગુલાબનું ફૂલ ખૂબ ગમે છે ને?'

સોન ચમકી! વીરાને ક્યાંથી ખબર પડી કે મને 'ગુલાબ' ખૂબ ગમે છે? તેણે પૂછ્યુંઃ 'ગમે તો છે... પણ તમને કેમ ખબર પડી?'

'કમાલ છો તમે તો! તમારી નોટમાં તમારી કોમળ આંગળીઓએ દોરેલું ફૂલ મેં જોયું ત્યારથી....'

ત્યારે સોનની નજરો આગળ એ ગુલાબના ફુલની નીચે લખેલા વીરાના શબ્દો યાદ આવ્યા. તેણે બાજુ પર નજર કરી તો સોફા પર સિંગલ નહોતો. એ તો ક્યારનોય નીકળી ગયો હતો. તેણે અચાનક પૂછ્યું;

'અરે! તમારો દોસ્ત...?' કહી પ્રશ્નાર્થ નજરે વીરાને જોઇ રહી. વીરાએ એવા જ અવાજમાં કહ્યું;

'એ બિચારાને તમારી સહેલી, વિના ચેના નથી પડતું... ગયો હશે એ બાજુ ક્યાંક....'

'મતલબ....?' સોને પ્રશ્ન કર્યો.

'એમનો મતલબ એ જાણે... હું નથી જાણતો... મને તો તમારા મતલબની પડી છે....'

'મતલબ....?'

'વળી પાછું મતલબ...! શું ક્યારના મતલબ-મતલબ કર્યા કરો છો?.... મતલબ સાફ છે.... તમને જે ગમે છે તે લાવી આપવાનો.' અને વીરો સોન તરફ જોઇ રહ્યો. તેની આંખોમાં પ્રશ્નાર્થ હતો.

સોન ભાવપૂર્ણ, લજ્જિત-નીચી આંખોએ જોઇ રહી. તેની આંખોના પોપચાં ઢળી પડ્યાં.... તેનો પગ અચાનક વીરાના પગને સ્પર્શી ગયો, પણ તરતજ સતેજ થઇ પાછો ખેંચી લીધો.... પરંતુ વીરાના આખા શરીરમાં વીજળીની ઝણઝણાટી પ્રસરી ગઇ.

વીરો જોઇ રહ્યો.

સોન મૌન હતી.

ગમગીન વાતાવરણ વીરાએ અનુભવ્યું. સોનના મૌનને તોડવા તેણે પ્રયત્ન કર્યો;

'સોન! તમારા મૌનને હું 'હ'કારમાં સમજું...?'

અચાનક સોને નજર ઊઠાવી વીરાની આંખોમાં જોયું. તેના મુખ પર હળવું સ્મિત આવી ગયું.... તેની આંખો મદહોશ બનતી જતી હતી. વીરાએ સોનના હાથ પર હાથ મૂકી દીધો.

અને સોને એક સિસકારો ભર્યો.

તેના શરીરમાં ઝણઝણાટી વ્યાપી ગઇ, પણ તેણે હાથ પાછો ખેંચવા પ્રયત્ન ન કર્યો.... એમ જ યથાવત રહેવા દીધો.

વીરો મનોમન આનંદ અનુભવવા લાગ્યો.

સોને બોલવા મોં ખોલ્યું.

'વીરૂ-!' અને ત્યાં જ સોન અટકી પડી. કારણકે કીર્તિ ઊતાવળી અંદર આવી ગઇ હોવાથી વીરાએ આપોઆપ હાથ પાછો ખેંચી લીધો હતો.

'અરે સોન! એક કલાક ઉપર થવા આવ્યો.... તમારી ગાડી ક્યાં સુધી આવી...?'

'અમારી ગાડી...?'

'એટલે કે તમારી 'લેખ' લખવાની ગાડી ક્યાં સુધી આવી?' ભુલ સુધારતાં કીર્તિ બોલી.

'અડધે સુધી...' કહેતાં વીરાએ સોન તરફ નજર કરી. સોન તો ડરી ગઇ હતી કે કીર્તિ અમારી ચેષ્ટા જોઇ ગઇ હશે તો...?

વીરાએ કીર્તિને પૂછયું;

'મારો દોસ્ત સિંગલ ક્યાં ગયો?'

'તમારા દોસ્તની મને શી ખબર? તમારે ખ્યાલ રાખવો જોઇએ ને?...' કીર્તિ જવાબ પૂરો કરે ત્યાં તો સિંગલ દરવાજામાં ડોકાયોઃ

'અરે વીરા! અહીંથી ઊઠવાનું મન થાય છે કે નહીં?'

'થાય છે ને ભાઇ!' વીરો વ્યંગમાં બોલ્યો, અને પૂરા થયેલા કામ સુધી ચિહ્ન મૂકી ટેબલમાં સરકાવી દઇ બંધ કર્યું.

બહાર નીકળી મિસિસ પંડ્યાકાકીને બૂમ મારતાં તરત તેઓ રસોડામાંથી બહાર આવ્યા, વીરા અને સિંગલને જવા તૈયાર થયેલા જોઇ પૂછયું; 'અરે ભાઇ! ચા પીને જજો.' પણ વીરાએ તેમને મનાવી લીધા : 'ના કાકી, કાલે આવવાના જ છીએ ને?' કહેતો બહાર નીકળ્યો.

અત્યારે વીરો આગળ હતો. દરવાજા બહાર નીકળી તેણે પાછળ નજર કરી, સિંગલ હજુ આવ્યો નહોતો.... સોન દેખાઇ.... તેના ચહેરા પર હાસ્ય હતું.... વિદાય આપવા આવેલી તરુણીનું હાસ્ય! વીરાએ 'ગુડ બાય' કહી હાથ હલાવ્યો તો સોને હાથ હલાવી જવાબ આપ્યોઃ 'આવજો.'

ત્યાં સિંગલ પણ ઝડપથી બહાર નીકળ્યો. તે ખુશમાં હતો.

સિંગલ અને વીરો નીકળી પડ્યા.

સોન તેમને જતા જોઇ રહી.

આટલા થોડા સમયમાં આ એક ગામડિયા છોકરા પ્રત્યે કેમ હેત ઊભરાઇ આવ્યું? સોન તેના મનને પૂછતી હતી : 'કેમ? તને બીજું કોઇ પસંદ ના આવ્યું?'-'ના' 'પણ કેમ?'- 'જ્યાં તારી આંખો પસંદ કરે ત્યાં હું શું કરું?'

સોન દરવાજામાં ખોડાઇ જ રહી... જ્યાં સુધી બંને દોસ્તો દષ્ટિથી ઓઝલ ન થયા.

ત્યારે આકાશમાં સૂરજ ધીમે ધીમે પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો... અને કેટલાંક પક્ષીઓ

આમ-તેમ ઉડતાં-ફરતાં હતાં..... કોઇ કોઇ તોફાનીવાદળાં આડે આવી સૂરજને ઢાંકી દેતા હતા.

● ● ●

બીજા દિવસની બપોરે 'ડોરબેલ' વાગતાં સફાળી સોન ઝબકી. કીર્તિના કહેવાથી સોને દરવાજો ખોલ્યો : જુએ છે તો વીરો હસતા મુખે ઊભો હતો. સિંગલ તો અંદર ઘૂસી ગયો.

સોન વીરાને જોતી રહી.

'આવો.'- કહી અંદર ભાગતી સોનનો હાથ પકડી વીરાએ રોકી... 'સોન...!'

સોનને આ રીતે હાથ પકડનાર છોકરાઓમાં કોઇ હોય તો તે વીરો જ હતો. તેના અવાજથી સોન પાછી વળી.

'બોલો....!' સોન લહેકાથી બોલી.

વીરાએ તેના ખીસ્સામાંથી 'ગુલાબનું ફૂલ' કાઢ્યું... તેની સુગંધ ચારે તરફ પ્રસરી ગઇ.... સોન સુગંધનો રસાસ્વાદ માણતી ઊભી હતી,.... ત્યાં જ તે ગુલાબ તેના ગુંથેલા વાળની ક્લીપમાં ખોસી વીરાએ એ ફૂલ સૂંઘી લીધુ.

સોન-'કોઇ જોઇ જશે-' એ ભયથી અંદર ભાગી ગઇ.

સિંગલ ફરી ગુમ થઇ ગયો.

વીરો સીધો જ ટેબલ આગળ જઇ ખુરશીમાં ગોઠવાઇ ગયો.... સાહિત્ય કાઢ્યુ. અક્ષરો જોઇ લીધા બાદ, બાકીનો 'લેખ' જે બાકી હતો તે કાઢ્યો.

પણ....!

હજુ સોન આવી નહોતી.

વીરો વિચારવા લાગ્યો. સોન શરમની મારી આવશે કે નહીં? કે પછી તેને મારૂં વર્તન રુચ્યું નહીં હોય....? કે પછી કાકીએ તેને જોઇ લીધી હશે?- પણ કાકી તો ઘરમાં છે નહીં.... તો પછી....!

એમ વિચાર કરતો વીરો સોનની વાટ જોતો બેસી રહ્યો.

થોડી વાર સુધી રસોડામાંથી સ્ટવ સળગવાનો અવાજ આવતો રહ્યો... તેને એટલી તો ખબર પડી જ ગઇ કે સોન રસોડામાં ચા બનાવતી હશે. વીરાને સોનના હાથની ચા ઘણી જ મીઠી લાગતી હતી. સોને તેનો પ્રેમ ચા બનાવવામાં ઘોળ્યો હતો. એટલે મીઠી જ લાગે ને?

કંઇક અણસાર થવાથી અચાનક તેની નજર રીડિંગરૂમના દરવાજામાં થંભી ગઇ.

સોન હાથમાં ટ્રે લઇ આવી રહી હતી.

'હાય... મેમસા'બ! બહોત ખુબસૂરત લગ રહી હો આજ-'

અને સોને છણકો કરતાં કહ્યું;

'જનાબ...! પહલે અપના ખયાલ રખો.' કહી નીચી નજરે ટેબલ પર ટ્રે મૂકી.

'સિંગલ ક્યાં ગયો...?'

'ગયા....!'

'પણ ક્યાં?'- અને તરત જ વીરાને ગઇ કાલની વાત યાદ આવતાં બોલી ઊઠ્યો : 'તો... તો... કીર્તિબેન પણ ગૂમ થયા હશે- કેમ?'

અને 'હ'કારમાં ડોકું ધુણાવતાં સોને કપ તરફ ઈશારો કર્યો.

વીરો ચમક્યો!

'અરે! આ શું?'

'કૉફી....'

'કૉફી? ગઇ કાલે ચાનો સ્વાદ અને આજે કૉફી! સોન મને નથી લાગતું કે આ ચા અને કૉફી પીવામાં આપણે સાહેબનું કામ પૂરું કરી શકીએ.'

'નહીં કેમ? આજે જ પૂરું થઇ જશે.' કહી સોને જ એક કપ ઊઠાવી વીરા સામે ધર્યો.... વીરો તેને પાછો ન ઠેલી શક્યો. અને બીજો કપ સોને જાતે જ ઊઠાવ્યો.

વીરો કૉફી પીતો રહ્યો અને સોનના મુખ તરફ જોઇ જ રહ્યો.... સોનની નજર કૉફી પીતા વીરા પર પડી.

'છાનામાના કૉફી પીઓ છો કે હું જતી રહું....?'

'અરે ના... ના... બેસો' કહી- પછી તો વીરાએ એક જ ઘૂંટડે કૉફી ઊતારી દીધી... તે જોઇ સોન ખડખડાટ હસી પડી. તેનાથી કૉફીનો કપ પૂરો થઇ જ ના શક્યો.

અને ત્યાં જ સિંગલ ટપક્યો.

'અરે! વાહ... આજે તો કંઇ સારી કંપની મળી ગઇ લાગે છે ને કાંઇ...!'

સિંગલને જોઇને સોને વિવેક કર્યો : 'તળશીભાઇ! તમે કૉફી પીધી કે...?'

'એમાં પૂછવાની જરૂર નથી. અમે તો રસોડામાં જ પતાવી-' સિંગલના મુખેથી નીકળેલા 'અમે' શબ્દથી વીરો અને સોન બંને સમજી ગયા.... સોન બાકીની કૉફી લઇ રસોડામાં ગઇ.

'લુચ્ચા... તમે રસોડામાં હતા?'

'હાં... હાં... કેમ? તમે અહીં, અમે રસોડામાં... તેરી બી ચૂપ ઔર મેરી બી ચૂપ...!' કહી સિંગલ હસી પડ્યો અને રીડિંગરૂમમાંથી બહાર નીકળી ગયો.

સોન હવે 'લેખ' લખાવવાના બહાને રીડિંગરૂમમાં પ્રવેશતાં- 'મે.... આઇ કમ ઇન?'અને જવાબ સાંભળ્યા વિના જ સામે આવી ગોઠવાઇ.

અત્યાર સુધી વીરાને જેની ભીતિ હતી એજ પૂછયું : 'સોન .... પંડ્યાકાકી ક્યાં ગયા?'

'બજાર ગયા છે, કેમ પૂછવું પડ્યું?'

'અમસ્તો જ.... તેમની હાજરીમાં આટલી બધી ધમાલ થઇ જ ન શકે....'કહી તેણે 'લેખ' સોનના હાથમાં આપતાં કહ્યું; 'ચાલો.... સોન.... આપણે જલદી જલદી બધુ પતાવી દઇએ.... ચાલો શરૂ કરી દો.'

'હું શરૂ નહીં કરું.....' સોને ઇન્કાર કર્યો. તે એવી નજરે વીરાને તાકી રહી કે!- ક્ષણવાર વીરો ધ્રુજી ઊઠ્યો. અત્યાર સુધી હસતું મોં રાખતી સોન આમ એકાએક કડક કેમ બની ગઇ એ તેને ખબર ન પડી. અને એટલે જ તો પૂછી બેઠો :

'કેમ સોન.... મારાથી કોઇ ભૂલ થઇ છે? અરે!.... તમે રિસાયા છો કે શું? કોઇ કારણ....?'

'છે....'

'શું?'

'આ તમે મને 'તમે... તમે....' એમ કેમ બોલ્યા કરો છો?' સોનને વીરો માન આપવા બહુવચનમાં સંબોધે તે એને પસંદ ના પડ્યું.

'ઓ... હો...! તો પછી હું યે તમારી સામે ફરિયાદ કરી શકું. આપ પણ મને બહુવચનથી સંબોધો એ ન ચાલે....'

'ના. હું તો એમ જ કહેવાની .... પણ તમે મને 'તું'કારે બોલાવશો... તો જ આજે આગળ કામ ચાલશે....' કહી સોન હઠે ચઢી.

સોન ફુંગરાઈને બેસી રહી. વીરાને સાહેબનું કામ રઝળી પડશે એની ચિંતા હતી, તો આમ એકાએક 'તમે' પરથી 'તું' પર આવવું અઘરું લાગ્યું, પણ સાહેબની વાત આવતાં તેણે નમતું જોખવું જ પડ્યું.... તેને સ્ત્રીહઠની ખબર હતી જ....

'સારું બસ....! હવે હું તમને 'તું' કહીને બોલાવીશ.

અને સોનના ચહેરા પર આનંદ છવાયો તે વીરાએ જોયો.... સોનને જે પસંદ છે તેને અમલમાં મૂકવા વીરો તૈયાર હતો અને સોનને જે નાપસંદ છે તે ત્યજી દેવા પણ વીરો તૈયાર હતો.... ન જાણે વીરો કઇ લાગણીમાં તણાતો હતો?

'ચાલો.... હવે તો શરૂ કરીદો સોન!'

'જો.... પાછું....!'

'સૉરી....! સાલી જીભ જ એવું કહેવા ટેવાઇ ગઇ છે, .... ચાલ સોન હવે બહુ થયું... ચાલુ કરી દે....!'

અને સોન આનંદમાં ઝૂમી ઊઠી. તેણે લેખ વાંચવાનું શરૂ કર્યું;

'ગુલાબનું ફૂલ'

ગઇ કાલનું બાકી હતું ત્યાંથી શરૂઆત કરતાં આ જ શબ્દ વચ્ચે આવ્યો.... વીરાએ સોન સામે જોયું.

તેના વાળમાં ગુલાબ ખોસેલું હતું.... તે જોઇ વીરો વિહ્વળ થઇ ગયો..... વીરાને પોતાની સામું જોઇ રહેલો જાણી સોને તેની સામે નજર માંડી. વીરાએ તેને નજીક આવવા ઇશારો કર્યો.

'શું છે?' સોને સ્મિતથી પૂછયું.

'પણ .... જરા નજીક તો આવ...!'

'લ્યો....!' કહી સોન સહેજ નમી.

'હજુ.... પણ....!'

'પણ....? શું કામ છે?.... એ તો કહો....?'

'મારે તારા વાળમાંનું ગુલાબ સૂંઘવું છે.'

વીરાના મુખમાંથી નીકળતો 'તું'કાર શબ્દ સોનને મીઠો- મધુરો લાગતો હતો. તે એકદમ વીરાના મુખ આગળ નમી.

વીરાએ તેના ચહેરાને બે હાથમાં પકડીને ગુલાબના ફુલ સુધી નાક લઇ જઇ સડાકો માર્યો. સોનના શરીરમાં એક વીજરેખા પ્રસરી ગઇ.

અને પછી તો મદભર્યા હાસ્ય ઉલ્લાસ અને ગમ્મત કરતાં કરતાં આખો લેખ લખાઇ ગયો. સોન વાંચતી ગઇ અને વીરો સોનના મુખેથી નીકળતા શબ્દોને સાંભળતો જ રહ્યો.....

પંડ્યાકાકી પણ આવી ગયાં હતાં. તેથી વીરાએ તેમને 'લેખ' સમાપ્ત થઇ ગયો છે તેમ જણાવી સોનની આંખના ઈશારાથી રજા માંગી.... અને સોને તેને સુસ્મિત વિદાય કર્યો.

● ● ●

પંડ્યા સાહેબને ઘેર બે દિવસ બબ્બે કલાકના સંપર્કમાં રહેવાથી સોન અને વીરામાં એકબીજા પ્રત્યે આકર્ષણ પેદા થયું હતું.

સિંગલ તો કીર્તિ સાથે ઘણો આગળ નીકળી ગયો હતો. અને હવે તો વીરો અને સિંગલ બંને સાથે બેસતા-ઊઠતા અને સાથે જ હરતા-ફરતા હોવા છતાં તેઓ એકબીજા સાથે ભાગ્યે જ વાતચીત કરતા હતા. એનો અર્થ એવો નહીં કે બંને દોસ્તો મટી ગયા હતા પણ જ્યારે જ્યારે તેઓ ભેગા થતા કે એકાંત મળતા બંને પોત પોતાના વિચારોમાં ખોવાઇ જતા.

સિંગલ કીર્તિ સાથે હવાઇ કિલ્લા બાંધતો, તો વીરો સોન સાથે પ્રણયનાં સ્વપ્નાં જોતો.

સિંગલ અને કીર્તિ બંનેએ એકબીજાની સંમતિ લઇ મનોકામના વ્યક્ત કરી, વિચારોની આપ-લે કરી દીધી હતી.

પરંતુ વીરો અને સોન એવી બાબતથી હજુ અજાણ રહ્યા હતા. એકબીજાના દિલનો ઊભરો ઠાલવવામાં શરમ અનુભવતા હતા. આંખો મળતી અને મુખ પર સ્મિત રેલાઇ જતું.... તે સિવાય આગળ કંઇ પણ પગલું ભરાતું નહીં.

વર્ગમાં પણ ક્યારેક તો એકબીજાની સામે સ્થિર નજરે જોઇ રહેતા.... એકબીજાની આંખની ભાષા વાંચતા... બંનેની ચેષ્ટા જોઇ સિંગલ તેમને ચેતવતો..... ત્યારે સોન શરમાઇ જતી અને વીરો ઝંખવાઇ જતો.

અને એક દિવસ!

અત્યાર સુધી જે કાર્ય વીરા તરફથી થવું જોઇતું હતું તે સોને જ કરી દીધું.

હંમેશાં બને છે તેનાથી ઊલટું જ બન્યું.

પહેલ પુરૂષ કરે છે સ્ત્રી કદી પહેલ કરતી નથી.

પણ અહીંતો - ઊલટી જ વાત બની.... સ્ત્રી સહજ સંકોચ અને શરમથી આંખની પાંપણો ઢાળી દેતી સોને આખરે લજ્જાના આવરણ હેઠળ પણ તેના દિલની વાત વીરાના હૃદયને કહી દીધી.

વીરાની નોટ જે સોન લઇ ગઇ હતી તે હજુ સુધી તેણે પાછી આપી નહોતી. અને એક દિવસ સોને સ્કૂલના દરવાજા આગળ વીરાને ઊભો રાખ્યો.... કોઇ જોઇ ના જાય એ રીતની ચારે તરફ ચકોર નજરે જોઇ વીરાની નોટ તેને પાછી આપી : 'પૂંઠાની અંદર ગુલાબનું ફૂલ છે.' કહીને સડસડાટ સોન આગળ વધી ગઇ.

વીરો સોનને તાકી રહ્યો. ઝડપથી ચાલી જતી સોન વીરાને ગભરું હરણી-સી લાગી. સોનના મુખેથી નીકળેલો શબ્દ 'ગુલાબ' નો આસ્વાદ માણતો વીરો છાત્રાલયમાં આવ્યો. ગુલાબના ફૂલને બહાર કાઢવાની અધિરાઇ હતી. રૂમમાં ગયો તો તળશી એકલો જ હતો અને મેજ પર કાગળ મૂકી પત્ર લખતો હોય તેમ હાથમાં પેન ફેરવતો હતો.

રૂમનો દરવાજો ખૂલ્યો એટલે તે કાગળ છુપાવવા ગયો પણ વીરાને જોયો એટલે થોભી ગયો. વીરાની નજર કાગળ પર પડી.

'કેમ... કોની ઉપર લખે છે....?'

'મારી બા ઉપર.....! મને મારી બા... બહુ સાંભરે છે ને, એટલે કાગળ લખવાની સલાહ તેંજ આપી હતીને...?' કહેતા તીરછી નજરે સિંગલે વીરાને તાક્યો. તેને પ્રાર્થનાખંડમાં વીરાએ સિંગલના મુખે 'બાફયુ'માંથી 'બા' એકલો શબ્દ બોલાઇ જતાં વાત બદલી તેની મશ્કરી કરી હતી તે યાદ આવતાં સિંગલે ટોણો માર્યો હતો.

'હા...હા ભાઇ! હવે તને સંતોષ થયો ને?' કહી વીરાએ પુસ્તકો મેજ પર મૂક્યા, અને સોને આપેલી નોટનું પૂંઠું ઉકેલી જોયું.

ત્યાં તો ન ગુલાબ હતું કે ન કોઇ ફૂલ! ..... હા, એક કાગળની ચબરખી હતી. વીરાને થોડું અચરજ તો થયું કે સોન તો-ગુલાબ છે એમ કહેતી હતી અને આ... તો ચીટ્ટી નીકળી....! તેણે ચિટ્ટી ઉકેલી.

''વીરૂ-!

આખરે મારે જ શરૂઆત કરવી પડી.... પણ શું કરૂં? દિલ માનતું નહોતું અને તમારા તરફથી કોઇ પ્રતિભાવ ન મળતાં મારું મન ઝાલ્યું રહ્યું નહીં... એટલે મારે આ ચિટ્ટી લખવી જ પડી હમણાં તમારા નામ આગળ 'વહાલા...' સંબોધન નહીં કરું, કારણકે એ માટે લાયકાત જોઇએ અને લાયકાતનું સર્ટિફિકેટ તમે આ પત્રના જવાબરૂપે આપશો તો જ તમને 'વહાલા' કહેવાનો અધિકાર મને પ્રાપ્ત થશે...!

ચિટ્ટી જોતાં તમને અચરજ તો થયું હશે કે ગુલાબના ફુલની જગ્યાએ આ ચિટ્ટી ક્યાંથી આવી?

પણ વીરૂ! આ ચિટ્ટી નથી પણ તેમાં મારૂં દિલ છે... મારું દિલ હું તમને સોંપી બેઠી છું વીરૂ! મારૂં દિલ-એજ તો તમારા ગુલાબનું ફુલ છે.... હા વીરૂ..... એ મારું દિલ છે.... તમારા તરફથી ગુલાબના ફુલની ભેટ મળી તો તમને મારા દિલની ભેટ આપું છું - તેનો સ્વીકાર કરશો... ઠૂકરાવશો

નહીં.... કોઈએ સાચા પ્રેમથી ભેટ આપી હોય તો તેનો અસ્વીકાર ન કરાય.... એટલું જ નહીં પરંતુ એ ભેટને સારી રીતે સાચવવી પણ પડે છે.... તેને અળગી ના કરશો... સંભાળીને રાખજો... ક્યાંક ખોઈ ના બેસશો... બસ! એક વખત મારા પ્રેમનો એકરાર કરતો પત્ર લખી ભેટ સ્વીકારવાનો જવાબ આપશો... વીરૂ! આઈ લવ યુ... હું તમને મારા પ્રાણથી પણ વધુ ચાહું છું....! અને અંત સુધી ચાહતી રહીશ.

તમને જોયા ત્યારથી જ મારા દિલમાં વસી ગયા છો. મનને મનાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ મારૂં મન માનતું નથી.... હું કહેતી- 'તને કોઈ નહીંને આ ગામડિયો છોકરો ક્યાંથી પસંદ પડી ગયો? તારે પ્રેમ કરવો જ હતો તો આપણા શહેરમાં ઘણા છોકરા છે.... અને તેં આ ગામડિયા પર પ્રેમનો કળશ ઢોળ્યો?' - ત્યારે મારૂં મન શું કહેતું'તું ખબર છે?-

''-એમાં મારો કોઈ દોષ નથી... તારી આંખોને પસંદ પડ્યો એમાં હું શું કરૂં? રૂપાળો-હોંશિયાર-હસમુખો-નખરાળો-છેલછબીલો-તારા મનનો માણિગર-વીરા સિવાય બીજો કોણ હોઈ શકે?''

વીરૂ! હવે આ નટખટ મનને શું જવાબ આપું? બસ! એક વખત એકરાર કરતો પત્ર લખી મારી પ્રીતને સ્વીકારશો.... મારા મનને શાંત કરવા પૂરતો પણ એક પ્રેમપત્ર લખશો.

લિ. હંમેશાં તમારી

- 'સોન.'

વીરાનું દિલ એક ધબકારો ચૂકી ગયું, તેના આનંદનો પાર ના રહ્યો... પણ! વીરાનો એ આનંદ ક્ષણવાર માટે જ હતો.... વિચારતો રહ્યો વીરો-મનોમન ગડમથલ કરતો રહ્યો- 'ક્યાં એ સોન અને ક્યાં હું એક ગામડિયો....?' મેળ કેમ કરીને બેસશે. સ્કૂલની એક અનોખી છોકરી સોન સાથે પ્રણયફાગ ખેલવાના મારા નસીબ ક્યાંથી?- પ્રેમપત્ર આવતાં વીરો જરા આશ્ચર્ય પામ્યો- શું કરવું? હમણાં બીજું કોઈ હોત તો- ના પાડી દીધી હોત...

પણ આ તો સોનની ભેટ હતી.... સ્વીકારવી તો પડશે જ.

સિંગલ વીરાની તરફ ક્યારનો ય જોઈ રહ્યો હતો, વીરાને વિચારતો જોઈ તેણે પૂછયું;

'કેમ છો ભાઈસાહેબ...? હવે કેમ ચગડોળે ચઢ્યા? હવે તમેય તમારી 'બા' યાદ આવતી હોય તો લખી નાંખો એકાદ પ્રેમપત્ર!'

હવે વીરો સમજ્યો.

તેને એમ કે સાચે જ સિંગલ તેની બા પર પત્ર લખતો હશે.... પણ તેની ધારણા ખોટી પડી... સિંગલ કીર્તિ પર પ્રેમપત્ર લખતો હતો.

'તું બેસ હવે ચીબાવલો થયા વગર...'

સિંગલ સલામી આપી છાનોમાનો બેઠો પણ ત્રાંસી આંખે તેણે વીરા તરફ ધ્યાન આપવાનું ચાલુ રાખ્યું.

વીરો ખરેખર વિચારમાં પડ્યો-પત્ર લખવો કે નહીં-અને આખરે તેણે પત્ર લખી જ નાંખ્યો.... પ્રેમપત્ર...!

"વહાલી સોન!

સંબંધ કરવાનો તો તેંજ મને સામે ચાલીને અધિકાર આપી દીધો છે... ખબર નહીં-તેને લાયક છું કે નહિ, પણ તું તો તેને લાયક છે જ.

પણ સોન! ક્યાં તું અને ક્યાં હું...? આપણી જોડી કેમ જામશે....?

તારી પહેલાં મારો પત્ર તને મળ્યો હોત, પણ શું કરૂં?-હું હિંમત કરી શકતો નહોતો..... કે સ્કૂલમાં અને આખા ગામમાં મીઠા મધુરા અવાજથી મુગ્ધ કરનારી આ સોન મને શેં અપનાવશે....? ઠોકર મારી ઉડાડી દેશે - નફ્ફટ.... નમાલા.... જેવી ગાળો દેશે.... મને ઊઘાડો પાડી દેશે.....

અને હું મારા દિલને સમજાવતો-"તારે તારી હેસિયતનો તો ખ્યાલ રાખવો હતો...?" - જેવા પ્રશ્નો પૂછી સમજાવતો, પણ કેમેય કરી હું તને આ મારા નાદાન દિલની વાત કરી શકતો નહોતો.

પણ....!!!

સામેથી જ જ્યારે તું તારા દિલની ભેટ ધરવા આવે તો હું શું કામ તેનો અસ્વીકાર કરૂં?

સોન....!

જ્યારથી તને જોઇ છે - તને ગાતા સાંભળી છે-બસ ત્યારથી તારા સ્વપ્નાં જોતો રહ્યો છું.... ખોવાયેલો ફરુંછું.... દિલ ખોઇ બેઠો છું. વિચારતો રહ્યો-ક્યારે સોન મળે અને તેને કહી દઉં- 'સોન! આઇ લવ યુ!' ઘણી હિંમત એકઠી કરી નીકળતો પણ જ્યારે તારી આંખોમાં તાકતો આંખો મળતાં એકઠી કરેલી હિંમત ઓસરી જતી....

મને હંમેશાં એવું લાગતું રહ્યું છે- 'તારો કોયલ જેવો મીઠો અવાજ સાંભળતો રહું.... તારા એ કર્ણપ્રિય ગીતોમાં ડૂબી જાઉં..... તારા મધુરા ગીતોમાં ડૂબી જવાનું ખૂબ મન થતું-ક્યારેક તારી રૂપાળી અને અણિયાળી કાજળ ઘેરી આંખોમાં હંમેશાં નજર મિલાવી તારા અંતરની ઊર્મિઓનો અનુભવ કરતો રહું - તારા ગોરા ગોરા ગાલ! અણિયાળું - તીણું નાક.... એમાં ઝુલતી વાળી....! કાનમાં ઝોલાં ખાતાં એ એરિંગ....! - બસ! આ બધાની સામે હંમેશાં જોતો રહું.... જોઇને મારા અંતરમનમાં ઊંડાં ઊંડાં ભંડારી દઉં....'

પણ એ બધા સ્વપ્નાં - તારી સામે આવતાં જ ભાંગી પડતાં... તને કહેવાનું ઘણું મન થતું.... પણ....! હું મારી હેસિયત ભૂલતો નહોતો. પણ હવે તેં જ મારું મુખ ઊઘાડ્યું છે તો સાંભળી લે.... સોન...! આઇ.... લવ યુ.

જ્યાં સુધી મારા શરીરમાં જીવ હશે ત્યાં સુધી - મારું દિલ, પળપળ માટે તને મળવા તડપશે... સોન! તને મેળવવા હું આકાશ - પાતાળ એક કરીશ-જો તારો સાથ હશે તો?

નહીંતર આખો જન્મારો એકલો-અટૂલો વિતાવીશ.... નહીં વેઠાય તો જીવન ટૂંકાવી નાંખીશ.... બસ! ... હવે વધુ લખવાની જરૂર નથી.... મારા આટલા શબ્દોથી જ તું જાણી શકીશ .... સોન! આઇ લવ... યુ... સોન!

લિ. હંમેશાં તારો

- 'વીરો' "

પત્ર પૂરો કરી વીરાએ ગડી વાળી, પણ પછી ચિંતા કરવા લાગ્યો. હવે ચિટ્ઠી સોનને આપવી

કેમ? હાથોહાથ તો અપાય નહીં.... નોટ કે ચોપડીની આપ-લે કરવામાં પણ જોખમ હતું.... ત્યાં તેના દિમાગમાં ઝબકારો થયો.... તેણે એક આશાનું કિરણ સિંગલ તરફ ફેંક્યું. વીરાની મુંઝવણ પારખી ગયેલો સિંગલ તેની વ્હારે ધાયો.

'કેમ દોસ્ત! હવે આ તળશિડાની જરૂર પડશે... લાવ, એ લેટર, વિશ્વાસ રાખ-સોનના હાથમાં પહોંચી જશે.'

'ક્યારે.....?' વીરાને દોસ્ત સિંગલ પર વ્હાલ ઊભરાયું- તેની કેટલી દરકાર રાખે છે આ સિંગલ? ગમે તેમ તો ય તે દોસ્ત માટે પ્રાણ પણ આપી દે તેવો છે.... દોસ્તી નિભાવશે ખરો.

'આવતી કાલે.... કીર્તિ દ્વારા....' કહી તેણે હાથ લંબાવ્યો. પણ વચમાં કીર્તિનું નામ આવતાં વીરો અચકાયો : 'કીર્તિ....?'

'વાંધો નહીં દોસ્ત...! એ બંને પણ આપણી જેમ જ સહેલીઓ છે... એક-બીજાના દિલની વાતો પણ કરે છે...'

વીરાએ લેટરને ગડી વાળી સિંગલના હાથમાં આપ્યો.

અને ત્યાર બાદ પ્રેમપત્રોની કતાર લાગી. મુલાકાતો વધતી રહી... બંને પ્રેમીઓ પ્રણયફાગ ખેલતા રહ્યા... અને સમય સમયનું કામ કરતો રહ્યો.... સિંગલ અને કીર્તિ - વીરો અને સોન ચારેયની મુલાકાતો યોજાતી - સાથે જ!

આપેલા વાયદા પ્રમાણે ગામથી છેવાડે એકાદ ફલાંગ દૂર આવેલા રમણીય તળાવ આગળ ચારેય પ્રેમી - પંખીડા મળતાં અને આનંદ લૂટતાં હતાં.

● ● ●

ઊનાળાની સાંજનો સમય હતો.

સૂરજ ધીમે ધીમે આથમણી બાજુ ઢળતો જતો હતો. આકાશમાં અમુક અમુક જગ્યાએ સફેદ રૂના ઢગલાં જેવાં વાદળો આમથી તેમ કોઈના અંકૂશ વગર ઉડાઉડ કરતાં હતાં. તોફાની પવન ધૂળ ઊડાડતો વાઈ રહ્યો હતો.

નવજીવન છાત્રાલયની પાછળની બાજુ પડતો રસ્તો છેક એકાદ ફર્લાંગ દૂર આવેલા રમણીય તળાવ આગળ નીકળતો.

તળાવની ચોતરફ વનઘટા છવાયેલી હતી. લીલાં અને રળિયામણાં વૃક્ષો આબેહૂબ વાતાવરણ પેદા કરતા હતા. જળચર અને ખેચર પક્ષીઓના મીઠા મધૂરા અવાજથી તળાવ ગુંજતું હતું.

ક્યાંક દૂર દૂરના ગામમાંથી મંદિરની આરતી થતી હોઈ-ઢોલ અને ઝાલર વાગવાના અવાજો આવતા હતા.

સ્કૂલમાં રજાઓ પડી ગઈ હતી. મોટા ભાગના છાત્રો ઊનાળાની રજાઓ ગાળવા વતન ઊપડી ગયા હતા.

પરીક્ષાનું પરિણામ આવ્યું. ત્યારે દશમા ધોરણમાં ભારે ખેંચાણ થતું રહ્યું હતું કારણ કે, પહેલા નંબરે એક નહીં પણ બબ્બે વિદ્યાર્થીઓ આવ્યા હતા. સોન અને વીરાના સરખા જ ગુણ

આવેલા હોવાથી,.... જ્યોતિબેન ચિંતા કરતાં હતાં કે હવે શું કરવું? કોને પહેલો નંબર આપવો...? એવામાં પંડ્યા સાહેબે તેમને મદદ કરી - પરિણામ બહાર પડે તે પહેલાં સોન અને વીરાને પ્રાર્થનાખંડમાં અલગ બોલાવી તેમની ઈચ્છા જાણવા જણાવ્યું.

એક તરફ સોન - હોંશિયાર અને મીઠા કંઠવાળી!

બીજી તરફ વીરો - હોંશિયાર અને સુંદર અક્ષરો વાળો....!

-કોને પહેલો નંબર આપવો.?

સોને વીરા પર નજર દોડાવી પછી જ્યોતિબેનને તેણે કહ્યું : ‘બેન...! મારે નથી જોઇતો પહેલોનંબર...’

વીરો ચમક્યો!... તેણે પણ અડગ શબ્દોમાં સંભળાવી દીધું : ‘બેન, મારે પણ નથી જોઇતો પહેલો નંબર... હું ભલે બીજા નંબરે પાસ થાઉં..... સોનને જ પહેલો નંબર આપવો જોઇએ....’

વીરાની ત્યાગની ભાવના પર સોન વારી ગઇ.

બંનેની વાત સાંભળી જ્યોતિબેન ફરી પાછા ગુંચવાયાં... ત્યાં જ તેમને એક યુક્તિ સુઝી, તેમણે વીરા અને સોનના નામની બે કાપલી બનાવી અને ગડી વાળી પંડ્યા સાહેબને ઉપાડવા કહ્યું... ‘વીરો’- કાપલી ઉપાડી તો વીરાના નામની કાપલી નીકળતાં સોન આનંદિત થઇ ઊઠી... વીરો ઉદાસ થયો.... પણ આખરે વીરાને પહેલો નંબર સ્વીકારવો જ પડ્યો- સોનને ખાતર-!

આજે સોને અહીં તળાવને કિનારે વીરાને મળવા માટે બોલાવ્યો હતો.... વીરો અને સિંગલ ચાલતા આવતા હતા. ત્યાં, પાછળથી સાયકલની ઘંટડીઓ રણકી ઊઠી.

બંને ચમક્યા...- સોન અને કીર્તિ બંને સાયકલો લઇ આવતી હતી. નજીક આવતાં ઊતરી પડ્યાં.

‘ચાલો ડબલસવારી’

પણ વીરાએ-કોઇ જોઇ જશે-ની બીકે ના પાડી દીધી. પણ એમ વીરાને છોડે તો સોન શાની? તેણે આગ્રહ ચાલુ રાખ્યો.

સિંગલ તો તૈયાર જ હતો.... એને તો-રડતી’તીને પિયરિયાં મલ્યાં’- કીર્તિને કેરિયર પર બેસાડી, સોન અને વીરાને ગડમથલ અવસ્થામાં જ રહેવા દઇ આગળ નીકળી ગયો... સોન અને વીરો જોતા જ રહી ગયા... પ્રોબ્લેમ સોન અને વીરાનો રહ્યો.

ડબલ સવારી જાય તો પણ કેવી રીતે? સોનની સાયકલ પાછળ કેરિયર તો હતુ નહિ.... વિચાર કરતો વીરો ચાલતો રહ્યો... સોન તેને નો’રા કરતી રહી.

‘ચાલો ને વીરૂ... પ્લીઝ?’

‘ના.’ વીરાએ સ્પષ્ટ નન્નો ભણ્યો.

‘કેમ?’

‘પહેલાં તું મને ‘તું’કારે બોલાવે તો જ આજે તારી સાથે વાત કરીશ... નહીંતર અહીંથી જ

પાછો વળી જઈશ....'

'પણ વીરૂ! એ કેમ બની શકશે? અમારી સ્ત્રી જાતિનો ધર્મ છે કે-'

'મેં એક વખત કહ્યું ને?' વીરો ગુસ્સે થયો.

સોન ગભરાઈ ગઈ. તેણે વીરાને આજે એક ખાસ વાત કહેવા અહીં બોલાવ્યો હતો. અને જો વીરો આજે રિસાઈને ચાલ્યો જશે તો જિંદગીભર પસ્તાવાનો વારો આવશે-વિચારતી સોને ઝડપથી નિર્ણય લઈ લીધો.

'સારું વીરૂ... હવે હું 'તું' કારે બોલાવીશ, બસ! હવે તો ચાલ... સાયકલ પર....?' સોનનું દિલ કોરી ખાતું હતું. તે દિલ પર પથ્થર મૂકી વીરાને 'તું'કારે બોલાવવાનો પ્રયાસ કરતી હતી.

વીરાએ સાયકલ પર નજર નાંખી.

'સોન તું જુએ છે કે સાયકલને કેરીઅર નથી પછી તું બેસીશ ક્યાં?'

'ઓહો... એમાં શું? ધરી પર બેસીશ... પહેલાં તું સાયકલ પર સવાર તો થા....!'

વીરો સાયકલ પર સવાર થઈ ગયો. સોન આગળ ધરી પર ગોઠવાઈ, તેના હાથ વીરાના હાથ ઉપર ગોઠવાયા.... વીરાના આખા શરીરમાં વીજળીની ધ્રુજારી પ્રસરી ગઈ.

સોનના માથામાં ખોસેલા ગુલાબના ફૂલની સુગંધથી મોહિત થઈ, તેણે ફૂલ સુધી નાક લઈ જઈ સડાકો માર્યો. એકાએક વીરાની એ ચેષ્ટાથી સોન ચમકી! તેણે ઊંચે વીરા તરફ નજર કરી.... તો તેના ગોરા ગોરા ગુલાબી ગાલ વીરાના હોઠની નજીક આવ્યા... વીરાએ એક વધુ તક ઝડપી અને તેના તરસ્યા હોઠ સોનના ગાલ પર મૂકી ચુંબન ચોડી દીધું.

સોનના આખા શરીરે રોમાંચની એક મીઠી ઝણઝણાટી પ્રસરી ગઈ.

'ખસ... તને તો જરા છૂટ આપીએ એટલે... વધુ નફ્ફટ થાય છે.... લુચ્ચો કહીંનો...!' કહેતાં સોને છણકો કર્યો.

'સોન! તારા ગુલાબી ગાલને નજીક જોતાં મારા હોઠે તેમનો અંકુશ છોડી દીધો..... એમાં મારો શો વાંક...?'

પ્રેમગોષ્ટિ કરતાં કરતાં તેઓ તળાવને કિનારે આવી ગયા... તેમણે જોયું તો? - સિંગલ અને કીર્તિ અદ્દશ્ય થઈ ગયા હતા અને તેમની સાયકલ તેમનો ચોકી-પહેરો કરતી હોય તેમ આડી ઊભી હતી.

સાયકલ પરથી ઊતરી સોન તળાવમાં પગ બોળવા માટે રોજની જેમ આજે પણ એ જ ગરનાળા પર બેઠી જ્યાં તે વીરાને મળતી...! વીરો પણ સાયકલને સ્ટેન્ડ પર ગોઠવી સોનની નજીક આવી બેસી ગયો.

'હવે! બોલ સોન! મને કેમ અહીં બોલાવ્યો છે.....?' કહેતો વીરો સોનના અડધા ઊઘાડા-ઢીંચણ સુધીના રૂપાળા પગ જે ભીના હતા - જોઈ જ રહ્યો.

'કહું છું જરા શાંતિ રાખ...!' વીરાને આકળો થતો જોઈ સોને હસતાં હસતાં કહ્યું.

'શાંતિ રાખુ ખરો, પણ એક શરતે....!'

'શરત...? કઈ શરતે....?'

'પહેલાં તારા હોઠ-મારા હોઠને મન ભરી મળવા દે....' કહીને તેણે સોનના ચહેરાને તેના તરફ બે હાથ વડે પકડી ખેંચ્યો.... સોન ઈન્કાર કરે તે પહેલાં પોતાના હોઠ વડે સોનના મદહોશીભર્યા હોઠને તેણે ગરમ-ગરમ તસતસતું ચુંબન દઈ દીધું.

તેના બાહુમાંથી છુટવા વ્યર્થ પ્રયત્ન કરતી સોન છણકો કરતાં બોલીઃ 'બહુ લુચ્ચો થતો જાય છે તું વીરૂ...!'

'લુચ્ચો...? અરે સોન! તારું આ લલચાવનારું રૂપ જોઈ હું તો શું? પણ કોઈ પણ યુવાન લુચ્ચો બની જાય...!' તેણે સોનને બાહુપાશમાંથી છોડતાં કહ્યું.

'વીરૂ! તું કેવો ચબરાક છે? જબરો છે તું તો...! એક વખત તને બોલવાની છુટ આપી એમાં તો પાછો માથે ચઢી વાગ્યો : બોલ.... વીરૂ બોલ.... મને તારી મજાક મશ્કરી ગમે છે....' અને સોનનો ચહેરો રૂદનમાં ફરી ગયો.

'અરે! પગલી... તું રડે છે....?' સોનને રડતી જોઈ વીરો વિહ્‌વળ થઈ ગયો. તેણે દિલગીરી વ્યક્ત કરતાં કહ્યું : 'સોન....! તને શું છે શું....? શાંત થા સોન.... તને હું રડતી જોઈ નથી શકતો....'

'વીરૂ! તું આમ માયા લગાડીને અધવચ્ચે છોડી તો નહીં દેને...?.... જો તું મને છોડી દઈશતો હું તારા સિવાય જીવી નહિં શકું....!....તું મોટો થઈશ તો મને ભૂલી તો નહીં જાય ને....?' સોન ડૂસકાં ખાતાં બોલતી હતી ક્યારેય નહિં ને આજે આ રીતે વિરહના વેણ કાઢતી સોનને વીરો સાંભળી રહ્યો....!!! તેને સમજાતું નહોતું કે આજે સોન આમ કેમ કહે છે... પણ તેના પ્રશ્નના જવાબરૂપી સોને આગળ કહ્યું : 'વીરૂ! મારા બાપુ કહે છે કે -' સોનની જીભ ઉપડતી નહોતી... સોનનો ચહેરો ગંભીર થઈ ગયો હતો તે જોઈ વીરાને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો હતો : '... કંઈક બન્યું હોવું જોઈએ....' તેણે સોનને કહેવા માટે સાથ દીધો ;

'બોલ.... સોન! તું કહેવા શું માંગે છે....?'

'હું જે કહીશ તે તું સાંભળી શકીશ?'

'તું મને એટલો બધો નમાલો સમજે છે?'

'તો સાંભળ વીરૂ! મારા બાપુ કહે છે કે અમે બધા જ હવે અહીંથી જતા રહેવાના છીએ - એટલે હવે.... હવે હું તને નહીં મળી શકું વીરૂ....! પણ હું તને ક્યારેય નહીં ભૂલું....!.... ગમે ત્યાં હોઈશ.... બસ! તારી પૂજા કરતી રહીશ....!' - સોન ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી હતી. કઠણ કાળજાવાળો વીરો પણ ભવિષ્યમાં આવનારા વિરહના એ દિવસોથી કંપી ગયો. તે સોનને દિલાસો આપવા લાગ્યો.:

'નહીં.... સોન!.... હું તને ક્યારેય નહિ તરછોડું..... તું તો મારું જીવન છે.... વખત આવ્યે હું તારી શોધમાં આખી દુનિયા ખૂંદી વળીશ... પણ તને ભૂલીશ તો નહીં જ.... મારા સ્વપ્નોની દેવી જ

તો તું છે.... માટે મારા પર વિશ્વાસ રાખજે.... મારા દિલને તને સોંપી બેઠો છું...... સોન! ..... પ્યારમાં વિરહની આવશ્યકતા છે સોન....!.... તારી અમાનત બીજાને સોંપવાનો મને અધિકાર નથી.... પણ તું રડ નહિ સો.....! કહેતો વીરો તેના હાથરૂમાલથી સોનનાં ગરમ આંસુ લૂછવા લાગ્યો. તેની આંખોમાંથી પણ આંસુ સરી પડ્યા.'

સોન રડતી રહી.

અને ધમકી આપતી હોય તેમ કહેતી ગઇ.... તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા- 'જો વીરૂ.... મને દગો ના દેતો.... તું મને છોડી દઇશ તો... તો..... હું આપઘાત કરીશ.... આપઘાત....!'

'નહીં.... સોન....!'

એક ચીસ સાથે વીરાની આંખો ખુલી ગઇ.

વીરાના એક મીઠા સ્વપ્નનો અંત આવી ગયો. શિયાળામાં પણ તેના શરીરે પરસેવો બાઝી ગયો.... તેના સ્મૃતિપટ પર એક અનોખી જીવનલીલા ફરીથી પસાર થઇ ગઇ.

સોન.... સિંગલ... કીર્તિ... જ્યોતિબેન... પંડ્યાસાહેબ.... - વીરાની યાદદાસ્ત ફરી તાજી થઇ ગઇ.

ગાડી એક ઝાટકા સાથે ઊભી રહી.

'બોમ્બે સેન્ટ્રલ...'

પ્લેટફોર્મ પર બુમો સંભળાઇ અને વીરો ઝબક્યો.... સેન્ટ્રલ આવી ગયું હતું, તે બેગ લઇ બહાર નીકળ્યો.

તેણે સ્ટેશનની ઘડિયાળમાં જોયું, સાંજના લગભગ ચાર થવા આવ્યા હતા.... તે સ્ટેશનમાંથી બહાર નીકળ્યો.

● ● ●

'બોમ્બે સેન્ટ્રલ'

વીરો તેની બેગ સાથે બહાર નીકળ્યો.

ગજબની ભીડ હતી અહીં. જાણે માણસોનો મહેરામણ ઊભરાયો હોય તેવો કોલાહલ હતો. બહાર રસ્તા પર આવી વીરો થોભ્યો. - 'ક્યાં જવું' - ની મુંઝવણ અનુભવવા લાગ્યો.

સુભાનને જાણ કર્યા વિના મુંબઇ આવવા બદલ પસ્તાવા લાગ્યો. તેણે જો સુભાનને જણાવ્યું હોત કે હું 'ફલાણા' દિવસે મુંબઇ આવું છું-તો સુભાન તેને લેવા માટે સેન્ટ્રલ સુધી અવશ્ય ધક્કો ખાત.

પણ હવે પસ્તાવાથી શું થવાનું છે? હવે તો ભાડાની ટેક્ષી કરી તેના આપેલા સરનામે પહોંચી જવાનું મુનાસીબ માની વીરો ટેક્ષીઓની હરોળમાં નજર ફેરવતો ગયો.

ત્યાં પાછો વિચાર બદલાયો-મુંબઇમાં તો ગઠિયાઓએ ઘણાં હોય છે - કોઇ ગુંડાના હાથે ઝડપાઇ જવાશે- એ બીકે તેણે નજર પાછી ખેંચી લીધી.

વીરાને હમણાં જ આવેલા સ્વપ્નની યાદ આવી. તેમાં તો તેણે કહ્યું હતું કે 'સો .... તને ખોળવા આખી દુનિયા ખુંદી વળીશ.' - જ્યારે આ તો આખી દુનિયાનું એક જ માત્ર શહેર છે અને

તેમાં હારી જવું એના કરતાં કોઇક રસ્તો કાઢવો જોઇએ.

વિચારતા વીરાએ ટેક્ષીની હરોળમાં ફરી એક નજર ફેરવી. અચાનક વીરાની નજર લાલ કલરની કાર - જે અલગ પાર્ક હતી. - તેના પર પડી.... તેણે આગળ જઇ કારનો નંબર વાંચતા તેના આનંદનો પાર ના રહ્યો. તેને એટલો તો ખ્યાલ આવી ગયો કે આ ટેક્ષી સુભાનની છે.

પણ! આજુ-બાજુ નજર કરતાં ક્યાંયે સુભાનનું નામ-નિશાન દેખાતું નહોતું. વીરાની મુંઝવણ વધવા લાગી. ટેક્ષી તો કોઇ અમીરશેઠની હોય તેવી ઍરકન્ડીશનયુક્ત હતી. તેથી વીરો વિચારમાં પડી ગયો :

'આટલી બધી મોંઘી અને સગવડભરી ટેક્ષી સુભાનની પાસે ન હોઇ શકે.... અને કદાચ હોય તો તો સુભાન આટલામાં જ ક્યાંક હોવો જોઇએ.... પણ તો પછી એ દેખાતો કેમ નથી?.... અને ડ્રાઇવર પણ....?'

અને વીરાના મગજમાં લાઇટ થઇ. તેને યાદ આવ્યું કે શહેરના માણસો નવરા હોતા નથી... એટલે કદાચ સુભાન નવરો નહીં હોય એથી તેણે ડ્રાઇવરને મોકલ્યો હશે.... પણ પછી પાછો નિરાશ થઇ ગયો. તેને યાદ આવ્યું કે, સુભાનને તેણે જાણ તો કરી નથી પછી તે આવે પણ કેવી રીતે?

તેણે ફરીફરીને ટેક્ષીનો નંબર ધ્યાનથી વાંચ્યો- ટેક્ષી તો સુભાને જણાવેલ નંબરવાળી જ હતી.

વીરો વધુને વધુ મુંઝવણ અનુભવવા લાગ્યો. તેના દિદાર એક ગામડિયા જેવા લાગતા હતા. અને પાછો રસ્તાની બાજુએ બાઘા-ચકવા જેવો ડાફરિયા મારતો ઊભો હતો તેથી લોકોની નજર તેના પર મંડાઇ હતી - તેની ખબર વીરાને પડી ત્યારે તો તે ઝંખવાણો પડી ગયો.

તે ટેક્ષીની નજીક જઇ ઊભો રહ્યો.

વીરાને હવે ખબર પડી ગઇ કે સ્વપ્ન જોવું - વિચારવું સહેલું છે અને પ્રત્યક્ષ અનુભવ કરવો ઘણું મુશ્કેલ કામ છે, તેણે હોંશથી મુંબઇ આવવાનો નિર્ણય તો લીધો હતો પણ પાછળથી તેને ભારે પડી ગયો.... તે નિર્ણય તેને ઉતાવળિયો લાગ્યો. ઊંચી ઊંચી બિલ્ડિંગો- રંગીલા માણસો-ચોપાટી વગેરે પ્રત્યક્ષ જોવાની - જાણવાની તેની ઇચ્છા અત્યારે હતાશામાં પરિણમતી લાગી.

વીરાના શરીરે અને ચહેરા પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં.... આખું શરીર ઢીલું થઇ ગયું. તેને બધી મહેનત પાણીમાં જતી લાગી. પોતાના ગામમાં તેણે જે જે વિચાર્યું હતું તે બધું મુંબઇમાં પગ મૂકતાં ઊલટું જ બન્યું. વીરાના હોંશ ઊડી ગયા.... તેને તેની ભૂલ સમજાઇ.... જો સુભાનને જાણ કરી હોત તો સારું થાત... કારણકે આ દરિયા જેવા શહેરમાં ન જાણે કયા ખૂણામાં સુભાન રહેતો હશે?

વીરો હવે આખોને આખો હારી ગયો.

એક વખત તો જમપુરા પાછા ફરી જવાનો વિચાર આવ્યો-પણ ઘરે જઇ લોકોને શું મોઢું બતાવશે?- ગામના લોકો પ્રશ્નો પૂછી પૂછીને હેરાન કરી મૂકશે, બધાને ક્યાં જવાબ આપવા બેસું....? ફળિયાવાળા મારી વાતો કરશે- ગયા હતા મોટા ઊપાડે શહેરમાં અને - વીરો હિંમત હારી ચૂક્યો હતો. શું કરવું? કંઇ સમજાતું નહોતું.

પણ તેના તકદીરમાં મુંબઇ જ લખાયું હશે, અને હવે તેનું નસીબ પણ બદલાવાનું છે તેની

વીરાને ક્યાં ખબર હતી? તેનું નસીબ તેનાથી બે ડગલાં આગળ હતું.

વીરો વિચાર કરતો ટેક્ષીને અઢેલીને ઊભો હતો, એ આશાએ કે - હમણાં કોઈક આવશે.

તેણે ઊંચે નજર કરી....!

ભૂરા આકાશમાં સૂરજ પશ્ચિમ તરફ નમતો હતો. ઊંચી ઊંચી બિલ્ડિંગો જાણે કે હમણાં સૂરજને ઝીલી લેશે તેવું લાગતું હતું.... નજીકમાં જ દરિયો આવેલો હોવાથી વાતાવરણ હૂંફાળું અને ખુશનુમા હતું.... પણ અહીં વીરાને તેના ગામ જેવું વાતાવરણ ના લાગ્યું ગામડામાં તો આથમતો સૂરજ આકાશમાં મુક્તપણે મહાલતો હોય છે..... જ્યારે, અહીં તો સૂરજ જાણે બિલ્ડિંગો વચ્ચે બંધાઇ ગયો હોય તેવો દયામણો લાગતો હતો. ક્ષણવાર માટે તો વીરાને સૂરજ પર દયા આવી ગઇ..... પણ પછી તેને પોતાની પરિસ્થિતિનું ભાન થતાં પોતાની જાત પર જ દયા આવી.

વિચાર કરતાં વીરાને એક તરુણીના અવાજે ચમકાવી દીધો.

'હલ્લો... સુભાન! હાઉ આર યુ...?' વીરાને એટલો તો વિશ્વાસ બેસી ગયો કે અવાજ ગમે તેનો હોય પણ તેના મુખેથી નીકળેલો શબ્દ 'સુભાન' - થી તેને એવું માનવા પ્રેરતો હતો કે સુભાન અહીં જ ક્યાંક હોવો જોઇએ.

પણ....!

વીરાની પીઠ પાછળથી આવેલા એ રૂપાની ઘંટડી જેવા અવાજ તરફ વીરાને શંકા ગઇ - અવાજ પરિચિત લાગ્યો.... તે પાછળ ફર્યો.

અને વીરો ચમક્યો!

ચહેરો પરિચિત લાગ્યો. ક્ષણવાર માટે તેને 'સોન' યાદ આવી ગઇ. અપ્સરાને પણ શરમાવે તેવી રૂપાળી 'સોન' તેની નજરો આગળ રમતી ગઈ. તેના ચહેરા સાથે આ યુવતીના ચહેરાને સરખાવવા લાગ્યો. પણ એ તો માત્ર ક્ષણ માટે જ .... આ તો કોઇ કોલેજીયન જેવી યુવતી હતી - હા! તેને વીરો ઓળખી ના શક્યો....! - તે જેવો એ છોકરી તરફ ફર્યો કે તે યુવતીનું હસતું મુખ કંઈક ઠાવકાઈથી પડી ગયું.

'આપ.... સુભાન....!' - અને એ યુવતીએ માફી માગી - 'સૉરી.... આપને સુભાન જાણી બૂમ મારી.... પણ આપ તો કોઈક... માફ કરજો.'

અને તેની નજર આ ગામડિયાના લેબાસમાં સજ્જ એવા વીરાના ચહેરાથી માંડીને છેક પાની સુધી ફરી વળી.... પછી ટેક્ષીના આગળના દરવાજા તરફ ફરી કે તરત જ વીરો બોલી ઊઠ્યો;

'હા...હા...! મારે સુભાનને ત્યાં જ જવું છે....' છોકરી ગાડીમાં બેસે તે પહેલાં વીરો બોલી ઊઠ્યો હતો. કારણકે એ નફફટ લાગતી કોલેજીયન યુવતી વીરાને - સુભાન નથી - તેવું જાણીને કદાચ ચાલતી થશે તો તેના હાથમાં આવેલી તક જતી રહેશે અને અહીં એકલો રઝળી પડશે, તેથી તે યુવતી જાય તે પહેલાં વાત કરવા વીરો આગળ વધ્યો. યુવતી કારમાં ગોઠવાઇ ગઇ હતી.

વીરાની વિનવણીથી તેણે પૂછ્યું :

'શું કહ્યું? સુભાનને ત્યાં....?' સઆશ્ચર્ય નજરે જોઇ રહેલી યુવતીના પ્રશ્નનો જવાબ આપતાં વીરો સહેજ ઝંખવાણો તો પડી જ ગયેલો, કારણકે યુવતીના પૂછવાના ઢંગથી એટલું તો પરખાઇ આવતું હતું કે વીરાની વાત તેને સાચી લાગતી નહોતી. બલ્કે ઉપજાવી કાઢેલી લાગી હશે.

'જી હા. હું સુભાનના ગામનો છું, અને સુભાનનો દોસ્ત છું, અને મારે એના ઘેર જવું છે.... આ કાર વિશે તેમણે લખ્યું હતું એટલે કાર જોઇને તો હું અહીં ઊભો હતો - કદાચ સુભાન અહીં ક્યાંક હશે.... પણ મારી આશા ઠગારી નીવડી.... અગર આપને વાંધો ન હોય, તો મહેરબાની આપની; આપનો ઉપકાર ક્યારેય નહીં ભૂલું.... પ્લીઝ.'

અને વીરો દયામણી નજરે યુવતી તરફ જોઇ રહ્યો. - એ સ્વરૂપવાન યુવતી વીરાને એકધાર્યો બોલતો જોઇ જ રહી.... તે વિમાસણમાં પડી ગઇ પણ તેને કંઇ સમજાયું. નહીં.... આશરે સાડા પાંચ ફૂટની ઊંચાઇવાળો અને મજબૂત બાંધાવાળું શરીર જોઇ તે છોકરી કોઇ અદશ્ય નજરે વીરાને ઓળખવા પ્રયત્ન કરવા લાગી.

વીરો પણ યુવતીની અણિયાળી આંખો, હોઠ, તીણું નાક, ગોરા ગોરા ગુલાબી ગાલ અને અધૂરામાં પૂરું, મીઠા મધુરા અવાજથી વિચારે ચઢ્યો હતો. તેથી તેને યુવતીની નજર પરખાઇ નહીં.... પરંતુ બંનેની નજર એક થઇ ત્યારે....! 'ચાલો.... બેસી જાઓ....!' કહેતી યુવતીને 'થેંક યુ' કહી વીરો કારની પાછળની સીટ પર ગોઠવાયો.

એ સ્વરૂપવાન યુવતીએ ગાડી સ્ટાર્ટ કરી. એક વખત અંદરના અરિસામાં નજર નાંખી વીરાને જોઇ લીધો અને પછી ટેક્ષી દોડાવી. હજુ વીરાને એ નહોતું સમજાતું કે સુભાને આપેલ નંબરવાળી ગાડી આ છોકરીના હાથમાં ક્યાંથી આવી...? કદાચ સુભાનની મહેમાન હશે - એમ વિચારતો વીરો તે યુવતીના ચહેરાને આગળના અરીસામાં પડતા પ્રતિબિંબથી નિરખવા લાગ્યો.

યુવતીની નજર રોડ ઉપર હતી, પણ થોડી થોડી વારે અરીસામાં નજર નાંખી પાછળ બેઠેલા વીરાના ચહેરાને જોઇ લેતી હતી.

વીરાને શંકા હતી.... તેને આ યુવતીને ક્યાંક જોઇ હોય તેવું લાગ્યું - પણ તેને યાદ નહોતું આવતું.... તે મનોમન 'સોન' સાથે સરખાવવા લાગ્યો... તેણે સોનના ગુંથાયેલા વાળમાં 'ગુલાબનું ફૂલ' ખોસેલું - તે યાદ આવ્યું.... ત્યાં તેની નજર યુવતીના માથામાં ફરી વળી, એ માટે કે આ સોન હશે તો એના માથામાં ગુલાબ હશે....!- પણ તેના માથામાં 'ગુલાબનું ફૂલ' નહોતું- તેમ છતાં પણ તેનો ચહેરો અને તેનો મીઠો મધુરો અવાજ તેને એવું વિચારવા પ્રેરતો હતો. પણ! અહીં ક્યાંથી આવે સોન! - વિચારતો વીરો ચૂપચાપ બેઠો હતો.

'મારે શું? જે હોય તે .... બસ! એક વખત સુભાનને ઘેર પહોંચાડી દે.... પછી બીજી વાત...!' અને વીરો બારી બહાર નજર કરી મુંબઇ નગરીને નિરખવા લાગ્યો.

● ● ●

આજુબાજુ આભને આંબવાનો વ્યર્થ પ્રયત્ન કરતી ઊંચી બિલ્ડિંગો પસાર થતી હતી.

બહુમાળી મકાનો બિલ્ડિંગો જોઇ વીરો ખુશ થતો હતો. બાજુ પર શણગારાયેલી દુકાનો - શોપિંગ સેન્ટરો, વારેઘડીએ સામેથી આવતી સીટી - બસો, શેઠીઆઓ અને અમીર લોકોની વિભિન્ન મૉડેલોવાળી ગાડીઓ પસાર થતી જોઇ વીરાને બાળપણનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું. તે વિચારતો રહ્યો - સુભાનની સાથે આખું મુંબઇ શહેર જોઇ વળીશ.... એવામાં વીરાની નજર આગળના રસ્તા પર પડી... ઘડીભર તો તે અંદર જ ધ્રુજી ઊઠ્યો.... ટેક્ષી પૂરઝડપે દોડી રહી હતી.

યુવતી કાળજી પૂર્વક ડ્રાઇવિંગ કરી રહી હતી. તેનો કન્ટ્રોલ અજબ હતો! ક્યારેક ચાર રસ્તા આગળ સિગ્નલ ન મળતાં થોભવું પડતું હતું.

આટલી ઝડપથી આ છોકરી ગાડી ચલાવશે તે વીરાની કલ્પના બહારની વાત હતી. - 'ક્યાંક આણે શરાબ તો નથી પીધો ને? કોઇક વાહન જોડે ભટકાઇ પડશે તો ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થશે....'

યુવતી વિશે વિચારવા લાગ્યો.

'- કોઇ શેઠની છોકરી લાગે છે નહીંતર તેને આટલી સ્પીડમાં ગાડી ચલાવતાં આવડે જ નહીં...' યુવતીનું મુખ જોવા વીરાએ આગળના અરીસામાં નજર કરી - અને વીરો છળી પડ્યો....! - તેના રૂપ અને રૂઆબ પર! - 'ક્યાંક રોફમાં ને રોફમાં એ તો જશે પણ સાથે મનેય લેતી જશે.....' - તેને ફરીવાર પસ્તાવો થયો. - આ છોકરી સાથે ક્યાં ભટકાણો....? આ તો અહીં જ પૂરા થઇ જઇશું તો કોઇ બાપોય શોધવા નહીં આવે, - ન ઘરનાં ન ઘાટનાં; એના કરતાં ત્યાં સેન્ટ્રલ આગળ જ ઊભો હોત તો સારું થાત, જેથી જામપુરા પાછા તો વળી શકાત....! આતો એકેય બાજુના ના રહ્યા....!

વિચારતો વીરો ચૂપચાપ બેસી રહ્યો.

ટેક્સીમાં બેઠા પછી હજુ સુધી બે-માંથી એકેય બોલ્યું નહોતું - બોલવાનો પ્રયત્ન પણ કોઇએ કર્યો નહોતો. વીરાને તો શું બોલવું એ જ સમજાતું નહોતું.... આ છોકરી સાથે વાત કરવાથી તે બેધ્યાન બને તો ક્યાંક અકસ્માત કરી બેસશે એ બીકે તેણે બોલવા માટે પ્રયત્ન પણ ના કર્યો... અને પાછો હતો પણ ઓછા બોલો - ક્યારેક, કોઇ પૂછે તો ખાસ્સું બધું ઑકી નાંખે - એ વીરાની ખાસિયત હતી... અને એટલે તે અત્યારે ચૂપ બેઠો હતો.

પણ મુંબઇ જેવા શહેરમાં રહીને શહેરી-છોકરીઓ બોલવામાં અને વાતો કરવામાં એટલી તો ચપળ અને હોંશિયાર હોય છે કે - ગમે તેવો છોકરો સામે હોય તોયે તેની આગળ પાણી ભરે.... જ્યારે આ તો ગુજરાતી છોકરી હતી એટલે પૂછવું જ શું?-

અને એથી જ યુવતીએ વીરાની સાથે વાતચીત શરૂ કરી;

'આપનું શુભનામ?'

'જી....?' અચાનક પૂછાયેલા પ્રશ્નથી વીરો થોડો થોથવાયો. તેણે યુવતીની નજર પારખવા આગળના અરીસામાં જોયું - કંઇ કળાયું નહિ-તેણે જવાબ આપ્યો : 'શુભ કહો કે અશુભ.... પણ મારું નામ જાણીને તમને કોઇ ફાયદો થવાનો નથી.... સાંભળીને તમને હસવું આવશે....!' વીરો વિવેકથી

વાત દોહરાવતો રહ્યોઃ 'જરા દેશી નામ છે એટલે કે ગામડામાં શોભે એવું'-કહી યુવતી પર શી અસર થાય છે તે જાણવા આગળના અરીસામાં પડતા યુવતીના પ્રતિબિંબ - ચહેરા પર નજર નાંખી, અને તે જ વખતે એ યુવતીએ પણ વીરાનો ચહેરો જોવા અરીસામાં નજર ફેરવી.... વીરો નીચું જોઇ ગયો.

'શરમાવ છો? અરે! શરમાવાનું તો છોકરીઓને હોય.... શું આપનું નામ....?'

વીરાનું સ્વમાન ઘવાયું.... નાદાન છોકરીએ તેના સ્વમાન પર ઘા કર્યો હતો એટલે હવે નામ કહેવું જ પડશે.... તેમ લાગતાં તેણે કહી જ નાંખ્યુંઃ 'મારું નામ... વીરો... છે.'

'વી.... રો....! ઘણું સુંદર નામ છે....!' તે એવા લહેકાથી બોલી કે-આશ્ચર્યથી યુવતીના ચહેરાપર આનંદ છવાયો.... પરંતુ તેનો આનંદ વીરાને કળવા દીધો નહીં. યુવતીને આમ આશ્ચર્ય પામતી જોઇ વીરાને તેનું કારણ ના સમજાયું.... પણ તેને સંકોચ જરૂર થયો.- તેણે નામ કહીને ગંભીર ભૂલ કરી છે પણ હવે કહી દીધા પછી શું? - અબ પછતાયે કયા હોવત હૈ, જબ ચિડિયા ચુગ ગઇ ખેત-!

'તમારે અને સુભાનને ક્યારથી દોસ્તી થઇ?'હજુ વધુ અંદાજ લગાવવા માટે વીરાને વાતોએ ચઢાવવા જ પૂછયું.

'અરે! ક્યારથી શું? અમે તો લંગોટિયા મિત્રો છીએ.... એક જ ગામમાં રહેતા હતા.... નાનપણથી જ અમે બન્ને દોસ્ત હતા એટલે અમારી દોસ્તી ઘણી જૂની છે પણ! સુભાનના પિતા સુખી હોવાથી તેને મુંબઇ મોકલ્યો.... જ્યારે મારા નસીબમાં ગામડાની હવા ખાવાની હતી, એટલે ગામડામાં જ ગોંધાઇ રહ્યો.....!'- વીરાએ પૂછવાનું ના રાખ્યું; તેની બીજા નંબરની ખાસિયત મુજબ બધું જ, પોપટની જેમ ગામઠી ભાષામાં વાત કરતો ગયો. યુવતીને વધુ રસ પડતો જાણી તેના દિલમાં થોડો આનંદ થયો.- ચાલો.... આપણી વાત પૂછનાર તો કોઇક છે! એવો સહારો મળ્યો.

'કેટલું ભણ્યા છો?'

'બારમું ધોરણ પાસ...!'-કહેતાં વીરો થોડા વિચારમાં પડી ગયો.- ભણતરનું નામ આવતાં વળી પાછી ભૂતકાળની એ ભૂલી-ભટકી યાદ સળવળી. દશમા ધોરણથી માંડીને બારમા ધોરણ સુધીની આપવીતી ફરીથી માનસપટ પર પથરાઇ ગઇ... દશમા ધોરણના પ્રસંગોથી તેનો ચહેરો ઉદાસ બની ગયો.... સોનની યાદ તેને સતાવતી રહી! - સિંગલ-કીર્તિ-બધાના ચહેરા તેની સામે હસતા-કૂદતા નજરે પડ્યા.... સોનની છેલ્લી મુલાકાત ખરેખર હતાશામાં પરિણમી હતી.... ત્યાર પછી ક્યારેય તેની વહાલી સોને તેનું હસતું મુખ નહોતું બતાવ્યું.....

છેલ્લી મુલાકાત બાદ તેણે તપાસ કરી હતી, તો જાણવા મળ્યું કે તેઓ તો એજ દિવસે નીકળી ગયા હતા.... અને ત્યાર બાદ વીરો સોનના વિરહમાં સબડતો રહ્યો હતો. જ્યારે જ્યારે સોન યાદ આવી ત્યારે તેનું હૃદય ભાંગી પડતું.... તેની આંખો વિરહનાં આંસુ વહેવડાવતી.... સોનના ગયા પછી વીરાને સોન વિનાનું જીવન નિરસ લાગ્યું.... બસ! એકલો એકલો સોન સાથે ગુજારેલા દિવસોને યાદ કરતો અને આંસુ સારતો....! કેટલીક વખત જાણે તેની સામે સોન આવી ને હસતી હોય તેવું લાગ્યા કરતું અને ત્યારે વીરો પાગલની માફક હસી પડતો.... ક્યારેક તો તે સોનની સાથે વાતો

કરતો....

પોતાના દોસ્તની આવી અવદશા જોઈ તળશી પણ ચિંતા કરવા લાગતો. દોસ્તની આવી વિરહવ્યથા તેનાથી જોઈ જતી નહોતી..... વીરો આટલો બધો આગળ વધી ગયો હશે તેનો તેને ખ્યાલ જ નો'તો રહ્યો.... અને હવે વીરાની લાગણી યુક્ત વિરહવ્યથા તેનાથી સહન થતી નહોતી.... જ્યારે વીરાનું દુઃખ દૂર થઈ શકે તેવું નહોતું.... પ્રાણ આપી દે તેવો સિંગલ પણ આવી બાબતોમાં શું કરી શકે....?

અંતે વીરાએ છાત્રાલય છોડવાનો વિચાર કર્યો. તળશીએ પણ તેને એ જ સલાહ આપી હતી. કારણકે જો વીરો અહીં જ રહેશે તો તે જ્યાં..... જ્યાં સોનને મળ્યો હતો તેવી જગ્યા જોતાં તેને સોનની યાદ સતાવતી રહેશે - અને એવી જગ્યાતો છાત્રાલયમાં રહેવાથી વીરાની નજરો આગળ જ હતી. - સ્કૂલનો પ્રાર્થનાખંડ, છાત્રાલયની પાછળ પડતું મેદાન, સ્કૂલનો બગીચો અને એ બગીચામાં રહેલું પેલું બોરસલ્લીનું વૃક્ષ....! છાત્રાલયની પાછળ થઈને જતો રસ્તો-જ્યાં થઈને તેઓ દૂર આવેલા રમણીય તળાવને કિનારે મળવા જતા-! બધી જ જગ્યાઓ આંખો આગળ જ ફર્યા કરતી, તેથી હવે વિતાવેલા દિવસોની યાદ છુપાવવા..... ત્યજવા માટે વીરાને હવે આ સ્થળ છોડવું પડે તેમ હતું..... અને કદાચ જો વીરો અહીં જ રહેશે તો જ્યારે સ્કૂલ ખૂલે અને પ્રાર્થનામાં મીઠા-મધુરા ગીત ગાતી સોનની જગ્યા ખાલી જોશે તો વીરાથી તે શેં સહન થઈ શકશે?- તેના કરતાં તે આ ગામ-આ છાત્રાલય-આ સ્કૂલ-જે તેની સોનની પ્રીતના પ્રતિક હતા-તે બધું જ છોડી વતન ચાલ્યો જાય એ જ ઠીક રહેશે....'

અને વીરો તળશીની રજા લઈ ગામમાં છેલ્લી નજર નાંખી છાત્રાલય છોડ્યું...... તળશી પણ ત્યારે દિલગીર થઈ ગયો હતો.... તેની આંખમાં આંસુ હતાં...... હવે આવો દિલોજાન દોસ્ત ફરી ક્યારે મળશે? વીરો તળશીને ભેટી પડ્યો હતો.... અને પછી કઠણ કાળજે તેને વેગળો કર્યો હતો......

'અરે! શા વિચારે ચઢી ગયા? તમે ચૂપ કેમ થઈ ગયા?' યુવતીના અવાજથી વીરો ચમક્યો!.... ત્યારે તેની આંખો ભીની થઈ ગઈ હતી. યુવતી જોઈ ના જાય એ રીતે તેણે આંખો લૂછી નાંખી..... પરંતુ યુવતીની નજરથી તે છુપાયું નહીં પરંતુ તેણે પૂછવાનું મુનાસીબ ના માન્યું.

વીરો સ્વસ્થ થઈ ગયો. અને જે પૂછવા માટે તેનું મન ક્યારનું યે અધીરૂં બન્યું હતું એ પૂછી જ નાંખ્યું : 'આપનું શુભનામ તો મને કહ્યું જ નહીં.....!'

'તમે પૂછવાની તસ્દી લીધી?' પાછળ જોયા વિના ડ્રાઈવિંગ કરતી યુવતીએ કહ્યું.

'સૉરી. પણ હવે તો પૂછયું ને? શું નામ આપનું?'

'સોનલ....!'

'સોન-લ!' વીરાનું મોં પહોળું થઈ ગયું. તેના ચહેરા પર આશ્ચર્યનો ભાવ ઉપસી આવ્યો. તેને આશ્ચર્ય ચકિત થયેલો જોઈ સોનલે અરીસામાં જોઈને જ પૂછયું : 'એમાં... એટલું બધુ આશ્ચર્ય પામવા જેવું શું છે? કેમ, નામ પસંદ ના પડ્યું....?'

'ના.... ના. એવું નથી.... નામ તો ઘણું સુંદર છે.' વીરો ગેંગેંફેંફેં થઈ ગયો. યુવતી ક્યાંક અવળો અર્થ કરી ન બેસે-!

અને વીરો શાંત થઈ ગયો. તેને આગળ કંઈ બોલવાનું પણ ના સૂઝયું.- 'સોનલ' નામે તેને

વિચાર કરતો કરી મૂક્યો.

એક તો પરિચિત લાગતો ચહેરો.... પરિચિત લાગતો મીઠો-મધુરો અવાજ! અને પરિચિત લાગી તેવું નામ-સોનલ.....! વિચારતો રહ્યો વીરો..... સોનને બદલે સોનલ! : બે અક્ષરની પાછળ ફક્ત એક અક્ષરનું પૂંછડું વધાર્યું હતું. અને તેથી જ તો વીરાએ તે નામ ઉચ્ચારતાં- 'લ'ને અળગો રાખ્યો હતો..... કદાચ આ જ સોન હોય તો? - વિચાર આવતાં જ વીરો આનંદી ઊઠ્યો, પણ....?- આ સોન નથી પણ સોનલ છે-ખ્યાલ આવતાં વળી પાછો તેનો ચહેરો ઊદાસિનતાના ગર્ભમાં ડૂબી ગયો.

-આવા મળતા આવતા તો ઘણા ચહેરાહોય છે તેથી સોનને મળતી આવતી કોઈ પણ યુવતી સોન ન હોઈ શકે....!

વીરો વળી પાછો સોનના ચહેરાને યાદ કરતો આંખો મીંચી બેસી રહ્યો, જુદા જુદા પ્રસંગોએ મળેલી સોનને જુદા જુદા સ્વરૂપમાં જોતો રહ્યો.

સોનની અણિયાળી આંખો...; એ નમણું નાક; તેના ગોરા ગોરા ગુલાબી ગાલ.... એ જ હંમેશાં હસતા રહેતા હોઠ; પ્રફુલ્લિત ચહેરો... માથાના વાળના બે ચોટલા; અને તેની જમણી બાજુના ચોટલાની ઉપરના ભાગે-વીરાએ આપેલું હંમેશાં ખોસેલું રહેતું એ 'ગુલાબનું ફુલ....!'

વીરો વિચારતો રહ્યો- 'ગુલાબનું ફુલ'-યાદ આવતાં તેને એક વખત સોનની સાથે બનેલો પ્રસંગ યાદ આવી ગયો.

બન્યું હતું એવું કે -

એ દિવસે સોનના માથામાં ગુલાબનું ફૂલ ખોસેલું ન હતું. વીરાની નજર ત્યાં ગઈ તો તે જરા વિચારમાં પડી ગયો! એ, સવારમાં વીરાને સોન કંઈક જુદી જ લાગી.... તેને એમ હતું કે - ઉતાવળમાં ભૂલી ગઈ હશે.... પણ ના, વાળ તો તેણે વ્યવસ્થિત જ ઓળ્યા હતા.... એમ તો સોન રોજ વહેલી જ ઊઠતી હતી, અને તેથી તે વ્યવસ્થિત જ રહેતી, કોઈ પણ કામ તે ભૂલતી નહીં.... તો આજે એ 'ગુલાબનું ફૂલ' માથાના વાળમાં ખોસવાનું કેમ ભૂલી ગઈ?.... કે પછી - તે ઈરાદાપૂર્વક જ ભૂલી ગઈ હશે?

વીરો અને સિંગલ મોટી વિશ્રાન્તિમાં જ્યારે સ્કૂલના બગીચા તરફ નીકળ્યા.... તો સોન અને કીર્તિ પણ તેમની પાછળ પાછળ આવ્યા.... વીરાને એ ગમ્યું. સોન નજીક આવતાં જ વીરો પૂછી બેઠો હતો : 'કેમ સો...? આજે મુડમાં નથી કે શું?'

'કેમ? મારો મૂડ હોય કે ના હોય.... તમને મારા મૂડની પડી છે?' સોન ઈંટનો જવાબ પથ્થરથી આપતાં ટહુકી.

'સૉરી મેમસા'બ! ભૂલ થઈ ગઈ.... માફ કરી દો પણ, આજે તાર માથામાં ગુલાબનું ફૂલ ન જોતાં મને એવું લાગ્યું. અને એટલે જ પૂછું છું-આજે તારા કેશમાંથી ગુલાબનું ફુલ ક્યાં અદશ્ય થઈ ગયું?'

'અચ્છા! તો, ગુલાબના ફુલની તમને ચિંતા છે બરાબરને? પણ ભાઈસા'બ જરા આગળ તો વિચારો કે રોજ ગુલાબનું ફુલ કોણ આપી જાય છે.....?'

હવે વીરાને ખ્યાલ આવ્યો કે તે આજે મોડો ઊઠ્યો હોવાથી ગુલાબનું ફુલ આપવા જઈ શક્યો નહોતો, એટલે સોન ગુલાબ ક્યાંથી ખોસી લાવે....?....- 'સૉરી સોન .... આજે હું મોડો ઊઠ્યો હતો, તળશીએ મને જગાડ્યો ત્યારે તો જમવાનો ટાઈમ થઈ ગયો હતો-પૂછી જો તળશીને..... કેમ તળશી?'- કહેતો વીરો તળશી તરફ ફર્યો તો!.... તળશી ગુમ, સાથે કીર્તિ પણ અલોપ!!!

વીરો ચૂપ થઈ ગયો-ત્યારે સોને મારકણી નજર નાંખીને તેનો હઠ વ્યક્ત કર્યો :

'જુઓ વીરું....! હું જાણી બૂઝીને જ ગુલાબનું ફૂલ લાવી નથી..... તમારા હાથે આપેલું ગુલાબ જ હું મારા કેશમાં ખોસીશ-તે સિવાય મારા વાળ એમ જ ગુલાબ સિવાય જ ગૂંથાશે.... સમજ્યા?'

'પણ પગલી! સંજોગોવશાત્ કદાચ આપણે જુદા પડી જઈએ તો-?

તરત જ સોને વીરાના મોં પર હાથ દાબી તેને બોલતો અટકાવી દીધો.'

'એવું ના બોલો વીરું! આપણે ક્યારેય જુદા નહીં પડીએ... અને કદાચ સંજોગોને વશ થવું પડે તો..... અને જુદા પડીશું-તો હું તમારી વાટ જોઈશ, જ્યાં સુધી તમે તમારા હાથે મને 'ગુલાબનું ફૂલ' નહીં આપો..... હું તેનાથી વેગળી જ રહીશ...'

વીરાએ લાગણીના આવેશમાં આવી સોનના હોઠોને તસતસતું ચુંબન ચોડી દીધું હતું.

વીરાની આંખો ભીની હતી... તેને સોનના પાગલપન ઉપર કુરબાન થઈ જવાનું મન થયું; હવે પછી એવું નહીં બને સોન....! આજથી રોજ હું તને 'ગુલાબનું ફૂલ આપવા આવીશ.'

અને ત્યાર બાદ જ્યાં સુધી સોન તેને મળતી રહી... વીરો ગુલાબના ફૂલની ભેટ ધરતો રહ્યો.

અચાનક વીરો વાસ્તવિક દુનિયામાં પટકાયો. સોનલે એક જોરદાર બ્રેક મારી ગાડીને ટર્ન આપ્યો હતો અને બ્રેક વાગવાથી વીરો છેક યુવતીના કેશ સુધી ઢળી પડ્યો.... અંદરથી આવતી તેલની સુગંધનો અનુભવ થયો અને તરત જ એક બાજુ નમી ગયો-કારણ કે તરત જ ગાડીએ ટર્ન લીધો હતો.

વીરો સ્વસ્થ થવા લાગ્યો.

ત્યાં ગાડી એક આલીશાન બંગલા આગળ આવીને થોભી ગઈ.

વીરાએ બહાર નજર કરી.

સામે એક નાનો બંગલો હતો.... તેની ચારે તરફ શાંતિનું વાતાવરણ હતું- બંગલાનો લીલો કલર પણ શાંતિનો ઉપદેશ આપતો હતો, બંગલાની ચો-તરફ ગાર્ડન હતું.... ગાર્ડનને આવરી લેતું ખા...સ્સું મોટું કમ્પાઉન્ડ હતું.

વીરો સ્તબ્ધ થઈ ગયો.

સોનલ બહાર નીકળી : 'ચાલો.... નીચે ઊતરો, તમારા લંગોટિયા મિત્રનું ઘર આવી ગયું.'

અને વીરો યંત્રવત્ બહાર નીકળ્યો.

## પ્રકરણ : ૯

સૂરજ પશ્ચિમાકાશ તરફ ઢળી ગયો હતો. ધીરે ધીરે સૂરજના આથમતા દૃશ્યમાં વચ્ચે વાદળો વિક્ષેપ પાડતા હતા.... તેનાથી સૂરજનાં કિરણો ચોખ્ખાં નજરે ચઢતા હતા. આકાશમાં કોઇ કોઇ વાદળ સ્થિર ઊભા ઊભા આથમતા સૂરજને ચીડવતા હતા.

તેવા સમયે પોતાના બંગલાના કંપાઉન્ડમાં ફુલ સ્પીડે પ્રવેશેલી લાલ કારને જોતાં સુભાન થોડો અચંબો પામ્યો કોણ હશે?-ની દ્વિધામાં પડેલા સુભાને કારમાંથી સોનલને નીકળતી જોઇ....

'હલ્લો સોનલ.....!'

'હલ્લો સુભાનભાઇ! હાઉ આર યુ?'

'સારૂ છે.... કેમ અત્યારે? આ તરફ....!

'હું આજે તમારી ડુપ્લીકેટ કોપી લાવી છું..... બીજો સુભાન!''

'બીજો સુભાન....!!!' સોનલની વાત સમજમાં ન આવતાં સુભાને આશ્ચર્યથી તેના તરફ જોઇ પૂછ્યું.

'હા.-જુઓ કારની પાછળ....' સોનલે વીરા તરફ આંગળી ચીંધીને બતાવતાં કહ્યું : 'પૂરો.... સુભાન છે.'

સુભાને વીરાને કારની પાછળની સીટમાંથી બહાર નીકળતાં જોયો અને તેના આશ્ચર્ય અને આનંદનો પાર ના રહ્યો.....

'અરે....!!! વીરા તું? મારા દોસ્ત....!' કહેતો સુભાન વીરા તરફ આગળ વધ્યો. વીરો તેની નજીક જતાં જ સુભાન ભેટી પડ્યો. સોનલ આ લંગોટિયા મિત્રનું મિલન જોતાં આનંદી ઊઠી.

'દોસ્ત વીરા! તેં મને ટપાલથી કે ગમે તે રીતે ખબર આપી હોત તો હું જાતે જ તને લેવા આવત.... તને કંઇ મુશ્કેલી તો નથી પડી ને....?'

વચ્ચે જ સોનલ ટપકીઃ 'ભાઇસાહેબ તો જબરી મુશ્કેલીમાં હતા. ઊભા ઊભા વિચારો કરતા હતા. એટલા ગભરાઇ ગયા હતા કે - મારે તેમને સાથે જ લાવવા પડ્યા....' સોનલ એટલું કહી ખડખડાટ હસવા લાગી....

સોનલને હસતી જોઇ વીરો ચીડાયો. પણ શું કરે? તેનો ઉપકાર હતો. અને તેથી જ તો અહીં સુભાનની સામે ઊભો હતો ને?.... નહીંતર હજુ પણ 'બોમ્બે સેન્ટ્રલ' આગળ આંટા મારતો હોત....! તેણે વાત બદલી :

'પણ યાર! મારે અચાનક તૈયાર થવું પડ્યું, મારી ઇચ્છા વધતી જતી હતી, એટલે મારા મનથી જ તૈયાર થયો.... અને મારા મનમાં એમ હતું કે, મુંબઇ જેવા શહેરમાં પણ હું મારા દોસ્તને ઓળખી કાઢીશ.... સરનામે-સરનામે તારા બંગલા સુધી પહોંચી શકીશ; પણ મારી એ આશા ઠગારી નીવડી.... પણ આ સોનલબહેને મને સહારો આપ્યો અને આપણને ભેગા કર્યા.... નહીંતર કદાચ અત્યારે હું ક્યાંય હોત....'

'શું કહ્યું? .... સોનલબહેન?' સોનલને વીરો સોનલબહેન કહીને સંબોધે તે તેને ન ગમ્યું....

તેથી તે આંખો કાઢીને બોલી. સોનલને રીસાતી જાણી સુભાને તેને સમજાવવાના બહાના હેઠળ કહ્યું; ‘કેમ સોનલ....! શું થયું?’- પછી તરત ખ્યાલ આવતાં ઉમેર્યું; ‘સોનલ! મારો દોસ્ત તો - ફઈબાએ કહ્યું ત્યાં રાત રોકાવું - એમાંનો છે.... એટલે એ એકદમ મર્યાદા વટાવે તેવો નથી.....’

ત્રણેય સુભાનની વાક્છટાથી હસી પડ્યા. તેમ છતાં સોનલને વીરાના મુખેથી નીકળેલો શબ્દ ન ગમ્યો અને તે ‘ગુડ-બાય’ કહીને કાર તરફ દોડી,પણ તરત જ સુભાને તેને રોકવા કહ્યું : ‘પણ સોનલ! તારી ભાભીને તો મળતી જા...!’

‘અત્યારે નહીં.... ફરી મળીશ’- કહીને સોનલ કારનો દરવાજો ખોલી અંદર બેસવા જ જતી હતી ત્યાં મંજુલાભાભી આવી ગયાં.

‘કેમ સોનલબેન? અમારા લાડલા દિયર પર આટલો બધો ગુસ્સો કેમ કરો છો?’- જાણે કે ઠપકો આપતા હોય તેવું મુખ કરીને મંજુલાભાભીએ કહ્યું.... તેઓ મરક મરક હસતા હતાં.

‘કેમ ભાભી એવું બોલો છો’- સોનલ કારમાં બેસતાં બેસતાં ઊભી થઈ બહાર નીકળી, ત્યાં સુધી મંજુલા તેની નજીક પહોંચી ગયા હતા, મંજુલાભાભીના મુખેથી નીકળેલો શબ્દ ‘લાડલા દિયર’થી વીરો જરા સંકોચાયો ક્યાંક ગોટાળો થઈ ગયો લાગે છે-વિચારતો રહ્યો વીરો. સોનલ કારના ખુલ્લા દરવાજાને અઢેલીને ઊભી રહી હતી.

‘હજુ તો વીરાભાઈ હમણાંજ આવ્યા છે અને તમે આમ તત્કાળ રિસાઈ જાવ એ નહીં ચાલે.... મારા લાડલા દિયરનું દિલ દૂભાવવાથી તમને શો ફાયદો થવાનો છે?.... ચાલો... ચા-નાસ્તો કરીને ઝઘડો પતાવો.... ચાલો... પ્લીઝ!’

મંજુલાભાભીનો આગ્રહ ચાલુ રહ્યો એટલે સોનલને ના છૂટકે પણ રોકાવું પડ્યું. બંને બંગલા તરફ ચાલ્યા.

સોનલે એક દૃષ્ટિ વીરા તરફ નાંખી તો તે નફ્ફટપણે બીજી તરફ જોઈ ગયો. અને સુભાનની સાથે વાતોએ વળગ્યો. ચા-નાસ્તાની ખેંચતાણ બંને નણંદ-ભોજાઈ કરતી હતી ત્યારે વીરાને પરાણે ચા પીવાનો આગ્રહ કરતી સોન યાદ આવી-,

- કેટલા પ્રેમથી મારા માટે ચા બનાવી લાવી હતી? અને હું- મુરખો તેના ઉત્સાહને ઠોકરો મારતો રહ્યો, ત્યારે કેટલી નિરાશ બની ગઈ હતી તે...? અને બીજા દિવસે તો વળી કૉફી લઈને આવી હતી....! કેટલી મળતાવડી હતી મારી સોન....! અને આ સોનલ...!

વીરાને સોનલ નફ્ફટ અને સ્વચ્છંદી લાગી પણ સોનલની નફ્ફટાઈનું કારણ વીરો ક્યાં જાણતો હતો?.... અને જાણતો હોત તો-?

નોકરને ચા-નાસ્તાની સુચના આપી મંજુલાભાભીએ બગીચાના ઝીણા ઘાસ પર ગોઠવેલી ચાર ખુરશીઓ અને તેની વચ્ચે ટેબલ ગોઠવેલું હતું - ત્યાં સોનલને લઈ ગયા.

એક તરફ વીરો અને સુભાન.

એક તરફ મંજુલા અને સોનલ.

વીરો હજુ ગામડિયા સ્વભાવનો હતો. તેથી તેને આ શહેરી લોકો સાથે બેસવામાં સંકોચ થતો હતો. સામે બેઠેલા મંજુલા તથા સોનલ તરફ નજર સુદ્ધાં નાંખ્યા વિના ટેબલ પર હાથ ટેકવી કોઈ ગહન વિચારમાં ડૂબી ગયો હોય તેમ વીરો ચૂપચાપ બેઠો હોત.

કુદરતને ખોળે ઉછરેલી વનરાજી જેવો આ કૃત્રિમ બગીચો પણ રમ્ય લાગતો હતો. શિયાળો હોવા છતાં અહીં ખાસ ઠંડી નહોતી.... સૂરજ તો ક્યારનોયે બિલ્ડિંગો પાછળ ગરકાવ થઈ ગયો હતો.... આકાશ તરફ ઊંચી ઊંચી બિલ્ડિંગો જ નજરે ચઢતી હતી. કોઈ એકલ-દોકલ વાદળ રખડતું નજરે પડતું હતું.

મુંબઈ શહેરમાં વસ્તી ગીચ હતી - 'રોટલો મળે પણ ઓટલો ન મળે' - એવી સ્થિતિ આ મુંબઈગરાંની હતી. પણ સુભાનનો બંગલો કંઈક મુક્તપણે બનાવાયેલ હતો..... બંગલો એક મોટા કંપાઉન્ડની અંદર હતો - ફક્ત એકજ બંગલો, અને તેની ત્રણેય બાજુ પર લીલોછમ બાગ હતો. મહેંદીના ઝૂંડને કારીગરીથી કાપી પશુ - પક્ષીઓના આકાર બનાવવામાં આવ્યા હતા.

વીરાને મજા આવી ગઈ.... આવો બંગલો જોઈ થોડી શાંતિ થઈ.... 'ચલો, એક રીતે તો અહીં રહેવામાં વાંધો નથી.' બંગાલની પાછળના ભાગમાં ઊંચા આસોપાલવનાં વૃક્ષો શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતાં.... તેથી તે દૃશ્ય વીરાને ખૂબ ગમ્યું.

શિયાળાનો પવન હુંફાળો પરંતુ ઠંડો ફૂંકાતો હતો. થોડી હુંફાળી ઠંડી વર્તાતી હતી. અને નોકરે લાવેલા ચા-નાસ્તાથી એ ઠંડી પણ નાસી ગઈ.

ચારેય જણાંએ ચા-નાસ્તાને ન્યાય આપ્યો.

પહેલાં તો વીરો સંકોચાયો.... તેને ખૂબ ભૂખ લાગી હતી - જ્યારે સામે મંજુલા અને સોનલ હતાં.... તેને જરા શરમ લાગી.... પણ પછી- 'શરમ રાખવાથી તો ભૂખે મરશે' - માનીને તેણે શરમ છેવાડે મૂકી અને ચા-નાસ્તા ઉપર તૂટી પડ્યો.... વાંધો તો નહોતો - પોતાના દોસ્તનું ઘર હતું...

વીરાની આ ચેષ્ટાને સોનલ વિસ્ફારિત નેત્રે જોઈ રહી. મનોમન હાસ્ય રેલાવતી રહી.... તેને ખડખડાટ હસવાનું મન થયું પણ..... વીરો ભૂખ્યો રહેશે - એમ માની હાસ્યને ખાળ્યું.

ફક્ત ઔપચારિક વાતો જ થઈ.

ચા - નાસ્તાનો કાર્યક્રમ પૂરો થયો એટલે સોનલ ઊભી થઈ અને જવા માટે રજા માગી :

'ગુડ બાય - મંજુલાભાભી.'

'હા. અને ફરી પાછા આવજો....!' કહી મંજુલાભાભી તેને કાર સુધી મૂકવા ગયા. ટેક્ષીમાં બેઠા પછી સોનલ એકાએક હસી એટલે મંજુલાભાભી પણ હસ્યાં.

'મંજુલાભાભી....! તમારો મસ્કો મારવાનો મર્મ હું સમજી નહીં'- સોનલે હસતાં જ પૂછ્યું.

'કેવો મસ્કો?' મંજુલાએ અજાણ રહેવાનો ડોળ કરતાં સામો પ્રશ્ન પૂછયો.

'ભાભી! તમો બનાવટ રહેવા દો.... તમે કંઈક છુપાવતાં હોવા જોઈએ.'

'શું છુપાવતાં હોવા જોઈએ?... હું? - મંજુલાએ સોનલના જ ઢોંગમાં સામો પ્રશ્ન કરી જવાબ આપ્યો. એટલે સોનલ મૂંઝાણી તેણે પૂછવાનું માંડી વાળ્યું :'

'સારું ભાભી.... પછી પૂછીશ.... જવાબ આપશોને?' સોનલે નિરાશાથી મંજુલા સામું જોયું. મંજુલાને સોનલ પર દયા આવી - આ નાજુક છોકરીને ક્યાં સુધી તડપાવીશ....? સોનલને નિરાશ થતી જોઇ તેમણે આશ્વાસન આપ્યું:

'સોનલબહેન! તમને નિરાશ કરવામાં મને આનંદ થતો નથી પણ - હજુ સમય પાક્યો નથી.... અને જ્યારે સમય પાકશે ત્યારે તમારા પૂછયા વગર જ હું સામે ચાલીને કહેવા આવીશ, .... શાંતિ રાખજો. અત્યારે તો તમે અમારા શેઠની દીકરી કહેવાઓ .... એટલે અમારે થોડી મર્યાદા રાખવી પડે!'

'એ શું બોલ્યા ભાભી? જો એમ જ હોત તો તમારી સાથે ભાઇ-ભાભીનો સંબંધ જ ના રાખત.' સોનલના દિલમાં દિલગીરી પ્રવેશી.

'સારું ત્યારે! જ્યારે સમય પાકશે ત્યારે જરૂર ફોડ પાડીશું.....' કહીને મંજુલાએ કારનું બારણું બંધ કરી દીધું.

એક નજર વીરા ઉપર નાંખી એક જોરદાર ટર્ન લગાવી સોનલે કાર ગેટ બહાર કાઢી.... આશા - નિરાશા વચ્ચે ઝોલા ખાતી સોનલ પૂરબહારમાં કાર ચલાવતી નીકળી ગઇ....

અને વીરાના દિલમાં કંઇક ઊણપ વર્તાઇ.

એ ક્યારનોયે સોનલ અને મંજુલાભાભીની વાતચીત તરફ બેધ્યાનપણે સાંભળી રહ્યો હતો. અને સમજવા પ્રયત્ન કરી રહ્યો હતો..... પરંતુ જ્યારે લાલ કાર દરવાજા બહાર નીકળી ગઇ ત્યારે તે પોતાનું કંઇક ખોઇ રહ્યો હોય તેવો અનુભવ થયો. તેના આખા શરીરમાં એક વીજળી દોડી ગઇ..... તે વીજળી કેટલી શક્તિશાળી છે તેનો આધાર વીરાના દિમાગને કેટલી અસર કરે છે તેના ઉપર હતો. પરંતુ, હજુએ તેના સ્મૃતિપટ પર વીજળી કંઇ જ અસર ન કરી શકી.

અંધકાર છવાવા લાગ્યો.... મુંબઇ શહેરની સ્ટ્રીટ લાઇટો ચાલુ થઇ - અજબ લાગતું હતું આ શહેર!.... દિવસ કરતાં રાત્રે તેનામાં જીવ આવતો હતો.... સુભાનના બંગલાની અંદર અને બહાર લાઇટ ચાલુ થઇ.... બગીચામાં સળગતી વીજળીથી સુંદર દશ્ય ઉત્પન્ન થતું હતું......

અને વીરો! તેને લાગેલા એ વીજળીના આંચકાના જોરે સોનલ પાછળ - વિચારોના વમળોમાં અટવાઇ પડ્યો.... સુભાન પણ વીરાને વિચારોમાં ખોવાયેલો જોઇ - 'થોડું કામ છે' - કહીને બહાર નીકળી ગયો.

પૂરબહારમાં કાર લઇ નીકળી તો ગઇ પણ પછી સોનલની ગમગીનીનો પાર ના રહ્યો.... આખા રસ્તે વિચારતી જ રહી.

જેને સાથે જીવવા - મરવાના કોલ દીધા હતા, જેની અત્યાર સુધી પૂજા કરતી રહી એ પ્રિયતમ વીરાને સોનલ પહેલાં તો ઓળખી ન શકી..... કેટલું ગજું કરી ગયો હતો વીરો!.... પછી ક્યાંથી ઓળખી શકાય? - પણ જ્યારે તેના મુખેથી નામ સાંભળ્યું ત્યારે તો સોનલ એટલી બધી ખુશ થઇ ઊઠી હતી કે -

પણ તેણે પોતાની ઓળખાણ ન આપી, અને નવું નામ કહીને વીરાને દ્વિધામાં નાખી દીધો

હતો, - શા માટે?.... આ વીરો તેનો પ્રિયતમ નથી એવો તેને વહેમ હતો?- ના, એવું તો નહોતું - તો પછી શા માટે તે વીરાને કહી ના શકી?.... : 'વહાલા વીરા! હું જ તો તારી સોન છું સોન.... તારી પ્રિયા....!' - પરંતુ સોનલ તેમ ન કરી શકી.

હા! વર્ષો પછી તેનો પ્રિયતમ તેની સામે આવ્યો હતો, પણ કેવા સમયે?

સોનલ વિચારતી જ રહી અને બંગલો આવી ગયો.... તેણે ત્યારે જ ખ્યાલ આવ્યો કે મમ્મી - પપ્પા તો ક્યારનાય ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ ગયા હતા, પણ તેઓ સોનલના આવવાની વાટ જોતા બેઠા હતા.... કારણ કે, દિવસે તો નક્કી નહીં પણ સાંજનું ખાણું તો તેઓ ત્રણેય જણા સાથે જ લેતા..... રોજનો આ ક્રમ હતો.

કારમાંથી ઊતરી સોનલ તેના કમરામાં જઈને વ્યવસ્થિત થઈ બહાર આવી. ડ્રાયવરે કાર પાર્ક કરી દીધી હતી. ડાઈનિંગરૂમમાં જોયું તો! ખરે જ, મમ્મી - પપ્પા તેની કાગડોળે વાટ જોઈ રહ્યા હતા.

'દીકરી સોન....! કેમ આજે મોડું થયું બેટા?' સોનલની મમ્મી તેને જૂના નામથી જ બોલાવતાં હતાં,.... અને આજે મમ્મીના મુખેથી નીકળેલું એ જૂનું નામ સોનલને મીઠું - મધ જેવું લાગ્યું.

'કહું છું મમ્મી....!' કહેતી સોનલ તેમની પાસેની ખુરશીમાં ગોઠવાઈ.

આખા દિવસમાં ત્રણેયના જીવનમાં કે જીવન બહાર જે કાંઈ બન્યું હોય તે સાંજના જમણ વખતે પોતપોતાના રિપોર્ટ રજૂ કરતા....

સોનલને આજે ભૂખ નહોતી... વર્ષો જૂના પ્રિયતમને જોઈને તેની ભૂખ જ મરી ગઈ હતી બલ્કે તેના પ્રિયતમને જોવાની ભૂખ ઊઘડી હતી.

ભૂખ ન હોવા છતાંય મમ્મી- પપ્પાને જમવામાં સાથ આપવા ખાતર જ જમવા લાગી.... જમતાં જમતાં પણ સોનલ વીરાના વિચારે ચઢી ગઈ.... તે વિચારધારા મમ્મીના ફરી પૂછાયેલા પ્રશ્નથી તૂટી :

'આજે ચૂપ કેમ બેઠી છે સોન....?'

રોજ તો સોનલ જમતીવેળાએ ઘણું બધું બોલી નાંખતી હતી અને મમ્મી - પપ્પાને તો તે બોલવાનો ચાન્સ જ નહોતી આપતી.... રોજ રોજ કોલેજમાં બનતા પ્રસંગો, તે હોંશે હોંશે કહી દેતી.... કોઈ વળી દિવાનો બની સોનલની છેડતી કરતો તો તેને કેવો જવાબ પરખાવી દેતી - તે પણ નિઃસંકોચ કહી દેતી.... કોઈક વાર કોઈ મજનું માટે પગના સેંન્ડલને પણ તસ્દી આપવી પડતી તે પણ કહેતી.... અને ત્યારે તો એ ખૂબ જ હસતી, એટલું હસતી કે - તેની આંખોમાં પાણી ધસી આવતાં.

એવી ચપળ અને બોલકણી સોનલને આજે ,ચૂપ બેઠેલી જોઈ તેની મમ્મીએ પૂછયું હતું ; 'અરે! તેં એ તો કહ્યું નહીં - આજે મોડું કેમ થયું?'

અને સોનલ ઝબકીને વિચાર તંદ્રામાંથી બહાર આવી, પછી તેની સ્થિતિ મમ્મી - પપ્પા પારખી તો નથી ગયા ને? તે જાણવા મમ્મી - પપ્પાના ચહેરા પર નજર ફેરવી જોઈ, પછી એવું કંઈ ન

લાગતાં તેણે વાતની શરૂઆત કરી :

'આજે સુભાનના ગામેથી તેમના દોસ્ત મહેમાન બન્યા છે. - અતિથિ! સુભાનને જાણ કર્યા વિના જ એ ભાઈસાહેબ મુંબઈ સેન્ટ્રલ પર ઊતરી પડ્યા હતા.... પછી સલવાઈ ગયા, પણ! મારી કારને સુભાનની કાર માની એ તો કારને અઢેલી ઊભા હતા.... સુભાનને બદલે મને જોઈને એ તો ગભરાઈ જ ગયા.... પણ પછી મને 'સુભાનને ઘેર જવું છે.' - એવું કહ્યું એટલે હું તેમને લઈ સુભાનને ત્યાં મૂકી આવી... મંજુલાભાભીનો આગ્રહ થતાં મારે ત્યાં ચા - નાસ્તો કરવા રોકાવું પડ્યું....!' સોનલ અટકી અને મમ્મી - પપ્પા સામું જોવા લાગી,

'તો એમને અહીં તેડી લાવવા જોઈએ ને તારે? સુભાનના મહેમાન એ આપણા પણ....!'તેની મમ્મીએ સુચન કર્યું.

ત્યારે જ સોનલને ભાન થયું કે ભલે તે પોતાની ઓળખાણ જાતે ન આપી શકી... પણ સુભાનભાઈ દ્વારા જો તેણે આગ્રહ કર્યો હોત અને વીરાને અહીં લાવી હોત તો.....? વીરો કેટલો ખુશ થાત....! જૂની ઓળખાણ તાજી થતાં વીરો આનંદનો માર્યો ઊછળી જ પડત.... પણ હવે પસ્તાવા સિવાય શું રહ્યું?

અને જમી રહ્યા બાદા સોનલ તેના રૂમમાં જઈ પલંગમાં આડી પડી....! વિચારવા લાગી.

તેનું હૃદય આનંદમાં ઝૂમી ઊઠ્યું હતું.... તેનો પ્રાણપ્યારો પ્રિયતમ સાવ નજીક આવી ગયો હતો..... પ્રીતના સમાઈ ગયેલા ફણગા ફરી ફૂટ્યા..... સોનલ વીરાના વિચારે ચઢી.

હું યે મુરખી કેવી? - મને તેણે નામ પૂછયું તો કહી દીધું- 'સોનલ!' - પછી એ યે ક્યાંથી ઓળખે....? એના કરતાં 'સોન' જ કહ્યું હોત તો વીરો કેટલો ખુશ થઈ જાત....?..... ખુશીનો માર્યો મને વળગી પડત અને.... પછી કહેત - 'અરે! સોન....! તું તો ખૂબ મોટી થઈ ગઈ...! તારું રૂપ તો ઓર ફાલ્યું છે.... બસ ! એક વખત તારા આ માદક હોઠને -' અને તેનો જવાબ તે કેવો આપવાની હતી? - 'તમે તો સાવ નફ્ફટ જ રહ્યા.... લુચ્ચા કહીંકા.'

સોનલ પલંગમાં પડી પડી હસતી હતી તો કેટલીક વખત ગંભીર થઈ જતી હતી.

વીરાના સ્વભાવમાં આભ-જમીનનો ફર્ક પડી ગયો છે.... જો ને ! પહેલાં તો કેવો હસમુખો અને વાચાળ હતો....? .... અને આજે?..... તેના ચહેરા ઉપર ઉદાસીનતા અને ભારે ભદ્ર્ ગંભીરતાના ચિહ્નો નજરે પડે છે.... પેલાં મશ્કરી અને ઉત્સાહના ચિહ્નો ક્યાં અદશ્ય થઈ ગયાં....

જ્યારે મારૂં નામ સાંભળ્યું ત્યારે કેવો આશ્ચર્ય પામ્યો હતો?.... તેને શંકા ગઈ હશે કે આ જ મારી સોન છે? - કદાચ તેના મનમાં એવો ખ્યાલ આવ્યો હશે અને એટલે જ તો એ મારો ચહેરો અરીસામાં વારેવારે જોઈને કોઈ ઊંડા ભેદ ઉકેલવા મથતો હતો.... એક વખત તો મારા માથાના કેશ તરફ એકધારી નજરે જોઈ રહ્યો હતો.... શું જોતો હશે? હા... તેને એમ હશે કે કદાચ આ સોન હશે તો તેના માથામાં ગુલાબનું ફૂલ હોવું જોઈએ. પછી ગુલાબ ન જોતાં કેવો નિરાશ થઈ ગયો હતો....? - પણ એને ક્યાંથી ખબર કે જ્યારથી તેના હાથનું ગુલાબ બંધ થયું ત્યારથી આજ સુધી ક્યારેય ગુલાબનું ફૂલ માથામાં ખોસ્યું નથી.....! - અને એ પણ શંકા ગઈ હશે કે એનું નામ 'વીરો' છે એવું જાણી - જો

આ સોન હશે તો જરૂર પૂછશે.... પણ મેં જ મુઈએ એને અજાણ રાખ્યો.

સોનલ મનોમન તેના સ્વભાવને ઠપકો આપવા લાગી. વળી પાછી સોનલને ચિંતા થવા લાગી...- કદાચ વીરાએ બીજી કોઈ છોકરીને તેની પ્રેયસી બનાવી હશે તો?.... ના..... ના, એવો વિચાર પણ વીરો ન કરી.... એને હું બરાબર ઓળખું છે..... અને કદાચ જો એવું હશે તો હું આજીવન કુંવારી રહીશ..... ક્યાંક નફરતનું વિષ ફરી વળશે તો આપઘાત કરી જીવન ટૂંકાવી નાંખીશ.... પણ,મારા જીવનમાં જો કોઈ પુરૂષનો સાથ હશે તો તે વીરાનો જ હાથ..... તેના સિવાયનું મારું જીવન નિરસ થઈ જશે.... મારે વહેલી તકે તેને ઓળખાણ કરાવવી પડશે.... નહીંતર એ પાછો ક્યાંક-!

સોનલ ઊભી થઈ અને તેના 'રીડીંગરૂમ'માં ગઈ..... એક તિજોરીને ચાવી લગાડી ખોલી અને અંદરથી એક નોટબુક કાઢી. જેમાં વીરાના હાથે જ લખેલા 'પ્રેમપત્રો'હતા.

વીરાના હાથે મરોડદાર અક્ષરોમાં લખાયેલા 'પ્રેમપત્રો' એક પછી એક સોનલ વાંચતી ગઈ..... તો પણ જાણે ધરાતી નહોતી.... ભાવભીની આંખોએ તે પત્રો વાંચતી ગઈ - કોઈ પત્રમાં ભાવભીની લાગણી ; તો કોઈમાં પ્રેમ નિતરતાં વાક્યો; કોઈમાં દિલની વ્યથા તો..... કોઈ પત્રમાં વિરહની ગાથા;.... કોઈમાં મિલનની આશ તો ..... કોઈ પત્રમાં મશ્કરીના ઢોંગ....!

બધાં જ પત્રો ત્રણ ત્રણ વખત વાંચી ગઈ સોનલ!- અને છતાં અતૃપ્ત રહી.

તિજોરીમાં પાછા મૂકી બેડરૂમમાં આવી ઊંઘવાનો પ્રયાસ કરવા લાગી.... પણ તે ક્યાંથી ઊઘી શકે?

આજે પ્રિયતમ તેની આંખની પાંપણોમાં ભરાયો હતો.... પોતાની જ કારમાં સાથે બેસાડી લાવી હોવા છતાં તેને કંઈ પણ કહી ન શકી કે ન કહી શકી બે પ્રેમના શબ્દો.... તેની જાતને ધિક્કારવા લાગી.

હવે વીરાથી દૂર રહેવું તેના માટે શક્ય નહોતું.... કાલે જ મંજુલાભાભીને કહી દઈશ - 'ભાભી! હવેમારાથી નથી રહેવાતું..... તમે જ વીરાને મારી સાચી ઓળખાણ આપી દો.....!'

પણ એવું કહેવામાં તેને શરમ આવતી હતી. અને એ શરમ - સંકોચને કારણે તો તે પોતે પણ વીરા આગળ ફોડ પાડી નહોતી શકી. હા! કદાચ નાની હોત.... તો બેધડક કહી દેત.... વીરાને- 'વીરૂ! આઈ લવ યુ.... હું તારી પૂજારણ છું વીરૂ.... તારી સોન....!' પણ અત્યારે તે જુવાન થઈ ગઈ હતી. જોબનિયું તેના અંગેઅંગમાં છલકાતું હતું- ચટકા ભરતું હતું, ત્યારે તે - અરે! કોઈ પણ યુવતી શરમના અંચળા ઓઢી લે છે તો - સોનલ પણ એમાંની જ એક યુવતી હતી ને -? અને એટલે જ તો વીરા સાથે-પોતાના પ્રિયતમને તેની ઓળખાણ આપવા માટે પણ તેની પાપણો શરમના ભારથી ઢળી પડતી હતી.

સોનલ ઊંઘી શકતી નહોતી....

ગામડાની નાનકડી એ સોન હવે સોનલ બની ગઈ હતી.... તેના સ્વભાવમાં પણ થોડો ફેરફાર થઈ ગયો હતો.... બાળપણમાં તો એ ઘણી તોફાની અને બટકબોલી હતી; તેની જગ્યાએ અત્યારે શાંત અને શરમાળ સોનલ બની ગઈ હતી.

કોલેજમાંના કેટલાય મજનુઓએ સોનલના પગના સેન્ડલનો સ્વાદ ચાખ્યો હશે.... અને એ સ્વાદનો અનુભવ થયા બાદ એ મજનુ સોનલ તો શું - બીજી કોઇ છોકરી સામે આંખ ઊઠાવી જોવાની પણ હિંમત નહોતો કરી શકતો.

સોનલ પણ કોલેજ નતી-આવતી. આમ તો તે નોકરી મેળવવા નહીં પણ ડિગ્રી મેળવવા ખાતર જ કોલેજ જતી હતી,.... કારણકે તેના પિતા કમલશેઠની એકની એક લાડકવાયી દિકરી હતી... તેમની બધી જ સંપત્તિની માલિક સોનલ હતી.... એટલે ફક્ત ભણવા ખાતર જ ભણવાની હતી... હા! આટલા વર્ષોમાં તેણે કોઇ પણ છોકરા સામું ઊંચી નજર કરી જોયું નથી.... તેના દિલમાં તેની આંખોમાં ફક્ત 'વીરા' નો જ ચહેરો નજરે ચઢતો... રાત્રે સ્વપ્નાં પણ વીરાના જ.

પ્રિન્સિપાલ સાહેબના આગ્રહથી કોઇ કોઇ વખત કોઇ ફંકશનમાં એકાદ ગીત ગાતી પણ ખરી.... અને ત્યારે તેના મનની વેદના તેના મીઠા - મધૂરા સૂરમાં ભળતી - ત્યારે તો તે સ્વસ્થ રહેતી.... પણ પછી એકલી એકલી આંસુ સારી લેતી.... તેણે વીરાને કહ્યું હોત કે અમે મુંબઇ જવાના છીએ - તું તારું સરનામું આપ.....! પણ ત્યારે વિરહના દુઃખમાં એવું બધું પૂછવાનું સાંભર્યું જ નહીં... હવે શું?

સોનલના રૂપ-રૂઆબ અને મીઠા-મધુરા કંઠથી તો કેટલાંક નવલોહિયા પ્રોફેસરોની પણ આંખ ત્રાંસી થતી.... પણ! ધીમે ધીમે તેમના કાને જે જે મજનુ સોનલના સેન્ડલનો સ્વાદ ચાખેલો એમની દશા સાંભળી-જોઇને પ્રોફેસરો પણ હવે સીધી નજર કરી દેતા.

કોલેજમાં હંમેશાં ફર્સ્ટ ક્લાસ લાવતી સોનલના મુખે મીઠા શબ્દો સાંભળવા પ્રોફેસરો અને છોકરા-છોકરીઓ તેને અભિનંદન આપવા જતા અને 'આભાર' શબ્દ સોનલના મુખેથી સાંભળી તૃપ્ત થતા.

આજે તેનો મનનો માણિગર આવ્યો હતો..... અને તેમ છતાં તેને પોતાનાથી વિમુખ રાખ્યો?- એ જ વિચાર કોરી ખાતો હતો... અને અંતે વિચારતી જ તે ક્યારે ઊંઘી ગઇ તેની જાણ તેને ન થઇ.

ત્યારે રાત્રિના બાર વાગ્યા હતા.

● ● ●

એક સુખદ સવારે.

ખીલતી કળીની જેમ મુંબઇની પૂર્વ દિશામાં સવારના સોનેરી કિરણો પ્રકાશ પાથરતા હતા. સૂરજદાદા ધીમે ધીમે પૂર્વ દિશામાં ઊંચે આવી રહ્યા હતા. મુંબઇ શહેરમાં સળવળાટ સર્જાયો અને એક આનંદિત દિવસનો ઉદય થયો.

આવા સમયે લીલાછમ ઘાસ તથા વૃક્ષો અને છોડવાળા બાગથી છવાયેલા બંગલાની આગળ સુભાન, મંજુલા અને વીરો આરામ ખુરશીમાં બેઠા હતા. ત્રણેયના ચહેરા પર આનંદ છવાયેલો હતો. પોતપોતાના વિચારોમાં મસ્ત બનેલા હતા.... મૌન છવાયેલું હતું. ત્યારે મૌનનું ખંડન કરવાનું શુભકાર્ય મંજુલાએ કર્યુંઃ

'તમે બન્ને મૌન કેમ છો?'

'તો... શું કરીએ?' સુભાને સામો પ્રશ્ન કર્યો.

બંનેની વાતોથી હજુ વીરાને જગાડી શકાયો નહીં કારણકે તેને તો ત્રિપાંખિયા વિચારો આવતા હતા - એક તો પોતાના ગામડામાં રહેલા કુટુંબીજનો અને વહાલી મા; તો એક તરફ નોકરી મેળવવાના.... અને ત્રીજી તરફ ફટાકડી સોનલ....!-

તેની પ્રિયા સોન જેવી જ! એ જ અણિયાળી આંખો; એ જ મીઠો મધુરો અવાજ; બધું જ એનું એ ; હા, ચહેરો થોડો ફેરવાઇ ગયેલો હતો.... અને ફર્ક રહી ગયો હતો માત્ર નામનો.... જો સોન મોટી થઇ ગઇ હશે તો આ સોનલ જેવી જ લાગતી હશે! ન જાણે ક્યાંથી ભટકાણી આ સોનલ! તેના ચહેરા પર વિષાદ છવાયેલો રહેતો. - કેમ? ક્યારેક હસતી, ક્યારેક ટીખળ કરતી સોનલનો ચહેરો ક્યારેક ઊંડી નિરાશામાં ફરી જતો હતો - કેમ? મંજુલાભાભીને પૂછી જોઉં? કે પછી સોનલના મુખેથી-? ના. એમ તો બાજી બગડી જશે..... તો મારે હવે કરવું શું?

આમ ત્રણ ત્રણ પ્રકારના વિચારો વીરાના દિમાગમાં યુદ્ધ કરી રહ્યા હતા ત્યાં એ બિચારો વીરો સુભાન-મંજુલાની નજીવી વાત ક્યાંથી સાંભળે?

પણ જ્યારે સુભાને તેને ઢંઢોળ્યો ત્યારે જાણે કે ઊંઘમાંથી જાગતો હોય તેમ ઝબક્યો.

'અરે વીરા! શા વિચારમાં પડી ગયો?'

'કંઇ નહીં દોસ્ત! જરા ગામ યાદ આવી ગયું.'વીરાએ માત્ર એક જ કારણ આપ્યું અને બીજું બધું છુપું રાખ્યું - જે છૂપાવવા જેવું હતું.

'એમ! તો પછી વતનમાં કાગળ લખી નાંખને....?' સુભાને સલાહ આપી.

'કાગળ, તો ભાઇ સાહેબે ક્યારનોય લખી નાંખ્યો છે.' મંજુભાભીએ ફોડ પાડી દીધો અને હસતાં હસતાં બોલ્યાં પણ ખરાં : 'કેમ ખરું ને વીરૂભાઇ....?'

'હા!..... ક્યારનોય....' કહી ટૂંકાણમાં પતાવી એ વાત ત્યાં જ અટકાવી દીધી. અને બીજા વિચારો કરવા લાગ્યો. પણ ત્યાં જ મંજુલાએ ધડાકો કર્યો;

'તમે બન્ને આમ બેસી જ રહેશો કે પછી કંઇક વિચારશો...?'- કેટલા દિવસ થયા પણ હજુ સુધી વીરૂભાઇને શહેરમાં ફેરવ્યા છે? નોકરીની વાત પછી; પણ પહેલાં તેમને મુંબઇથી પરિચિત તો કરો? 'મંજુલાએ સુભાનને ઉધડો જ લીધો.'

'પણ તું મારું વિચારતી કેમ નથી?... મને હમણાં તો બિલકુલ સમય નથી.... શેઠ થોડા કામ માટે બહાર ગયા છે, ને એટલે બધું કામ વ્યવસથિત ચાલે એટલે બધો ભાર મારા માથે.... પછી મને નવરાશ ક્યાંથી-?'

સુભાને તેની પ્રતિકુળતા દર્શાવી.... પણ વીરાને એકલો તો મોકલાય જ નહીં.... તો પછી મંજુલા....! - પણ ના. મંજુલા સાથે વીરાને નહિં ફાવે.

વળી પાછા ત્રણેય વિચારે ચઢ્યા-વીરાની સાથે જાય કોણ?

આજનો દિવસ સારો હતો.

ત્રણેય વિચારતા બેઠા હતા.... કોઇ કાંઇ બોલતું નહોતું. ત્યાં, જ....

એકાએક જ કારના હોર્નથી ત્રણેય ચમકી ઊઠ્યા. તેઓની નજર કમ્પાઉન્ડના દરવાજા તરફ મંડાઇ. દરવાજામાં લાલ રંગની એમ્બેસેડર કાર એક નમણી સ્ત્રીની ચાલે ચાલી આવતી હતી. - તેમાં ડ્રાઇવિંગ કરતી સોનલ આંખે ગોગલ્સ ચઢાવીને રૂઆબભેર કારમાંથી ઊતરી.

- નમણીસ્ત્રી; ગોળ ચહેરો, તીણું અને નમણું નાક, હોઠો પર મીઠી મુસ્કાન અને આંખો પર ભૂરા ગોગલ્સ-પછી પૂછવું જ શું....?

સોનલને જોતાં જ વીરાની આંખો પહોળી થઇ ગઇ.... તેના મુખમાંથી આશ્ચર્યનો ઉદ્ગાર નીકળી ગયોઃ 'અહાહા! શું ભગવાને રૂપ આપ્યું છે?' પણ એ શબ્દો બીજા કોઇ સાંભળી શકે નહીં એટલા ધીમેથી બોલાયા હતા.

'આવો..... આવો, સોનલબેન!.... આજે કંઇ અમારે ઘેર....?'મંજુલા સોનલને આવકારતાં આગળ વધી.

'ગુડ મોર્નિંગ, ભાભી.'- અને સુભાનને 'કેમ છો સુભાનભૈયા...?'- સોનલે ઇરાદાપૂર્વક વીરાને ટાળ્યો હતો કે તેને સંબોધતા શરમાતી હોય- એ તો એ જાણે..... પણ વીરાને સહેજ માઠું લાગ્યું.

-જેના વિશે તે અધિક જાણવા માંગે છે તે સોનલ તેની ઉપેક્ષા કરે તે વીરો કેમ સહન કરે?

'કેમ આવવું પડ્યું સોનલ?' સુભાને અહીં આવવાનું કારણ પૂછવા ખાતર જ પૂછયું કેમ કે સોનલ તો ગમે ત્યારે અહીં આવે શકે છે-અને આવે છે.

'મારે આજે ભાભીને સાથે લઇ જવાં છે......'

'ક્યાં?'- મંજુલાએ પોતાની વાત થતી સાંભળી એકાએક પૂછયું.

'ચોપાટી પર.... આજે મારે ત્યાં જરૂરી કામ છે-આવશોને?'સોનલે ફેંક્યું. કારણ કે એ કોઇ બીજા જ ઇરાદાથી આવી હતી.... પણ સંજોગોવશાત્ તેનાથી બોલાઇ ગયું.

'હવે જૂઠ્ઠું બોલ્યા વગર સાચું જ કહી દોને?'- મંજુલાભાભીએ ટકોર કરી.

'હું ગમે ત્યાં લઇ જાઉં-તમારે આવવું હોય તો 'હા' કહો - ને ના આવવું હોય તો 'ના' પાડી દો'- સોનલ હઠે ચઢી. સુભાન અને મંજુલા જાણતા હતા કે હવે સોનલ ચોક્કસ સ્થળ નહીંજ જણાવે - તેથી મંજુલાએ નમતું જોખ્યું;

'તોબા ભાઇ તમારાથી તો-! ચાલો..... તમે જ્યાં લઇ જશો ત્યાં આવવા તૈયાર છું....'

મંજુલાના વાક્યથી - તેના કહેવાના ઢંગથી સુભાનને પણ ગમ્મત કરવાનું મન થયું:

'તમે બન્ને જશો - તો અમે ક્યાં જઇશું?'

'તમે બેસોને હવે છાનામાના?' - મંજુલાએ આંખો કાઢી.

'આ બેઠા લો... જાવ હવે તમારે જવું હોય ત્યાં...' - સુભાન ઠાવકું મોં કરીને બેઠો.

'પણ... તમે તો નોકરી પર જશો.... તો અહીં વીરૂભાઇ એકલા જ પડી જશે...' મંજુલાએ

દિયરની ચિંતા કરી.

'કેમ? મને કોણ અહીં ખાઇ જવાનું છે?' વીરાએ નિર્ભયતા બતાવી.

'તમને તો કોઇ ખાઇ નથી જવાનું પણ... તમને અહીં એકલા ફાવશે નહીં.....' મંજુલાએ દિયરની ચિંતા વધુ બતાવી, પણ તેમની એ ચિંતા પાછળનો મતલબ કોઇ જાણી શક્યું નહીં. તેમનો ઇરાદો વીરાને સાથે જ લઇ જવાનો હતો.

વાતમાં ને વાતોમાં સમય પસાર થતો રહ્યો તેથી થોડી ખટપટને અંતે સોનલે જ વિવેક કર્યો, તે એમ માનતી હતી કે વીરો જાતે કહે તો જ સાથે લઇ જવો છે. પણ! વીરાની ઇચ્છા હોવા છતાં તેણે વ્યક્ત ન કરી, અને જ્યારે સોનલે તેને સાથે લઇ જવાની પરવાનગી આપી ત્યારે તો વીરો આનંદિત થઇ ઊઠ્યો.... તેને બાજુમાં સુભાન બેઠો છે તેનું પણ ભાન નહોતું રહ્યું.

'તો.... વીરુ છોને આવે આપણી સાથે.....! આપણને શો ભાર પડવાનો છે?- તેમને મુંબઇ શહેરથી પરિચિત કરીશું....' કહેતાં સોનલે વીરા તરફ ત્રાંસી નજરે જોયું. સોનલે પહેલાં જ કહી દીધું હોત પરંતુ તેમ કરતાં તેનો મનસૂબો બહાર પડી જતો હતો તેથી તેણે થોડી ખટપટ થવા દીધી.

પણ વીરાને તો..... 'રડતી'તીને પિયરિયા મળ્યાં'- જેવી સ્થિતિ થઇ. તે વિચારીને જ બેઠો હતો - સમય ઠીક છે.

તેના ચહેરાનાં ભાવ જોતાં સુભાન દ્વિધામાં પડ્યો; મંજુલાના દિલમાં ટાઢક વળી અને સોનલના દિલમાં....?- આખા શરીરમાં એક મીઠી ઝણઝણાટી પસાર થઇ ગઇ.

વીરો તૈયાર થવા ઊઠ્યો. સુભાન પેઢીમાં જવા રવાના થયો.

આરામ ખુરશીમાં બેઠેલી સોનલ - કંઇક આનંદી ક્ષણો - કંઇક મનસુબા- કોઇ મીઠી મુંઝવણ અનુભવતી રહી.

● ● ●

લાલ કાર મુંબઇ શહેરના રોડ પર દોડી જતી હતી, ઊંચી ઊંચી બિલ્ડિંગો વચ્ચે આવેલા રસ્તા બનાવટી શહેરનો અનુભવ કરાવતા હતા. કારમાં ત્રણ ચહેરા આનંદની ક્ષણો અનુભવતા ખુશમિજાજમાં બેઠા હતા. સોનલ ડ્રાઇવિંગ કરતી હતી. અને તેની બાજુમાં મંજુલા બેઠી હતી. પાછળની સીટ પર બેઠેલો વીરો અદ્ભુત આનંદ સાથે અંતરના ભૂગર્ભમાં ડૂબી ગયો હતો. ત્રણેયમાંથી સોનલે જ વાતચીત કરવાનો પ્રયત્ન કરેલો અને વાત મંજુલા સુધી જ મર્યાદિત હતી, વીરાને આ વાતમાં પ્રવેશવાની ઇચ્છા ન થઇ - તે મુંબઇ શહેરનું નિરીક્ષણ કરી રહ્યો હતો.

ચોપાટી તરફ જવાને બદલે તાજમહાલ હૉટલ તરફના રસ્તે કાર ઊપડી ત્યારે મંજુલા કંઇક કહેવા ગઇ પણ પછી ચૂપચાપ બેસી રહી.

- અને એકાએક કારને બ્રેક વાગી.

વીરાએ બહાર નજર કરી.... તો એક ઊંચી આલિશાન બિલ્ડિંગ અડીખમ ઊભી હતી. તેની બાજુ સહેજ નીચી પણ પહોળી બિલ્ડિંગ આડી પડી હતી. એ હતી 'ગેટ વે ઓફ ઇન્ડિયા'ની બિલ્ડિંગ,

ઊંચી બિલ્ડિંગનું બૉર્ડ વાંચતા વીરો આશ્ચર્ય પામ્યો : 'તાજમહાલ હૉટલ!'

'ચાલો નીચે ઊતરો-' સોનલે હુકમ કર્યો, અને તે રોફભેર બહાર નીકળી, તેની પાછળ મંજુલા પણ. વીરાને તો છૂટકો જ નહોતો !- બહાર નીકળી દરવાજો બંધ કર્યો.

દરિયાની લહેરો તેના મુખને સ્પર્શી ગઇ. તેણે સોનલ તરફ નજર કરી... પવનથી તેના વાળની લટો તેના ગોરા ગાલને હસાવતી હતી.... ખૂબસુરત લલના જ જોઇ લો!

'ચાલો!' સોનલનો બીજો હુકમ.

'ક્યાં?' એવો સવાલ પુછવાનું મૂનાસિબ ના માન્યું. વીરો અને મંજુલા સોનલની પાછળ દોરવાયા. આશ્ચર્યચકિત થયેલો વીરો સૂનમૂન ચાલી રહ્યો હતો. હોટલના દરવાજામાં ઘૂસતી સોનલ વિચારતી હતી કે અહીં ક્યાંક લાગ મળી રહેશે!

વીરાને આ હોટલે તો કંઇક અગમ્ય સંતોષ સાથે આશ્ચર્યમાં મૂકી દીધો હતો. - અજબ ઢંગથી હોટલ ચાલી રહી હતી.

અનેક સહેલાણીઓની આ એક માનીતી હૉટલ!

પછી-વીરાએ સ્વપ્નામાંય આવી હૉટલ જોઇ ન હોય એટલે આશ્ચર્ય જ પામે ને?- પરંતુ વીરાને આમ વારે વારે આશ્ચર્ય પામતો જોઇ મંજુલા અને સોનલ કંઇક અનોખી આંખે જોઇ રહેતા હતા. મંજુલાએ તો ટકોર પણ કરી :

'આમ પાગલની માફક જોયા કરશો તો અમારે પાગલખાનામાં દાખલ કરવા પડશે....! તમે મુંબઇ શહેરમાં આવ્યા છો! કોઇ કામરૂદેશની કામિનીઓની જાદુગરી નગરીમાં નથી આવ્યા, સમજ્યા ને?'

'એવું જ લાગે છે ભાભી! જાણે કે કામરૂદેશમાં ભૂલો પડ્યો હોઉં....?' જવાબ વાળતાં વીરાએ સોનલ પરનજર નાંખી - ત્યારે સોનલ આખી ને આખી હલબલી ઊઠી. તેણે તીરછી નજરે વીરાને તાક્યો.

આંખોથી આંખો લડાવી.... કંઇક વેધક નજરથી વાતો થઇ... અને અજાણ-અગમ્ય આનંદ છલકાઇ ઊઠ્યો.

પણ તે પરિસ્થિતિ વધુ સમય ન રહી શકી..... બંનેના ચહેરાના બદલાતા હાવભાવ જોઇ રહેલાં મંજુલાએ વચ્ચે આડો હાથ રાખી ભાનમાં આણ્યા.

બસ! ત્યારથી મૌન છવાયું.

મંજુલાભાભી તો ક્યારનાય આ લોકોના જ વિચારો કરતા હતા.... વળી સોનલને કહેવાની વાતની ચોક્કસતા માપવા ઇચ્છતા હતા.... અને અત્યારે વીરો અને સોનલના - એક બીજાના આકર્ષણનું અનુમાન કરવામાં મંજુલાએ બંગલા તરફ પાછા ફરવાનું જણાવ્યું.

સોનલ ચૂપચાપ ગાડી ચલાવી રહી હતી. બધા વિચારમાં જ હતા.... સોનલ વીરાના વિચારોમાં.... વીરો સોનલના વિચારોમાં.... મંજુલા- સોનલ અને વીરાના વિચારોમાં ખોવાયેલાં હતાં.

સોનલને અફસોસ હતો.... ઘેરથી તો તે મંજુલાભાભીને કહેવા નીકળી હતી કે તે વીરાને

તેની ઓળખાણ આપે! પણ.... સાથે વીરો પણ હતો... એક સ્ત્રી હોવાના નાતે તે શરમાતી હતી. ઘણી કોશિશ કરી પણ! તેનાથી એક શબ્દ પણ કહી શકાયો નહીં.... ક્યારેક તો થઇ જતું કે વીરાને જ તે પોતાની ઓળખાણ આપી દે.... પણ તેમ તે ન કરી શકી... અત્યારે જો એ નાની હોત...તો?- તો .... તો.... શરમ નેવે મૂકીને પણ મંજુલાને વિના સંકોચે કહી દેત.... અરે! વીરાને ઓળખાણ કઢાવવા અત્યારે તેણે ઘણી તકો શોધી.... અને તક સાધવા તો તાજમહાલ હૉટલમાં લઇ ગઇ.... પણ! ત્યાંય તેનાથી જીભ ઊપડી નહીં....-દ્વિધામાં પડેલી સોનલ મનને ભાંડતી રહી.... 'મેર મૂઆ! શરૂઆતમાં જ તેં બગાડ્યું છે ને? વીરાએ નામ પૂછ્યું ત્યારે કહી દીધું લો - સોનલ! હવે રહે ઝૂરતું...! ત્યારે જ તારૂં નામ કહી દેવું હતું ને? - સોન! પણ ત્યારે તો બહેનબા ગુમાનમાં હતા.... વીરાને આશ્ચર્યમાં નાંખવો હતો... લે! હવે લેતી જા...!'

મનોમન મૂંઝાતી સોનલ ડ્રાઇવિંગ કરી રહી હતી... તો બીજી બાજુ વીરો પણ દિલને ધમકાવતો હતો.....

'કેટલો નસીબદાર! આવો ચાન્સ ક્યાંથી મળત! પણ તારા મોંમાંથી એક પણ શબ્દ નીકળ્યો? સોનલે કહ્યું; ચાલો - એટલે ચાલ્યા ; બેસો-એટલે બેઠા,- પણ તેં વિરોધ કર્યો? તારે તેનો પરિચય તો કરવો હતો? થોડી માથાકૂટ કરી હોત તો ફેંસલો આવી જાત ને?'- વીરાને રંજ રહી ગયો હતો કે આટલી સરસ તક હોવા છતાં તે સોનલને કંઇ પણ પૂછી નહોતો શક્યો.

મંજુલાભાભી તો સોનલ અને વીરાની જોડીનો મેળ બેસાડતા હતા.

સુભાનનો બંગલો આવી જતાં મંજુલા અને વીરાને તેણે ઊતારી મૂક્યા. મંજુલાને 'આવજો' કહી સોનલે કાર મારી મૂકી, અને વીરાને ઇરાદાપૂર્વક તેણે ઔપચારિક વિવેકથી બાકાત રાખ્યો.

વીરાને રોષ ચઢ્યો :

'વિચિત્ર છોકરી છે!'

● ● ●

સવારમાં સોનેરી કિરણો ફેલાવતો સૂરજ ઊંચી ઊંચી બિલ્ડિંગો અને બહુમાળી મકાનો પાછળથી લપાતો - છુપાતો ઊંચે જઇ રહ્યો હતો. મુંબઇ શહેરમાં રોજિંદો વ્યવહાર ચાલુ થઇ ગયો હતો. અનેક જાતના લોકો જુદાં જુદાં સ્થળેથી આ મોટા શહેરમાં આવતા હતા - રહેતા હતા - અનેકમાણી કરીને જતા હતા.

-વીરો પણ અહીં એવામાંનો જ એક હતો, જે કમાવા આવ્યો હતો.... તેના દોસ્ત સુભાનને ત્યાં.

સવારનો ચા-નાસ્તો પતાવ્યા પછી સુભાન નોકરીએ જવા ઉપડ્યો ત્યારે વીરાએ તેને કહ્યું પણ ખરું, કે જો મેળ પડે તો આજથી જ નોકરીએ લાગી જાય... અને જો શોધવાની હોય તો આજથી જ નોકરીની શોધ શરૂ કરી દઇએ.

પરંતુ ત્યારે સુભાને તેને ના પાડી હતી; 'દોસ્ત વીરા! તું અમારો મહેમાન ગણાય... થોડા દિવસ શાંતિથી રહે.... મુંબઇ શહેરથી થોડો પરિચિત થા, પછી જજે નોકરીએ... તારા માટે નોકરી

તૈયાર છે - મારી સાથે જ... એટલે ચિંતા કર્યા કરતાં હમણાં શાંતિથી મહેમાનગતિ માણ.'

અને સુભાન ચાલ્યો ગયો હતો.

બંગલામાં મંજુલા, વીરો અને નોકર-ત્રણ વ્યક્તિ જ રહ્યા હતા.... આવડા મોટા બંગલામાં ફક્ત ત્રણ જણાં...!

નોકર તો તેનું કામ કરવામાં મશગુલ હતો.... મંજુલાભાભી તેમના 'બેઠકરૂમ' ગણાતા રૂમમાં બેઠા બેઠા શાકભાજી સમારતા હતા. વીરો ઉપરના માળે તેને રહેવા માટેની રૂમ તરીકે અલગ તારવી હતી તેમાં પલંગ પર બેઠો બેઠો કંઈક વિચાર કરતો હતો. બંગલા પાછળની બારીએથી તે શિયાળાની ઠંડી હવાની લહેરો માણી રહ્યો હતો.... તેના વિચારો ઝડપથી એકધારા ચાલી રહ્યા હતા. ગઈ કાલે તો એક ગામડિયો-બાધા જેવો આ શહેરમાં એકલો - અટૂલો લાગતો હતો... આજે દોસ્તના આલિશાન બંગલામાં ઉપરના માળે એક રૂમમાં હતો.... એ પણ એક તકદીરનું જ ચક્કર ગણાય ને?

આજે લગભગ તેને એક અઠવાડિયું થઈ ગયું હતું.... શહેરથી થોડો પરિચિત થઈ ગયો હતો. થોડા દિવસોમાં તો તે ઘણો બદલાઈ ગયો હતો. અને વીરો નસીબની બલિહારી સમજતો હતો.....

નહીંતર સુભાને આપેલા નંબરવાળી કાર લઈને સોનલ આવે જ ક્યાંથી...? અને એ છોકરી આવી જ ન હોત તો કદાચ-,

વીરો એ સોનલ વિશે વિચારતો રહ્યો... કોણ છે એ છોકરી? તેનો ચહેરો તો પરિચિત લાગે છે.... કંઠ પણ!- તેને પૂછી જોયું હોત તો?- પણ ના. એમ સીધે સીધું કેમ પૂછી શકાય?

એક વિચારતો મંજુલાભાભીને પૂછી જોવાનો આવ્યો. પણ, પાછળથી તે મુલતવી રાખ્યો... જે હશે તે થોડા જ દિવસોમાં ખબર પડી જશે....

અચાનક વીરાને તેની વહાલી મા યાદ આવી.

-કેટલા વહાલથી તેણે વિદાય આપી હતી....! કેટલું કઠણ કાળજું કર્યું હતું તેણે....? તેની આંખોમાંથી વહી જતાં આંસુ દીકરો જોઈ ન જાય એટલે છુપાવવા માટે તે વ્યર્થ પ્રયત્નો કરતી પણ - વીરાની નજરે તે આંસુ ચઢી જ ગયાં હતાં... અને મહાપરાણે અટકી રહેલાં બે આંસુ સરી પડ્યાં.

એકાએક વીરાનું હૃદય ભરાઈ આવ્યું, તેની આંખમાં આંસુ આવી ગયા... પણ પછી અહીં જે કામે આવ્યો છે તે યાદ આવતાં તેણે આંસુ લૂછી નાંખ્યા.... બાથરૂમમાં થઈ મોં ધોઈ સ્વસ્થ થયો.

પાછો પલંગ પર આવી ગોઠવાયો.

અચાનક ચમક્યો!

તેના કાને કારના હોર્નનો અવાજ અથડાયો... સફાળો ઊભો થઈ ગૅલેરીમાં જઈ નીચે જોવા લાગ્યો. વીરાને પોતાના આ વર્તન પર હસવું આવ્યું.

કારમાંથી સોનલને ઊતરતાં જોઈ... વીરો દંગ થઈ ગયો....! અત્યાર સુધીના સુંદરતાના બધાં જ મંતવ્યો પડી ભાંગ્યા.... સવારના પહોરમાં આવેલી સોનલ કોઈ ઉષારાણી જેવી લાગતી હતી.

દરવાજો બંધ કરી સોનલ બંગલા તરફ ફરી... અને એકાએક-બાલ્કનીમાં ઊભેલા વીરા પર નજર પડી. અને સોનલ ત્યાં જ સ્થિર થઇ ગઇ....!

અનિમેષ નેત્રે તે વીરાને તાકી રહી.

રાત્રે મોડે સુધી જાગેલી સોનલ સવારમાં પણ મોડી ઊઠી હતી-ત્યારે સવારના આઠ વાગ્યા હતા.... કોલેજ જવાનું માંડી વાળ્યું.... સ્નાનાદિથી પરવારી ચા - નાસ્તો પતાવ્યો.... તેના દિલને ચેન નહોતું.- તેનું ચેતન હરી જનાર વીરા પ્રત્યે મન ખેંચાયું.... વીરાના બાહુમાં સમાઇ જવાનું મન થયું... અને તે ખુદ વીરાને મળવાના બહાને સુભાનના બંગલે આવી ઊભી... તેને એટલોતો જરૂર ખ્યાલ હતો કે સુભાન ઘર પર નહીં જ હોય- અને ન હોય તો જ કંઇક કાર્ય પાર પડે કેમ કે સુભાનની હાજરીમાં તે શરમાતી હતી. અને મંજુલાભાભી હશે તો વાંધો નહીં આવે - વિચારતી સોનલ કાર લઇ નીકળી પડી.

જેવો કારે સુભાનના બંગલાના કમ્પાઉન્ડનો દરવાજો ઓળંગ્યો કે- સોનલના આખા શરીરે વીજળી પસાર થઇ ગઇ.

આખા રસ્તામાં વીરાને મળવાના આનંદમાં વિચારોની હારમાળા રચતી રહી.... અને આજે જ મંજુલાભાભીને કહી દઉં કે 'તમે મારી ઓળખાણ આપી દો....'-નિર્ણય કરીને જ સોનલ આજે આવી હતી.

અને તેણે દરવાજામાં પ્રવેશ કરતાં જ હોર્ન વગાડ્યું.

સોનલ વીરાની સામું એક નજરે જોઇ રહી... તેને કહી દેવાનું મન થયું! 'વીરા....! હું તારી સોન છું....' પણ કહેવાની હિંમત નહોતી ચાલતી... ત્યાં,

'અરે! સોનલબહેન! તમે ત્યાં કેમ ઊભા છો?' મંજુલાભાભી પણ હોર્ન સાંભળી બહાર આવ્યાં હતા. તેમણે સોનલને ગાડી આગળ જ સ્થિર થઇ ગયેલી જોતાં અનુમાન કરતાં - ટોણો માર્યો : 'અરે! સોનલબેન! તમે તો અત્યારથી જ લીલી ઝંડી ફરકાવી દીધી કે શું...?'- અને મંજુલાના આ વાક્યથી સોનલ શરમાઇ ગઇ.

પણ અસ્પષ્ટ સાંભળેલા એ વાક્યથી વીરો વિચારમાં પડી ગયો.... અને એ વાક્યનો ભેદ ઉકેલવા લાગ્યો.

સોનલ નીચી નજરે મંજુલા તરફ આગળ વધી....

'આવો બેન! હવે તમે તો રોજ આવવાના.... કેમ ખરું ને?' કહી મંજુલાએ સોનલને આવકાર આપ્યો. સોનલ તો શરમાઇને નીચું ભાળી બેસી ગઇ.... તેને અત્યારે અહીં આવવા બદલ પસ્તાવો થાય તે પહેલાં તો તેનો હાથ ઝાલી મંજુલા તેને બેઠકરૂમમાં લઇ ગઇ.

સોફા પર બેઠેલી સોનલ નીચી નજરે મંજુલાને શાક સમારવામાં મદદ કરવા લાગી, મંજુલા તો ના જ પાડતી રહી પણ એમ માને તો સોનલ શાની?

'કેમ ભાભી? આ ઘર મારું નથી?'

'અરે બેન! અમે ક્યાં ના પાડી છે... તમારૂ જ છે અને તમારૂ થવાનું છે, અને આ ઘર એકલું

જ નહીં... બીજું કોઇ જણ પણ તમારું છે.'

આ સાંભળી સોનલ શરમાઇ ગઇ.

તેના કોમળ હાથની પાતળી આંગળીઓ મસલત કરતી હતી... ત્યાં એકાએક મંજુલાભાભીએ કહ્યું : 'લો, બેસો સોનલબેન! બિચારા વીરૂભાઇ એકલા એકલા હિજરાતા હશે... નોકર પણ બજાર ગયો છે એટલે એમનો કોણ ભાવ પૂછે? બિચારા ચા પણ નહોતા પીતા... અત્યારે કદાચ પીવાની ટેવ હશે...'દ્વિઅર્થમાં બોલી રહેલા મંજુલાભાભી ઊઠવા જાય છે ત્યાં જ ;

'નહીં ભાભી! તમો બેસો.... હું જ ચા બનાવી દઉં છું...' સોનલે અચકાતાં કહ્યું.

મંજુલાને એ જ જોઇતું હતું.... તેમને તો આ બંને પ્રેમાત્માને ભેગા કરવાની તાલાવેલી હતી પણ અત્યાર સુધી કોઇ લાગ મળ્યો નહોતો.... અને આજે સામે ચાલીને ચાન્સ મળ્યો હતો. તેમ છતાં વિવેક ખાતર કહેવું પડ્યું; 'સોનલબેન! તમે તો ઊંચા ગણાવ.... તમારાથી રસોડું ના સંભાળાય.....! માટે તમે બેસો, હું જ બનાવી દઉં છું.'

'ના ભાભી! તમે મને અળગી ના કરો.... મને પણ રસોડાનું કામ ખુબ ફાવે છે અને ખૂબ ગમે છે....' અને આખરે સોનલે જીત મેળવી.... તે મનોમન તો આજ બોલતી હતીઃ 'તમને ક્યાંથી ખબર ભાભી! મારા હાથની ચા તેમના દાંતે વળગી છે.'

થોડી જ વારમાં ચા તૈયાર થઇ ગઇ.

'મંજુલાભાભી! મને ના ન પાડશો... હું જ ચા આપવા જઇશ.... અંદર એક કપ ચા છે તે તમો લઇ લેજો-' સોનલે પરવાનગી લઇ લીધી.

મંજુલા કંઇ જવાબ આપે તે પહેલાં સોનલ ચાનો એક કપ ટ્રેમાં લઇ દાદરો ચડી ગઇ.

ચાની સુગંધ મંજુલાને અડી અને તેના આનંદનો પાર ના રહ્યો.... ખરેખર સોનલને ચા બનાવતાં આવડે છે ખરી...અને તેઓ પણ ચા પીવાનો સ્વાર્થ જતો ન કરી શક્યા....

સોનલના પગ ઉત્સાહથી ઉપડતા હતા.... આખી રાત જેને મળવા તલસી રહી હતી, તે વીરો હવે સાવ નજીક હતો. વર્ષો પહેલાંના એ પ્રિયતમને આજ તેની પ્રેયસી યાદ કરાવવા ગઇ, 'પ્રિયતમ! આમ જો તારી પ્રેયસી તરફ! તારા વિરહમાં મેં કેવી રીતે દિવસો વિતાવ્યા છે....? આપણી પ્રણયગાથાના એ વિદાયના પ્રકરણ પછી ભલે હું સુખી રહી.... પણ મારૂં દિલ તારા વિરહમાં ઝુરતું રહ્યું છે....'

વર્ષો પહેલાંની સૌ પ્રથમની મુલાકાતનો સમય તેને યાદ આવી ગયો... શરૂઆત તો પંડ્યા સાહેબના ઘેરથી જ થઇ હતી ને? - ત્યારે રસોઇકળાની બધી જ નિપુણતા તેણે વીરા માટે બનાવેલી ચા માં વાપરી હતી.... તેના પ્યારનું ગળપણ તેમાં ઉમેર્યું હતું. - ત્યારે તો વીરો ચા પીતો નહોતો... અને! જ્યારે વીરાએ ચા પીવાનો ઇન્કાર કર્યો ત્યારે તેની બનાવેલી ચા ઉપર ગુસ્સો આવ્યો હતો.... કેટલી મહેનતથી તેણે ચા બનાવી હતી....? પણ પછી એ જ વીરાએ જ્યારે ચા પીવાની હા પાડી ત્યારે....! તેના પગ થનગનવા લાગ્યા હતા...

અને જ્યારે વીરાએ ચા પીને વખાણી ત્યારે તો તે ઉત્સાહમાં ને ઉત્સાહમાં કીર્તિને વળગી પડી

હતી.... અને તેના એ ગાંડપણભર્યા વર્તનથી કીર્તિ ગભરાઇ ગઇ હતી.... તેનો ખ્યાલ સોનલને પછીથી આવ્યો હતો....

અને આજે પણ વીરો ના પાડશે તો......? ના. એ ના તો નહીંજ પાડે.... પહેલાં સોનલના હાથની ચા પીધા પછીથી વીરો ચા પીતો થઇ ગયો હતો.

વીરો ના પાડશે જ નહીં.... ના પાડશે તો મનાવી લેવાશે... પરાણે પીવડાવીશ... કેમ ના પીએ...?.... સોગંદ આપીશ... કહીશ : 'પીઓને...? તમને મારા હાથની ચા નથી ભાવતી? કે પછી.... કોઇ બીજીના હાથની પીવા ટેવાઇ ગયેલા છો?.... એક વખત પીશો તો નશો ચડી જશે.... તમારે ચા પીવી જ પડશે....'- જાતજાતના પ્રશ્નો - જવાબ કરતી, વિચારોના વમળમાં અટવાયેલી સોનલ એક વખત તો પગથિયું ચૂકી જતાં પડતાં પડતાં રહી ગઇ....

તેણે છેલ્લું પગથિયું ચઢી જઇ આખરે શ્વાસ લીધો, તેને એમ હતું કે વીરો છાનોમાનો ; ઊભો ઊભો સાંભળતો હશે;.... ક્યાંક ગૅલેરીમાં જ ઊભો હશે....! પણ તેની એ આશા ઠગારી નીવડી.... વીરો બહાર નહોતો અને તેના રૂમનો દરવાજો ખાલી અટકાવેલો જ હતો.

સોનલે દરવાજાને ધક્કો માર્યો... અને-!

● ● ●

સોનલે દરવાજો ખોલી અંદર ડોકિયુંફ કર્યું તો વીરો દરવાજા તરફની પીઠ કરી બેઠો હતો, તેની આગળ તેની બૅગ ઉઘાડી પડી હતી.... અને વીરો તેમાં તાકી રહ્યો હતો.

-જ્યારે સોનલ ટેક્ષીમાંથી બહાર નીકળી વીરા તરફ સ્થિર નજરે જોઇ રહી હતી ત્યારે વીરાને સોનની સુંદર છબી નજરો આગળ ઘૂમરીઓ ખાતી ઉપસી આવતી લાગી... સોનલની અંદર સોનના દર્શન થયાં.... વીરો એ ઉષારાણીને જોઇ જ રહ્યો....!.... અને ત્યાર બાદ જ્યારે તેણે મંજુલાભાભીના મુખમાંથી બોલતાં અસ્પષ્ટ વાક્યો સાંભળ્યાં ત્યારે તેની શંકા દૂર થઇ ગઇ હતી.

સોનલ મંજુલાભાભી સાથે બંગલામાં જતી રહી એટલે વીરો તેના ખંડમાં આવીને સોન સાથે વિતાવેલી પળોને મમરાવતો બેઠો હતો.

ત્યાં તેને તેની બૅગ યાદ આવી.

બૅગ ખોલી અંદર તેણે મૂકેલા ગુલાબના ફૂલને એકધારી નજરે જોઇ રહ્યો.... જે તેની સોનને આપવા માટે લાવ્યો હતો. રોજ વીરો એક ગુલાબનું ફૂલ લે તો અને સાંજ પડ્યે નિરાશ થઇ તેને ઠેકાણે પાડી દેતો.... તેમ આજે પણ તાજું લીધેલું 'ગુલાબનું ફૂલ' તે જોઇ જ રહ્યો-કેટલા હોંશથી લાવ્યો હતો એ;.... પણ તે ફૂલને ગ્રહણ કરનાર સોન ન જાણે ક્યાં અદશ્ય થઇ ગઇ....?- વીરાનું દિલ ઢીલું પડતું જતું હતું.

દરવાજો ખોલી સોનલ અંદર આવી પાછળ ઊભી ઊભી વીરાના વર્તનને નિહાળી રહી હતી તેનું ભાન વીરાને નહોતું.... પણ-!

અચાનક સોનલના નિસાસાથી વીરો ચમક્યો. તેણે પાછળ જોયું અને બૅગ બંધ કરી દીધી,

.... પણ ત્યાં જ સોનલની આંખોમાં ચેતના પ્રગટી અને પૂછી બેઠી;

'શું જોતાં હતાં, આમ મારાથી શું છુપાવો છે?'

'કંઇ નહીં....' વીરો થોથવાયો... ન જાણે ક્યારની આવીને આ યુવતી અહીં જોઇ રહી હશે? તેનો અંદાજ કાઢવા લાગ્યો.

'કંઇ નહીં?.... અરે વાહ! તમે તો દિલની વાત છૂપાવવામાં ભારે ચબરાક છો હોં....?'

'ના રે ના.' થોડું રોકાઇને ઉમેર્યું : 'તમને કેમ ખબર પડી કે.... મેં દિલની વાત છુપાવી છે....?!' વીરો આ યુવતીની હોંશિયારી પર વારી ગયો.

'કેમ ખબર ના પડે...? હું એક સ્ત્રી છું અને સ્ત્રી ખકોઇ પુરુષનું દિલ જાણી ન શકે? .... અરે! સામા પુરૂષની આંખોથી જ સ્ત્રી તેના દિલના ભાવ વાંચી શકે છે....!'

વીરો આગળ કંઇ જવાબ આપે કે પૂછે તે પહેલાં જ સોનલે કહ્યું : 'બીજી બધી વાત પછી... પહેલાં આ ચા પી લો....' અને ટ્રેમાંથી ચાનો કપ લઇ વીરા સામું ધરતાં ઉમેર્યું : 'ઠંડી થઇ જશે....'

લાગણીભર્યા શબ્દોથી આગ્રહ કરતી સોનલને વીરો જોઇ જ રહ્યો. તેને સોન યાદ આવી ગઇ; ''તેણે પંડ્યા સાહેબના રીડિંગરૂમમાં સોને આમ જ કોફીનો કપ પકડાવ્યો હતો.'' ઘડીભર વીરો વિચારમાં ડૂબી ગયો-ક્યાંક આ સોન તો નથી ને....?...

'શું વિચારમાં પડ્યા?'

'જી... જી... કંઇ નહીં' અને વધુ ખાતરી કરવા માટે વીરાએ ઇન્કાર કર્યો : 'હું ચા નહીં પીઉં.... હું ચા પીતો નથી.'

'ક્યારની પાછી બંધ કરી દીધી...?'સોનલના વાક્યમાં મશ્કરીનો ઢોંગ હતો.... વીરાની શંકા વધુ મજબૂત બની, 'આને ક્યાંથી ખબર પડી...?' હાથમાં કપ લેતાં ઉમેર્યું : 'બહુ સમય થયો.... અને એની સ્ટોરી પણ ઘણી લાંબી અને ટ્રેજેડી છે....!'

'કેમ.... મને નહીં કહો...?'

'તમને...?.... પણ એ માટે તો....'

'સમજી ગઇ....' સોનલ વીરાનું વાક્ય અધવચ્ચે જ કાપતાં બોલી અને ઉમેર્યું : 'પહેલાં ચા પી લો... તમે જેને લીધે ચા છોડી છે એ વાત પછી કરજો....'

અને વીરાને સોનલની વાત માનવી પડી. આમ તો વીરો ચા પીતો જ હતો.... પણ જ્યારે તેને સોન યાદ આવી જતી ત્યારે તે ઇન્કાર કરતો વીરાએ જોયું તો એક કપ જ હતો તેથી વિવેક ખાતર સોનલને પૂછયું : 'પણ... તમે...?'

'હું....?... મારે ચાલશે-' સોનલ હસી.

'ના એવું ના ચાલે.... તમે પણ લો' કહી સોનલને રકાબી પકડાવી દીધી...

સોનલ ખુશ થઇ ઊઠી.

વીરાએ ચા પૂરી કરી.... ત્યાં તેની નજર સોનલ પર પડી.... તો સોનલ હજુ ઊભી જ હતી.

વીરો પલંગ પરથી ઊભો થઈ ગયો અને સોનલને પલંગ પર બેસવા ઈશારો કર્યો :

'તમે ઊભા કેમ રહ્યા છો? મને ખ્યાલ જ ના રહ્યો... સૉરી....' અને ઉમેર્યું : 'બેસોને?' હાથથી ઈશારો કર્યો અને તે પોતે બાજુના મેજ પર ગોઠવાયો.

પણ સોનલ તો એમ જ ઊભી રહી.

'અરે! બેસોને, શરમ આવે છે?'

'ના રે ના.'

'તો પછી બેસતા કેમ નથી?'

'તમે પલંગ પરથી ઊભા કેમ થઈ ગયા?' અને ઉમેર્યું : 'તમે પણ બેસો... તો જ હું પલંગ પર બેસીશ.... નહીંતર જ્યાં સુધી અહીં વાતો કરતી રહીશ ત્યાં સુધી ઊભી જ રહીશ.....' સોનલ મક્કમતાથી બોલી ગઇ. વીરાને સમજ નહોતી પડતી... શું કરવું? એક રીતે તો વીરાને નવાઇ લાગી હતી. એક અજનબીની પાસે એક જ પલંગ પર બેસવાનો આગ્રહ કરતી યુવતીઓમાં તેણે સોનલ પહેલી જ લાગી.... આ રીતે કોઇ પણ યુવતી આગ્રહ ન કરે. વીરાની શંકાઓ ગાઢ સ્વરૂપ લીધું.... નક્કી કંઈક ગરબડ છે.....

આખરે વીરાને પલંગ પર બેસવું પડ્યું; તે એક બાજુની ધાર પર બેસી રહ્યો અને બીજી તરફની કિનારી ઉપર સોનલ ઉભડક પગે બેઠી,

વીરાને આ સોનલ અજબ લાગતી હતી.....

વીરો તો આ રૂપસુંદરીના રૂપને પી રહ્યો હતો. ભગવાને કેટલું બધું રૂપ આપ્યું છે અને સુંદરીને...?! પણ તેના મુખ પર વર્તાતો આ વિષાદ શાને?... શું, કોઇ ચક્કરમાં ફસાઈ હશે...?... કોઈ પ્રણયમાં નાસીપાસ થઈ હશે...? કે, ... આમ નિત્ય હસતા રહેતા ચહેરાની અંદર કોઇ અકથ્ય વેદનાનો વાસ હશે...?.... કેમ આમ....? પૂછી જોઉં.... મારી વાત કર્યા પછી એની કરૂણ કથાની વ્યથા સાંભળીશ...

વીરો વિચારતો રહ્યો... આટલી સુખી અને લાડકોડમાં ઉછરેલી આ યુવતીને એવું તે શું દુઃખ આવી પડ્યું હશે કે આમ ઉદાસ હતી.

સોનલે ચા ની ટ્રે મેજ પર મૂકી મારકણી નજરે વીરા તરફ જોયું અને વીરાને એક આંચકો લાગ્યો.

'હં... તો તમે તમારી વાત કરશો...?' સોનલના અચાનક પૂછાયેલા પ્રશ્ને પહેલાં તો વીરો ખચકાયો... પણ પછી કહેવા માંડ્યુંઃ

'મારી વાતમાં કંઇ તથ્ય નથી.... પણ હું તો એટલું જ તમને કહીશ કે હું મારી બેગમાં શું જોતો હતો અને એ આપનાથી કેમ છુપાવતો હતો?'

સોનલે ડોકું નમાવ્યું એટલે વીરો આગળ વધ્યોઃ

''ઘણા વર્ષો પહેલાં - લગભગ ચાર-પાંચ વર્ષ પહેલાં હું એક છોકરીના પ્રેમમાં પડ્યો હતો... ખબર નહીં અત્યારે એ છોકરી ક્યાં હશે....?'' વીરાએ આંખો બંધ કરી દીધી... જાણે કે તે છોકરીને

યાદ કરતો ન હોય...?

થોડી વાર રહી વીરાએ આંખો ખોલી, તેની નજર છત સાથે ચોંટી ગઇ... અને એમ જ તેણે કહાની કહેવાનું ચાલું રાખ્યું.... તેના અવાજમાં ખિન્નતા અને ગંભીરતા વધી રહી હતી.

"અને એ છોકરી આખરે મને છોડીને ક્યાંક ચાલી ગઇ... તેને હું રોજ ગુલાબના ફૂલની ભેટ આપતો હતો.... અને એ ગુલાબ તે તેના માથાના કેશમાં ખોસતી.... ત્યારે તો એ ખરેખર સ્વર્ગની પરી હોય એવી ભાસતી હતી....! અત્યારે તે મારા જીવનથી ઘણી દૂર નીકળી ગઇ છે.... સાથે જીવવા-મરવાના કોલ દઇ એ જીવનસંગિની ક્યાંય અદશ્ય થઇ પછી મારા લંગોટિયા મિત્રો પણ વિખૂટા પડી ગયા... પછી કોને હું પૂછી જોઉં કે મારી પ્રિયા ક્યાં છે?... પ્રિયાની યાદમાં હું એટલો તો નિરાશ અને હતાશ થઇ ગયો હતો કે, ..... મને કશાયમાં મોહ ના રહ્યો.... તેનો વિયોગ મારાથી સહન ન થયો....! શરૂઆતમાં જ્યારે તેણે મારાથી દૂર જવાનું જણાવ્યું ત્યારે તો હું એમ માનતો હતો કે - પ્યારમાં વિરહ પણ હોવો જોઇએ... પ્રિયાના વિરહમાં પણ એક જાતનું સુખ હોય છે..."

વીરો અટક્યો. એક હતાશાભરી નજર સોનલ પર નાંખી... સોનલ સ્થિર આંખોથી તેની વાત સાંભળી રહી હતી. વીરાએ નજર નીચી ઢાળી.

"પણ એ વિરહની વેદના જ્યારે વાસ્તવિક જીવનમાં વેઠવાની આવી ત્યારે ભારે પડી ગઇ.... હું જ્યાં જોઉં ત્યાં મને તેની જ મુખાકૃતિ નજરે ચઢતી.... કોઇ પણ યુવતીના સ્વરૂપમાં મને મારી પ્રિયાની જ તસ્વીર નજર આવતી અને ત્યારે હું મારી જાતનું ભાન ભૂલી જતો....

- અને એવી પરિસ્થિતિમાં મારું ત્યાં રહેવું હિતાવહ ન લાગ્યું. હું એ પ્રણય સ્થાનને છેલ્લી સલામ ભરી મારા વતનમાં આવ્યો.... તો મારા પિતાજી પથારીવશ હતા. કદાચ તેમનો જીવ મારી જ રાહ જોતો હશે. મારી સાથે ફક્ત એક જ વાક્ય બોલ્યા : '.... વીરૂ! બેટા આવ્યો....?' અને તેમની આંખ સદાને માટે મીંચાઇ ગઇ.... હું ખૂબ રડ્યો- એક તરફ મારી પ્રિયતમા મારાથી વેગળી થઇ હતી તેનું દુઃખ ભૂલવા વતનની શીતળ છાંય શોધવા આવ્યો.... તો ત્યાં પિતાજીના મુત્યુના શોકનો કારી ઘા લાગ્યો..... હું જિંદગીથી આખોને આખો હારી ગયો છું..... હવે મારે મારી માની સાથે જીવન જીવવાનું,.... મારા મોટામાઇ પણ મને ખૂબ વહાલ કરતા,..... ભાભી પણ એટલા જ સ્નેહથી રાખતા.

પણ - હું એ બધાથી વેગળો રહેતો.... તેમની સાથે રહેતો હોવા છતાં તેમનાથી હજારો માઇલ દૂર હોઉં એમ લાગતું,.... એકલો એકલો ધૂંધવાયા કરતો.... ક્યારેક આ ફાની દુનિયા છોડી જવાનું મન થતું-રોજ રાત્રિના ઊજાગરા વેઠવા કરતાં ચિરનિદ્રામાં પોઢી જવાનું મન થતું હતું પણ.... વહાલી માતાનું વાત્સલ્ય અને પ્રિયતમાનો પ્રેમ મને તેમ કરવા રોકતા હતા.... આપઘાત ન કરવાની સલાહ આપતો હું પોતે જ આપઘાત કરવા તૈયાર થયો હતો....

મારી એકલતા મને કંટાળો ઉપજાવતી... દિવસ અને રાત ફક્ત મારી પ્રિયાના જ સ્વપ્નો જોયા કરતો.... ક્યારેક ઊંઘમાં જ લવરી કરવા માંડતો...

હું મુંઝાયો હતો.

પ્રિયતમાનો પ્રેમ મને પોકારતો હતો, વિચારતો હતો કે - જો હું મરી જઇશ તો મારી વહાલી પ્રિયતમા મને શોધતી આવશે અને હું નહીં જડું ત્યારે તો.... તે માથું પટકી પટકીને મરી જશે....''

અને વીરાએ વાતનો અંત લાવતાં ઉમેર્યું : 'મારી વહાલી પ્રિયતમાને મળવા માટે આજીવન તેને શોધતો ફરીશ... ક્યાંક તો મને મળી જશે....! - કદાચ જ્યારે મેં તમને જોયાં તો મને શંકા ગઇ હતી કે આ તો મારી પ્રિયતમાને મળતો ચહેરો છે.... એ જ મીઠો કંઠ.... એ જ ચહેરો.....! અને જ્યારે પણ મને તેના મીઠા મધુરા કંઠનો સ્વાદ માણવાનું મન થાય ત્યારે હું આંખો બંધ કરી તેના ગાયેલા મધુર ગીતોને યાદ કરતો,'....

વીરાએ વાત બંધ કરી... આંખમાં વહી ગયેલા આંસુ લૂછી હસતાં ચહેરે બોલ્યો : 'કહો જોઉં! હવે એને કેમ ભુલાય...?' અને તેની નજર સોનલના ચહેરા ઉપર ગઇ તો -! સોનલ તેને એકધારી નજરે જોઇ રહી હતી. તેની આંખોમાંથી એકધારા આંસુની ધારા વહેતી જતી હતી... હજુ પણ વીરો કહેતો હોય અને તે સાંભળતી હોય તે રીતે જોઇ રહી હતી. વીરાએ તેને ઢંઢોળી.

'અરે.... સોનલ! તમારી આંખમાં આંસુ...?'

સોનલ ઝબકીને જાગી ગઇ, તેણે મક્કમ અવાજે વીરાને પ્રશ્ન કર્યો;

'તમે તમારી પ્રેમકથા તો કહી.... પણ તમારી પ્રિયતમાનું નામ તો કહ્યું નહીં....?'

વાત પણ સાચી હતી, વીરાએ તેની પ્રિયાનું નામ કહ્યું નહોતું. ઇરાદા પૂર્વક તેણે નામ અધ્યાહાર રાખ્યું હતું, 'નામ સાંભળીને શું કરશો....?'

'નહીં કહો?'- પ્રશ્નાર્થ નજરે સોનલે એ રીતે વીરાને તાક્યો કે ક્ષણવાર તે હબકી ગયો.... કયા અધિકારથી સોનલ તેને પૂછતી હતી તેની સમજ ન પડી.

'સોનલ?' વીરાએ ધીરે રહી કહ્યું: ''મારી પ્રિયતમાનું નામ 'સો...ન' છે...'' - તે ચૂપ થઇ ગયો.

'સો... ન...! સોનલે એવી રીતે ઉચ્ચાર્યું કે-

'હા.... અને એટલે જ તો કારમાં તમે તમારું નામ સોનલ કહ્યું ત્યારે મને આશ્ચર્ય થયું હતું કે આ જ મારી સોન છે પણ...' વીરાએ આગળનું વાક્ય કાપતાં ઉમેર્યું : 'ચાલો જવા દો એ બધી વાતો.'

'ના. એમ નહીં જવા દઉં.... તમને સોને ગાયેલા ગીતોમાં કયું ગીત પસંદ પડ્યું હતું....?'

વીરાને સમજાતું નહોતું કે સોનલ તેને કેમ આવા બધા પ્રશ્નો પૂછી રહી છે? મારા અંગત જીવનમાં આટલો બધો રસ કેમ દાખવી રહી છે?

છતાં તેણે કહ્યું તો ખરું : 'મને તો સોનના મુખેથી નીકળતા તમામ ગીત મીઠાં-મધુર અને કર્ણપ્રિય લાગતાં હતાં.... તેના મુખમાંથી કોઇ પણ કડવો શબ્દ પણ મને મીઠો લાગતો હતો.... પણ, એ બધામાં સર્વશ્રેષ્ઠ ગીત જે સોને પહેલે જ દિવસે ગાઇને મારું દિલ જીતી લીધું હતું - મને ખૂબ પસંદ છે...' કહીને વીરાએ તેની બેગ ખોલી.... એક નજર ગુલાબના ફૂલ પર નાંખી કેટલાંક કાગળો ઉથલાવ્યા પછી નીચેથી એક ડાયરી કાઢી.... ડાયરી નાનકડી હતી, તેમાં મરોડદાર અક્ષરોથી લખાયું હતું : 'સોનની ડાયરી' - અને તે ડાયરી સોનના હાથમા આપતાં કહ્યું : 'આમાં જેટલાં ગીતો સોન ગાતી હતી એ બધાં જ એમાં ઉતાર્યા છે પણ, સૌ પ્રથમ જે ગીત છે તે મને ખૂબ જ પસંદ છે....'

સોનલે ડાયરી હાથમાં લીધી. ડાયરી ઉપરનું શીર્ષક વાંચતાં જ તેના શરીરમાં વિદ્યુત પ્રવાહ વહેવા માંડ્યો....

સોનલે એક પાનું બીજું ઉલટાવ્યું અને છક થઇ ગઇ.... પાના પર ગુલાબનું ફૂલ દોરેલું હતું અને નીચે લખેલું હતું.... 'અભિનંદન - સોન.' સોનલ મનોમન આનંદી ઊઠી.... પ્રિયાની એકેએક ચીજ વ્યવસ્થિત રાખતા વીરા પર વારી ગઇ. તેની નજર પ્રથમ નંબરના ગીત પર પડી અને સોનલ સાચેસાચ ઝૂમી ઊઠી;

'સબ સે ઊંચી પ્રેમ સગાઇ....
જ્યોત સે જ્યોત જલાતે ચલો,
પ્રેમ કી ગંગા બહાતે ચલો;'

વાંચતી સોનલ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

સોનલને આમ એકાએક રડી પડતાં જોઇ વીરો ગભરાઇ ગયો : 'અરે સોનલ! આપ પાગલ તો નથી થઇ ગયાં ને? જરા હોશમાં આવો સોનલ!'

સોનલને આશ્વાસન આપતાં વીરાએ તેના બે હાથે સોનલના બાહુ પકડ્યા તો સોનલ તેના બાહુમાં સમાઇ ગઇ.... વીરાની છાતીમાં માથું નાંખી સોનલ અત્યાર સુધી જાળવી રાખેલું રૂદન હળવું કરવા લાગી.... સોનલની આ હરકતથી વીરો આશ્ચર્ય તો પામ્યો જ.... સોનલને હટાવવી કે નહીં- ની દ્વિધામાં પડ્યો.... પણ પછી તેમ કરતાંય જો સોનલ શાંત થતી હોય તો- એમ વિચારી તેણે કંઇ વિરોધ ના કર્યો.....

સોનલના શરીરમાંથી માદક ખૂશબુ આવી રહી હતી.... તેનું માથું વીરાની છાતીમાં હતું, તેના હાથ વીરાની પીઠ પર પ્રસરાયેલા હતા..... તેના માથાના વાળ તેની પીઠ પાછળ અસ્તવ્યસ્ત પડ્યા હતા.....

વીરો કોઇ અજાણી દુનિયામાં સરી પડ્યો હતો. રડતી સોનલને આપ્તજન હોય તે રીતે સાંત્વના આપતો રહ્યો.... વાત જ કંઇક ઉલટી બની હતી.... રડવાનું તો વીરાના ભાગમાં હતું.... એના બદલે ન કશી લેવા-દેવા છતાંય સોનલ આંસુ સારતી રહી.... અને એ વહેતા આંસુમાં વીરાને તેના ભૂતકાળનો ભેદ પરખાયો.

જ્યારે સોનલનું રૂદન બંધ થયું ત્યારે વીરાએ સોનલની મુખની હડપચી પકડી ઊંચી કરતાં - કંઇક લાગણી ભર્યા સ્વરથી કહ્યું ; 'સોનલ....! તમે આમ અચાનક....'

પણ વીરો આગળ બોલે તે પહેલાં જ સોનલે તેના મુખે હાથ દઇ દીધો.... વીરાના શરીરમાં એક વીજળીનો આંચકો લાગી ગયો. તેને સોન સાથેના છેલ્લા મિલનનો દિવસ યાદ આવ્યો અને તે ગળગળો થઇ સોનલની આંખોમાં જોવા લાગ્યો...

'વીરૂ....! મારા વીરૂ.... તું તારી સોનને ન ઓળખી શક્યો....? હું જ તારી સોન છું વીરા....!' કહેતી સોનલ ફરી વીરાને ભેટી પડી.

'સોન...! અરે....! તું તો....!!!' વીરો આગળ ન બોલી શક્યો.... સઆશ્ચર્યથી સોનલનો સહવાસ માણી રહ્યો.

'વીરૂ...! કેટલા વર્ષો થી તરસતી હતી હું....? કેટલી તપસ્યા કરી તારી...? તને મળવા દિલ બેતાલ બન્યું હતું....! આજ સુધી તારી પૂજા કરતી રહી અને આજે મારી પૂજા ફળી....! વીરૂ.....! હવે મને તારાથી વેગળી ના કરીશ....!' ઘણાં સમય પછી મળેલા પ્રિયતમને છોડવા સોનલ તૈયાર નહોતી. અને જાણે કે વીરાને જકડી રાખવાનો હોય તેમ તેની હાથની ગાંઠ મજબૂત બનાવી.

'સોન... મારી સોન... હવે તો ભગવાન પણ આપણને આ જન્મારામાં વેગળા નહીં કરી શકે... હવે તું બેફિકર રહેજે સોન. કેટલા દિવસ તડપાવ્યો મને... મારું દિલ તો ભાંગી જ ગયું હતું સોન....'

અને વર્ષોથી તડપતા એ અતૃપ્ત હૃદય હૈયાની વાતો કરવા લાગ્યા... એક બીજાના વિયોગમાં દિવસ-રાત કેવી રીતે વિતાવ્યા હતાં તેની કથની કહેતાં રહ્યાં- સાંભળતા રહ્યાં.

ત્યારે બપોર થવા આવી હતી.

સોનલ તો નચિંતપણે વીરાની બાંહોમાં સમાઇ ગઇ હતી. તેને એ પણ ખ્યાલ નહોતો રહ્યો કે ઘણી બધી વાર થવાથી મંજુલાભાભીને શંકા જશે..... બસ! તેના પ્રિયજનથી તે વિખૂટી પડવા માંગતી જ નહોતી.

વીરો તો આનંદ-વિભોર હતો.

પાંચ-પાંચ વર્ષના વિયોગ પછી તેની પ્રિયા તેની બાંહોમાં આવી પડી હતી.... પછી જખ મારે છે દુનિયા.

આકાશમાં સૂરજ ધીમો ધીમો તપતો હતો.... માનવીના ચાલતા જીવન-પ્રવાહ પર તીણો તડકો બિછાવી આનંદ માણતો હતો. ક્યાંક દૂરથી વનરાઇમાં બોલતા મંદાર-મંજરીનો અવાજ કાને અથડાતો હતો.

સુભાનના બંગલાની પાછળના ભાગમાં આવેલા વૃક્ષ પર કોયલ ટહુકી અને સોનલ સફાળી બેઠી થઇ ગઇ..

● ● ●

ચોમાસાની ઋતુ.

મોટાભાગનું આકાશ વાદળછાયું, ક્યારેક ક્યારેક વરસાદ તોફાન કરી જતો, સૂરજ પણ થોડી-થોડી વારે દેખા દઇ અદશ્ય થઇ જતો તે બે-ત્રણ કલાક બાદ દેખા દેતો હતો, .... તેટલા સમયમાં તો ઘણો બધો વરસાદ વરસી પડતો, .... અને એમ ચોમાસાની ઋતુના બે માસ વહી ગયા.

મુંબઇમાં મોટાભાગે ચોમાસાના પહેલા બે મહિના જ વરસાદ વરસી જતો અને ત્યાર બાદ ભાગ્યે જ વરસાદ પડતો...

આજે વીરાને મુંબઇ આવ્યે લગભગ છ મહિના જેવું થઇ ગયું હતું. આ છ મહિનાની અંદર ઘણું બધું બદલાઇ ગયું હતું.

વર્ષો પહેલાં વિખૂટી પડેલી પ્રિયતમા સોન આમ અચાનક મળી, ઘણી વાર બંને જણ મુંબઇ શહેરની સહેલગાહે ઉપડી જતા,... વીરો આટલા સમયમાં તો આખા મુંબઇ શહેરથી માહિતગાર થઇ

ગયો. વીરો સુભાનની સાથે જ તેના જેટલી જ ઊંચી પાયરી પર નોકરીએ લાગી ગયો,..... કમલશેઠ જે સોનના પિતા હતા, તેમની પેઢીમાં મોટાભાગનું કામ આ બે દોસ્તો - સુભાન અને વીરો સંભાળતા હતા.

કમલશેઠને ચિંતા નહોતી.

ઑફિસમાં આવી થોડી સૂચનાઓ આપી તેઓ રવાના થઇ જતા હતા.... જ્યાં સુધી વીરો નહોતો આવ્યો ત્યાં સુધી સુભાન એકલો પહોંચી નહોતો વળતો.... પણ, પછી વીરો પણ તેને સમકક્ષ પ્રગતિના સોપાન સર કરતો આવ્યો અને સુભાનની સાથે થઇ ગયો.... વીરાની કામ કરવાની ચીવટ જોઇને ઘડીભર સુભાન પણ દંગ થઇ જતો અને ઘેર આવી જમતી વેળાએ મંજુલા સામું વીરાના વખાણ કરતો, ત્યારે વીરો શરમાઇ જતો... તેને સંકોચ થતો પણ પછી તો એ પણ ફાવી ગયું.

વીરો કમલશેઠની આખી પેઢીથી પરિચિત થઇ ગયો હતો. પેઢીના દરેક વિભાગના કર્મચારીઓ તેને ઓળખતા હતા.... અને વીરાનો સ્વભાવ પણ તેઓ સારી રીતે જાણતા.

વીરાને નોકરી મળી ગઇ હતી અને તેનો પગાર પણ સુભાન જેટલો જ થઇ ગયો હતો.... પગાર થાય એટલે વીરો તેમાંથી મોટા ભાગની રકમ તેના વતન જામપુરા તેની વહાલી મા ઉપર મોકલાવી દેતો.

વીરાએ સુભાનથી અલગ રહેવાનો મનસૂબો કર્યો. - ક્યાં સુધી તેના દોસ્તના ઘેર ભારરૂપ રહેવું? અને એ વિચાર જ્યારે તેણે જમતી વેળાએ રજૂ કર્યો ત્યારે તો સુભાન અને મંજુલા ચમકી જ ઊઠ્યા - આ નવું લફરું ક્યાં ઊભુ કર્યું....?

બંને એકબીજા સામું જોવા લાગ્યા.... જાણે કે તેઓ અંદર અંદર પૂછતા ન હોય કે ‘આપણી ચાકરીમાં ક્યાંક ભૂલ તો નથી રહી ગઇ ને...?’ પણ તેમની કોઇ ભૂલ નહોતી.

તેમણે વીરાને પૂછયું; ‘કેમ ભાઇ! અમારી કોઇ ભૂલ થઇ છે? અમારો સ્વભાવ બદલાયો છે? ...... તારા પ્રત્યેનો ભાવ બદલાઇ ગયો છે? અમારા બે માંથી કોઇએ તને ‘તું’ કારો કર્યો છે? તને અમારી સાથે રહેવું પસંદ નથી? અમારા નોકરે તને કંઇ ભરમાવ્યો છે....? અમારી લાગણી તારા પ્રત્યે જે પહેલાં હતી તે ઓછી થઇ ગઇ છે? બોલ ભાઇ! તને થયું છે શું....?’

ઘણા બધા એકસામટા પૂછાયેલા એ પ્રશ્નોમાં વીરો ગોથાં ખાઇ ગયો.... તેના ઇરાદાનો અર્થ આ લોકોએ જુદો જ કર્યો લાગે છે.... શું જવાબ આપવો? વીરાને પહેલાં તો કંઇ જ ના સૂઝયું.... એ તો એમ જ કહેવા માગતો હતો કે હવે દોસ્ત ઉપર ક્યાં સુધી ભારરૂપ બનવું.... પણ, આ લોકોએ તો મૂંઝવી નાંખ્યો વીરાને.... તેણે સ્વસ્થ બની તેમને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું;

‘એવું કશું ય નથી દોસ્ત! પણ મને એમ કે હવે ક્યાં સુધી દોસ્તને ભારરૂપ બનવું....?’

‘શું કહ્યું? ભારરૂપ?.... તું અમને ભારરૂપ છે? ખેર. વીરા, તારા વિચારો કેમ બદલાઇ ગયા? તું અમને ભારે પડે છે? ના વીરા ના. તું એવું બોલીને જ તો અમારી ઉપર ભાર મૂકે છે.... અમને તેં પારકા ગણ્યા....?’ સુભાનના આવા જવાબથી વીરો થરથરી ગયો.- થરથરી જ જાય ને? સુભાને તેને સગા ભાઇથીયે વહાલો ગણી રાખ્યો હતો અને જુદા રહેવાની વાત કરે તો સુભાન શી રીતે સહન કરે?

બંને - સુભાન અને વીરો મૌન થઇ ગયા.

ગાઢ મૌન તોડી મશ્કરીનું મોજું ફરી વળ્યું અને એ મોજાં ફેરવનાર મંજુલાભાભી હતાં :

'વીરૂભાઇ! તમારે જુદા રહેવું હોય તો અમારી ના નથી પણ એક શરતે તમને જુદા રાખીએ....' થોડું રોકાઈને લાગલું જ ઉમેર્યું : 'જુદા રહેવા માટે કમ સે કમ રોટલા ઘડી આપનારની તો જરૂર પડવાની જ, માટે તમે લગ્ન કરી નાંખો.... અને તો જ અમો રાજીખુશીથી તમને બીજા ઘેર વળાવીશું.... છોકરી પણ મારી નજરમાં છે...'

મંજુલાનું બોલવું જેવું પૂરું થયું કે ત્રણેય હસી પડ્યા.... વીરો ોત ભાભી કઇ છોકરીની વાત કરે છે એ જાણતો હતો સુભાન પણ જાણતો હતો. છતાં અજાણ બની તેણે... પ્રશ્નાર્થ નજરે મંજુલા તરફ જોયું તો મંજુલા સુભાનના કાનમાં કંઇક ગણગણી.... સાંભળીને સુભાન તો ખુશીનો માર્યો ઊછળી પડેયો : ....

'અરે વાહ મારા દોસ્ત! તારી ભાભીને ધન્યવાદ આપવા જોઇએ કે આટલી ખૂબસૂરત અને હોંશિયાર તથા ધનવાન બાપની એકની એક બેટીની પસંદગી કરી છે.... વાહ ભાઇ વાહ....! દિયર-ભોજાઇએ જબરી ગૂફતેગો ચલાવી લાગી છે, નહીંતર એ અલ્લડ યુવતી આમ ફસાય નહીં.... તમે બંનેએ મને અળગો જ રહેવા દીધો.... કેમ દુષ્ટો....?' અને સુભાન ખડખડાટ હસી પડ્યો..... વીરાએ પણ તેને સાથ આપ્યો.

અને મંજુલાભાભી તો એટલાં બધા ખુશ થઇ ગયાં હતાં કે -

એક ધાર્યા હાસ્યથી તેમની આંખોમાં પાણી ધસી આવ્યાં હતાં. પેટમાં આંટી પડી ગઇ હતી.

આમ હસાહસી ચાલતી હતી ત્યાં જ મંજુલાને પેટમાં ચૂંક ઉપડી..... હસવાથી હોય કે પછી ગમે તેમ- એકાએક ઊલટી થઇ....ઊભા થવાની પણ હામ ન રહી.... બેઠા હતા ત્યાં જ ફસડાઇ પડ્યા....

'ભા....ભી....!' મંજુલાને આ રીતે ઢળતાં જોઇ વીરાએ ત્રાડ નાંખી..... તેના અવાજથી સુભાન પણ ભાનમાં આવ્યો- જોયું તો મંજુલા ઊંધી પડીને ઊબકા કરતી હતી.

અચાનક આનંદમાં વિક્ષેપ પડવાથી વીરો બહાવરો બની ગયો.

'સુભાન..... તમે ભાભીને સંભાળો.... હું ડૉક્ટરને ફોન કરી જોઉં....' અને વીરો દોડ્યો દિવાનખંડમાં.... સુભાન મંજુલાને ઊંચકી ત્યાં આવ્યો ત્યાં સુધી તો વીરાએ ફોન પર વાત કરી દીધી હતી... સુભાનને મદદ કરી.

મંજુલાને પલંગ પર સુવડાવી.

અચાનક જ મંજુલાની આવી હાલત થઇ જવાથી સુભાન અને વીરો ગભરાઇ ગયા હતા.... હવે શું કરવું? કદાચ ગંભીર કેસ તો નહીં હોય ને?.... આમ અચાનક કેમ બની ગયું....? પણ, ડૉક્ટરના આવ્યા વિના કંઇ નિદાન થઇ શકે તેમ નહોતું.

વીરો અને સુભાન મંજુલાને બેભાન હાલતમાં જોઇ દુઃખી ચહેરે આંટા મારતા હતા.... વીરો

તેની જાતને ધિક્કારવા લાગ્યો.... મેર મુઆ! તને શું કુમતિ સુઝી તે આવા સહૃદયી માણસોથી અલગ થવાનો વિચાર કર્યો?..... તને જરાય શરમ ન આવી....? આવી ભાભી તને મળવી મુશ્કેલ છે..... તારા લીધે જ તો એમની આવી હાલત થઇ ગઇ.... તું જ જવાબદાર છે.... દુષ્ટ!

ત્યાં જ ફોનની ઘંટડી રણકી ઊઠી.

સુભાને ફોન ઊઠાવ્યો.... સામો જવાબ આપવાના ઢંગથી વીરાને એટલો તો ખ્યાલ આવી ગયો કે પેઢીમાં કોઇ અગત્યનું કામ આવી પડ્યું છે.... સુભાનં વાત કરી ફોન મૂકી દીધો, અને વીરા સામું જોઇ દિલગીરી ભર્યા શબ્દોમાં કહ્યું; 'વીરા ! કોઇ મોટી કંપનીનો ઓર્ડર છે.... અહીં મંજુલાને આવી હાલતમાં મૂકી મારાથી ખસાય તેમ નથી.... તું જ વાત કરી પતાવી દે જે ભાઇ!'

અને આજ્ઞાપાલક વીરો પેઢીએ જવા ઉપડ્યો. જતાં જતાં ભાભી ઉપર એક નજર નાંખી નિઃશ્વાસ સાથે બહાર નીકળી ગયો.

પેઢી પર પહોંચી સીધો કમલશેઠની ઑફિસમાં ગયો- જોયું તો શેઠની ખુરશી સામે એક જુવાન લગભગ પચ્ચીસેક વર્ષની ઊંમરનો બેઠો હતો...... તેની ભરાવદાર મૂછો તેના ચહેરાને શોભાવતી હતી. વીરાને સમોવડિયો લાગતા એ યુવાને વીરા તરફ એક અછડતી નજર નાંખી. વીરાની પણ તેના તરફ નજર પડી.

વીરાને આવકાર આપીને કમલશેઠે યુવાનની ઓળખાણ કરાવી, કહ્યું, કે તેમની કંપની મોટી છે તેમની માંગ પણ ઘણી છે, યોગ્ય ભાવતાલ કરી માલ રવાના કરવા માટે તેમની સાથે વાતચીત કરી જુઓ.

વીરાએ એ યુવાનને તેની કેબીનમાં આવવા જણાવ્યું; વીરાએ જોયું હતું કે કમલશેઠે જ્યારે તેને આવકારર્યો ત્યારે યુવાન એકદમ ચમક્યો હતો.... અને તેનું નામ સાંભળી યુવાનનું મુખ આશ્ચર્ય પામતું જોયું હતું..... અને ત્યારથી જેટલી વાત થઇ ત્યાં સુધી યુવાનની નજર વીરાના ચહેરા પર ફરતી રહી.... વીરાની હરકતો માપતી એ નજર કંઇક પરખવા માટે શોધતી હતી.... જે વીરાથી અજાણ નહોતું.

કેબીનમાં દાખલ થતાં 'આવો....' કહી યુવાનને અંદર લીધો.... વીરો રીવોલ્વિંગ ચૅરમાં જઇ ગોઠવાયો - ત્યાં ફરી ઇન્ટરફોન રણકી ઊઠ્યો. વીરાએ ફોન ઊઠાવ્યો, તેને અચંબો તો હતો જ કે કમલશેઠને મળીને તો આવ્યો છું તો ફરી અહીં ફોન કરવાનું શું કારણ.....?

'હલ્લો....'

'વીરા! હું તમને એક વાત પૂછવાનું ભૂલી ગયો, તમે અહીં આવ્યા તો - બંગલા પર તો મેં સુભાન સાથે વાત કરી હતી.... તો સુભાનને શું થયું છે?'

'ઓહ.... સૉરી! હું એ વાત કહેવાનું જ ભૂલી ગયો હતો.... સુભાનની વાઇફ-મંજુલાને અચાનક પેટમાં શૂળ ઉપડી..... ઉલટી થવા લાગી અને એકાએક બેભાન થઇ ગયાં છે એટલે તેમની પાસે બેઠા છે..... મેં ડૉક્ટર કીર્તિને ફોન કર્યો છે... કદાચ ડૉક્ટર આવી પહોંચ્યા હશે....' એમ કહી

તે બોલતો બંધ થયો.

'ઓહ.....!' કમલશેઠના મુખેથી ઉદ્‌ગાર નીકળી ગયો. વીરાને વાત કરતો જોઇ તેના મુખેથી નીકળેલો શબ્દ 'ડૉ.કીર્તિ' સાંભળી સામે બેઠેલા યુવાનની આંખો ઝીણીમોટી થતી હતી. પણ પછી સંભાળીને બેઠો.

'હં.... તો મિસ્ટર....! શું આપનું નામ?'

'મિસ્ટર અનિલ' યુવાને હાંકે રાખ્યું.... વીરો ચમક્યો પણ પછી સ્વસ્થ બની ગયો.... પૂછ્યું; 'શું? આપનું નામ ખરેખર મિ. અનિલ જ છે....?'

'કેમ તમને શંકા જાય છે.....?' સામો યુવાન હસતાં હસતાં જ બોલ્યો.

'ના... ના... એવું કંઇ નથી, હં તો મિસ્ટર અનિલ! આપને શું શું જોઇએ છે અને કેટલો માલ-સામાન જોઇએ છે?.... કેટલા દિવસમાં જોઇએ....?'

યુવાન તો વીરાની વાતો સાંભળતો રહ્યો.... તેણે કોઇ ઉમળકો દર્શાવ્યો નહીં પરંતુ તે જોઇ જ રહ્યો હતો કે વીરો ચિંતામાં જ પડ્યો છે બસ! .....સામા માણસને ઓળખવાની સહેજ પણ ચેષ્ટા કર્યા વિના, પૂછયા વિનાજ આગળ બોલ્યે જ જાય છે.

'અરે! તમે ચૂપ કેમ છો? બોલોને...? હું કેટલું બધું બોલી ગયો....? અને તમે...'

'અરે મારા ભાઇ! તમો તો ચિંતામાં જ લવ્યે જાવ છો.... તમે સામા માણસને બોલવાનો તો સમય આપો?'

'ચિંતા? શું કરૂં ભાઇ? જેમણે મને સગા દિયરથી પણ વધુ સાચવ્યો હોય તેવી ભાભીને કેમ કરી ભૂલી શકાય....? મંજુલાભાભીને આમ અચાનક પેટમાં તો ક્યારેય દુઃખ્યું નહોતું.'

'એમાં ચિંતા કરવા જેવું નથી.... કીર્તિ તેને માટે કોશિશ કરશે.... કીર્તિ એ બાબતમાં હોંશિયાર છે...'

યુવાને આમ પૂછયા વિના કે ઓળખાણ-પિછાણ વિના ડૉ. કીર્તિ માટે અભિપ્રાય આપ્યો એટલે વીરો જરા ચમક્યો!

'પણ ભાઇ! કીર્તિબેન વિશે તમે ક્યાંથી જાણો?' વીરાએ શંકા વ્યક્ત કરી.

'હા ભાઇ હા! તમે ભલે તેને 'ડૉ. કીર્તિબેન' તરીકે જાણતા હો, પણ એ તો મારી પ્રેયસી અને પરણેતર છે...'

વીરો ચમક્યો! તેનું મગજ બહેર મારી ગયું..... તેને અચાનક તળશી સિંગલ યાદ આવી ગયો.... સાથે ભણતા હતા ત્યારે એ જ નામની છોકરીને તો સિંગલ પ્રેમ કરતો હતો.... આ એ જ કીર્તિ તો નહીં હોય ને?-અને જો એ જ આ કીર્તિ હોય તો... તો... આ યુવાન પણ....?

વીરાએ યુવાન સામું જોયું તો તે હજુયે મરક મરક હસતો હતો.... તેને હસતો જોઇ વીરો ઝંખવાણો પડી ગયો.

'કેમ દોસ્ત! વિચાર કરતો કરી મૂક્યો ને? અરે! યાર, જિંદગીમાં એક વખત સાથે રહ્યા હોય તો એને કેમ ભૂલી શકાય....?'

'મતલબ....?' યુવાનને આ રીતે આડા પાટે ગાડી લઈ જતો જોઈ ધંધાકીય બાબતોથી વિમુખ એવી વાતો કરતો સાંભળી વીરો બોલ્યો; 'તમારી વાત હું સમજ્યો નહીં....'

'તું નહીં સમજે મારા દોસ્ત વીરા! તું તો અમને ભૂલી જવા માંગતો હોઈશ પણ અમે તને કેમ ભૂલી શકીએ? અને એટલે જ તો મેં તને કહ્યુંય ખરું કે કીર્તિ મારી પ્રેયસી અને પરણેતર છે.... છતાં તું સમજી ના શક્યો? તું આટલો બધો ભુલકણો થઈ ગયો મારા દોસ્ત....? કીર્તિનો પ્રેમી તારો દોસ્ત છે એ તું ભૂલી ગયો....? હું તારો દોસ્ત તળશી સિંગલ છું.... વીરા!'

અને વીરાના દિમાગમાં વિચારવીજ ચમકી, તે ખુરશી પરથી લગભગ ઉછળી પડ્યો.

'તું... તું... મારો દોસ્ત.... સિંગલ....!!!' અને એવા જ ઉમળકાથી સિંગલને ભેટી પડ્યો.... બંને દોસ્તો ઘણી લાંબી જીવન મુસાફરી કર્યા પછી મળ્યા હતા.... મન ભરીને મળી લીધું.

'દોસ્ત! સિંગલ....! તેં તો ભારે કરી...!'

હવે વીરાને ચિંતા નહોતી. મંજુલાભાભી કીર્તિના હવાલે હતા અને અહીં તેનો જીગરજાન દોસ્ત તળશીનો ભેટો થઈ ગયો હતો.

'પણ યાર! તમો અહીં ક્યાંથી પધાર્યા?' વીરાએ તળશીને પૂછયું હતું.

'અરે! જવા દે ને યાર! કીર્તિને પ્રેમ કરવો અઘરો માલુમ પડ્યો.... તેને લઈને અહીં આવ્યે આજે લગભગ ત્રણ વર્ષ થયા, કીર્તિને આગળ ભણવું હતું, ત્રણ વર્ષની મહેનત પછી તે હોંશિયાર ડૉક્ટર બની બેઠી અને હું મોટી કંપનીનો ખરીદ વિભાગનો મેનેજર છું....'

'પણ યાર! તારે અહીં આવવાનું પ્રયોજન શું છે? એ તો કહે' વીરાને સિંગલની વાત જાણવાની અધિરાઈ હતી.

'કહું છું યાર! શાંતિ રાખ! પહેલાં આપણે ધંધાની વાત પતાવીએ પછી હું મારી કથની તને કહી સંભળાવીશ.'

અને વીરાએ તથા સિંગલે ધંધાની વાતો પતાવી.

પછી સિંગલએ તેની કહાની શરૂ કરી.

● ● ●

'વીરા! તારા ગયા પછી હું એકલો પડ્યો. જ્યાં સુધી તું હતો ત્યાં સુધી મને તારો સહારો મળતો રહ્યો.... પણ જ્યારે તું મને છોડીને ચાલ્યો ગયો ત્યારે અને ત્યાર પછી મેં કોઈની દોસ્તી બાંધી નહોતી.... બસ! ફક્ત હું અને મારી કીર્તિ....'

વીરો એકાગ્રતાથી સાંભળતો રહ્યો, જ્યારે સિંગલે 'મારી કીર્તિ' - શબ્દ વાપર્યો ત્યારે વીરાના શરીરમાંથી એક ઝણઝણાટી પસાર થઈ ગઈ.... સિંગલ તેની આપવીતી કહેતો રહ્યો.... આપવીતી કહેતી વેળા ન તો સિંગલની આંખમાં આંસુ હતાં કે ન તો કોઈ જાતની વ્યથા... વીરાને સિંગલ ગજબની હિંમતવાળો લાગ્યો.

''..... પછી તો અમે છેક સુધી સાથે જ ભણ્યાં.... અમે રોજ સાંજના એ જ તલાવડીએ મળતાં જ્યાં આપણે મળતા હતા..... હું અને કીર્તિ બહુ આગળ વધી ગયા હતા વીરા! અમે.... અમે તો લક્ષ્મણરેખા પણ ઓળંગી દીધી હતી.-કીર્તિના સહવાસથી મને સુખ મળતું હતું અને કીર્તિએ પણ મર્યાદા ઓળંગી....

અમે બંને તન અને મનથી એક બનતા ગયા... કીર્તિની ઈજ્જત એ હવે મારી ઈજ્જત બની ચૂકી હતી... જ્યારે અમે કોલેજનું સ્નાતક કથાનું શિક્ષણ પૂરું કર્યું અને અનુસ્નાતક કક્ષાએ પણ સાથે જ દાખલ થયા, લગભગ કૉલેજ પૂરી કરવાનો સમય આવ્યો હતો અને કીર્તિને આ રીતે જ પેટમાં દુઃખ્યું હતું.... તેણે મને એ વાત જણાવી.... હું ગભરાઈ ગયો, તેની સાથે હું ખાનગી દવાખાનામાં ગયો તો... તો... વીરા! હું ત્યારે કદાચ - કીર્તિએ સહારો ન આપ્યો હોત તો હું પાગલ જ બની જાત.... મારા કરતાં તો કીર્તિ હિંમતવાળી નીકળી... વીરા! કીર્તિ ગર્ભવતી હતી. હું ગભરાઈ ગયો હતો - હવે શું કરવું?... મેં કીર્તિને સમજાવી કે કીર્તિ! આપણે અત્યારે આ ગર્ભને પડાવી નાંખવો જોઈએ પણ, કીર્તિએ સ્પષ્ટ નન્નો ભણ્યો... એતો એમ જ કહેતી હતી, ‘તળશી... દુનિયા ઉથલપાથલ થઈ જશે પણ હું આપણા પ્રેમની નિશાનીને એમ ભૂંસી નાંખવા નહીં દઉં....!’

મેં એને ઘણી સમજાવી, ‘કીર્તિ! હજુ તો આપણે કુંવારા છીએ... અને આપણે હજુ આગળ અભ્યાસ કરવાનો છે... લોકો આપણી વાતો કરશે...’

ત્યારે કીર્તિએ શું કહ્યું ખબર છે? - ‘તળશી...! એ આવનાર બાળક માટે હું મારી જિંદગી ન્યોછાવર કરી દઈશ પણ એ બાળકને - કે જે આપણા પ્રેમની જીવતી જાગતી નિશાની છે તેનો નાશ નહીં કરવા દઉં... હું પરીક્ષા નહીં આપું, પણ એ બાળકને એ રીતે છોડવા હું તૈયાર નથી... સિંગ! .... શું તું મને પ્રેમ કરતો નથી? તું મને તારી પત્ની બનાવવા તૈયાર નથી? તું..... તું મારો સ્વીકાર નહીં કરે...?’ અને ત્યારે કીર્તિ ખૂબ રડી હતી. તેની આંખોમાંથી વહી જતાં આંસુથી હું પીગળી ગયો.... મારાથી કીર્તિનાં આંસુ જોઈ શકાતા નહોતા... તો બીજી તરફ સમાજથી ડરતો હતો.... પણ સમાજ કરતાં મને કીર્તિનાં આંસુની કિંમત વધુ હતી... અટલે પછી મેં એને આશ્વાસન આપ્યું;

‘રડ નહીં કીર્તિ! હું તને મારી પત્ની તરીકે જરૂર સ્વીકારીશ, આપણો પ્રેમ અમર છે કીર્તિ.... ભલે આખી દુનિયા મને ધૂત્કારે પણ... હું તારો સાથ નહીં છોડું....’ અને કીર્તિને લઈ તેના ઘેર મૂકવા ગયો. તેના પિતાજી જોડે વાત કરી તો તેઓ ગુસ્સે થઈ ગયા.... પણ મેં તેમને સમજાવ્યા.... ‘ભાવિ બાળકના બાપ તરીકે રહેવા હું તૈયાર છું.... અજાણતાં થઈ ગયેલી એ ભૂલથી હું શરમ અનુભવું છું પણ એનો બદલો મને મળી ગયો છે, મને આપના જમાઈ તરીકે સ્વીકારો પિતાજી....!’

મારા છેલ્લા વાક્યથી કીર્તિના પિતાજી ગુસ્સે થઈ ગયા પણ જ્યારે કીર્તિના રડવાનો અવાજ આવ્યો ત્યારે તેના પિતા પીગળી ગયા.... તેમનો ગુસ્સો ઊતરી ગયો.... શાંતિથી વિચારીને મને કહ્યું; ‘બેટા! તમોએ ભૂલ કરી છે તો તેને નિભાવી લો.... પણ કીર્તિના અભ્યાસને ધ્યાનમાં લેવો જોઈએ.... તેનું ભણતર અધૂરું....’

‘નહીં.... પિતાજી! પૂરું થશે... હું બન્ને જવાબદારી મારે સાથે લઈશ.... તમે મારી ચિંતા ન કરશો.... ફક્ત તમે અમને લગ્ન કરવાની રજા આપો....’

‘તો બેટા! હું ક્યાં ના પાડું છું..... તમારા ધામધૂમથી લગ્ન કરાવીશ....!’ અને કીર્તિ પિતાને વળગીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી... બચપણમાં માનો પ્રેમ ગુમાવેલો અને લાડકોડથી ઉછરેલી કીર્તિને મન તેના પિતા જ તેની માતા..... તેના બાપે કીર્તિને ક્યારેય દુઃખી થવા દીધી નહોતી.... તેની ઈચ્છા મુજબનું જીવન જીવવાની છૂટ હતી.... અને આખરે જ્યારે કીર્તિએ ઈચ્છા મુજબનો મૂરતિયો શોધ્યો તો તેના પિતાએ તેને પણ સહર્ષ સ્વીકારી લીધો...!’’

તળશી આરામ કરવા રોકાયો.... થાકી ગયો હતો બોલીને.... વીરો તેના મુખેથી નીકળતી વાતો સાંભળવામાં મશગૂલ હતો ત્યાં તળશીએ શરૂઆત કરી;

''પણ પછી મારી જિંદગીનું સ્વપ્ન રોળાવા લાગ્યું.... અમારા લગ્ન થઇ ગયા પછી જ્યારે કીર્તિ વધુ નર્વશ બનતી ગઇ.... એક બાજુ પરીક્ષા પણ નજીક આવતી જતી હતી....

'અને એક રાત્રે....!

કીર્તિને પેટમાં ખૂબ દુઃખવા લાગ્યું. હું રાત્રે ડૉક્ટરને બોલાવી લાવ્યો, ડૉક્ટરે જણાવ્યું કે 'બાળક અધૂરા મહિને જન્મવાનો સંભવ છે.' ડૉક્ટરના એ વાક્યથી મારું મગજ બહેર મારી ગયું. કીર્તિતો બેભાન અવસ્થામાં પડી હતી. તેને બિચારીને ક્યાં ખબર હતી કે જેનું તે જતન કરી રહી છે એ ન જાણે શું યે મુસીબત ઊભી કરશે....? હું કીર્તિની ચિંતામાં પડ્યો.... ડૉક્ટરે મને સૂચના આપી કે કીર્તિને દવાખાનામાં દાખલ કરવી પડશે.

હું એકલે હાથે બધું કામ ઉપાડતો હતો. દવાખાનામાં લઇ ગયા બાદ તેની હાલત સાવ બગડી ગઇ હતી.

અને કીર્તિને અધૂરા માસે મરેલું બાળક અવતર્યું....! મારું તો ઠીક પણ કીર્તિની શી દશા થશે તેના વિચારથી જ હું બેબાકળો થઇ ગયો હતો.... - કીર્તિ ભાનમાં આવશે તો હું શું જવાબ આપીશ....?

અને જ્યારે ખરેખર કીર્તિ ભાનમાં આવી અને પથારીમાં તેની બાજુમાં કંઇ ન જોતાં તેની આંખમાં આંસુનો ધોધ વહેવા લાગ્યો.... ધ્રુસકે ને ધ્રુસકે તે રડી, 'કીર્તિ...!'મેં કીર્તિને આશ્વાસન આપવા ઘણાયે પ્રયત્નો કર્યા પણ.... મારા મોંમાંથી એક શબ્દ પણ નીકળી ન શક્યો....

'તળશી....! મારું બાળક....!' અને કીર્તિના એ વાક્યથી હું પણ રડી પડ્યો દોસ્ત!... જિંદગીમાં ક્યારેય નહોતો રડ્યો અને ત્યારે કીર્તિની એ આંખો અને બાળક પ્રત્યેની લાલસા... હું ખરેખર ભાંગી પડ્યો હતો.... ત્યાં મારું કોઇ નહોતું... વીરા!.... ત્યારે કીર્તિ અને હું એકબીજાને આશ્વાસન આપવા સિવાય બીજું શું કરી શકવાના હતા...?

થોડા દિવસો પછી કીર્તિને હું ઘેર લાવ્યો... પણ કીર્તિ આનંદમાં આવતી નહોતી... ત્યારથી અમારી જિંદગી નીરસ બની ગઇ.... હું એને અમારા જૂના મિલનસ્થળોએ લઇ જઇ ફેરવતો... તેને અમારા પ્રેમ-પ્રકરણની વાતો કરી હસાવવા પ્રયત્ન કરતો, પણ તેના ચહેરા પર સદાય ગંભીરતા જ છવાઇ રહેતી...

અને અંતે હું મારા સસરાની રજા લઇ મુંબઇ આવવા નીકળ્યો.... મારી ધારણા હતી કે વાતાવરણ બદલાશે એટલે કીર્તિના વર્તનમાં પણ જરૂર ફેર પડશે.... ભૂતકાળને ભૂલી જશે,..... પણ! કીર્તિ ભૂતકાળને તો ન ભૂલી.... હા, કીર્તિના વર્તનમાં પરિવર્તન આવી ગયું..... અને તેણે અહીં જ રહી જવા જણાવ્યું.... મારે મન તો કીર્તિના આનંદમાં આનંદ હતો.... હું તો કીર્તિના સુખે સુખી અને કીર્તિના દુઃખે દુઃખી.... એટલે મારે તેની ઇચ્છાનો અનાદર કરવાનો વારો જ ન આવ્યો....

અને અમે અહીં જ સ્થાયી થઇ ગયાં.

પણ કીર્તિએ નક્કી કર્યું હતું કે ડૉક્ટર બની સુવાવડથી પીડાતી સ્ત્રીઓની સેવા કરીશ..... અને કીર્તિ આજે ડૉક્ટર બની ગઇ છે અને હું એક કંપનીમાં ખરીદ-વિભાગનો મેનેજર...''

કહી સિંગલે વાત પૂરી કરી.

ત્યાં,

ફોન રણકી ઊઠ્યો.

સિંગલની એકધારી વાત સાંભળવામાં તલ્લીન બનેલો વીરો ઘંટડી વાગતાં જ ચમક્યો. ફોન ઊઠાવ્યો : 'હલ્લો...!' અને તરતજ, 'કોણ....?'

સામેથી જવાબ સાંભળી વીરો ખુશીમાં જ બોલી ઊઠ્યો : 'અરે! સોનલ.... તું....!'

વીરાને સોનલ સાથે વાત કરતો જોઈ સિંગલ તો દંગ જ થઈ ગયો, 'આ વળી કઈ બલા વળગી આને?'

વીરો તો ફોનમાં વાત કરતો જ રહ્યો.

'સોનલ! ડૉક્ટર ઊભાં છે કે જતાં રહ્યાં?'

સામેથી જવાબ મળ્યો : 'એ તો હું અહીં આવી ત્યાર પહેલાંના જતાં રહ્યાં છે અને મંજુલાભાભી પણ આરામમાં છે... તમને યાદ કરે છે.... કામ પતી ગયું હોય તો જલદી બંગલા પર આવી જાઓ...'

તળશી ધૂંધવાઈ રહ્યો હતો. વાતોમાં ને વાતોમાં વીરાને એ પણ ખ્યાલ ના રહ્યો કે સામે તળશી બેઠો છે.

'ઓ. કે.... ડાર્લિંગ.... હું આ આવ્યો... ઓ. કે.'

વાત પૂરી કરી કે વીરો ચમક્યો! સિંગલ તેની તરફ ઘૂરકી રહ્યો હતો.... અચાનક સિંગલમાં આવેલા ફેરફારથી વીરો છળી પડ્યો.... કોઈ હિંસક પશુની જેમ ઘૂરકતા તળશીને વીરો પૂછી બેઠો :

'અરે! સિંગલ.... તને શું થઈ ગયું છે....? આમ ઘૂરકે છે કેમ?'

'દુષ્ટ! તેં લગ્ન કરી નાંખ્યા?'

'ના. પણ લગ્ન કરવાનો વિચાર છે ખરો.'

'અંહ..... તો એ તમારી સોનલને તમે જીવનસંગિની બનાવશો એમને?'

'હા.... કેમ?'

'એય વીરૂ! તું એમ ના સમજીશ કે હું તને છોડી દઈશ.... હું તમારા વચ્ચે એક સેતુ સમાન હતો.... એ બિચારી સોન તારા વગર હિજરાતી હશે અને અહીં તું સોનલસાથે લગ્ન કરવા માંગે છે દુષ્ટ! ગદ્દાર!'

હવે વીરાને ભાન થયું કે સિંગલ આગળ ખુલાસો કર્યો નહોતો,

'અરે! પણ સાંભળતો ખરો-ભાઈસાહેબ....! એ સોનલ એ જ તો મારી સોન છે સિંગલ.... એણે નામ બદલ્યું છે...'

'હેં એ એ.... તો તો તું પૂરેપૂરો દુષ્ટ છે સાલા... હજુ સુધી તું મને વાત પણ કરતો નથી?'

અને બન્ને દોસ્તો હસી પડ્યા.

'મને માફ કર દોસ્ત! ચાલ મારી સાથે, હું તને ભેટો કરાવી દઉં.'

'ના રે ભાઈ... તારું ઠેકાણું નહીં, તું મને રોક્યા વિના રહેવાનો નથી... અને મારે જરૂરી કામ છે એટલે અત્યારે નહીં, ફરી ક્યારેક જરૂર આવીશ.'

'ના દોસ્ત. તું મારું માન અને આજે જ....'

પણ તળશી ના માન્યો..... તેને વિદાય આપી વીરો પણ ઉપડ્યો બંગલા તરફ.

દરવાજામાં આવી જુએ છે તો દિવાનખંડમાં પલંગ પર મંજુલા સૂતી છે તેની માથાવટી આગળ

સોનલ બેઠી છે.... સુભાન એક તરફ મેજ પર ગોળીઓ અને દવા વ્યવસ્થિત મૂકી આરામ ખુરશીમાં ગોઠવાયો હતો.... વીરો પહેલાં તેની રૂમમાં જવા દાદરો ચઢી ગયો.... જરા સ્વસ્થ થઇ નીચે આવ્યો ત્યાં તેના કાને સોનલનો અવાજ અથડાયો;

'અરે! સુભાનભાઇ! તમારા દોસ્ત અલગારી પાછા ક્યાં ઉપડી ગયા?' સોનલે 'અલગારી' સંબોધન વીરા માટે વાપર્યું હતું.... તે હજુ એમ માનતી હતી કે તેના અને વીરાના સંબંધથી આ લોકો અજાણ છે તેથી તે વીરા વિશે પૂછવામાં સંકોચ અનુભવતી નહી. સુભાને તેનો જવાબ આપ્યો;

'આવ્યો તો છે પણ ઉપર ગયો હશે....'

'ઉપર....?' સોનલે એવી રીતે ટીખળ કરતાં કહ્યું કે જાણે 'ઉપર' શબ્દનો અર્થ જ તેણે જુદો કર્યો હતો.

'ઉપર.... એટલે છેક ઉપર નહીં....? પણ આ બંગલાના ઉપરના માળે...' આ વાક્ય સુભાન નહોતો બોલ્યો ત્રણેયની નજર બારણાં તરફ ગઇ તો વીરો દિવાનખંડમાં પ્રવેશી રહ્યો હતો..... તેની પહેલી નજર સોનલ પર પડી અને સોનલ શરમની મારી નીચું જોઇ ગઇ. પછી મંજુલા પર નજર નાંખીતો મંજુલાની આંખો હસી રહી હતી... સુભાન ઠાવકું મોં કરી બેઠો હતો... કંઇ નહીં તો પણ સુભાનનું મૌન વીરાને ખૂંચતું હતું.... પણ તેણે મંજુલાને ઉદ્દેશી પૂછયું.;

'કેમ છે ભાભી તમને? સારું થઇ ગયું ને?'

'હા ભાઇ, સારું થઇ ગયું તારી ભાભીને...'મંજુલા વીરાને કંઇ કહે તે પહેલાં સુભાન રોષમાં બોલતો હોય તેમ બોલ્યો.

વીરાને પહેલાં તો સમજ ન પડી કે સુભાન એકાએક કેમ ગુસ્સે થઇ ગયો....? તેણે ભાભી તરફ જોયું પણ તેને કંઇ કળાયું નહીં, તેણે સોનલ પર નજર ફેંકી પણ તેય તે નીચું મોં રાખી બેઠી હતી.... વીરો વધુ ગુંચવાતો હતો.... સુભાનના ગુસ્સાનું કારણ શોધવા લાગ્યો.... મારો શો વાંક છે? તે સુભાન આમ ગુસ્સે થયો...?

ત્યાં સુભાને આગળ વધાર્યું.

'તમો ત્રણેય મારા માથા પર માછલાં ધોવા આવ્યા છો.... મને તો તમોએ પારકો જ ગણ્યો ને...?'

'પણ થયું છે શું સુભાન?'

'શું થવાનું છે?- એક તો મારાથી છુપી રીતે સગાઇઓ કરતા ફરો છો... ઘરના આગેવાનને પૂછયા વિના મળવાનું પણ નક્કી કરો છો....' સોનલ ચમકી! તેને ગણકાર્યા વિના સુભાને આગળ ચલાવ્યું; 'અને પાછા પૂછીએ છીએ ત્યારે નિર્દોષ બનવા જાઓ છો - શું થયું સુભાન?' સુભાને વીરાના ચાળા પાડતાં આગળ ઉમેર્યું : 'અને હવે તારી ભાભી પણ મારા પર....'

'ભાભી?'

'હા ભાઇ! તારી ભાભી પણ તારી જ ભાભી છે ને? એને તારો રંગ લાગ્યો છે.... સંગ એવો રંગ....!'

'સુભાન....!' વીરો તાડુકી ઊઠ્યો. તેને સુભાનની વાતનો તાગ મળતો ન હતો, તે વધુ ને વધુ

ઝંખવાણો પડતો જતો હતો..... જ્યારે સુભાન બનાવટી ગંભીરતા રાખી બોલી રહ્યો હતો કે - સોનલ અને મંજુલા હસવું પરાણે દબાવી સાંભળી રહી હતી.

'બહુ બરાડા ના પાડ... વીરા! તું અને હું.... હવેથી.....' સુભાને વાક્ય અધૂરું મૂક્યું. વીરાના હાંજા ગગડી ગયા.... સુભાન મને જુદો કરવા માંગે છે કે શું? મારા ચારિત્ર્ય પર શંકા ગઇ હશે....? - ગડમથલમાં પડેલો વીરોબોલી ઊઠ્યો;

'ના.... ના, સુભાન! તું અને હું ક્યારેય જુદા નહીં થઇએ.....' ધાર્યા કરતાં જુદો જ જવાબ સાંભળી સુભાન ખડખડાટ હસી પડ્યો.... અને અત્યાર સુધી હસવું ખાળી રહેલ સોનલ અને મંજુલા પણ પેટ પકડીને હસવા લાગી... કેમેય તેમનું હસવું રોકાય તેમ નહોતું.

અને વીરો બાઘા ચકવા જેવો જોઇ રહ્યો. તેને સમજ ન પડી, શું કરવું? - હસવું કે ગુસ્સે થવું....?

મંજુલાભાભીથી તો હસાતું નહોતું છતાંયે પેટ પકડીને હસતાં રહ્યાં.

સોનલ તો ખૂબ જ હસતી હતી... હસવાથી તેના પેટમાં આંટી ન પડી જાય એ માટે પેટ પર હાથ દબાવી હસી રહી હતી... હસવાથી તેની આંખોમાં પાણી ભરાઇ આવ્યું હતું.

વીરાને ગુસ્સો ચઢ્યો - આજે આ લોકો મારી મશ્કરી કેમ કરતાં હશે?... આજ સુધી સોનલ હસતી તો વીરો ખુશ થઇ ઊઠતો..... તેના હાસ્યને બિરદાવતો, પણ આજે, જે રીતે સોનલ હસી રહી હતી. તે જોતાં વીરાને દાઝ ચઢી.

મનમાં જ ચોપડવા લાગ્યો સોનલને.

મહાપરાણે હાસ્ય રોકી રાખી સુભાન બોલ્યો;

'વીરા! સૉરી ભાઇ! મારા કહેવાનો તું અવળો અર્થ કરે છે યાર!.... આજથી હું બાપ બનવાનો છું અને તું કાકો...!'

અને આટલું સાંભળતાં જ વીરાનો આનંદ ચરમસીમા વટાવી ગયો.... 'કોન્ગ્રેચ્યુલેશન ભાભી' અને આનંદનો માર્યો ઊછળી પડ્યો. આટલો બધો ખુશ તો વીરો તેની જીંદગીમાં ક્યારેય નહોતો થયો. તેણે સોનલ સામે મીઠી નજર નાંખી..... મનોમન ગાળો ભાંડી હતી તેમ મનોમન માફી પણ માંગી લીધી.

ત્યાં જ તેમના આનંદમાં ભાગ પડાવતી એક કાર બંગલાના કમ્પાઉન્ડમાં આવી થોભી. હોર્ન સાંભળતાં જ મંજુલા સિવાય બધાની નજર દરવાજા તરફ ગઇ. ગાડીમાંથી કીર્તિ અને સિંગલને ઊતરતાં જોઇ વીરો દંગ જ થઇ ગયો... ભૂતકાળની કીર્તિ અને અત્યારે ડૉક્ટરના સ્વાંગમાં ઑપતી કીર્તિ વચ્ચે સરખામણી કરવા લાગ્યો.

સુભાને આવકાર આપ્યો.

કીર્તિની સાથે તળશી સિંગલને જોઇ વિચારમાં પડી ગયો હતો વીરો.

પણ બન્યું હતું એવું કે સિંગલ જ્યારે વીરાથી વિખૂટો પડી ઘેર ગયો ત્યારે કીર્તિ પાછા વળવાની તૈયારી કરતી હતી. તળશીએ પૂછ્યું કે, 'વળી પાછું ક્યાં જવાનું છે?' તો કીર્તિએ જવાબ આપ્યો હતો; 'જ્યાં ગઇ હતી ત્યાં જ, - એક દવા આપવાની છે જે હું લઇ નહોતી ગઇ....'

'કીર્તિ! તને ખબર છે? આપણા સહપાઠી વીરો અને સોન ક્યાં છે....?' તળશીના સવાલથી કીર્તિને તેની સહેલી સોન યાદ આવી ગઇ..... ન જાણે ક્યાં હશે? જ્યારથી છૂટી પડી હતી ત્યારથી અત્યાર

સુધી તેની કોઇ ખબર આવી નથી.... પણ! જ્યારે સિંગલના મુખેથી કીર્તિએ સોન અને વીરાનું નામ સાંભળ્યું ત્યારે તે આશ્ચર્ય પામી ગઇ હતી.... તેને ખાતરી હતી કે સિંગલને બાતમી મળી હોવી જોઇએ.... કારણ કે સિંગલને જે વાતની જાણ થાય છે તેને પહેલાં સવાલ પૂછીને જ જવાબ આપવાની ટેવ છે-

'ના.... મને ખબર નથી, પણ તમને ક્યાંથી ખબર?' પછી તરતજ ઉમેર્યું; 'તમને એ લોકો ક્યાં મળ્યા?'

'મને તો વીરો એકલો જ મળ્યો છે.... જેની સારવાર કરવા તું જાય છે એ વીરાના દોસ્તની પત્ની છે એટલે કે વીરાની ભાભી અને હું આજે જેની પેઢીમાં ગયો હતો તે પેઢીના માલિક કમલશેઠની એકની એક લાડકવાયી દિકરી-તારી સહેલી સોન પણ અહીં જ છે. તારા નીકળી ગયા બાદ એ વીરાની મંજુલાભાભીને ત્યાં પહોંચી ગઇ હતી. તને આ આનંદની વાત કહેવા તો હું વીરાનો આગ્રહ હોવા છતાં હું રોકાયો નહીં... બહાનું બતાવી તને આશ્ચર્યમાં નાંખવા આવ્યો હતો.....' પછી તરતજ ઉમેર્યું ; 'પણ.... હવે તું જાય છે તો ચાલ હું યે તારી સાથે આવું છું.'

અને તળશી તથા કીર્તિ સુભાનને બંગલે આવી ઊભા. ઘડી ભર તો કોણ કોની ઓળખાણ આપે એવી દ્વિધામાં પડેલાને જાગૃત કરવા મંજુલા એ જ કહ્યું;

'કીર્તિબેન! શા વિચારમાં પડી ગયા....? દવા લાવ્યા કે નહીં....?' 'કીર્તિબેન' નામ સાંભળતાં સોનલની નજરોમાં પ્રશ્ન ડોકાયો... તેના પ્રશ્નને સમર્થન આપતાં વીરાએ જવાબ આપ્યો;

'સોનલ! આ ડૉક્ટર તારી સહેલી કીર્તિ જ છે અને તેમની સાથે તેમના મિસ્ટર-મતલબ કે તેમના પ્રેમી સિંગલ તળશી છે.... મારો દોસ્ત!'

અને સોનલ તથા કીર્તિ એકબીજાને હર્ષાવેશમાં ભેટી પડ્યા. મંજુલા તો અવાર-નવાર બનતા આ સુખદ પ્રસંગોથી આભા જ બની ગયા હતા.... સુભાનની ઓળખાણ આપતાં વીરો બોલ્યો :

'તળશી! ... આ સુભાનભાઇ છે.... મારા દોસ્ત અને મોટાભાઈ!' અને વીરો મંજુલા તરફ ફર્યો : 'અને આ છે મારી વહાલી ભાભી મંજુલાભાભી...'

પરસ્પર ઓળખાણો થતાં વાતાવરણમાં આનંદ પ્રસરી ગયો.

કીર્તિ અને સિંગલ તો તરત જ જવા તૈયાર થયા પણ સોનલે મના કરી, 'ચા પીધા વિના જવાનું નથી....'

સિંગલે મજાક કરી; 'ચાલો ભાઇ... ચા પીને જઇશું.... આમેય તમારા કે મારા બાપની ચા ક્યાં વપરાવાની છે?.... બાળપણમાં પણ આપણે તો..... પંડ્યા સાહેબના ઘરની ચા અને કૉફીનો ધૂમાડો કાઢી નાંખ્યો હતો...'

અને એ દૃશ્ય ચારેયની નજરો આગળ ઉપસી આવ્યું ત્યારે તો ચારેય જણાં ખૂબ હસી પડ્યા....

● ● ●

સાંજનો સમય હતો.

દરિયાની ચોપાટી પર ઘણાં લોકો દિવસનો થાક ઊતારવા - દરિયાની તાજી હવાથી સ્ફૂર્તિ લાવવા-ફરવા માટે આવતા હતા, .... કેટલાંક-જે જુવાન હતા તેઓ પોતાના પ્રેમી-સાથીને અહીં-ચોપાટી પર

મળવાનો વાયદો પણ કરતા... એટલે સામાન્ય રીતે સાંજના સમયે દરિયાની ચોપાટી પર માનવ મેદની ઊભરાતી.

અત્યારે આકાશમાં વાદળાં ઉમટ્યાં હતાં..... પણ વરસાદ થાય એવું લાગતું નહોતું, તેથી આજે સોનલે જાતે જ - વીરાને સાથે ફરવા આવવા માટે નિમંત્રણ પાઠવ્યું હતું અને... 'જોરુ કા ગુલામ' - જેવો વીરો તૈયાર થઇ ગયો...

જ્યારથી વીરાને સોનલે તેની સોનમાં ઓળખાણ આપી.... અને જ્યારથી તેમના પુરાણા પ્રણયની ઓળખાણ થઇ ત્યારથી સોનલ વીરાના વિચારોમાં ખોવાયેલી રહેતી.... તેણે કોલેજ જવાનું બંધ કરી દીધું હતું અને હવે મોટા ભાગના સમયમાં નવરી જ રહેતી...

કંટાળો આવે ત્યારે મંજુલાભાભી જોડે જઇ દિલનો ઊભરો ઠાલવી આવતી... ક્યારેક મન થઇ જાય તો તેની માની મનાઇ છતાં રસોઇકામ કરી લેતી.... બહુ અપસેટ થાય તો વીરાની સાથે એકાદ સીનેમાગૃહમાં જઇ સાથ મેળવતી.... તો ક્યારેક વીરાની સાથે ચોપાટી - દરિયાની લહેરોનો લ્હાવો લેવા ઉપડી જતી.... આ એની રોજિંદી કાર્યવાહી હતી... કોઇકવાર વીરાની સાથે ફોન કરી મિલનનો ઊભરો ઠાલવી દેતી...

જ્યારથી વીરાએ સોનને પારખી ત્યારથી તેના હાથનું ગુલાબનું ફૂલ તેના માથામાં ખોસતો.... રોજનો એ ક્રમ થઇ પડ્યો.... ક્યારેક વીરો મિલન સ્થળે જવામાં થોડો મોડો પડતો તો સોનલ જાતે આવીને તેને ઠપકો આપતી અને ગુલાબના ફૂલની ભેટ સાથે લઇને આવતી....

સોનલના જીવનમાં કિશોરાવસ્થાનાં જૂનાં પ્રેમપ્રકરણનો હીરો-વીરો હાથ આવતાં તે રોજ આનંદમાં રહેતી... હા! ક્યારેક તેને એટલી બધી આનંદિત રહેતી જોઇ તેની મમ્મી પણ ખુશ થતી... કેટલાક દિવસથી તે સોનલને આનંદમાં જોઇ રહી હતી.... તે સિવાય જ્યારથી મુંબઇ આવ્યા ત્યારથી સોનલના ચહેરા પર મુક્ત હાસ્ય ફરક્યું નહોતું અને ક્યારેક ફરક્યું હશે તો તરત તેના પર ઉદાસીનતા ફરી વળતી... કે પછી હસવા ખાતર જ હસતી હોય.... જાણે કે તેનું હાસ્ય કોઇ ચોરી ગયું હોય તેમ તેના ચહેરા પર ફક્ત ગંભીરતા અને ગ્લાનિ જ નજરે ચઢ્યા હતા.... અને આમ અચાનક સોનલને આનંદમાં દિવસો પસાર કરતી જોઇ તેની મા એ પૂછ્યું પણ ખરું: 'દીકરી સોન! હમણાં હમણાં તું ઘણી ખુશ દેખાય છે....'

'ના... ના....! મમ્મી, એ તો તને એવું લાગે.... આ તો કોલેજની પરીક્ષાનો ભાર માથેથી ઊતરી ગયો એટલે હળવી ફૂલ થઇ ગઇ છું તેથી તને એમ લાગતું હશે...'સોનલે ઉડાઉ જવાબ આપ્યો હતો.

સોનલને ગમે ત્યાં-, ગમે ત્યારે-, ગમે તેને મળવા જવાની છૂટ હતી. કારણકે તેના મમ્મી-પપ્પા ક્યારેય તેને ટોકતા નહીં કે રોકતા નહીં, તેમને તેમની દીકરી સોનલ પર પૂરો વિશ્વાસ હતો.... તેમની આંખ આગળ ઉછરેલી સોન પર તેમને ભરોસો હતો. મોટા ભાગે તો સોનલ સુભાનભાઇને મળવા જતી કે પછી, મંજુલાભાભીની સાથે ફરવા જતી. બાકી.... કોલેજની કોઇ પણ યુવતી કે જે તેની સહેલી હોય તેની સાથે કે તેના ઘેર પણ જતી નહોતી.

હા! કીર્તિની ઓળખાણ થયા પછી સોનલ તેને મળવા અવાર-નવાર જરૂર જતી.

સોનલ આજે વીરાને લેવા સુભાનભાઇને ઘેર આવી હતી. દિવાનખંડમાં મંજુલાભાભી અને સુભાનભાઇ વાતો કરતા હતા. ત્યાં સોનલ દરવાજામાં પ્રવેશી,... 'કેમ છો સુભાનભાઇ! ને ભાભી! તમને હવે સારું છે ને?' તેની નજર વીરાને શોધતી હતી પણ વીરો ન દેખાયો.... તેની નજર પારખી જઇ મંજુલાએ

ટોણો માર્યોઃ

'વાહ ભાઇ! તમે તો જબરા છો હોં....! અમારી ખબર કાઢવાને બહાને કોઇ બીજાને શોધવા આવો છો- કેમ?' મંજુલાના વાક્યથી સોનલ શરમાઇ ગઇ, 'જાવ બેન! એ તો ઉપર પલંગ પર પોઢ્યા છે' શરમાઇ ગયેલી સોનલને ઇશારો કરી કહ્યું.

સોનલ શરમની મારી ગૂંચવાઇ ગઇ હતી... એકદમ પાછી વળી દાદરો ચઢી ગઇ.... તેના ગયા પછી મંજુલાએ સુભાનને પૂછયું; 'અરે! તમે કંઇ કર્યું કે નહીં?'

'શાનું?'

'તમે તો સાવ બાઘા જ રહ્યા...! જમપુરા કાગળ લખ્યો કે નહીં?'

'પણ શાનો?'

'અરે! બાપ રે! તમારાથી તો તોબા ભાઇ! આ તમારા દોસ્ત વીરાજી હાંઢિયા જેવા થઇ ગયા છે... તે એમને ખીલે બાંધવાના છે કે નહીં? ગંગાબાને કાગળ લખી દ્યોને!'

'અંહ.....! અરે! એ તો ક્યારનું યે પતાવી દીધું છે, થોડા દિવસોમાં જવાબ મળ્યો જ જાણ ને...?'

'હં... તો તમેય હવે મારાથી છૂપું રાખવા લાગ્યા કેમ...?'

'સીસીસી...ઇ...' સુભાને હોઠ પર આંગળી મૂકી ચૂપ રહેવા જણાવ્યું; 'ધીમે બોલ.... કોઇ સાંભળી જશે.'

આજુબાજુ નજર કરી પણ કોઇ હતું નહીં તેથી મંજુલાએ કહ્યું; 'અરે! અહીં કોણ સાંભળવાનું છે?'

'છે.'

'કોણ...?'

'આ રહ્યો...' કહી સુભાને મંજુલાના વધતા જતા પેટ તરફ આંગળી ચીંધી કહ્યું

'છીઃ... તમો તો સાવ બેશરમ જ રહ્યા.'

'કેમ? એમાં વળી શરમાવા જેવું શું છે?'

'બસ.... બસ.... હવે, ગાંડા ના કાઢો.... બુદ્ધુ.' છણકો કરતી મંજુલા રસોડા તરફ ચાલી ગઇ.

સોનલ ઉપર ગઇ તો દરવાજો ખૂલ્લો દીઠો નજીક જઇ અંદર જોયું તો ભાઇસાહેબ ઊંધા માથે સૂતા હતા... વીરાને આમ સૂતેલો જોઇ સોનલને હસવું આવી ગયું.... તેણે વીરાને જગાડતાં કહ્યું;

'એય મિસ્ટર! આમ મગરની માફક કેમ પડી રહ્યા છો....? ઊઠો.'

'.........' કંઇ જવાબ ના મળ્યો. એટલે સોનલ અંદર ગઇ.... અને પલંગ પર બેસી ગઇ. તો પણ વીરો ના સળવળ્યો. સોનલે તેને ચત્તો ફેરવ્યો...., 'એય મિસ્ટર ઊંઘણસિંહ.... અત્યારે ઊંઘ શાની આવે છે?' કહેતાં સોનલે વીરાની પાંપણો તેની કોમળ આંગળીઓથી ખોલી....

તેને ખબર નહોતી કે વીરો ઢોંગ કરી રહ્યો છે... સોનલ ચેતે તે પહેલાં વીરાએ સોનલને બે હાથ પકડી બાહુપાશમાં સમાવી દીધી... 'અરે! અરે! આ શું કરો છો? કોઇ જોઇ જશે....' પણ તેનું વાક્ય પૂરું થાય તે પહેલાં તો તેના મીઠા મધુરા અધરોનો સ્વાદ વીરાના ગરમ હોઠે માણી લીધો.... તેના બંને હોઠ વીરાના મોઢામાં દબાઇ-ભીડાઇ ગયા અને તેની બોલતી બંધ થઇ ગઇ....

'જાને મન....! અહીં કોણ જોવાનું છે? ખુદ તેં જ તો મને જગાડ્યો છે અને તારી આ નશીલી

આંખોએ મારી ચેતનાને જગાડી... બોલો મેમસાબ... કોનો વાંક છે...?

'છોડો હવે.... બહુ નફ્ફટ થતા જાવ છો...' પણ સોનલના બોલાયેલા એ વાક્યમાં જ દમ નહોતો... તેણે છૂટવાનો પ્રયાસ સુદ્ધાં ન કર્યો.

વીરાએ પોતાની છાતી સરસી સોનલને જકડી રાખી હતી. વીરાના શરીરમાં વિદ્યુત પ્રવાહ વહેતો હતો,.... સોનના અણીદાર પયોધર વીરાની છાતીએ દબાયા હતા.... એ સસલાનાં બચ્ચાં જેવાં બંને પારેવાં વીરાની છાતીમાં ગલગલિયાં કરતાં હતાં.... વીરાના આખા શરીરમાં ગરમ લોહી વહેવા લાગ્યું તેણે સોનલના ચહેરાને.... તેના ગોરા ગોરા ગાલને... તેના મદ્‌હોશભર્યા હોઠને - ચૂંબનોથી નવડાવી લીધા.... વીરાનો હાથ સોનલની સાથળ પર ફરવા લાગ્યો... સોનલપણ ઉત્તેજીત થતી જતી હતી. ત્યાં-,

'નહીં વીરા! અત્યારે નહીં.'

'તો ક્યારે?' વીરો ઘેનભર્યા અવાજે બોલ્યો... તેની આંખોમાં કામોત્તેજનાના સાપોલિયાં રમતાં હતાં. પણ સોનલ વહેલી ચેતી હતી.... તેને એ પણ ખ્યાલ હતો કે દરવાજો ખુલ્લો છે અને કોઇ પણ સમયે કોઇ પણ વ્યક્તિ આવી ચઢે તેથી 'કોઇ આવ્યું....' કહી વીરાના બાહુમાંથી છટકી ગઇ, વીરાએ જ તેને છોડી દીધી... કારણકે તેનેય આબરુ વહાલી હતી... આમ તો સોનલ અને વીરો ઉપરના માળે હોય ત્યારે સુભાન કે મંજુલા તો ઉપર આવતા જ નહોતા અને નોકરને પણ મનાઇ કરી હતી મંજુલાએ..... તેથી ડર નહોતો...

વીરાના બાહુમાંથી છટકેલી સોનલ હાંફતી હતી અને વીરા તરફ નશીલી આંખે જોઇ રહી! પૂરો થાક ખાય તે પહેલાં વીરાએ જ પૂછ્યું.... વીરાની નજર તો હાંફતી સોનલની ઊંચી નીચી થતી છાતી પર જ હતી...,

'આજે કોઇ નવું ફરમાન લઇને આવ્યા છો કે શું?'

'હા... પણ એક શરતે.'

'કઇ?'

'પહેલાં એ કહો કે શરત તમો પાળશોને?'

'શરત પાળવા જેવી હશે તો જરૂર પાળીશ...'

'ના. એવું નહીં.... તમો શરત પાળો તો જ....'

'અરે! હાં હાં મેમસાબ! તમારી શરત મને મંજૂર છે બોલો!'

'પ્રોમિસ....?'

'વળી પાછું પ્રોમિસ? ચાલો ભાઇ પ્રોમિસ.... બોલો.'

'તમારે મારી સાથે ફરવા આવવાનું છે પણ.... શરત એ છે કે તમારે મને હાથ નહીં અડાડવાનો... કબૂલ?'

'ના. એવું ના ચાલે... હું તારી સાથે અને અડવાની પણ બંધી? એ કેવું?!'

'તમે પ્રોમિસ આપ્યું છે!'

'પ્રોમિસ તો ખરું.... પણ તારો હાથ સુદ્ધાં....?' વીરાએ પ્રશ્નાર્થ નજરે સોનલ સામું જોયું.

'સારું. પણ હાથ એકલો જ હોં! તમને તો સહેજ છૂટ આપીએ એમાં તો પાછા... ત્યારે ભાન

ભૂલી જાવ છો...'

'સારું બાબા...! ફક્ત હાથને જ સ્પર્શ કરીશ... બસ....! ચાલ, લાવ જો તારો હાથ...'

'અત્યારે જ....?'

'જો પાછી.... હાથને મારે શું કરવાનો છે?.... ચાલ લાવ જો તારો હાથ-' કહી તેણે સોનલનો જમણો હાથ પકડી લીધો અને તેણે પોતાના હોઠે લગાડી ચૂમ્યો.

'છોડો....!.... તમારી નફ્ફટાઈ વધતી જાય છે.' સોનલે મીઠો છણકો કરી હાથ છોડાવ્યો.

'વાહ ભાઈ! એક તરફ પ્રોમિસ, અને બીજી તરફ-! અભી બોલા અભી ફોક....?'

'ચાલો. હવે તમારે આવવું છે કે નહીં....?'

'આવવું છે બાબા.... મીયાંબીબી રાજી તો ક્યા કરેગા કાજી! મેમસાબ! તમો અગર જહન્નમમાં લઈ જવાનું કહેશો તો પણ આ બંદા તૈયાર છે...'

'બસ હવે, ચાલો.... તૈયાર થઈ જાવ...! હું નીચે બેઠી છું....' કહી સોનલ નીચે ઊતરી ગઈ.

સોનલને જતી જોઈ રહ્યો વીરો!

સોનલની કાકડી જેવી કાયા જોઈ વીરાની ધડકનો વધી જતી... તેને બાહુમાં જકડી પીંખી નાંખવાનું મન થઈ જતું.... તેની અણીયાળી આંખોમાં નશો ઝરતો હતો.... તેના રતુંબડાશા ગાલ જોઈ તેને ચુંબન કરવાનો સ્વાર્થ જતો ન કરતો..... તેના હોઠ પરના જામ પીવાનું મન થઈ આવતું....

-તેના રૂપને સદાય નિહાળવાનું મન થતું....

સોનલના ગયા પછી તે તૈયાર થઈ ગયો.... કંઈક ઉતાવળે તે નીચે ઉતર્યો. દિવાનખંડમાં ગયો તો સોનલ ગૂમ!

વીરો સુભાન તરફ જોઈ રહ્યો.... ઝંખવાણો પડી ગયેલા વીરાને સુભાને આવકાર આપ્યો : 'આવ વીરા!' વીરો અંદર ગયો અને સુભાનની જોડે જ સોફા પર ગોઠવાઈ ગયો... ત્યાં,

સોનલ ચા લઈને આવી.

'હં! તો મેમસાબ અહીં રસોડામાં ભરાયા હતાં! એમને?' વીરો મનમાં જ બબડ્યો.... સોનલ ત્રાંસી નજરે વીરાને જોઈ રહી.... વીરો મુખમાં જ હાસ્ય છુપાવી બીજી તરફ જોઈ ગયો.

મેજ પર ટ્રે મૂકી. પાછળથી મંજુલા પણ આવી.... સૌ ચાને ન્યાય આપવા લાગ્યા.

'વીરૂભાઈ! મને લાગે છે કે તમે હવે સોનલના હાથની બનાવેલી ચા ઉપર તૂટી જ પડો છોઃ'

'તમે ય ભાભી-!'

'કેમ ભાઈ ખોટું કહું છું....?.... કેમ સોનલબેન! ખોટું કહું છું?' મંજુલાએ અચાનક સોનલ તરફ સુકાન ફેરવ્યું એટલે સોનલ તો શરમાઈને ઢગ વળી ગઈ. નીચું જોઈ ગઈ સોનલ.

'તું હવે.... એમને શરમાવવાને બદલે ચૂપ રહેને?' સુભાને મંજુલાને ટોકી અને ઉમેર્યું : 'તું પણ ક્યાં ઓછી હતી...?'

'એમ કહીને તમે શાહુકાર ના બનો હોં કે? આમ તો જુઓ? - ચોર કોટવાળને ડંડે છે એ...'

સોનલ આ દંપતીનો મીઠો ઝઘડો સહન ન કરી શકી... તેને ખબર હતી કે આખરે તો સુકાન તેના તરફ જ ફરવાનું....! એટલે વચ્ચે જ ઊભી થઈ જતાં બોલી; 'બેસો ભાભી! અમે જઈએ છીએ...'

'અમે, એટલે કોણ કોણ....?' મંજુલાએ વળી પાછું તીર ફેંક્યું.

'તું તો સાવ મુરખ જેવા સવાલ કરે છે... સોનલ અને વીરો-બંને ફરવા જવાનું કહે છે.... તને સમજણ જ ક્યાં પડે છે?'

'બેસો હવે તમે.... ના જોયા હોય તો મોટા સમજણવાળા' મંજુલાએ ચાળા પાડતાં કહ્યું.

અને તેમને ઝઘડામાં પરોવાયેલા જાણી સોનલ અને વીરો આંખના ઈશારાથી-ચૂપકીદીથી બહાર નીકળી ગયા... તેમના બહાર નીકળી ગયા બાદ સુભાન અને મંજુલા એકબીજા તરફ જોઇ એકબીજાના હાથમાં તાલી દઇ ખડખડાટ હસી પડ્યા. કહીને : 'જબરા ભાગ્યા હોં.....!'

બહાર નીકળી સોનલ ડ્રાઈવિંગ સીટ તરફ જવાને બદલે તેની બીજી બાજુના દરવાજા તરફ જવાને બદલે તેની બીજી બાજુના દરવાજા તરફ ગઇ.... વીરો ડ્રાઈવિંગસીટ પર ગોઠવાયો.... તે સમજી ગયો હતો કે ડ્રાઈવિંગ તેને જ કરવું પડશે.... કારણ કે, જ્યારે જ્યારે ફરવા જવાનું થાય ત્યારે એ જવાબદારી વીરા પર જ આવી પડતી.

બંને દિવાનખંડમાંથી દોડીને બહાર નીકળ્યા અને એ જ રીતે ઉતાવળા કારમાં બેસી ગયા.... વીરાએ જોરદાર ટર્ન મારી કાર દરવાજા બહાર કાઢતાં પહેલાં હોર્ન વગાડ્યું.... જે સુભાન અને મંજુલાને જાણ કરવા પૂરતો જ હતો કે, 'અમો જઇ રહ્યા છીએ....'

અને બન્ને કારમાં ચાલ્યા ગયા.

● ● ●

કાર ચલાવતો વીરો મંદ મંદ હસી રહ્યો હતો... તેના ચહેરા પરના ભાવ પલટાતા જોઇ સોનલે તેની સામું હસતાં હસતાં પૂછયું : 'શું એકલા એકલા હસો છો?'

'કંઇ નહીં.... અમસ્તો જ.'

'ના. કહોને...?' સોનલે આજીજી કરી એટલે વીરાએ કહ્યું; 'જરા નજીક આવ' ને સોનલને સંકોચાતી જોઇ ફરી કહ્યું; 'અરે! હું તને ખાઇ તો નથી જવાનો?.... જરા નજીક આવ....'

'લો આ આવી.' કહી સોનલ વીરાની નજીક સરકી એટલે વીરો બોલ્યો; 'હં.... હવે બરાબર....!' ને એ કંઇ હરકત કરે તે પહેલાં સોનલે ટોક્યો;

'કહી દો ને હવે સીધે સીધું....'

'હં... તો સાંભળ.... તને ખબર છે સોનલ...? જ્યારે હું આ દરિયા જેવા શહેર માટે અજનબી હતો.... તારે માટે પણ...! અને ત્યારે તું આગળ ડ્રાઈવિંગ કરતી હતી અને હું... પાછળ એકલો બેઠો હતો.... ખબર છે? યાદ કર એ દિવસ સોનલ.....!'

'હા. મને યાદ છે પણ એમાં હસવા જેવું શું છે?'

'કેમ નહીં? તું એ દિવસની ઘડી અને આજની આ ઘડીને સરખાવી જો.... તને પણ હસવું આવશે.'

'તમારી વાતમાં મને કંઇ સમજ નથી પડતી... ગોળગોળ વાત કર્યા વિના સીધું જ કહી દો ને...?'- સોનલ નકલી ગુસ્સા સાથે છણકો કરતાં ગર્જી.....

'ઓહ! તું તો ગુસ્સામાં પણ ઓર ખીલે છે!'

'જો... વળી પાછી તારીફ....?'

'શું કરું સોનલ....? મારી આદત જ એવી છે...'

'બહુ થયું હવે.... સીધી વાત કરો છો કે નહીં?' સોનલ કંટાળતાં બોલી, એટલે વીરાને ફડક પેસી કે આ ક્યાંક છેડાઇ પડશે એમ ધારીને, 'જો સાંભળ! તે દિવસે તું મને જહન્નમમાં પણ લઇ ગઇ હોત તો પણ મારું શું ચાલવાનું હતું?.... તું ડ્રાઈવિંગ કરતી હતી એટલે તું જ્યાં લઇ જાય ત્યાં મારે ફરજિયાત આવવું જ પડત...' કહેતાં વીરાએ તરત જ ઉમેર્યું;

'સોનલ! ત્યારે તું મારી જિંદગીને દોરનાર હતી અને આજે...?' વળી પાછો વીરો અટક્યો, અને સોનલ સામે એક નજર નાંખી કહ્યું; 'આજે હું જ્યાં લઇ જાઉં ત્યાં તારે આવવું પડે... કેમ, બરાબરને?.... પણ હું એમ નહીં કરું... જેમ મેં સુભાનને ત્યાં જવાની ઈચ્છા દર્શાવી અને તેં મને સુભાનને ત્યાં પહોંચાડી દીધો તેમ.... આજે પણ-હું તારી ઈચ્છા મુજબ - તું કહીશ ત્યાં પહોંચાડીશ... બોલ! સોનલ, ક્યાં જવું છે?' કહી જવાબની રાહ જોવા લાગ્યો.

'ચોપાટી...' સોનલના મુખેથી નીકળેલા એ શબ્દની સાથે જ વીરાએ કારને ટર્ન આપ્યો... કારણ- અહીંથી જ ચોપાટી તરફ જવાનો રસ્તો પડતો હતો.... વીરો કાર હંકારતો રહ્યો અને કોઇ ફિલ્મના ગીતની ઢબથી સીટી વગાડતો રહ્યો... અચાનક તે સીટી વગાડતો બંધ થઇ ગયો... ક્ષણવાર થોભી કંઇક વિચારી તેણે સોનલ પર એક દૃષ્ટિ નાંખી.... સોનલની નજર રોડ તરફ હતી.

અચાનક વીરાએ પ્રશ્ન કરી સોનલને ચમકાવી.

'સોનલ! એક વાત પૂછું....?'

'હજુ કંઇ બાકી છે?' સોનલ વીરાની ટેવ જાણી ગઇ હતી.... ગોળગોળ વાત કરતા વીરા પર તે મીઠો રોષ પણ ક્યારેક ઠાલવી દેતી.... અને થોડીવાર પહેલાં જ તેણે રોષ કર્યો હતો. તેથી વીરો જરા ડરથી પૂછી બેઠો. સોનલને આ રીતે જવાબને બદલે સવાલ કરતી સાંભળી ચૂપ થઇ ગયો. એટલે થોડી રાહ જોઇ સોનલે જ કહ્યું:

'કેમ ચૂપ થઇ ગયા? શું કહેતા હતા....?' પણ વીરો ગાડી હંકારતો જ રહ્યો. વીરાના મૌનથી સોનલ કંટાળી; 'કો'ને...? શું કહેતા હતા...?' છતાંય વીરો કંઇ ન બોલ્યો એટલે તેણે સ્પષ્ટ કરી દીધું; 'ન કહો તો તમને મારા....'

'ચૂપ.' વીરાએ ડાબા હાથે સોનલના મુખ આડે હાથ દઇ સોગંદ ખાતા રોકી લીધી, ને 'સોનલ! મને એમ કે તું ગુસ્સે થઇશ.... એટલે મેં કહેવાનું માંડી વાળ્યું હતું....' તેણે સોનલ તરફ નજર કરી. સોનલની આંખો નિર્દોષતાથી હસી પડી...

'સોનલ! તું ગુસ્સે તો નહીં થાય ને....?'

'જો પાછા. તમારે આમ સવાલ કરવાનો ન હોય.... એમ જ કહી દેવું જોઇએ... 'સોનલ! મારો હુકમ છે તારે ગુસ્સે થવાનું નથી....' અને તમારો હુકમ માથે ના ચઢાવું તો કે'જો મને....!' અને તે મરક મરક હસી રહી!

'તો સાંભળ!' વીરાને સોનલ ખૂબ વહાલી લાગી... આવી પ્રિયા સાથે જીવન જીવવાનું પણ કોના નસીબમાં હોય? વિચારતો વીરો આગળ બોલ્યો; .... 'માન કે તારા પિતાજીએ આપણો સંબંધ ધૂત્કાર્યો અને તને મારાથી વેગળી કરે તો....?'

'તો શું?' સોનલનું મુખ હજુ પણ હસતું હતું.

'મતલબ કે તું મારાથી વેગળી થઇ શકીશ?'

'તમને હજુ સોનલ પર વિશ્વાસ નથી? અરે! વેગળી થઇશ તો પણ આ જન્મારામાં તો નહીં જ.... એવો સમય આવશે ત્યારે તમારી સોન આ ફાની દુનિયા છોડીને ક્યાંય ચાલી જશે....'

'એવું ન બોલ સોનલ! હું તો તને એમ કહેવા માંગુ છું કે કદાચ એવો સમય આવે તો તું તારા મા-બાપ સંપત્તિ બધું છોડીને મારી સાથે આવે ખરી....?'

સોનલ હસી પડી. વીરો ઝંખવાણો પડી ગયો.... સોનલ મારી ઠેકડી તો નહીં ઉડાવે ને? પણ જ્યારે તેણે સોનલનો જવાબ સાંભળ્યો ત્યારે તો વીરો ખુશીનો માર્યો ઊછળી પડ્યો.....

'વીરૂ! જ્યારે એવો સમય આવશે ત્યારે તમને સોનલનું કેટલું પાણી છે તેની ખબર પડશે.... તમે મને રોકો તો પણ, હું મારા મા-બાપ અને તેમની જાહોજલાલીને ઠોકર મારી તમારી સાથે ચાલી નીકળું, સમજ્યાને? તમે સોનને પ્રેમ કર્યો છે અને સોન પણ તમને ચાહે છે....' થોડું રોકાઇને ઉમેર્યું; 'પહેલાં હું તમને દોરતી હતી પણ અત્યારે અને હવે પછી તમે જ્યાં લઇ જશો ત્યાં આવવા તૈયાર છું.... મારા મા-બાપની ફિકર ન કરો.... તેઓને હું બરોબર જાણું છું... તે કદાપિ ઇન્કાર નહીં જ કરે...' અને સોનલે વીરા સામું હસતા ચહેરે જોયું.

વાતોમાં ને વાતોમાં તેમની કાર ચોપાટી પર આવી ગઇ હતી. ગાડી ક્યાં પાર્ક કરવી તેવો વિચાર કરતો વીરો કાર ધીમી હાંકવા લાગ્યો... એટલે સોનલે જ તેને ટોક્યો: 'કેમ, આમ હાંકો છો? હજુ આપણે આગળ જવાનું છે...'

'આગળ?' વીરાએ સ્પીડ વધારી... દરિયાને કિનારે કિનારે આગળ વધવા લાગ્યો... દૂર ગયા પછી પહાડો અને લીલોતરી ઝાડીઓ આવી એટલે વીરાએ કાર થોભાવી જેવી કાર ઊભી રહી કે સોનલ તરત જ બહાર નીકળી ગઇ... વીરાએ ગાડી લૉક કરી અને સોનલ નજીક સરક્યો.

સોનલ દૂર દૂર દરિયાની ક્ષિતિજ તરફ સ્થિર નજરે તાકી રહી હતી.

'કેવું અદ્ભુત સુંદર દશ્ય છે વીરૂ! મને આ દશ્ય ખૂબ ગમે છે...'

'અરે વાહ! ખૂબ સુંદર દશ્ય છે સોન! મને આ દશ્ય ખૂબ ગમે છે....'

દૂર દૂર. દરિયાના વિશાળ પેટ પર નાનાં-મોટાં હોડકાઓ ફરતાં હતાં.... કેટલાંકના સઢ ખૂલ્લા હતા... તો કેટલાંકના બાંધેલા... દૂર દૂરથી આગ વડે ચાલતી બોટ પણ ખૂબ નાની દેખાતી હતી.... દરિયામાં ડૂબકી લગાવવા સૂરજ આકાશમાં તોળાઇ રહ્યો હતો... ત્યાં તો કેટલાંક તોફાની વાદળોએ સૂરજને ઢાંકી દીધો.... આકાશમાં જળચર પક્ષીઓ ઉડાઉડ કરતા હતા- તો તેમાં કેટલાંક ખેચર પક્ષીઓનો પણ સમાવેશ થતો હતો.

એક તરફ દરિયો.... તેના કિનારે કુદરતે ખડકેલા મોટા પર્વતો.... દૂર સુધી પથરાયેલી લીલી વનરાઇઓ....

સોનલ જોતી જ રહી ગઇ.... જોતાં જોતા તેની નજર વીરા પર પડી.... સોનલ કુદરતી દશ્ય જોવાથી આનંદમાં હતી.... પણ વીરાએ તો પેલું કહેલું વાક્ય - 'મને પણ આ દશ્ય ખૂબ ગમે છે' એ સોનલની સુંદરતાનું માપ કાઢતાં બોલ્યો હતો.... પણ તેની જાણ સોનલને ત્યારે જ થઇ જ્યારે તેની નજર વીરા પર પડી-ક્યારનોય તે સોનલના રૂપને નીરખતો ઊભો હતો...

સોનલે આસમાની કલરની સાડી અને તેને મેચિંગ આવતું બ્લાઉઝ પહેરેલું હોવાથી ખૂબ સુંદર

લાગતી હતી... અને તેમાં યે આ કુદરતી દશ્ય જોઇ તેનું રૂપ ઓર ખીલ્યું હતું. આનંદિત નયનોવાળી સોનલ ગભરૂ હરણીસી લાગતી હતી... તેની લાંબી ડોકમાં સોનાનો દોરો લટકતો હતો.... કાનમાં મોટી મોટી એરિંગો ઝોલા ખાતી હતી.... તેના માથાના વાળનો ચોટલો છેક કમર સુધી પહોંચતો-ઝૂલતો હતો..... અને! ઘણી કાળજીથી ગુંથાયેલો હતો... તેના માથામાં હેરપીનથી વીરાના હાથનું આપેલ ગુલાબનું ફૂલ તેના સૌંદર્યમાં વધારો કરતું હસી રહ્યું હતું.

'ક્યારનાય આમ ટીકી ટીકીને શું જુઓ છો....?'

'તને....' વીરો મદ્‌હોશ અવાજમાં બોલ્યો.

'મને?.... તમે મને ક્યારેય જોઇ નથી કે શું?'

'જોઇ છે.... ઘણી વાર જોઇ છે.... પણ આજે અને અત્યારે તું કંઇક જુદી જ લાગે છે....'

'જુદી એટલે?' મોટી આંખો કરી સોનલે પૂછયું.

'સોનલ...! તારા રૂપમાં જ્યારે જ્યારે જોઉં છું.... ઊંડો ઊતરીને માણું છું ત્યારે તારા રૂપમાં કંઇને કંઇ વધારો થયેલો લાગે છે... ક્યારેક વિચારું છું કે તારું આ નમણું નાક મેં જોયું નથી.... ક્યારેક તારી અણીયાળી આંખો જોઇને હું એમ માનતો હોઉં છું કે આ અગાઉ મેં તારી આંખો બરાબર જોઇજ નથી... ખરે જ સોનલ! તારી આ લાંબી ડોક જોઇ મને એ જ વિચાર આવે છે.... તારા રૂપની પ્રશંસા કરવા માટે મને કોઇ જ ઉપમા મળતી નથી... તારી સુંદરતાનાં વખાણ કરવા મને વાક્યો જડતાં નથી.... બસ! ફક્ત એટલું જ કહીશ કે સોનલ... તું ખરેખર સોનલ છે.....!

'ચૂપ, વળી પાછી મારી તારીફ કરવા લાગ્યા?'

'તારીફ નહીં સોનલ! આ તો મારા દિલનો ઊભરો મારા શબ્દો દ્વારા તને સમજાવવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યો છું'- કહી વીરાએ તેનો હાથ પકડ્યો, 'ચાલ, સોનલ! આપણે પેલી ઝાડીમાં બેસી બે ઘડી પ્યારની વાતો કરીએ...'

સોનલ કંઇ પણ આનાકાની કર્યા વિના વીરાની પાછળ દોરવાઇ.... તેને પણ એકાંત પસંદ હતું અને એટલે જ તો અહીં સુધી આવી હતી.

વીરો સોનલને લઇ એક પથ્થરની શિલા પર બેઠો... સોનલ પણ તેની પાસે જ ગોઠવાઇ, વીરાએ સોનલનો હાથ પકડી હથેળી દબાવી.... સોનલ વીરાનો હાથ પકડી બે હાથમાં તેને રમાડવા લાગી આંગળી વડે વીરાની હથેળીમાં કંઇક લખતી ગઇ. ક્યારેક 'વીરૂ' તો ક્યારેક 'સોન'- વારાફરતી નામ લખતી ગઇ... વીરો તેની રમૂજ જોતો રહ્યો.

દૂર દૂર આકાશમાં ઝળુંબતો સૂરજ કાળાં વાદળની પાછળ છુપાઇ ગયો હતો.... આકાશમાં એકાએક ઘટાઘોર વાદળો ચઢી આવ્યાં... ઠંઠો પવન ફૂંકાતો હતો.... વરસાદ પડવાની આગાહી જાણી સોનલ ગભરાઇ ગઇ પણ સાથે વીરો હતો, તેથી તેણે ઉઠવાની કોઇ ચેષ્ટા કરી નહીં.... બંને વચ્ચે મૌન છવાયું.

ત્યાં, અચાનક વરસાદ પડવો શરૂ થયો. જોરદાર ઝાપટું હતું. સાથે સાથે પવન પણ ફૂંકાયો.... વીરો અને સોનલ ભીંજાઇ ગયા હતા, પણ બે-માંથી એકેય ઊઠવાનું નામ લેતાં નહોતા.

સોનલની સાડીનો પાલવ વરસાદ સાથે ફૂંકાતા પવનથી સરકી ગયો. તેના રેશમી કપડાં તેના મુલાયમ શરીર સાથે ચીટકી ગયાં હતાં. શરીર સાથે ચીપકી ગયેલાં એ કપડાંથી સોનલનું રૂપ ઓર ખીલ્યું

હતું.

વીરો તો-એ અનુપમ રૂપને પી રહ્યો હતો.

વરસાદથી ભીંજાઇને ચીપકી ગયેલા બ્લાઉઝથી તેના પારેવાં જેવાં બે પયોધરો સ્પષ્ટ નજરે ચઢતાં હતાં, તેની પાતળી કમર સાથે ચીપકી ગયેલી સાડી વિહ્વળ બનાવતી હતી... કમરનો સ્પષ્ટ ઊભાર દેખાતો હતો.... સોનલના માથામાં પડેલું પાણી વાળમાં ભરાઇ બહાર પડતું હતું, તેના ચહેરા પર પાણીનાં ટીપાં બાઝેલાં હતાં. જાણે ગુલાબની પાંખડીઓ પર પડેલો ઝકળ!

પડી ગયેલા પાલવને સરખો કરવા જતી સોનલનો હાથ વીરાએ પકડી લીધો, 'રહેવા દે સોન! તું એમ જ સુંદર લાગે છે.... મને તારી સુંદરતાનો રસ માણવા દે સોન...!'-સોનલ ઝૂમી ઊઠી....

મીઠું અને મધુરું બોલાયેલું એ જૂનું-પૂરાણું નામ- 'સોન'થી સોનલના આખા શરીરે ઝણઝણાટી વ્યાપી ગઇ, તે એકદમ વીરાને બાઝી પડી.... ફક્ત હાથને અડવાનું વચન લેનારી સોનલે તેની મેળે જ તેની જાત વીરાને હવાલે કરી દીધી.... અને કરે પણ શું? કારણકે મોસમ જ નાદાન હતી ત્યાં? - અને વીરાએ સોનલને તેની બાહુમાં સમાવી દીધી.... સોનલના ચહેરા પરના બિંદુને વીરો ચૂમતો રહ્યો.

સોનલે એવીતો ભીંસ દીધી હતી કે-!

- તેના ભીંજાઇ ગયેલા બે સ્તનો વીરાની છાતી સાથે દબાયા-ભીડાયા હતા.... તેના સ્પર્શથી વીરાના શરીરમાંનું લોહી ગરમ થઇને વહેવા લાગ્યું.... વીરો સોનલના અંગ-ઉપાંગો પર ચૂંબનનો વરસાદ વરસાવી રહ્યો હતો... ધીરે ધીરે સોનલ પણ ઉત્તેજિત થવા લાગી... તે પણ ભાન ભૂલી હતી અને વીરાને વધુને વધુ ભીંસ આપવા લાગી... બંને જણ સમય-કાળ અને સ્થળનું પણ ભાન ભૂલી બેઠા,.... સોનલે વીરાના હોઠો પર તેના ગરમ હોઠ ચાંપી દીધા- અને એક સીસકારો બોલાવી ગઇ સોનલ...

'સોનલ તું મને તરછોડીશ તો નહીં ને?' અચાનક બોલાયેલા એ વીરાના વાક્યથી સોનલ સહેજ ચમકી પણ તરત જ જવાબ વાળ્યોઃ

'નહીં વીરૂ....! એવું ન બોલો... હું સદાય તમારી જ છું અને તમારી જ થઇને રહેવાની છું.... એવું અમંગળ ન બોલો વીરૂ!.... તમારા માટે હું મારા મા-બાપ અને તેમની સંપત્તિ પણ ત્યજી દેવા તૈયાર છું....'

'મારી સોન....!'

'વીરૂ... મારા પ્રિયતમ!.... પ્રાણનાથ!'

'સોન....! ક્યાંક તારી મજબૂરી આપણા પ્રેમ આડે ન આવે-'

'એવું ન બોલો, ક્યાંક આપણા પ્યારની કોઇને ઈર્ષા થશે-આપણી પ્રીતને નજર લાગી જશે....!'

વાર્તાલાપ તો મદ્‌હોશમાં ડૂબેલા પ્રણય-પ્રકરણને કારણે ઉદ્‌ભવ્યો હતો કે પછી-વાસ્તવિક? કોને ખબર....

વીરો વધુ વિહ્વળ થતો જતો હતો.... તેના હાથ સોનલની પીઠ પાછળથી સરકી કમર પર વીંટળાયા.... પછીતો ધીમે ધીમે તેનો હાથ સોનલના પગની પાની સુધી પહોંચ્યો... સોનલ વધુ ઉત્તેજિત થતી જતી હતી... વીરાનો હાથ પ્રગતિ કરતો સોનલના પગની પેંડી સુધી ફર્યો... સોનલનો ચણિયો પણ ઊંચો થતો જતો હતો અને તેની ગોરી ગોરી માંસલ પીંડીઓ વિહ્વળ બનતી જતી હતી..... સોનલ વીરાને ઈન્કાર કરવા માટે અસમર્થ હતી અને એ તો જાણે સ્વર્ગીય સુખ માણવા તૈયાર થઇ ગઇ હોય તેમ લાગતી

હતી... ત્યાં, વીરાના તોફાને પીંડીથી ચણિયો ઉઠાવી ઘૂંટણ સુધી ખસેડી દીધો અને વીરાના આખા શરીરમાં ઉત્તેજનાના પૂર વહેતાં થઇ ગયા- જાણે ધોડાપૂર! ગરમ લોહીતો ધોધ ધબકારા મારતો ઉછળતો હતો.... અને એ ધોધમાં તણાતા વીરાએ સોનલની સાથળ ઉઘાડી,... ગોરી ગોરી અને મુલાયમ તથા માંસલ સાથળ પર નજર પર પડતાં જ વીરાનું મગજ બહેર મારી ગયું.... તેની ગ્રંથીઓએ અન્ય કામ પડતું મૂક્યું અને... તેની આંખોમાં કામવાસનાનો નશો સવાર થઇ ગયો... સોનલ પણ ઉત્તેજિત તો થઇ જ હતી અને તેમાં વળી તેની મુલાયમ સાથળ પર વીરાનો હાથ ફરતો હતો-પછી પૂછવું જ શું...? અને સોનલ વીરાને અટકાવવાનું પણ ભૂલી ગઇ હતી- તે વધુને વધુ વીરાની ભીંસમાં જકડાતી જતી હતી... પણ!

વીરો જ્યાં આગળ પગલું ભરવા જાય છે ત્યાં-

કોઇકના હસવાનો અવાજ આવ્યો.

પહેલાં તો- ભાસ થતો હશે-માની બે માંથી કોઇનું ધ્યાન ન ગયું.... પણ! પછી હસવાની સાથે તાળિયોના અવાજથી સોનલ અને વીર ચોંકી ગયા. જોયું તો-!

વીરાના શરીરમાં ગરમ થયેલું લોહી એકદમ ભયનું માર્યું ઠંડું પડી ગયું અને ઉત્તેજિત સોનલ પણ દૃશ્ય જોતાં જ ઠરી ગઇ...

સોનલ સફાળી બેઠી થઇ ગઇ.

વીરો ઊભો થઇ ગયો.

સામે ચાર ગુંડા ઊભા હતા-ઘાટી લોકો.... અને તેમની નજર સોનલના અર્ધનગ્ન શરીર પર ફરતી હતી... સોનલ ઊભી થઇ કપડાં સંકોરતી વીરાની ઓથે ઊભી રહી....

વરસાદ બંધ થઇ જવા છતાં સોનલના કપડાં તો એવાં જ ભીનાં હતાં.... ચીપકી ગયેલાં એ કપડામાંથી તેનુ રૂપ ડોકિયાં કરતું હતું.... સોનલને વીરાની પાછળ છુપાયેલી જોઇ એક સરદાર જેવો લાગતો ઘાટી બોલી ઊઠ્યો : ‘અરે! યે લડકી.... ઈધર કહાં છૂપતી હૈ...? .... તેરે લિયે હમ આયે હૈ...’ અને પછી વીરા તરફ કરડી નજર કરી બોલ્યો;

‘યે લડકા! કૌન હૈ તૂ...? ચલ, એક ઓર હટ.’

ઘાટીના બોલાયેલા શબ્દોથી અને તેના બુલંદ તથા કરડાકીભર્યા અવાજથી સોનલ ધ્રુજી રહી હતી.... વીરો તો તરત પરિસ્થિતિ પામી ગયો હતો- એક તરફ વીરો એકલો હતો જ્યારે સામું ચાર હટ્ટા-કટ્ટા શરીરવાળાં ઘાટી લોક ઊભા હતા.... પણ હવે હિંમત હાર્યે કંઇ નહીં વળે-માની વીરાએ તૈયારી રૂપે સોનલને ઉદ્દેશી કહ્યું;

‘સોનલ! તું ઊંચી શિલા પર ચઢી જા; ને ત્યાં જ ઊભી રહે.... હું એમને થોડો પ્રસાદ આપું....!’ પણ સોનલ આનાકાની કરવા લાગી... એટલે વીરાએ જ તેને હાથમાં ઊંચકી શિલા ઉપર બેસાડી દીધી. ત્યાંથી સોનલને તેમની કાર દેખાતી હતી.... પણ અહીં વીરાને એકલા છોડી ભાગી જવાનું મન નહોતું થતું.... ગભરાયેલી સોનલ બૂમ પણ નહોતી પાડી શકતી...

‘અરે યે બબૂચક! સૂનતા નહિં હૈ.... ચલ ભાગ યહાંસે....!’

‘ક્યું ભાઇ! હમ યહાં સે ક્યૂં ભાગેગેં.... તુમ્હારે બાપકી જગહ હૈ ક્યા....?’ વીરાએ ઈંટનો જવાબ પથ્થરથી આપ્યો એટલે સરદાર સિવાયના ઘાટી જરા પાછા પડ્યા-‘ક્યાંક આ સાલો સામનો કરશે’ એ બીકે.

'જ્યાદા બકબક નહીં કર... વર્ના તેરી હડ્ડી-પસલી એક કર દૂંગા....!' હજુ પણ સરદાર કડક અવાજે ચેતવી રહ્યો હતો.... પણ વીરો!

'અચ્છા...! તો હો જાયે શુરૂ....!' કહેતાં વીરો જાનના જોખમે પણ લડવા તૈયાર થઇ ગયો.... થાય જ ને? નામર્દની જેમ ભાગી જાય તો સોનલ આગળ તેની શી કિંમત?.... અને સોનલના મનથી તે ઊતરી પણ જાય.

સરદાર જેવા લાગતા ઘાટીએ બીજા ત્રણને ઇશારો કર્યો એટલે ત્રણેય લડવાની તૈયારી સાથે વીરા તરફ ધસ્યા.

પણ!

તેઓ નજીક આવે તે પહેલાં તો વીરો સ્પ્રિંગની માફક હવામાં ઉછળ્યો અને ત્રણેયને આંબી જાય તેમ આડો ફંટાઇને તેમની ઉપર પડ્યો.... ત્રણેયને કંઇ સમજ પણ ન પડી-શું થયું? અને ત્રણેય ઘાટી ભોંય ભેગા થઇ ગયા, વીરો પણ પછડાયો.

સોનલ પાસેથી ઉછળેલા વીરાને હવામાં ઝીંકાતો જોઇ સોનલ તો સ્તબ્ધ જ થઇ ગઇ.... તેણે મનોમન વીરાની વીરતાને બીરદાવી.

જમીન પર પટકાયેલા ઘાટી એક પછી એક ઊભા થવા ગયા પણ વીરો તો તે પહેલાં જ સ્ફૂર્તિથી ઊભો થઇ ગયો હતો.... પહેલાં ઊભા થનાર ઘાટીએ વીરા પર મુક્કો ઉગામ્યો પણ- તેનો વાર ડાબા હાથે ખાળીને જમણા હાથનો મજબૂત પંજો પેલાના નાક ઉપર પડ્યો. અને એ ઘાટી નાક પકડતો એક ચીસ નાંખી ભોંય પર પછડાયો.

બીજા ઘાટીએ સોનલને વિમાસણમાં મૂકી દીધી. કારણકે પહેલા ઘાટીનો વાર ખાળતો વીરો પાછળથી આવેલા એ બીજા ઘાટીથી અજાણ હતો. પહેલો જેવો પડ્યો કે બીજા ઘાટીએ તેણે પાછળથી ગળા આગળથી પકડ્યો... વીરાનું ગળું ભીંસાયું.... ત્યાં ત્રીજો ઘાટી પણ ઊભો થઇ ગયો હતો અને તે પણ વીરા તરફ ધસ્યો....

સોનલ ગભરાઇ ગઇ હતી.... હવે શું કરવું? ભયની મારી તે એમ જ ઊભી રહી હતી... પણ! તેના આશ્ચર્ય વચ્ચે વીરાને આઝાદ થતો જોયો...

ત્રીજા ઘાટીને આવતો જોઇ વીરો છંછેડાયો.... બીજા ઘાટીને-જેણે એનું ગળું પડ્યું હતું તેના પેઢામાં હાથની કોણી મારી ગળું છોડાવ્યું અને તેનું ગળું પકડી હવામાં ઊછાળી ત્રીજા ઘાટી ઉપર નાંખ્યો.

સોનલને તો ખુશ થવું કે રડવું?- કંઇ સમજ ન પડી ત્યાં જ તે ચમકી!

સરદાર જેવો ઘાટી વહેલો ચેત્યો... એકલો લાગતો આ યુવાન તેના સાથીદારોને મારી ભગાડશે અને આ કામણગારી છોકરીના શરીરને ભોગવવાની ઇચ્છા પાર પડશે નહીં... એટલે અંતે તેણે ભયંકર નિશ્ચય કર્યો હતો અને વીરાનો ખાત્મો બોલાવવા ફટાક-દેતુંકને રામપુરી ચાકુ ઉઘાડ્યું..... અને એકાએક જ વીરા તરફ ધસ્યો.... આ વાતથી અજાણ એવો વીરો બીજાઓને મારતો-પીટતો રહ્યો.

સોનલ ગભરાઇ ગઇ.... તેને વીરા આડે વાડ થઇને ઊભા રહેવાની ઇચ્છા થઇ પણ તેમ કરતાં પણ પહોંચી શકાશે નહીં.... તેણે આંખો બંધ કરી દીધી અને એક જોરદાર ચીસ નાંખી.... 'વીરૂ.........'

તેને નક્કી થઇ ગયું હતું કે ચાકુનો ઘા વીરાને વાગ્યો હશે.... પણ તેના આશ્ચર્ય વચ્ચે વીરો આબાદ બચી ગયો હતો. સોનલની ચીસથી વીરો ચેત્યો હતો.... તેણે ચાકુનું નિશાન ચૂકાવી દીધું.... અને ચાકુ

સીધું જ એક ઘાટીના હાથના બાવડામાં ઘૂસી ગયું.

પોતાના પર હુમલો કરનાર સરદાર પર વીરો ધસ્યો.... તો પેલી બાજુ પોતાનો ઘા ચુકવનાર વીરા પર સરદાર પણ ગુસ્સે થયો હતો.... સામસામી મુક્કાબાજી ચાલી... વીરો ઢીલો પડતો જતો હતો પણ હિંમત હારતો નહોતો.... તો સામે પાડા જેવો ઘાટી હતો.... સોનલ પણ હિંમત હારી બેઠી હતી. એકલા હાથે લડતા વીરાની બાજુમાં રહી લડવા લાગે-સામનો કરે પણ તેમ કરતાં પોતે સપડાઇ જશે-એ બીકે તે કંઇ વિચારે તે પહેલાં-તેના આનંદનો પાર ના રહ્યો.

વીરાની સાથમાં તળશી સિંગલને જોતાં જ તે ખુશ થઈ ઊઠી.... સિંગલનો સાથ મળતાં વીરો ઓર મિજાજમાં આવી ગયો... અને આમ બંને દોસ્તો ગુંડાઓને ફટકારતા રહ્યા; તેમનાથી એક વાઘનો સામનો નહોતો થયો ત્યાં આ બીજા વાઘનો સામનો ભારે પડી ગયો. બંને દોસ્તો ના લોખંડી પંજા-અને મુક્કાથી ડરી ગયેલા ગુંડાઓ હવે જીવ લઈને ભાગવાની કોશિશ કરવા લાગ્યા....

બરાબરના મારથી અધમૂઆ થયેલા ગુંડાઓ લાગ જોઇને ભાગવા લાગ્યા અને અંતે એક એક લાતો ખાતા ભાગી ગયા. હાથ ખંખેરી રહેલા સિંગલને બાથમાં લઇ લેતાં વીરાએ તેને ધન્યવાદ આપ્યા; 'થેંક યુ, મારા દોસ્ત! તું સમય પર આવી પહોંચ્યો.'

'પણ ખરેખર તો તું અભિનંદનને પાત્ર છે વીરૂ.... એકલે હાથે ચાર ચાર ગુંડાઓનો સામનો કરતાં જોઇ તારી પર મને વહાલ ઊભરાઇ આવ્યું છે વીરા....'

અને તળશી વીરાને બિરદાવતો હતો.... ત્યાં તેમની નજર સોનલ પર પડી તો, સોનલની પાસે જ કીર્તિ ઊભી હતી... જ્યારે લડાઇ ચાલતી હતી ત્યારે કીર્તિ સોનલને આશ્વાસન આપતી હતી. પણ હજુયે સોનલ ગભરાયેલી હતી. કીર્તિ સાથે તે નીચી ઊતરી.... વીરાને હેમખેમ જોઇ ખુશ થતી તેની બાહુમાં સમાઇ ગઇ... અને... વીરાની છાતીમાં માથું મૂકી ફૂટફૂટ આંસુડે રડી પડી.... એ આંસુ ખુશીના હતા કે ભયના-તે કહેવું મુશ્કેલ હતું... રડતી સોનલે વીરાને કહ્યું; 'વીરૂ....! મારા લીધે તમે પ્રાણને પણ વેગળો મૂક્યો....?'

'રડ નહીં પગલી....!' અને વીરો સોનલના માથામાં હાથ નાંખતો બોલ્યોઃ 'તારી રક્ષા હું નહીં કરું તો બીજું કોણ કરશે...?' પછી તેની ડોક ઊંચી કરી તેનો ચહેરો પોતા તરફ રાખતાં વીરાએ ઉમેર્યું; 'ચાલ હસ જોઇ....?'-સોનલે ઊંચું માથું કર્યું ત્યારે વીરો હસતો હતો.... રડતી આંખે પણ સોનલ વીરાના આદેશને માન આપી હસી પડી.... વીરાનું આખું શરીર પરસેવાથી લદબદ હતું અને વરસાદથી તેનાં કપડાં ભીંજાયેલાં હતાં.... તેના ચહેરા પરનો પરસેવો સોનલે તેની સાડીના પાલવ વડે લૂછી નાંખ્યો.... સોનલની આ જાતની લાગણીભરી ચેષ્ટા જોઇ વીરો બોલી ઊઠ્યો;

'બિલકુલ ગાંડાલાલ છે તું....'

'તમને આજે ખબર પડી....?' અને સોનલ ફરી વીરાને ભેટી પડી..... અને પછી વીરાએ જ તેને વેગળી કરી. સોનલ, કીર્તિ સાથે ચાલતી હતી- તો વીરો અને સિંગલ સાથે ચાલતા હતા.....

ચાલતાં ચાલતાં જ બધી વાતો થઇ.... ઝઘડો કઇ રીતે ઊભો થયો એની પણ વીરાએ માંડીને વાત કરી. પછી સિંગલ અને કીર્તિ પણ ત્યાં કેવી રીતે આવ્યા તેની વાત કરતાં સિંગલે કહ્યું;

''અમે પણ તારી જેમ આ બાજુ ફરવા નીકળ્યા હતા, પણ વરસાદ પડવાથી ભીંજાઇ જવાશે એ બીકે અમે કારમાં બેસી રહ્યા હતા.... અને વરસાદ બંધ પડતાં અમે ઘેર જવા રવાના થયા પણ જ્યાં

સોનલની કાર પડેલી જોઇ અમે કાર થોભાવી... આવ્યા છીએ તો સાથે પાછા જઇએ એ હિસાબે અમે કારમાંથી નીચે પણ ઉતર્યા.... આજુબાજુ નજર કરી પણ કોઇ દેખાયું નહીં એટલે અમે તો પાછા કારમાં બેસવા જ જતાં હતાં કે ત્યાં-અમને સોનલની ચીસ સંભળાઇ..... જે તરફથી ચીસ સંભળાઇ એ તરફ જોતાં-સોનલ એક શિલા ઉપર ઊભી હતી-અને ગભરાયેલી હાલતમાં ઊભી હોય તેવો ભ્રમ થતાં મને થયું કે 'જરૂર કંઇક બનતું હોવું જોઇએ....' કારણકે સોનલ એકલી જ ઊભી હતી... અને બહાવરી બની આમ-તેમ જોતી હતી....

અને હું સ્થિતિ પામી ગયો, મેં કીર્તિને કહ્યું, 'તું ધીમે ધીમે આવ હું આગળ પહોંચું છું'- કહીને હું દોડતો અહીં આવ્યો હતો.... જોઉં છું તો વીરો એકલે હાથે ચાર ગુંડાઓનો સામનો કરી રહ્યો હતો.''

વાત પૂરી કરતાં સિંગલ વીરા તરફ ફર્યો....'ખરેખર દોસ્ત! તું બહાદુર ગણાય....' આમ કહી તેણે વીરાનો ખભો થાબડ્યો..... એ જોઇ સોનલ ખુશ થઇ બોલી.... 'તમારો આભાર તળશીભાઇ કે અમારી મદદે આવ્યા...'

'અરે! એમાં આભાર શાનો? દોસ્ત દોસ્તને કામ નહીં આવે તો એ દોસ્તી શા કામની...?'-કીર્તિના વાક્યથી સિંગલે પણ સાથ પુરાવ્યો.

સોનલ તો હજુયુ ગભરાયેલી હાલતમાં હતી, વીરો લડતો હતો ત્યારે તેનો જીવ અધ્ધર થઇ જતો હતો.... જ્યારે વીરો સામા ગુંડાને ફટકારતો ત્યારે તેના દિલમાં આનંદની રેખા પસાર થઇ જતી હતી.... પણ! જ્યારે ગુંડાઓ વીરા તરફ હિંસક હુમલો કરે ત્યારે તો તે ગભરાઇ જ જતી- તેનાથી જોયું જતું નહોતું તેથી આંખો આડે હાથ દઇ દેતી હતી... ક્યારેક તેને વીરાની સાથે ઝંપલાવવાનું મન થઇ જતું.... પણ એક સ્ત્રી કઇ રીતે મર્દો સાથે ઝઘડી શકે....?

વાતોમાં ને વાતોમાં તેઓ કાર સુધી આવી પહોંચ્યા.

વીરાને નહીંવત્ જ માર પડ્યો હતો.... કોઇ જગ્યાએ લોહી નીકળ્યું નહોતું એટલે શાંતિ હતી.... તેણે ઘેર કોઇને પણ આ લડાઇ - ઝઘડાની વાત કરવાની મનાઇ કરી... અને ચારેય જણાંએ આ વાત મનમાં જ ભંડારી દીધી.

કારમાં બેસતાં બેસતાં સિંગલે સોનલને ચેતવણી આપતાં કહ્યું; 'સોનલબેન! વીરાને સંભાળજો! તમને આવો પ્રાણરક્ષા કરનારો પ્રેમી કોઇ નહીં મળે...' કહેતાં સિંગલ હસી પડ્યો.

વીરો અને કીર્તિ પણ હસી પડ્યાં.....

ફક્ત સોનલ જ શરમની મારી નીચું જોઇ ગઇ. મનોમન એ પણ હસી હતી.

સિંગલ અને કીર્તિએ 'ગુડ બાય' કહી રજા લીધી.

ત્યારે અંધારું થઇ ગયું હતું.... આકાશમાં તારાઓનું વૃંદ ઊભરાઇ આવ્યું હતું.... ક્યાંક ક્યાંક તમરાંનો અવાજ આવતો હતો... અને સાથે સાથે દરિયાના મોજાંનો ઘુઘવાટ પણ સંભળાતો હતો.... કિનારાને ધોઇ નાંખવા દરિયાના મોજાં હિંમતભેર આવતાં હતાં પણ નજીક આવતાં જ સમાઇ જતાં હતાં.

અને ત્યારે વીરાને બદલે સોનલે જ ડ્રાઇવિંગ કરવાની જવાબદારી સ્વીકારી, વીરાને બાજુ પર આરામ કરવા જણાવ્યું, અને કાર સડસડાટ દોડતી જતી હતી.

● ● ●

દરિયાકાંઠે બનેલા એ બનાવ પછી સોનલને વીરા પ્રત્યે અદ્ભૂત લાગણી ઉદ્ભવી હતી. એકલી એકલી વિચાર્યા કરતી હતી... તેણે ઘણી વખત વીરાને મર્યાદા ઓળંગતા અટકાવ્યો હતો.... સ્ત્રીના શિયળની રક્ષા કરતી સોનલ વીરાને તે બાબતથી અળગો રાખતી હતી. તેને ઘણાં પ્રસંગોની જાણ હતી કે કુંવારી છોકરી બાળકને જન્મ આપવાના બનાવો બને છે-એક તો કુંવારી અને પાછી બાળકનો જન્મ આપે ત્યારે તો એવા કુકર્મો કરનાર પણ તેને તરછોડે છે... કોઈક તો ગર્ભ પડાવી નાંખવાનું પાપ પણ કરતા હોય છે.

આ બધાથી સોનલ સાબદી હતી.

હા! તેને વિશ્વાસ તો હતો કે વીરો તેની ઈચ્છા વિરૂદ્ધ કોઈ પગલું નહીં ભરે.... પણ કદાચ એવી સ્થિતિ ઊભી થાય કે - પોતે પણ વીરાને ઈન્કાર કરવા અસમર્થ બને.... તો?- વાંધો તો નહોતો... કદાચ તે કુંવારી મા બને તો પણ વીરો તેને સ્વીકારવા તૈયાર હશે પણ- ગમે તેમ, સોનલે વીરાને અલિપ્ત જ રાખ્યો હતો.

પરંતુ જ્યારે ઘાટી લોકો તેની ઈજ્જત લૂંટવા આવ્યા અને વીરાએ તેના જીવને જોખમે પણ તેના શિયળની રક્ષા કરી હતી ત્યારથી તે મનોમન મુંઝાતી હતી.... વીરાની બહાદુરીભરી લડત જોઈ સોનલ ખુશ થઈ ઊઠી હતી.... તેને વીરા સિવાય બીજો કોણ આવો બહાદુર જીવનસાથી મળવાનો હતો...?

સોનલ વિચારતી જ રહી.

બચપણથી માંડીને અત્યાર સુધીના બનેલા દરેક પ્રસંગોને તે વાગોળતી રહી...

ત્યાં તેને બચપણનો એક પ્રસંગ યાદ આવી ગયો...- ત્યારે સોનલ અને કીર્તિ સાયકલ પર સવાર થઈ સ્કૂલમાં આવતી હતી... અને ત્યાં છાત્રાલયના રસ્તા આગળ જ સોનલ છાત્રાયલ તરફ જોવા ગઈ ત્યાં જ તેની સાયકલ ગામના એક અડિયલ છોકરા સાથે અથડાઈ પડી હતી... આમ તો સોનલનો વાંક તો હતો જ નહીં, કારણકે એ છોકરો કીર્તિ અને સોનલની સાયકલની વચ્ચે રહેલી જગ્યામાંથી પસાર થવા જતો હતો..... બાજુ પર ઘણો બધો રસ્તો પડી રહ્યો હોવા છતાં પણ તેણે તે તરફ ન હાંકતાં સોનલની સાઈકલ સાથે ભટકાઈ પડ્યો હતો. વાંક તો એનો હતો છતાં સોનલે તેને કંઈ કહ્યું નહીં પણ, એ અડિયલ છોકરો સોનલ અને કીર્તિ માટે બીભત્સ ગાળો બોલતો હતો.... અને આડી સાયકલ ઊભી કરી બંનેને રોકી રાખી હતી.... બીજા બધા છોકરાઓ તમાશો જોતા ઊભા હતા.... સોનલ અને કીર્તિ રડું રડું થઈ ગયા હતા, પણ તેમની વહારે આજ જોડી ધસી આવી.... છાત્રાલયના ક્રોસ આગળ જ ટોળું વળેલું જોતાં તળશી અને વીરો ઝડપથી તેમાં ઘૂસ્યા..... તો સોનલ અને કીર્તિને પેલો છોકરો બીભત્સ ગાળો વરસાવતો માર્ગ રોકી ઊભો હતો.

'શું થયું સોન....!' વીરાને બદલે તળશીએ જ પૂછ્યું. અને સોનને બદલે કીર્તિએ જ આખી બિના કહી સંભળાવી.... તળશી પેલા છોકરાને સમજાવવા માટે આગળ વધ્યો.... પણ તળશીનેય એ છોકરાએ ગાળો આપવા માંડી ત્યારે શાંત મગજનો વીરો ના છૂટકે કૂદી પડ્યો... પેલાની ફેંટ પકડી ત્રણ-ચાર તમાચા લગાવી દીધા.... અને તેને ગાળો બોલતો બંધ કરી દીધો હતો....

ત્યારનું દશ્ય યાદ આવતાં જ સોનલ હસી ઊઠી. જ્યારે ને ત્યારે વીરો જ તેની મદદે દોડી

આવે છે. તેણે નિશ્ચય કર્યો કે કોઇ પણ ભોગે વીરાને તેનાથી અળગો કરવો નથી. મમ્મી-પપ્પાને તેના સંબંધથી વાકેફ કરી દઇશ.... પણ સોનલને મોકો મળતો નહોતો.

વીરાને મળવા તેનું મન હંમેશાં ઝૂરતું... વીરાના સહવાસમાં જિંદગી વિતાવવાનો મનસુબો કરતી સોનલને વીરાથી એક પળ પણ અલગ થવું ગમતું નહોતું.... પણ એ કરે પણ શું...? લગ્ન કર્યા વગર તો - વીરાની સાથે રહી શકાય નહીં....

દરિયાકાંઠાના ઝઘડા પછી એ રાત્રિ સોનલે મહામહેનતે વિતાવી હતી... ન કહેવાય, ન સહેવાય.... વીરાને પણ કચ્ચર માર પડ્યો હતો.... તેથી ન જાણે એ શું કરતાં હશે? મંજુલાભાભી તેમની સેવા કરે પણ વીરો મોં ફાડીને વાત કરે તો ને?- વિચાર કરતી રહી સોનલ....

અને બીજા દિવસની સવારે નવેક વાગ્યે તે સુભાનને બંગલે જઇ ઊભી..... સુભાન પેઢી પર જવા રવાના થઇ ગયો હતો.... મંજુલાભાભી રસોડાના કામમાં પરોવાયેલા હતા.... ત્યાં સોનલ પહોંચી.

'ભાભી! કેમ છે હવે તમને...?'- સોનલનો અવાજ સાંભળી મંજુલાએ મીઠા વ્યંગમાં જવાબ આપ્યો;

'સારું છે બેન.... પણ જેની ખબર પૂછવા જેવી છે તે તો ઉપરના માળે પથારીમાં પડ્યા છે....'

અને સોનલને ધ્રાસકો પડ્યો. વધુ ખાતરી કરવા પૂછયું; 'કેમ, શું વાત છે ભાભી....? એમને શું થયું છે....?'-નોકરી પર નથી ગયા....?'

એક સાથે પૂછાયેલા એ પ્રશ્નોમાં ધ્રુજારી હતી. મંજુલાએ જવાબ આપતાં કહ્યું : 'શી ખબર બેન.... પણ મને તો - માથું દુઃખે છે' એમ કહ્યું હતું.... અને તમારા ભાઇને પણ- 'હું નોકરી પર આવવાનો નથી' એમ કહી દીધું હતું..... કાલે રાત્રે આવ્યા ત્યારે જ એમનું મોં કંઇક ઉદાસ હતું...'

સોનલને ચિંતા થઇ... કંઇ વત્તુ-ઓછું તો વાગ્યું નહીં હોય ને? અને તરત કીમિયો લડાવતાં તેણે મંજુલાને કહ્યું; 'માથું દુઃખે છે ને? તો લાવો હું મસાલાવાળી ચા બનાવી દઉં....' એમ કહી મંજુલા કંઇ જવાબ આપે તે પહેલાં તો સોનલે ચા પણ મૂકી દીધી. મંજુલાએ પણ કોઇ વિરોધ ના કર્યો-આમ માની : 'બેનબાને ઉપર મળવા જવું છે એટલે બહાનું તો શોધવું પડે ને?'- મનોમન બબડતાં તેમણે સોનલ પર નજર નાંખી તો સોનલ નંખાયેલા ચહેરે ચા બનાવતી હતી...

પાંચ-દશ મિનિટમાં તો ચા તૈયાર કરી તે દાદરો ચઢી ગઇ.... અંદર ગઇ તો ખરેખર વીરો માથું બાંધી પડ્યો હતો.... આંખ તો અમસ્તી જ બંધ રાખી હતી, કંઇક ખડખડાટ થતાં તેની આંખની ભારે પાંપણો ઊંચી થઇ.... અને આંખ ખુલી ગઇ.... તેની આંખમાં ભારોભાર વેદના દેખાઇ આવતી હતી.

સોનલને જોતાં જ તેની આંખોમાં તેજ આવ્યું. સોનલને આવકારી : 'આવ સોનલ....!' કહેતાં તે બેઠો થવા ગયો પણ તે પહેલાં જ સોનલ તેની પાસે પહોંચી ગઇ અને કહ્યું પણ ખરું : 'કેમ છે હવે તમને...? સારું છે ને....?'

અને વીરાને ટેકો આપવા ગઇ તો વીરાએ હસીને કહ્યું; 'અરે સોનલ! હજુ તો હું જુવાન

છું.... એટલો બધો નર્વશ તો નથી થઇ ગયો.... ગાંડી!'

સોનલે તેની સામે ચાનો કપ ધર્યો.... તેની સુગંધથી જ વીરો હસી પડ્યો : 'તારો પ્રેમ પીગળ્યો લાગે છે....' અને સોનલને અડધી ચા આપવા ગયો પણ સોનલે તેને બાંધી દીધો- આમ કહીને; ' તમને મારા સોગંદ છે.... બધી જ ચા પી જાઓ.... માથું ઊતરી જશે....' વીરો ચા પી ગયો એટલે સોનલે કપ લઇ નીચે મૂકી દીધો અને કહ્યું; 'ચાલો સૂઇ જાઓ...'

'કેમ....?'

'કહ્યું ને? સૂઇ જાઓ.....' અને વીરો ના પાડતો રહ્યો તો ય સોનલે પરાણે સુવડાવી દીધો.... માથા પર બાંધેલો રૂમાલ છોડી નાંખ્યો અને તેની માથાવટી આગળ જ ઊભા રહીને કોમળ હાથ વડે વીરાનું માથું દબાવવા લાગી..... સોનલના સહૃદયી અને લાગણીભીના ફરતા હાથથી વીરાના માથાનું દર્દ તો ક્યાંય ઊડી ગયું....

માથું દબાવતી સોનલની આંખોમાં કરુણતા વરસી રહી હતી... તો વીરો તેની જાતને ધન્યતા અનુભવતો હતો.... એક પૈસાદાર અને સંપત્તિવાળા બાપની એકની એક રૂપાળી દિકરી વીરા જેવા સામાન્ય સ્થિતિના યુવાનની સેવા કરતી હતી...! ઘડીભર માટે તો વીરો માન્યામાં ન આવતું હોય તેમ સોનલના ઝળુંબતા ચહેરા સમું જોઇ રહ્યો.... સોનલના હાથ હલવાથી રણકાર કરતી તેની બંગડીઓ.... વીરાના ચહેરા સુધી લટકતો ગળાનો હાર.... તેના ચાહેરા ફરતા વીંટળાઇ વળેલા સોનલના કાળાભમ્મર વાળ...!

'વીરૂ...! બહુ વાગ્યું છે....?'

સોનલના પૂછાયેલા સવાલથી વીરાએ તેની આંખોમાં નજર મિલાવી જવાબ આપતાં કહ્યું; 'સોન...! તારા માટે તો હું પ્રાણ પણ આપવા તૈયાર છું.... પછી આ માર તો મારી શી વિસાતમાં....?'

અને ખરે જ.... વીરાનો જવાબ સાંભળી સોનલની આંખો ભીની થવા લાગી.... વીરાની બંધ પડેલી પાપણો ઉપર ગરમ આંસ ટપક્યાં....! અને વીરાએ આંખો ઊઘાડી જોયું તો....!

એ રતુંબડું અને કરૂણાભર્યું મુખ તેના ચહેરા પર ઢંકાયું, અને! વીરાના કપાળને ચૂમતાં બોલી ઊઠ્યું; 'વીરૂ....! મારો આ ગુલાબનો ગોટો ક્યારેય કરમાય નહીં... હા,'

તેનો જવાબ આપતાં વીરાએ બહુ ઊંડી અને ગહન વાત કરી દીધી; 'સોન.....! છોડ મજબુત હશે તો ગુલાબનો ગોટો ક્યારેય નહીં કરમાય....!'

અને સોનલની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી...

'સોન...! રડ નહીં... સોન! યાદ છે તને? બચપણમાં પણ તું જ્યારે રડતી ત્યારે.... ત્યારે તને રડતી હું જોઇ શકતો નો'તો...?' અને ઘડી થોભી ઉમેર્યું; 'આજે પણ હું તને રડતી જોઇ શકતો નથી....'

'આ તો આનંદના આંસુ છે... વીરૂ....!'

અને ત્યાર પછી બંને પ્રેમીઓ વહાલપનાં વાદળામાં ખોવાઇ ગયાં,..... સોનલનો કોમળ હાથ ફરવા લાગ્યો વીરો આંખો બંધ કરી પડી રહ્યો અને છેવટે ઊંઘી ગયો.... ત્યારે સોનલ તેને મીઠી નજરથી વીંધીને નીચે ઊતરી ગઇ હતી...

● ● ●

થોડા દિવસો પછી વીરો સ્ફૂર્તિદાયક બની ગયો હતો. અને હંમેશનો દિવસનો ક્રમ ચાલી રહ્યો... સોનલ પણ પહેલાના કરતાં વધુ સમય સુભાનને ત્યાં જ વિતાવતી હતી.... વીરો નોકરીએ જવાનો હોય ત્યારે પણ સોનલ સુભાનને ત્યાં જ હોય.... અને નોકરીએ જતાં પહેલાં વીરો સોનલની રજા માંગતો-માંગવી પડતી.... અને તેના રતૂંબડાશા ગાલ પર એક ચુંબનની ભેટ ધરતો જતો.... તો વળી સામે સોનલ પણ વીરાના ગાલ ભીંજવી જતી... ક્યારેક વીરો અનિવાર્ય સંજોગોને કારણે સોનલની રજા ન માંગતો... તો સોનલ છેડાઇ પડતી... લાંબુ ભાષણ સંભળાવી દેતી સોનલ....!

અને જ્યારે વીરાનો નોકરી પરથી આવવાનો સમય થતો ત્યારે તે પહેલાં સોનલ સુભાનને ત્યાં આવી જતી... અને મંજુલા ભાભીને મસ્કો મારતીકને ઉપરના માળે-ગેલેરીમાં જઇ વીરાની વાટ જોતી ઊભી રહેતી....

કારમાંથી નીચે ઊતરતાં જ વીરાની ટેવાઇ ગયેલી તરસી નજરો બાલ્કનીની ગૅલેરીમાં જઇ ખોડાતી... અને સોનલ તેને હસીને આવકારતી...

મંજુલાભાભી અને સુભાન પણ તેમાં વાંધો ન લેતાં..... તેમને એકાંત આપવા કંઇક ને કંઇક બહાનું બતાવી બહાર નીકળી જતાં કે,.... પછી દીવાનખંડમાં જ ગોંધાઇ રહેતાં.... એક પ્રેમી યુગલને ખાતર....!

એક દિવસ વીરાને મળવા સોનલ સુભાનના બંગલે પહોંચી ગઇ.... ત્યારે બંગલામાં ન સુભાન હાજર હતો કે.... ન મંજુલા હાજર હતી... તેણે નોકરને પૂછી જોયું તો જાણવા મળ્યું કે એ લોકો બજારમાં કંઇક ખરીદી કરવા ગયાં હતાં.... નોકરની વાત પરથી જાણી લીધું કે વીરો તેના રૂમમાં છે. અને સોનલ દોડતી બંગલામાં પ્રવેશી દાદરનાં પગથિયાં ચઢી ગઇ....

પણ! સોનલનો બધો જ ઉત્સાહ ઓસરી ગયો....! સોનલને જોઇ વીરાએ શુષ્ક અવાજે તેને આવકારી : 'આવ સોનલ...!' - પણ તેના અવાજમાં ઉત્કંઠા નહોતી... દિલમાં ઉમળકો નહોતો... કે નહોતો આનંદ... તો પછી સોનલના આગમનની અપેક્ષા પણ નહોતી...! હતો માત્ર તેના ચહેરા પર છવાયેલો વિષાદ, અને તેનું મુખ હતું ઉદાસ,.... સોનલને શંકા ગઇ.... વીરો કેમ આમ કરે છે?... શંકા તો જાય જ ને?

જ્યારે જ્યારે સોનલ આવી છે ત્યારે વીરો ખુશ થઇ ઊઠતો.... ઉમળકાથી તેને ભેટી પડતો.... જ્યારે આજે?.... સોનલના દિલને આંચકો લાગ્યો. તે દરવાજામાં જ થંભી ગઇ હતી.

'આવ ને સોનલ....! ત્યાં કેમ ઊભી છે? અહીં મારી પાસે તો આવ....?' કહી સોનલને તેણે ઈશારો કરી પાસે બોલાવી.

સોનલ ધીમે પગલે તેની પાસે જઇ પલંગ પર બેસી ગઇ. તેને ડર હતો... અત્યાર સુધી તે જેની પૂજા કરતી રહી... જેની સાથે જીવન જીવવાનો મનસૂબો ઘડીને આવી હતી અને એ વીરો... જો મારો સ્વીકાર કરવાનો ઈન્કાર કરશેતો...? તેનો ઈન્કાર સહન કરી શકીશ?.... તેની ખાતરી કરવા તેણે પૂછ્યું;

'વીરૂ! કેમ ઉદાસ છો?.... કેમ કંઇ બોલતા નથી....? મારી પર ગુસ્સે થયા છો?... ત્યાં સોનલને પેલો પ્રસંગ યાદ આવ્યો.... આ જ રૂમમાં, આ જ પલંગ પર ઉત્તેજનાની એ ક્ષણો અનુભવી

હતી.... અને ચેતી જઈ સોનલે વીરાને મર્યાદા ઓળંગતો રોક્યો હતો.... તેના અનુસંધાનમાં જવાબ આપતાં સોનલે કહ્યું; 'વીરૂ...! હું તો તન-મન-ધનથી તમારી પ્રિયતમા બનવા માંગું છું.... પણ લગ્ન પહેલાં મર્યાદા ઓળંગવી મને પસંદ નહોતું.... એટલે હું તમને રોકતી હતી, હું ક્ષમા માગું છું વીરૂ....! હું તમારી જ છું અને રહીશ પરંતુ, દામ્પત્યજીવનનું સુખ તો આપણને લગ્ન બાદ જ મળશે-જ્યારે હું તમારી પત્ની બનીને આવીશ.... લગ્ન પહેલાં શરીરસુખ ભોગવવાથી સુહાગરાતની રંગત ધોવાઈ જશે-એ બીકે!.... મેં અત્યાર સુધી તમારી કામનાનો અસ્વીકાર કરી દુઃખ...'

'એવું નથી સોનલ....!' વીરો સોનલની ગેરસમજ દૂર કરવા અધવચ્ચે જ બોલી ઊઠ્યો.

'ત્યારે તમે ઉદાસ કેમ છો....? બોલોને...?'

'કયામત આવી છે સોનલ!... લે આ કાગળ વાંચ....' કહેતાં વીરાએ પરબીડિયું સોનલને પકડાવ્યું. પણ! કાગળ વાંચતા તો સોનલ આનંદી જ ઊઠી.... 'અરે! એમાં ચિંતા કરવાનું.... કે ગભરાવાનું શું છે?.... આ તો આનંદની વાત છે...'

સોનલને કાગળ વાંચતા આનંદીત થતી જોઈ વીરાને આશ્ચર્ય થયું. તેને એમ હતું કે.... અમારી પ્રીતની વાત સુભાન દ્વારા છેક જામપુરા સુધી પહોંચી ગઈ છે તે જાણી સોનલને ખેદ થશે.... પણ આ તો ઊલટી ખુશ થઈ.

કાગળમાં કંઈક આવું લખ્યું હતું :

'બેટા વીરા! તારી બધી જ વાતો મને મળી છે.... તારા ભાઈબંધ સુભાને જ મને કાગળ લખી જણાવ્યું કે તારી ઈચ્છા ત્યાં કોઈક શેઠિયાની દીકરી સાથે લગ્ન કરવાની છે... બેટા! અમે તારી આડે નહીં આવીએ... હું ય કેટલાય સમયથી ચિંતા કરતી હતી કે હવે વીરાને માટે કોઈ છોકરી શોધી વિવાહ કરી લઈએ... અને બેટા! તેં જાતે જ કોઈ છોકરી શોધીને અમને એ બોજમાંથી મુક્ત કરી દીધા.... પણ વીરા! એ છોકરીને જોવા માટે ત્યાં આવવું પોષાય નહીં. વળી, તારા મોટાભાઈ તથા જમનાભાભી પણ તારી પસંદ કરેલી છોકરીને જોવા માટે તલસીએ છીએ બેટા!.... માટે તું વતનમાં એક આંટો મારી જા... બેટા! અમે તમારી કાગડોળે વાટ જોઈશું.'

ખુશ થઈ ઊઠી હતી સોનલઃ 'કેટલાં વહાલાં લાગે છે બા....! અરે વીરૂ! એમાં તમે ઉદાસ કેમ થઈ ગયા છે...?'

સોનલના મુખેથી 'બા' શબ્દ સાંભળી વીરો મનોમન ખુશ થઈ ઊઠ્યો... પણ એ ખુશી મનમાં જ સમાવી બોલ્યો; 'સોનલ! તારે મન રમત છે.... પણ તું ધારે છે એટલી સહેલી આ વાત નથી.... તને સાથે લઈ જવા માટે તારા માતા-પિતાની રજા તો લેવી જોઈએ ને? અને તારા પિતાજી આપણા સંબંધની હકીકત જાણીને ગુસ્સે પણ થાય... તેમને તો અમે ગદ્દાર જેવા જ લાગીએ... એક તો મારે કારણે સુભાનની પણ નોકરી જાય અને ઉપરથી ઠપકો સાંભળવો પડે.... હું તો નોકરીને છોડી શકીશ પણ, તને નહીં છોડી શકું સોનલ! તારા માટે તો મુંબઈ પણ છોડી દેવા તૈયાર છું.... પણ આપણા લીધે સુભાનને કઈ દુઃખ થાય તે હું કેમ કરીને સહન કરી શકીશ સોન!'

લાંબુલચ્ચ ભાષણ સાંભળ્યા પછી પણ સોનલે વીરાની વાત હળવી ફુલ બનાવી દીધી-આમ કહીને :

'વીરૂ! તમે મારા માતા-પિતાની ચિંતા ન કરો, હું તેમને સમજાવી દઈશ.... અને હું છાતી ઠોકીને કહું છું કે તેઓ મારી ઈચ્છા મુજબ જ મારા લગ્ન કરવામાં રાજી હશે જ! .... અને મેં તમારી સાથે જીવવા-મરવાની પ્રતિજ્ઞા કરી છે વીરૂ!.... તમે આમ ઉદાસ થઈ જશો તો હું હિંમત હારી જઈશ....! કદાચ.... મારા મા-બાપ આપણો સંબંધ પસંદ નહીં કરે તો તમારી સાથે ચાલી નીકળવા હું તૈયાર છું... વતનમાં આપણે એક નાનકડું ઘર બનાવીશું.... મહેનત કરીશું.... અને આનંદથી જીવન પસાર કરી લઈશું....'થોડું વિચારી સોનલે વાસ્તવિકતાનું દર્શન કરી ઉમેર્યું; 'અને.... કદાચ તેઓ બળજબરી કરશે તો.... તમારા સિવાય જીવવાનું મારા માટે દોહ્યલુ બની જશે... તો... તો હું આપઘાત કરીશ...' સોનલે છેલ્લું તીર છોડ્યું :

સોનલના મુખેથી 'આપઘાત' શબ્દ સાંભળી વીરો ચેતી ગયો,'ક્યાંક આ પગલી એવું કરી બેસશે તો....?' અને સોનલને સહારો આપતો હોય તેમ તેને બાહુપાશમાં જકડી લીધી.

'નહીં સોનલ- એવું ના બોલ.... આપણે જીવીશું તો પણ સાથે અને મરીશું તો પણ સાથે જ....!'

'વીરૂ....! મારા વીરૂ...!'

'સોનલ.....! મારી સોન....!'

અને તેઓ આનંદના અતિરેકમાં ઊંડાને ઊંડા ઊતરતા ગયા.... જ્યારે આનંદની ચરમસીમા વટાવી ચૂક્યા ત્યારે!- ક્યાંક પાગલ થઈ જવાશે-માની બંને અલગ થયા... આ મિલનમાં નહોતી ઉત્તેજના કે નહોતી કામવાસના.... હતો ફક્ત નિર્દોષ પ્રેમ... અને એ પ્રેમની પળ તેમને અતિ આનંદના સાગરમાં ડૂબાડી ગઈ.

ઉદાસ વીરો ખુશમાં આવી ગયો.... તેણે આપેલા આલિંગનમાં શૈશવ અવસ્થામાં ફૂટેલા પ્રીતનાં ફણગાં ચૂંભતાં રહ્યાં..

સોનલે જવા રજા માંગી તો વીરાએ તેને ફરી બાહુપાશમાં જકડી તેના કપાળ પર એક ઉષ્માભર્યું ચુંબન કરી દીધું અને સોનલ ઝૂમી ઊઠી, ખુશ થતી સોનલને વિશ્વાસ બેસી ગયો હતો કે વીરાને મેળવવામાં તે સફળ થશે જ.

અને તેની કાર સુધી વળાવવા આવેલો વીરો તેને પ્રેમભરી નજરે જોઇ રહ્યો હતો. આંખોથી આંખોએ વાત-ચીત કરી લીધી. સોનલનો હાથ પકડીને તેની હથેળીમાં તેની આંગળીઓ ફેરવતો હતો.....

અને પછી ઉમળકાભેર સોનલ વીરાની વિદાય લઈ ઘર તરફ કાર હંકારી ગઈ.

વીરો તેને પ્યાસી આંખે જતી જોઈ રહ્યો.

ત્યારે આકાશમાં સૂરજ પશ્ચિમ તરફ ઢળી રહ્યો હતો.... અને તે પણ વિદાય લેવાની ક્ષણો ગણતો હોય તેમ લાલગુલાબી પ્રકાશ વેરતો હતો.

● ● ●

અને એ જ દિવસે સાંજના ભોજનમાં એ વાતની ચર્ચા થઈ જેનો મોકો ઘણા દિવસથી સોનલ

શોધતી હતી જમતી વેળાએ સોનલની મમ્મીની નજર સોનલ પર જ મંડાયેલી હતી.

શૂન્યમનસ્કપણે જમી રહેલી સોનલ કંઇક વિચારોમાં ડૂબેલી લાગતી હતી. તેના ચહેરા પરના હાવભાવ બદલાતા જતા હતા... ક્યારેક ચહેરો ગંભીર થઇ જતો હતો... તો ક્યારેક વિચારમાં ડૂબી જતી સોનલ એક જ કોળિયો મોંમાં મૂકી મમરાવતી હતી,... કમલશેઠનું ધ્યાન પણ સોનલના ચહેરા પર હતું.... તેઓ એ રીતે બેઠા હતા કે.... સોનલના પગની એડી જોઇ શકતા હતા... તેમને સાથ આપતાં હોય તેમ તેમનાં ધર્મપત્ની પણ કમલશેઠની નજરો તરફ તાકી રહ્યા હતાં...

અને કમલશેઠે પત્નીને ઈશારો કર્યો એટલે સોનલના મનની વાત કઢાવવા પૂર્વભૂમિકા બાંધતા પૂછયું; 'કેમ બેટા સોન!.... ક્યાં ખોવાઇ ગઇ છે...?'

મમ્મીના અવાજથી સોનલ જાગ્રત થઇ... તેને શંકા થઇ- ક્યાંક અવળો અર્થ ન થઇ જાય...

'ના-મમ્મી.... એ તો તને એમ લાગે....!' સોનલે ઢોંગ કરતાં વળતી ભૂમિકા બાંધી.

'શું એમ લાગે?... બેટા! હું તારી મા છું કોઇ સાવકી મા નથી....! હું સમજું છું કે.... દીકરી શું વિચારે છે,... સોન! કેટલાય દિવસથી અમે જોઇએ છીએ કે તું ખોવાઇ ખોવાઇ રહે છે.... મોટા ભાગના સમયે વિચારતી ફરે છે.... સાચું કહેજે બહેન.... શું વિચારે છે!.... આ જો ને...? હમણાંનો તારો ખોરાક પણ ઘટી ગયો છે....' થોડું રોકાઇને ઉમેર્યુંઃ '....હું તારી મા છું બેટા!... તારું દિલ ખોલીને વાત કર તો અમને કંઇ સમજ પડે...'

સોનલે મમ્મી-પપ્પા ઉપર નજર માંડી.... તેને ખાતરી થઇ ગઇ હતી કે તેના વર્તનથી તેઓ પૂરેપૂરા વાકેફ થઇ ગયા છે.... તેને વીરા સાથેના પ્રેમસંબંધની વાત કરી દેવાનું મન થયું..... પણ! તેણે હજુ વધુ ચકાસવા માટે જવાબ આપ્યો;

'તું યે 'મા' ખરી છે ને?.... હું ક્યાં ઉદાસ છું?'

પણ સોનલના આ જવાબથી તેની મમ્મીને કે તેના પપ્પાને સંતોષ ન થયો,.... આખરે કમલશેઠની ધીરજ ખૂટી... તેઓ અત્યાર સુધી તેમની ધર્મપત્ની દ્વારા વાત કઢાવવા મથતા હતા, પણ સોનલે દિલ ન ખોલ્યું એટલે તેમનાથી રહેવાયું નહીં.

'બેટા સોનલ! તું કેટલા વર્ષની થઇ....?'

પિતાજીના પૂછાયેલા એ પ્રશ્નથી સોનલ ચમકી!

'વીસ વર્ષની...!' જન્મતારીખનો અંદાજ લગાવતાં જવાબ આપ્યો.

'ખરી વાત. વીસ વીસ વર્ષથી તને અમે પાળી છે... તારી દરેક ઇચ્છા પૂર્ણ કરી છે..... તને ક્યારેય દુઃખ થાય તેવું અમે કહ્યું નથી કે તારી ઇચ્છા વિરુદ્ધ ક્યારેય કશું કામ કર્યું નથી.... તને આજ સુધી ઉછેરી છે તો અમને એટલી પણ ખબર ન પડે કે અમારી દીકરી કેવી છે?' અને પિતૃવાત્સલ્ય દર્શાવતા બોલ્યા;'બેટી.... ખોટું ના લગાડીશ.... અમે તારી એકે એક હરકત જાણીએ છીએ.... તને કંઇ પણ કરવાની છૂટ હતી-અને છે,... જાણી-બુઝીને છુટ આપી છે, પણ બેટા....! અમો તારા માવતર છીએ.... બીજાઓની જેમ દીકરીની ઇચ્છા વિરુદ્ધ અમે તારા માટે કોઇ પગલું ભરવા માંગતા નથી.... પણ સોન! તું હવે મોટી થઇ... અમારી પણ ફરજ છે કે તારા હાથ પીળા કરી દઇએ...'

કમલશેઠ થાક ખાવા થંભી ગયા... એક દૃષ્ટિ તેમણે પત્ની તરફ કરી, પછી પૂર્વ ભૂમિકા બાંધીને આખરે કમલશેઠ મૂળ વાત પર આવી ઊભા... એટલે એક રીતે તો સોનલ આનંદ પામી... જે

ઘડીનો તે મોકો શોધતી હતી તે અચાનક સામે આવી ઊભી.... પણ તેને હવે સંભાળીને બોલવાનું હતું.... ક્યાંક ઊતાવળમાં બફાઇ ન જાય.... કંઇક કાચું કપાશે તો તેના વીરાને ખોઇ બેસશે... એટલે પિતાજીના પ્રશ્નનો જવાબ આપવા થોડી વાર સુધી તો વિચારતી રહી.... વાતની શરૂઆત ક્યાંથી-કેવી રીતે કરવી...?

'પિતાજી.... લગ્ન તો....!'સોનલ થોથવાઇ. તે એકદમ તો શરમ કોરાણે મૂકે એમ નહોતી અને એમ પણ ખરું કે પ્રેમસંબંધની વાત સાંભળી તેના પિતાજી કદાચ ગુસ્સે પણ થાય.....

'જાણું છું બેટી....! તારી એકેએક પ્રવૃત્તિનો રિપોર્ટ હું મેળવતો હતો.... મને મારી દીકરી પર વિશ્વાસ તો છે જ... તું જ્યારથી વીરો સુભાનને ત્યાં આવ્યો-ત્યારથી કંઇક વિચારોમાં ફરતી હતી... સુભાનને બંગલે તારી આવન-જાવન વધી ગઇ હતી....'

'પિતાજી....!' સોનલ એવી રીતે બોલી કે-

તેને ફાળ પડી હતી.... પિતાજી બધી જ હકીકત જાણતાં હોવા છતાં ચૂપ કેમ રહ્યા....? મને આઘાત આપવા માટે તો તેમણે આમ?.... સોનલ ગભરાઇ ગઇ હતી.... પિતાજી નારાજ થશે તો વીરા સાથેના સેવેલાં સ્વપ્નો એ સ્વપ્નો જ બની રહેશે...

'પણ બેટી!.... તું ચિંતા ન કર... પહેલાં શાંતિથી મારી વાત સાંભળ... તારી ગતિવિધિને જાણવા, નજર રાખવા મેં મારા માણસો રાખ્યા હતા..... તમે તમારી રીતે આગળ વધ્યા... બેટી! પ્રેમ તો કોઇ ભાગ્યશાળી માણસને જ મળી શકે છે.... અને એ રીતે તું અને વીરો પણ ભાગ્યશાળી છો....'

કમલશેઠ રોકાયા, સોનલ ચૂપ હતી, તેને હજુ પણ વિશ્વાસ નહોતો બેઠો.... તેને તો એમ જ લાગતું હતું કે પિતાજી મારી ઠેકડી ઊડાવે છે.... તેમનાથી છૂપો પ્રેમ કરીને ઉપેક્ષા કરી તેનો બદલો લેતા લાગે છે-વિચારતી સોનલ ચમકી! કમલશેઠે આગળ ચલાવ્યું;

'શું તું એમ માનતી હતી કે મમ્મી-પપ્પા અજાણ છે? પણ ના બેટી....! અમો તારા મા-બાપ છીએ.... અમારો હક્ક છે કે તને એમ છુટ ન પણ આપીએ... પણ અમોએ એ હક્કને જતો કર્યો, કારણકે તું તો અમારો આધાર છે સોન...! આ સંપત્તિ.... પેઢી... બધું જ તારું છે સોન!.... તને દીકરાની પેઠે ઉછેરી, તારી દરેક ઇચ્છા પૂરી કરી...' તેમણે સોનલ સામે જોતાં આગળ ઉમેર્યું; 'બેટા... દરિયાકાંઠે રાત સુધી તું રોકાય એ શું અમને ચિંતા નહોતી? પણ અમે નચિંત હતા.... કેમ? કારણકે મારી જાણમાં આવ્યું હતું કે તારી રક્ષા કરવા વીરાએ તેના પ્રાણને પણ હોડમાં મૂકી ગુંડા-ઘાટી લોકોનો સામનો કર્યો હતો..... એ વાત મારા સાગરિતે કહી ત્યારે.... બેટા! મારી ખુશી અને આનંદનો પાર નહોતો.... પૂછ તારી મમ્મીને...? વીરાની બહાદુરી ભરી વાત જાણી હું શું બોલ્યો હતો?.... ત્યારથી અમે તારી અને વીરા તરફથી નચિંત હતા....' કમલશેઠ હજુ પણ બોલ્યે જતા હતા.... પણ સોનલ તો-! તેની આંખોના અને સ્મૃતિપટના પડદા પર એ જ દૃશ્ય ભજવાતું હતું-જ્યારે વીરો ઘાટી લોકોનો સામનો મરણિયો થઇ કરી રહ્યો હતો.... ત્યાં પાછી વાસ્તવિકતામાં પછડાઇ, કમલશેઠ કહી રહ્યા હતા;

'બેટા સોન! અમને તમારા પવિત્ર પ્રેમની જાણ હતી. તમારો પ્રેમ યુવાનીનો આક્રોશ નથી કે નથી યૌવનની મજબૂરી કે ભૂખ.... પણ તમારો પ્રેમ નિર્દોષ છે કારણકે એ નિર્દોષ અવસ્થામાં પાંગર્યો છે.... અને પ્રેમના મહોરા નીચે છુપાયેલો શેતાન તમને ભરખીતો નથી ગયો ને, તે જાણવા મારા માણસો મૂક્યા હતા..... અમે જાણવા માગતા હતા કે વીરાના દિલમાં તારા પ્રત્યેનો કેટલો ઊંડો પ્રેમ

છે.... પણ! જ્યારે વીરાની બહાદુરીથી - વીરાનો માર ખાઈ ઘાટી લોકો ભાગી ગયા ત્યારે તો.... ખરેખર બેટા! અમે જે માંગતા હતા કે સોનલનો પતિ તેના શિયળની રક્ષા કરી શકે તેવો બહાદૂર હોવો જોઈએ... અને એ હીર અમે વીરામાં જોયું છે....!'

સોનલતો પોતે સ્વપ્ન જોતી હોય તેમ નજર નીચી ઢાળી સાંભળી રહી હતી કે નજર ઊઠાવી શકતી નહોતી પણ જ્યારે કમલશેઠે તેને સામું જોવા કહ્યું ત્યારે મજબૂરી ભરેલી તેની આંખો પિતાજી સામે મંડાઈ.

'બેટી! જો તું હા પાડતી હોય તો વીરા સાથે તારા લગ્ન...!

સોનલ શરમની મારી નીચું જોઈ ગઈ.... કમલશેઠની નજર સોનલના પગ પર પડી.... તેના જમણા પગનો પંજો ડાબા પગના પંજા ઉપર ફરી રહ્યો હતો.... તેઓ આનંદી ઊઠ્યા.... દીકરીના મનની વાત પારખી જતાં ઉમેર્યું; 'તો.... અમને વાંધો નથી.'

'પિતાજી...!'

'હાં બેટા!'

અને સોનલના આનંદનો પાર ના રહ્યો... તેનું હૃદય ઉછળવા લાગ્યું.... જાણે સ્વર્ગમાં ઉડતી હોય તેવું લાગ્યું... કેટલા દિવસથી તે જે તકની જે ઘડીની વાટ જોતી હતી તે ઘડી આટલી આનંદરૂપ નીવડશે તેનો તેને સ્વપ્નેય ખ્યાલ નહોતો.... દીકરીને ખુશ થતી જાણી તેના મા-બાપ પણ સામ સામે આંખનો ઈશારો કરી આનંદ વ્યક્ત કર્યો.

અચાનક સોનલને કંઈક યાદ આવ્યું હોય કે પછી માતા-પિતાના જોતાં આનંદ પામતાં શરમાતી હોય તેમ તેના ઓરડામાં દોડી ગઈ. આનંદનો ઊભરો ઓછો થતાં તે વળી પાછી ડાઈનિંગ ટેબલ આગળ આવી, પિતાજીના હાથમાં જામપુરાથી આવેલો વીરાની માનો કાગળ આપી તેમના જવાબની વાટ જોતી ઊભી રહી.... અંદર ને અંદર મૂંઝાતી હતી... ક્યાંક.... તેમણે હજુ વાત જ કરી છે અને આમ અચાનક ગામડામાં જાવાની રજા ન આપે-ગભરાયેલી મુખમુદ્રા સાથે તે ઊભી હતી. ત્યાં;

'ઓહો! એમાં આટલી બધી ગભરાય છે કેમ? જાઓ... ખુશીથી જાઓ.... તમારે જવાનો બંદોબસ્ત કરી દઈશું... બસ! મારી બેટીને કંઈ પણ દુઃખ થાય એવું નહીં કરીએ...'

'કમલશેઠ હસતા રહ્યા, પછી સોનલને માથે હાથ દઈ રૂમમાં જતા રહ્યા...

સોનલના આનંદનો પાર નહોતો.... પિતાજી ગયા એટલે સોનલ મમ્મીને ભેટી પડી.... તેની આંખોમાં આનંદનાં આંસુ વહેતાં હતાં.... મનોમન આ માયાળુ મા-બાપને બિરદાવી રહી...

અને પછી તો વીરાને વધામણી આપવાના શબ્દો શોધતી-કઈ રીતે કહીશ?-વીરો તો ખુશીનો માર્યો ઊછળી જ પડશે.... વિચારો કરતી સોનલ આનંદના સાગરમાં હિલોળા ખાવા લાગી.

● ● ●

શિયાળાના કારતક મહિનાનું પહેલું પખવાડિયું વિદાય લેવાની તૈયારી કરતું હતું-કારતકી પૂનમનો દિવસ હતો.... સાંજના લગભગ ચાર વાગવાનો સમય હતો.... સૂરજ પશ્ચિમ આકાશ તરફ સહેજ નમ્યો હતો.... આજુબાજુ હરિયાળો પાક લહેરાઈ રહ્યો હતો.

મુંબઇ તરફથી આવતા નેશનલ હાઈવે પરથી જામપુરા તરફ જતા ડામરના રોડ પર કારને વળાંક આપતાં વીરાએ સોનલ સામું જોયું.... અને સોનલ હસી પડી.

કમલશેઠે જામપુરા જવાની પરવાનગી આપી ત્યાર પછી સોનલે આનંદથી છવાતા હૈયાને હેઠે બેસાડી રાત્રિ મહાપરાણે પસાર કરી હતી, અને જ્યારે બીજા દિવસની સવારે વીરાને જ્યારે એ બાબતથી વાકેફ કર્યો ત્યારે તો વીરો પણ આનંદી ઊઠ્યો હતો.

સુભાન-મંજુલા પણ ખુશ હતા. મંજુલાએતો મશ્કરી કરીને સોનલને શરમાવી દીધી હતી.

અને એક અઠવાડિયાની અંદર જ જામપુરા જવાનો દિવસ નક્કી થઇ ગયો હતો. સોનલ માટે તો બાકીના દિવસો યુગયુગ જેવડા લાગતા હતા. વીરાને પણ એટલોજ આનંદ હતો.

આમ તો રેલ્વેમાં જવાનો બંદોબસ્ત કરવાનો હતો પણ! સોનલે વીરાના કાન ભંભેર્યા હતા. એટલે જ્યારે કમલશેઠે વીરાને મળવા બોલાવ્યો ત્યારે એકલો જવાને બદલે સુભાનને પણ લઇ ગયો હતો. વીરો તો-જાણે, સોનલ સાથે પ્રીતે બંધાઈને-કમલશેઠનો ગુન્હેગાર હોય તેમ ડરતો હતો... શરમાતો હતો. તેથી સુભાનને કહેવા માટે સાથે લીધો હતો.... કમલશેઠ સામું વાત કરતી વેળાએ પણ વીરો નતમસ્તકે જ બોલતો હતો. તેમણે જામપુરા જવા માટે બે વિકલ્પ દર્શાવ્યા- ‘જો રેલ્વેમાં જવું હોય તો રીઝર્વેશન કરી અપાવે અને કાર લઇ જવી હોય તો સોનલ મારી નવી ખરીદેલી મારૂતીકાર લઇ જવી છે કે પછી પદ્મિની કાર? ‘વીરો તો કંઇ પણ બોલી શકે તેમ નહોતો પણ તેણે સુભાનને ચેતવી દીધો હતો અને સુભાને કમલશેઠની પાછળ ઊભેલી સોનલ તરફ નજર દોડાવી તો એ ફક્ત હોઠ હલાવી અવાજ વિના કહ્યું... ‘મારૂતિકાર’ અને સુભાને પણ કમલશેઠને કહ્યું.... ‘આમ તો અમને વાંધો નથી પણ આપની દીકરીની ઇચ્છા છે-મારૂતિકાર!...’ ખુશ થતાં કમલશેઠે ‘હા’ કહી ત્યારે તો સોનલ ખુશીની મારી રૂમમા દોડી ગઇ હતી.

જામપુરા ડામરરોડ પર દોડી જતી મારૂતીકાર એક રમકડાં જેવી લાગતી હતી. સોનલ તો આજુબાજુની લીલી વનરાઇ જોઇ ખુશ થતી જતી,.... અને ક્યારેક ક્યારેક તો મોર અને સારસ જેવાં પક્ષીને જોઇ ઓર આનંદમાં આવી જઇ વીરાનું પણ તે તરફ ધ્યાન દોરતી... વીરો પણ સોનલને તેના વતનની ઘણી બધી વાતો કરતો રહ્યો...

અને જ્યારે જામપુરા જંકશનનું ક્રોસિંગ વટાવી મારૂતીકાર ધુળિયા મારગ પર આવી ત્યારે વીરાએ કાર થોભાવી, સોનલ કંઇ વિચારે કે કહે તે પહેલાં તો વીરો દરવાજો ખોલી બહાર નીકળ્યો.... અને લગભગ એક વર્ષ સુધી વતનની ધરતીથી વિખૂટો પડેલો તેથી નમસ્કાર કરી તેની ધૂળ માથે ચઢાવી.... વીરાનો વતન પ્રત્યેનો પ્રેમ જોઇ સોનલ ખુશ થઇ ઊઠી.

ગામ વચ્ચેથી ચાલી જતી મારૂતીકાર એક નવોઢા સરખી લાગતી હતી. લોકોની નજર મારૂતીકાર પર પડતી અને તેઓ આશ્ચર્યચકિત થઇ જતા....! આ ગામમાં ક્યારેક જ કોઇની એમ્બેસેડર કાર આવતી અને તે પણ નજીકના શહેરમાંથી ડૉક્ટર આવતો ત્યારે જ-! પણ આ તો મારૂતી-જીવનમાં ક્યારેય સાંભળ્યું ન હોય તો દેખે ક્યાંથી....! અને અંદર બેઠેલું યુવાન યુગલ જોઇ વળી પાછા અચંબો પામતાં... ખાડા-ટેકરાવાળો રસ્તો હોવાથી વીરો ધીમે ધીમે ચલાવી રહ્યો હતો એટલે જેઓ વીરાને ઓળખી શકતા તેઓની સલામ ઝીલતો વીરો આગળ વધી રહ્યો હતો,.... તેની બાજુમાં બેઠેલી સોનલને તો કોઇ ઓળખી શકતું નહોતું પણ તેની સુંદરતાને તો ઓળખતા હતા ને?

એટલે તો તેમની નાની આંખો પણ મોટી થઇ જતી હતી.

મારૂતીકારની પાછળ નાનાં છોકરાંઓનું ટોળું દોડતું આવતું હતું.... અચંબો પામતું!

ગામ વીંધીને આવતી મારૂતીકાર વીરાના ઘરની ડેલી આગળ આવી ઊભી રહી.... હોર્ન સાંભળતાં જ દરવાજો ઉઘડ્યો અને....!

આમ તો વીરાએ તાર કરી સમય પણ દર્શાવ્યો હતો એટલે, ગંગાબા-પ્રભુદાસ-જમના તથા કીશન ડેલીમાં જ બેઠા હતા.... વીરાએ એ પણ જણાવ્યું હતું કે તેઓ કારમાં આવવાના છે ત્યારે તો ગંગાબા ફૂલ્યાં શમાતાં નહોતાં.... આખા ગામમાં ચોરે ને ચૌટે બધે આ જ વાત ચર્ચાતી હતી-કેટલાંક તો ગપગોળો સમજતા હતા પણ જ્યારે પ્રત્યક્ષ જોયું ત્યારે તેઓ પણ મોંમાં આંગળા ઘાલી ગયાં...

'વીરૂકાકા....' કીશનનો અવાજ સાંભળી નીચે ઊતરતાં વીરો ચમક્યો! સોનલે જોયું તો એક છોકરો દોડી આવીને વીરાને બાઝી પડ્યો હતો.... પાછળથી પ્રભુદાસ પણ બારણામાં ડોકાયા.... સોનલ સમજી ગઇ હોય તેમ તેણે કારમાં બેઠા બેઠા જ સાડીનો પાલવ માથે નાંખ્યો. અને કારમાંથી બહાર નીકળી.... સોનલને જોતાં જ પ્રભુદાસ જાણે કોઇ દેવીને જોતાં હોય તેમ જોઇ રહ્યા! કીશન પણ તેને જોઇ વીરાનો હાથ છોડી સોનલ પાસે આવ્યો અને ગંગાબાને ચેતવતો હોય તેમ બોલી ઊઠ્યોઃ 'દાદીમા... વીરૂકાકા આવ્યા.... કાકી લાવ્યા...' કહેતો કીશન વધામણી ખાવા ઘરમાં દોડી ગયો. કીશનના મુખેથી નીકળેલો શબ્દ 'કાકી'- સાંભળી વીરાએ સોનલ સામું જોયું અને સોનલ શરમાઇને નીચું જોઇ ગઇ.

ગંગાબા લોટામાં પાણી ભરી ઉલ્લાસમાંને ઉલ્લાસમાં બારણા આગળ આવી ઊભાં. વીરો સામાન સાથે અંદર ગયો અને પાછો વળ્યો ત્યારે ગંગાબા હજુયે એક નજરે સોનલને ટીકીટીકીને જોઇ રહ્યાં હતાં. વીરાએ સોનલ તરફ નજર નાંખી તો એ પણ...!

ગુલાબી સાડીમાં સુસજ્જ એવી સોનલના રૂપને નીરખતાં ગંગાબાનું મુખ આશ્ચર્યથી પહોળું થઇ ગયું હતું.... ઘડીભર માટે તો શું કરવાનું છે તે પણ ભૂલી ગયા. વીરો સમજી ગયો! તેણે સોનલનો હાથ ઝાલી નજીક આણી ત્યારે ગંગાબા સાવધાન થયાં.

'ઊભો રે'બેટા! એમને એમ ક્યાં લઇ જાય છે?' કહી સોનલના માથે-પાણી ભરેલો લોટો પાંચ આંટા ફેરવી ગામના રસ્તા તરફ ઢોળી દેતાં બોલ્યાં, 'મારી લક્ષ્મીને કોઇની નજર ના લાગી જાય...' અને એ વાક્યથી તો સોનલ લજ્જાથી નીચું જોઇ ગઇ.

પછી વીરાએ સોનલ સાથે જ બાને નમસ્કાર કર્યા.... તો ગંગાબાએ બંનેના માથે હાથ દઇ આશીર્વાદ આપ્યા.... પછી વીરો મોટાભાઇ પ્રભુદાસ તરફ ફર્યો... અને જ્યાં પગે લાગવા જાય છે ત્યાં તો તેમણે વીરાને પકડી લીધો અને બાથમાં ઘાલી હૈયાનો ભાર હળવો કર્યો.... અને સોનલને પણ માથે હાથ ફેરવી વહાલ દર્શાવતાં આશીર્વાદ આપ્યા.

ત્યાં જમનાભાભી આવીને દેરાણી (સોનલ)ને ઘરમાં લઇ ગયા. અને અત્યાર સુધી મારૂતીકારમાં બેઠો બેઠો નિરીક્ષણ કરતો કીશન પણ સોનલની પાછળ દોરવાયો.

સોનલ તો જમનાભાભી સાથે અંદર ચાલી ગઇ હતી. એટલે વીરાને પરસાળમાં ઢાળેલા ખાટલા પર જ બેસવું પડ્યું.... કીશનને આમ સોનલની કેડે ફરતો જોઇ વીરો કીશનમાં આવેલા ફેરફારથી અચંબો પામ્યો.... અને બબડ્યોય ખરોઃ 'આ બધા સેનલની જ કામણગારીનું પરિણામ

છે.... આ જોને! કદાચ હું એકલો હોત તો-'વીરૂકાકા... વીરૂકાકા' કહી ખીજવી-પરેશાન કરી મૂક્યો હોત અને આ સોનલ આવતાં એનો કેડો પણ મૂકતો નથી.... મારો કોણ ભાવ પૂછે?.... મારા વહાલા! છોકરા પણ જાત જુએ છે....' બબડતો વીરો મનોમન અનુમાન બાંધતો બેઠો હતો. તેને મળવા માટે ગામમાંથી ઘણાં ખરાં જુવાનિયા આવ્યા હતા.... તેમની નજર પણ ઘરમાં ફરતી હતી.... સોનલને જોવા માટે જ સ્તો! પણ.... સોનલ તો ન જાણે કયા ખૂણામાં ભરાઇ ગઇ છે કે-તેની ખબર ખુદ વીરાને પણ ન પડી. ત્યાં સુધી કે... સોનલ કપડાં બદલી ચાનો કપ લઇ તેની સામે હાજર ન થઇ....!

વીરાના નાકે ચાની સુગંધ પારખી.... તેને હવે જ ખબર પડી કે મેમસા'બ રસોડામાં ભરાયા હતા.

ગંગાબાએ તો ઘણીયેના પાડી હતી છતાં ય... એમ માને તો સોનલ શાની?.... ગંગાબા તો વીરાની પસંદગી જોઇ ખુશ થઇ ઊઠ્યા હતાં-કોઇ પરીઓના દેશની અપ્સરા જેવી સોનલને જોઇ તેઓ ગુમાનથી જમીનથી વેંત અધ્ધર ચાલતાં હતાં, તેમના પગમાં એક જાતનો ઉત્સાહ થનગનતો હતો.

જમનાભાભી તો દેરાણીને જોઇ દિયરની મશ્કરી પણ કરવા લાગ્યા હતા : 'વાહ! વીરૂભાઇ! તમે તો ભારે કરી! બહુ શાણા નીકળ્યા હોં....! આવાં દેરાણી તમને ક્યાં ભટકાઇ ગયાં....?'

અને વીરાએ તેમનો જવાબ હસીને વાળ્યો.

ચા પીને વીરો ગામમાં ફરવા નીકળ્યો.... કીશનને કહ્યું; 'ચાલ કીશન... મારી સાથે' તો કીશને ધડ દઇને ના પાડી દીધી, 'ના કાકા.... તમતમારે જાવ.... હું તો સોનકાકી જોડે જ રહીશ....' અને એ વાક્યથી વીરો છળી પડ્યો; 'અલ્યા કીશન! તારી સોનકાકી ભાગી થોડી જવાની છે?' પણ કીશને સોનલનો કેડો ના મૂક્યો તે ના જ મૂક્યો.

સાંજે પાછો આવ્યો તો જમવાનું તૈયાર થઇ ગયું હતું.... સોનલે વીરાની પસંદગીની વાનગીઓ બનાવી હતી.

ગંગાબા તથા જમના તો મોંમાં આંગળા ઘાલી ગયા, 'આ શહેરની છોકરીને આટલી સરસ રસોઇ કરતાં આવડે છે?' તેઓ સોનલ પર વારી ગયા. રૂપ, રંગ અને ગુણ ત્રણેય લક્ષણ તેમણે ઘરમાં આવનારી વહુ સોનલમાં જોયાં...

જમતીવેળાએ વીરો વખાણ કરતાં થાકતો નહોતો.... કીશન તો સોનલની બનાવેલી વાનગી ખાતાં ધરાતો નહોતો.

રાત્રે જમી-પરવાર્યા બાદ વાસણ ઉટકી દેવાયાં. હવે સૂવાની રામાયણ થઇ.... પણ પછી ગંગાબાએ જ નિર્ણય લીધો; 'હું અને સોનલ ઘરમાં સૂઇ જઇએ છીએ...' વીરાને ભાગે બહાર ઓસરીમાં સૂવાનો વારો આવ્યો.... વીરાને ચિંતા હતી કે સોનલને મા જોડે ફાવશે કે કેમ? પણ તેણે સોનલના ચહેરા પરના ભાવ વાંચ્યા તો - તેની ચિંતા મટી ગઇ.

સવારમાં વીરો મોડો ઊઠ્યો હતો.

સોનલ તો ક્યારનીય પરવારી ઊઠી હતી... વીરો ઊઠ્યો એટલે તેના હાથમાં સોનલે દાતણ પકડાવી દીધું....

'અરે! દાતણ! હું મારી મેળે જ ના લઇ લેત? આમ આગળ આગળ કામ કરી તું મને આળસુ બનાવી દઇશ હોં સોનલ...!' અને કંઇક યાદ આવતાં લાગલું જ ઉમેર્યું : 'અરે! પણ તને દાતણ કોણે લાવી આપ્યું....?

અને એનો જવાબ સોનલે હસતાં જ આપ્યો : 'તમારા ભત્રીજાએ...'

'ઓ... હો... મારો નહીં પણ તારો... જ્યારથી તું આવી છે ત્યારથી એ મારી પાસે પણ આવતો નથી...' કહી વીરો હસ્યો અને સોનલ સામે જોઇને ઉમેર્યું : 'લાગે છે કે એને તારી માયા લાગી ગઇ છે...'

સોનલ 'ચૂપ' કહીને મારકણી એક તોફાની નજર વીરા પર નાંખી ઘરમાં દોડી ગઇ.

નાહી ધોઇને વીરાએ ચા-નાસ્તો પતાવ્યો. બપોર પછીના સમયે વીરાને ગંગાબાએ ટપાર્યોઃ 'બેટા! સોનલવહુને ખેતરમાં ફરવા તો લઇ જા...'

ભાવતું હતું ને વૈદે કહ્યું.... વીરો ક્યારનોય વિચારતો હતો કે હવે સોનલને કઇ રીતે બોલાવીને લઇ જવી.... વીરો સોનલને મળ્યા વિના હિજરાતો હતો... તેને તો-ઘરમાં ગંગાબા હાજર રહેતાં હતાં તેથી ઘરમાં તો મળી જ ના શકાય અને ગંગાબાએ જ્યારે સોનલની હાજરીમાં જ તેને ખેતરમાં લઇ જવાનું કહ્યું ત્યારે તો વીરો આનંદમાં ઝૂમી ઊઠ્યો.... સોનલ પણ ના પાડી ન શકી....

લગભગ ચારેક વાગ્યે ચા પીને તેઓ ઘરની પાછળના ભાગમાં થઇને નીકળ્યા. પાછળનો રસ્તો ગામના સીમાડામાં થઇને જતો હતો.... વીરો આગળ જઇ ઊભો હતો.... મારૂતીકારને તો એક માંડવા જેવા ઢાળિયામાં પાર્ક કરી હતી.... અને ખેતરમાં પગપાળા જ જવાનું હતું તેથી તે આગળ નીકળી ગયો હતો.... તેને એમ હતું કે સોનલ એકલી જ આવશે અને બે દિવસથી સોનલના હોઠોનો સ્વાદ ચાખવા ટળવળતા હોઠોને શાંતિ અર્પવા-તેના પ્યાસા અધરો ચૂમી લઇશ. પણ તેની આશા ઠગારી નીવડી.... સોનલની સાથે તેનો ભત્રીજો કીશન પણ હતો, 'ઊફ.... આ વળી ક્યાં બલા ચોંટી' મનમાંજ બબડ્યો.... તેને કીશન પર રીસ તો ઘણી ચઢી... પણ શું કરે?

બાજુ પર લીલો-છમ પાક લહેરાતો જોઇ સોનલ ખુશ થઇ ઊઠી... તેને શહેર કરતાં આ ગામડાનું વાતાવરણ શાંતિભર્યું લાગ્યું... ડાંગરનો ઊભો પાક પવનમાં લહેરાતો જોઇ તેની આંખોમાં આનંદ ઊભરાયો. વીરો સૂનમૂન આજુબાજુ નજર નાંખ્યા વિના વિચારોમાં ચાલ્યો જતો હતો... એ સિવાય કોઇ ઉપાય નહોતો... કારણ કે જે હાથ પકડી સોનલની સાથે ચાલવાનો લ્હોવો તેને લેવો હતો તે હાથની આંગળી પકડી કીશન ચાલતો હતો... વીરાને કીશનની અદેખાઇ આવી - કોઇપણ સંકોચ વિના સોનલની મુલાયમ આંગળીનો સ્પર્શ માણતો ચાલી રહ્યો હતો.

બંને ખેતરમાં આવી ઊભા.

ચારો તરફ ડાંગરનો પાક ઊભો હતો... વીરાએ તેમના ખેતરની હદ બતાવવા આંગળી ચો-તરફ ફેરવવા લાગ્યો... જેમ જેમ વીરાની આંગળી ફરતી રહી - સોનલ તે તરફ જોઇ રહી... અચાનક વીરાની આંગળી એક થોરિયા પર બેઠેલા બે પક્ષી પર થોભી. સોનલની નજર પણ ત્યાં થોભી... ચક્રવાક અને ચક્રવાકી બંને ચાંચમાં ચાંચ - પાંખમાં પાંખ ભરાવી પ્યાર કરતા હતા. વીરાની આંગળી હજુ પણ ત્યાં સ્થિર હતી - સોનલની નજર પણ એ પ્રેમી યુગલપક્ષી પર જ મંડાયેલી હતી... અચાનક સોનલે વીરાની લંબાવેલી આંગળીવાળો હાથ તેના હાથમાં લઇ લીધો.

વીરો સોનલ તરફ ફર્યો... લીલી સાડી, લીલા રંગનું બ્લાઉઝ, આંખમાં આંજણ... હોઠો પર લાલી... કપાળ પર ચાંદલો - સોનલનું સોહામણું મુખ જોઇને વીરો લલચાયો... તેણે સોનલની હડપચી પકડી પોતા તરફ ઊંચી કરી... પણ તરત ચેતી જઇ સોનલે તેને રોક્યો. તેના હાથની આંગળી પકડી

ઊભેલો કીશન તેમની હરકત જોઇ રહ્યો હતો... કંઇક અજાણ્યા ભાવ સાથે... વીરાએ કીશનને દૂર કરવા માટે કામ બતાવ્યું! 'કીશન, તું પેલા છોડનું ફૂલ તોડી લાવ તો... જા... જા...!'

'ના, હું સોનકાકીને છોડીને નહીં જાઊં' કીશને નન્નો ભણ્યો. સોનલને વળગેલા કીશન પર વીરો ગુસ્સે થયો, 'તારી તો...' અને મનમાં જ બબડ્યો; 'જખ મારવા આવ્યો છું તે પાછો...!' પણ કીશનને તો તેણે આમ જ કહ્યું : 'અરે ભાઇ! તારી એ જ સોનકાકીને એ ફૂલ બહુ પસંદ છે... એના માટે તો તું લઇ આવ...?'

'હા, સોનકાકી માટે લઇ આવું...' કહેતાં કીશન એ તરફ દોડ્યો, એટલે વીરાએ સોનલને તેના તરફ ખેંચી...

'ખસો... તમે તો શરમાતાય નથી... કોઇ જોઇ જશે...' સોનલ વાક્ય પૂરું કરે તે પહેલાં તો વીરાએ તેને બાહુપાશમાં જકડી લીધી હતી... તેના સુકાઇ ગયેલા ખરબચડા હોઠ - જે બે દિવસથી તરસતા હતા તે પ્યાસ બુઝાવવા સોનલના ગરમ હોઠ અને રતુંબડા ગાલ પર વરસી પડ્યા. સોનલને મુંઝવી દીધી વીરાએ.

કીશન ફુલ તોડી પાછો વળ્યો એટલે વીરાએ સોનલને છોડી દીધી. સોનલ વીરાને છણકો કરતી નજરે જોઇ રહી. તેણે ચક્રવાક પક્ષી તરફ નજર કરી તો તે શરમાઇ ગઇ... તેને આમ શરમાઇને નીચુ જોઇ જતાં જાણી વીરાની પણ નજર એ તરફ ગઇ... તેની આંખોમાં પણ એક અનેરી ચમક આવી ગઇ... ચક્રવાક અને ચક્રવાકી - જે પહેલાં એકબીજાની ચાંચમાં ચાંચ અને પાંખમાં પાંખ ભેરવી સ્નેહ કરતા હતા તે હવે અત્યારે સંવનન કરી રહ્યાં હતાં...

સોનલ ફરી તે તરફ જોઇ જ ન શકી. કીશન આવી તેના હાથમાં ફૂલ આપતાં બોલ્યો; 'લો કાકી...'

'અરે મૂરખા! એને ક્યાં આપે છે?... લાવ મારી પાસે...' કહી વીરાએ કીશનના હાથમાંથી ફૂલ લઇ સોનલ ના કેશમાં ભેરવ્યું... સુગંધ આવતાં જ સોનલ ચમકી! 'ગુલાબનું ફૂલ...!' તે લાગણીભરી નજરે વીરા તરફ જોઇ રહી...

પછી તો એક સુંદર જગ્યા પસંદ કરી બંને જણ બેઠા જ્યાં મુલાયમ ઘાસ ઊગી નીકળ્યું હતું... વીરાની લગોલગ સોનલ બેઠી હતી, અને કીશન સોનલની બાજુ પર બેઠો હતો એટલે વીરો સોનલના શરીર સાથે અડપલાં કરતો  તે કીશન જોઇ શકતો નહોતો...

ત્યાર પછી તો વીરાએ તેની વિતેલી દાસ્તાન સોનલને કહી સંભળાવી... કેવું કેવું વિચાર્યું હતું...? પોતાની જીવન સંગિની સાથે (સોનલ સાથે) આ જ ધરતી પર જીવન વિતાવવાનાં સ્વપ્નાં - વીરો ખેતરમાં કામ કરતો હોય અને સોનલ લીલુડીં ઓઢણી ઓઢી માથે ભાત મૂકી લટક-મટકતી ચાલે ચાલી આવતી હોય - વગેરે વાતો કરતો રહ્યો. સોનલ તૃષાભરી નજરે વીરાની આંખોમાં ડોકાતાં સ્વપ્નોમાં ડૂબી ગઇ હતી.

લગભગ એક અઠવાડિયા સુધી તેમનો ફરવાનો કાર્યક્રમ ચાલ્યો. સોનલને તો આ ગામમાં સારું ફાવી ગયું હતું... યુવાન છોકરીઓ સોનલને મળવા આવતી... તેમના મુખમાંથી નીકળતો શબ્દ 'ભાભી' નો રસાસ્વાદ સોનલને શરમાઇને ઢગ વાળી દેતો હતો. લજ્જાના ભાર હેઠળ પણ સોનલ મુંબઇગરાની - ત્યાંના લોકોની વાતો કરતી...

અને અઠવાડિયા પછી વીરો અને સોનલ જવા માટે તૈયાર થયા... વીરાએ તો ગંગાબાને મુંબઇ સાથે આવવા ઘણું કહ્યું પણ ગંગાબા માન્યા નહીં... તેમને વતન છોડી જવાનું મન થતું નહોતું અને તેમ છતાં છેલ્લે કહ્યું; 'બેટા! હવે ઘરડે ઘડપણ ક્યાં રખડું...? તમે લગ્ન કરી લો ત્યારે નવરાશના સમયે ખબર કાઢી જજો...!' અને તેનો જવાબ સોનલે જ આપ્યો હતો; 'ભલે બા...! તમે ચિંતા ન કરશો...' અને ગંગાબાને પગે લાગી... ત્યારે ગંગાબાની આંખોમાં પાણી આવી ગયાં...

કીશન તો કારમાંથી ઊતરતો જ નહોતો... અને કહેતો હતો, 'હું તો સોનકાકીને ઘેર જવાનો છું...' પણ પ્રભુદાસે તેને ઘણો સમજાવ્યો અને અંતે તેણે હઠ છોડી દીધી... પણ કારમાંથી તો ન જ ઊતર્યો... એટલે રેલ્વે સ્ટેશન સુધી સાથે લેવો જ પડ્યો. વીરો કાર ચલાવતો હતો. તેની બાજુમાં પ્રભુદાસ બેઠા હતા... કીશન સોનલ જોડે પાછળની સીટમાં ગોઠવાયો હતો... સોનલ મીઠી મીઠી વાતો કરતી રહી... તેના માથા પર સાડીનો પાલવ નાંખેલો હતો... તેણે જાણી-બૂઝીને જ ઘુંઘટો વધુ તાણ્યો કે જેથી તેની આગળ બેઠેલો વીરો અંદરના અરીસામાં જોઇ અડપલું ન કરી શકે... એટલે તે જરા નીચી નમીને કીશન સાથે વાતોએ વળગી હતી... કીશન પણ તેની કાલી કાલી ભાષામાં વાતો કરતો રહ્યો.

અને રેલવે ક્રોસિંગ આવતાં પ્રભુદાસે ઘણો સમજાવ્યો ત્યારે કીશન નીચે ઊતર્યો...

અને વીરો તથા સોનલ ભગ્ન હૃદયે નીકળી પડ્યા. થોડે દૂર જતાં સુધી તો કોઇ કાંઇ બોલ્યું નહીં. સ્વજનની વિદાયનો ભાર તેમના સ્મૃતિપટ પર પથરાયેલો રહ્યો...

પછી તો મજાક-મસ્તી કરતાં આગળ વધી રહ્યાં. વારાફરતી ડ્રાઇવિંગ કરતાં રહ્યાં... અને આખરે તેઓ સુભાનને બંગલે આવી પહોંચ્યા.

પોર્ચમાં કાર ઊભી રાખતાં વીરાએ હોર્ન વગાડ્યું. મંજુલાભાભી ઊતાવળા બહાર ધસી આવ્યા... જુએ છે તો - સોનલ. વીરાને જોઇને તેઓએ સામે આવીને ઉમળકાભેર સ્વાગત કર્યું... શરમાતી સોનલ તરફ જોઇ મંજુલાએ ટોણો માર્યો :

'વાહ સોનલબેન! તમે તો ખરેખર નવવધૂ જેવા લાગો છો... હજુ તો લગ્ન પણ નથી થયા અને તમે સાસરે પણ જઇ આવ્યાં... બહુ ભાગ્યશાળી છો હોં તમેં...'

'ભાભી...!' કહી શરમાતી સોનલ મંજુલાને ભેટી પડી. ત્યાં સુભાન પણ ડોકાયો.

'કેમ દોસ્ત... મુસાફરી કેવી રહી?'

'મજા આવી ગઇ... ગામડાની હવા સોનલને અનુકૂળ આવી ગઇ હતી... એ તો ત્યાંથી આવવાની જ ના પાડતી હતી... પણ પછી મનાવી લીધી...!'

'બેસો હવે છાનામાના...! સામાની જ ભૂલ કાઢતાં આવડે છે,... પોતાની કોણ કબૂલ કરે...!'

સુભાનની હાજરીમાં જ રોફ જમાવતી સોનલે વીરાને બહુવચનથી ધમકાવ્યો એટલે વીરા સાથે સુભાન પણ ચમક્યો...! 'કેમ સોનલ! તને ય હવે ગામડાની હવા લાગી ખરી!' - સોનલ વધુ શરમાઇ...

બંનેને અંદર લેતાં સુભાન બોલ્યો; 'આવ વીરા! અંદર કોઇ તારી વાટ જુએ છે...' વીરો સુભાનના કહેવાનો મતલબ સમજે તે પહેલાંજ દિવાનખંડમાં નજર પડી અને તે ઝૂમી ઊઠ્યો; અરે! તળશી તું? શું વાત છે...? સાથે કીર્તિ પણ...?'

'હા... ભાઈ! તું વતન જઈ આવ્યો એટલે અમે પણ થોડા કોરા રહેવાના છીએ? અમે પણ જઈએ...!'

તળશી અને કીર્તિ અહીં સુભાન - મંજુલાને મળવા આવ્યાં હતાં. કારણ કે તેઓ આજે કીર્તિના વતનમાં તેના પિતાજીની ખબર કાઢવા જવાનાં હતાં એટલે મંજુલાની તબિયત તપાસીને જવા તૈયાર થયા હતા, તળશીની વાત સાંભળી વીરો થોડો નિરાશ થયો... પણ પછી તળશીને એક બાજુ લઈ જઈ પૂછ્યુ; 'યાર... તું જલદી પાછો આવવાનો છે ને?'

વીરાને આમ એકતરફ લઈ જઈ વાત કરતો જાણી સુભાનને હસવું આવ્યું;

'કેમ ભાઈ! બહુ ઊતાવળ છે?'

'ના... ના...' વીરો થોથવાયો... પણ પછી લાગલું જ ઉમેર્યું; 'પણ તું પાછો ક્યારે આવવાનો છે?'

'અરે યાર! પાંચ દિવસમાં તો આવી જઈશું...' પછી સિંગલ અને કીર્તિએ વિદાય લીધી.

ચા-નાસ્તાથી સોનલ-વીરાનું સ્વાગત કર્યું. સોનલને મમ્મી પાસે જવાની ઉતાવળ હતી... પણ વીરો તેની સાથે જવા તૈયાર નહોતો... તેને હજુ પણ કમલશેઠ આગળ જવામાં સંકોચ થતો હતો... તેથી તે હવે કોઈપણ હિસાબે નહિં આવે એમ સમજીને સુભાન જ તૈયાર થયો.

પોતાનો બંગલો આવતાં સોનલની પાંપણો ઢળી ગઈ - બહાર નીકળવાની પણ હામ ગુમાવી બેઠી - તેની શરમનો કોઈ પાર નહોતો. સુભાન બહાર નીકળી તેની રાહ જોતો હતો - પણ! સોનલ તો એમ જ બેસી રહી પરંતુ જ્યારે સુભાને તેને ટોકી; 'ચાલ બેન...' અને તેણે સોનલનો હાથ પકડ્યો... સોનલને ભાઈની ગરજ સારતો સુભાનના હાથે તેને સહારો આપ્યો અને તેને મમ્મી - ડેડી સુધી પહોંચાડી દીધી.

'મમ્મી-!' કહી સોનલ મમ્મીને બાઝી પડી... કમલ શેઠે તેને પોતાની છાતીએ લગાડી પિતૃત્વ વાત્સલ્ય દર્શાવ્યું.

ત્યારે સૂરજદાદા પશ્ચિમાકાશ તરફ ઢળી ગયા હતા.

અને દશ દિવસની અંદર લગ્ન લેવાયા.

કમલ શેઠને ત્યાં અવસર હતો... મોટા મોટા શેઠિયાઓ, અમીર લોકોની આવન-જાવન શરૂ થઈ ગઈ હતી... કમલ શેઠનો બંગલો કોઈ અદ્‌ભુત રીતે શણગારાયેલ હતો... સુભાન, મંજુલા, વીરો તથા સિંગલ અને કીર્તિ બધા જ સમયસર આવી ગયા હતા... વિધિસરની કાર્યવાહી પતી. - સોનલ એક નવવધૂના શણગારમાં ખૂબ સુંદર લાગતી હતી, જાણે સ્વર્ગની અપ્સરા...! તેની પાંપણો લજ્જાના ભારથી નીચે ઢળી ગઈ હતી. વીરાને ગુલાબના ફૂલની વરમાળા પહેરાવી તેને પતિ બનાવ્યો... તો વીરાએ પણ સામે એવો જ હાર પહેરાવી સોનલને પોતાની જીવનસંગિની બનાવી. વીરો આજે એક વરરાજાના સ્વાંગમાં શોભતો હતો... તેનો પૂરો અને મજબૂત બાંધો, કોઈપણ સ્ત્રીનું ધ્યાન ખેંચે તેવું વ્યક્તિત્વ ઉપસાવતો હતો.

સોનલને તો તેની સહેલીઓએ જાતજાતની ને ભાતભાતની વાતો કરી કરીને અધમૂઈ કરી નાંખી... તેમ છતાં સોનલને એ મીઠી મશ્કરી અને ટીખળ મીસરી જેવી ગળી લાગતી હતી.

અને આખરે મમ્મી-પપ્પાથી વિદાય થવાનો સમય આવ્યો... મમ્મીને ભેટી પડીને બોર બોર જેવાં આંસુડે રડી પડી સોનલ... કમલ શેઠ પણ દીકરીને બાથમાં ઘાલી રડી પડ્યા, સોનલ પણ ખૂબ

રડી... - એ પછી મમ્મી - પપ્પાથી વિદાયને લીધે હોય કે પછી મમતાની મૂર્તિ જેવા મા-બાપ મળ્યા - કે જેમણે દીકરીની દરેક ઇચ્છા પૂર્ણ કરી,... પોતાનો જીવનસાથી શોધવાની પણ તેને છૂટ આપી.

- એવા માયાળુ મા-બાપ કઇ દીકરીનું સદ્ભાગ્ય હોય કે મળે...?

વીરો, સોનલ; સુભાન, મંજુલા; તળશી અને કીર્તિ-સજાવેલી મારૂતીકાર જે સોનલના પતિ તરીકે વીરાને કમલ શેઠે ભેટ આપી હતી - તેમાં બેસી સુભાનના બંગલે આવી પહોંચ્યા...

હવે વીરો કમલ શેઠની પેઢીનો માલિક બન્યો હતો... કારણ કે કમલ શેઠની સંપત્તિ સોનલની હતી અને વીરો સોનલનો પતિ હતો... તેમ છતાંય દુનિયાને દેખાવ ખાતર પણ કમલ શેઠે ઘણું બધું - દહેજના રૂપમાં દીકરીને આપ્યું હતું...

સુભાનના બંગલાની લગોલગ જ એક બીજો સુંદર બંગલો તૈયાર હતો તે પણ કમલ શેઠે ખરીદી લીધો હતો અને વીરો તથા સોનલને તે ભેટ આપ્યો હતો...

વીરા-સોનલની સુહાગરાત પણ એ બંગલામાં જ રાખી હતી... લાઇટ-ડેકોરેશનથી બંગલો શણગાર્યો હતો અને એક શ્રેષ્ઠ રૂમમાં વીરા-સોનલ માટે સજાવેલી એજ આતુરતાપૂર્વક વાટ જોતી હોય તેમ ફૂલોથી સુશોભિત હસી રહી હતી.

મંજુલા તથા કીર્તિ સોનલને ત્યાં મૂકી ગયાં... રાત્રે બાર વાગ્યે સુભાન-તળશીથી છૂટો પડી વીરો સુહાગરાતના એ રૂમ તરફ આગળ વધ્યો. દરવાજો ખોલ્યો તો...!

સોનલ પલંગમાં ઘૂંઘટો ઓઢી બેઠી હતી... એક ઝણઝણાટી પસાર થઇ ગઇ વીરાના શરીરમાં... તેણે દરવાજો બંધ કરી સ્ટોપર ચઢાવી દીધી... ધીમે પગલે પલંગ સુધી પહોંચ્યો... સોનલનું આખું શરીર ધ્રુજી ઊઠ્યું... વીરો તેની પાસે બેઠો... ધીમે રહી ઘૂંઘટ ઊઠાવ્યો તો...! વીરો આભો જ બની ગયો... આજે તો સોનલનું રૂપ સંપૂર્ણ ખીલ્યું હતું.

'સોનલ...!'

'વીરૂ...! ...મારા નાથ...!' સોનલથી વધુ સમય ન રહેવાયું... તે વીરા તરફ ઢળી પડી.

'સોનલ! મને તો સ્વપ્નમાં પણ ખ્યાલ નહોતો કે આપણો પ્રેમ આપણને સફળતા અપાવશે...!'

'વીરૂ...! ... મારા નાથ...!' સોનલથી વધુ સમય ન રહેવાયું... તે વીરા તરફ ઢળી પડી. પછી બોલી

'વીરૂ!... સાચા દિલનો પ્રેમ અસંખ્ય આફતોમાંથી પણ સફળ થઇ જાય છે અને સાચા હૃદયથી કરેલી પ્રીત આખરે પ્રિયતમને પોકારે છે...' પછી ધીમે ધીમે બંને એકબીજાને આલિંગન આપતા રહ્યા...

રૂમમાં અંધારું છવાયું અને બે દેહધારી આત્મા એકરૂપ બન્યા. થોડી થોડીવારે સંભળાતા હતા - દામ્પત્ય જીવનના આનંદભોગના ફક્ત સીસકારા અને ચુંબનનો રસાસ્વાદ માણતા તરસ્યા હોઠોના બુચકારા...!

આકાશમાંના તારાઓ પણ આ મિલનને જોવા માટે ડોકાચિયાં કરતાં હોય તેમ ચમકી રહ્યા હતા....!

સમાપ્ત